॥ શ્રીવલ્લભાધીશો વિજયતેતમામ્ ॥

શ્રી રમેશભાઈ પરીખ સ્મૃતિગ્રંથમાળા : પુષ્પ-૩૨

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના કૃપાપાત્ર

૮૪ વૈષ્ણવોની વાર્તાઓ

(આધુનિક નવલિકા-શૈલીમાં)

તુલસી ક્યારો

ભાગ-૨

રજૂઆત

શ્રી વ્રજરત્નદાસ ચી. પરીખ

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

'વૈષ્ણવ પરિવાર સદન', ૩૨, શિવ સોસાયટી; વિ.૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણાં - ૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨)૨૪૨૩૫૩ • ફેક્સ : (૦૨૭૬૨)૨૪૭૬૫૫
Email: shpct@hotmail.com • www.vaishnavparivar.org

Tulsi-Kyaro, Part-II
***by* Late V. C. Parikh and Prof. Rameshbhai V. Parikh**

© કૉપીરાઈટ : શ્રી હરસાનીજી પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ

પ્રાપ્તિસ્થાન :

શ્રી હરસાનીજી પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન', ૩૨, શિવ સોસાયટી; વિ.૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨)૨૪૨૩૫૩ ● ફૅક્સ : (૦૨૭૬૨)૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લે માળે,
૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪ ● ફૅક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : શ્રીવલ્લભાબ્દ ૫૧૪, ઈ.સ. ૧૯૯૨, સં. ૨૦૪૮
બીજી આવૃત્તિ : શ્રીવલ્લભાબ્દ ૫૨૨, ઈ.સ. ૧૯૯૯, સં. ૨૦૫૬
ત્રીજી આવૃત્તિ : શ્રીવલ્લભાબ્દ ૫૩૨, ઈ.સ. ૨૦૦૯, સં. ૨૦૬૬

પુસ્તક પ્રકાશન સહાય : **૪૦/-**

મુદ્રક :
પુષ્ટિ પ્રિન્ટ્સ
સી/૧-૬૩, જી.આઈ.ડી.સી., દેદિયાસણ,
મહેસાણા. (ફોન : ૨૨૪૨૦૪)

સદૈન્ય સમર્પણ

પરમ પૂજ્યપાદ કૃપાનિધાન
શ્રીદાદાજી મહારાજ
(ગો. ૧૦૮ શ્રીવ્રજરત્નલાલજી મહારાજ, સૂરત)
અને
શ્રી બડે કાકાજી મહારાજ
(ગો. ૧૦૮ શ્રીગોવિંદલાલજી મહોદય, સૂરત)

આપશ્રીએ આ જીવ પર અહેતુકી કૃપા વરસાવી,
મૂક, અજ્ઞાની અને સંસારાસક્ત એવા મને
લૌકિક ધામથી વેગળો કરી, ભગવદ્-ચરણધામ પ્રાપ્ત કરાવ્યું.

આપના કૃપાપ્રસાદે ભગવદીયોના ગુણગાનના માધ્યમથી
શ્રીવલ્લભ-વિઠ્ઠલ અને શ્રીનાથજીનાં ગુણગાન ગાવાની
મતિ, શક્તિ, રતિ અને ગતિ પ્રાપ્ત થઈ.

આપની પરમ પ્રીતિના પાત્રરૂપ ભગવદીયોનાં
નવી શૈલીથી લખાયેલાં આ ચરિત્ર-સુમનો
આપનાં યુગલ ચરણકમળોમાં
સદૈન્ય સાષ્ટાંગ દંડવત્ પ્રણામસહ સમર્પિત કરું છું.

દાસાનુદાસ
રમેશ

આ ગ્રંથના પ્રકાશન સમયે સાદર યાદ આવે છે -

(ગો.વા.) પ.ભ. શ્રી દ્વારકાદાસભાઈ પરીખની,
જેમણે આ વાર્તા-સાહિત્યનું સૂક્ષ્મ, કષ્ટસાધ્ય
સંશોધન કરી, હિન્દી-સાહિત્ય-જગતમાં
તેને આદરણીય પ્રતિષ્ઠા અપાવીને
અનેક વિદ્વાનોને તેનો અભ્યાસ કરતા કર્યા.

તથા

તે મહાનુભાવોની, વિશેષતઃ
(ગો.વા.) શ્રી પ્રેમલાલભાઈ મેવચા અને
(ગો.વા.) શ્રી વ્રજરત્નદાસભાઈ પરીખની,
જેમણે આ મૂળ વાર્તા-સાહિત્યને
આધુનિક વાર્તાશૈલીમાં રજૂ કરી,
આપણી નવી પેઢીને
આ સાહિત્યનિધિમાં રસ લેતા કર્યા.
આ સૌ મહાનુભાવ ભગવદીયોનાં ચરણોમાં
સદૈન્ય પ્રણામ સહ ભગવદ્-સ્મરણ...

દાસાનુદાસ
રમેશના
સાદર પ્રણામ.

અનુક્રમણિકા

૧. વાચ, કાછ, મન નિશ્ચલ રાખે ૧૯
(૨૬) શ્રી ગુસાંઈદાસ - સારસ્વત બ્રાહ્મણ

૨. જે કોઈ પ્રેમ-અંશ અવતરે ૨૫
(૨૭) શ્રી માધવ ભટ્ટ - કાશ્મીરી

૩. ....તો તું વૈષ્ણવ સાચો ૩૫
(૨૮) શ્રી ગોપાલદાસ - વાંસવાડાવાળા

૪. ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે........ ૪૩
(૨૯) પદમા રાવળ - સાંચોરા બ્રાહ્મણ

૫. 'ભક્તિવર્ધિની'નું ફળ ૫૩
(૩૦) પુરુષોત્તમ જોષી - સાંચોરા બ્રાહ્મણ

૬. ભગવદીય માતા અને કૃપાપાત્ર પુત્રો ૫૮
(૩૧) જગન્નાથ જોષી, નરહરિ જોષી અને તેમની માતા

૭. ગર્વ ગળી ગયો ત્યારે ૭૦
(૩૨) રાણા વ્યાસ - ગોધરાના

૮. ત્યાગી છતાં અનુરાગી ૭૯
(૩૩) રામદાસ સાંચોરા

૯. ચિંતાનિવૃત્તિનો અમૂલ્ય ઉપદેશ ૮૫
(૩૪) ગોવિંદ દવે

૧૦. નિરોધ-સિદ્ધિ ૯૨
(૩૫) રાજા દવે અને માધો દવે - સાંચોરા બ્રાહ્મણ

૧૧. ઉત્તમ સેવા : વૈષ્ણવની સેવા ૯૯
(૩૬) ઉત્તમશ્લોકદાસ સાંચોરા, (૩૭) ઈશ્વરદાસ સાંચોરા

૧૨. બળની અવધિ ૧૦૪
(૩૮) વાસુદેવદાસ છકડા

૧૩. તુમ બિન રહ્યો ન જાય ૧૧૫
(૩૯) બાબા વેણુ, કૃષ્ણદાસ ઘઘરી અને યાદવેન્દ્રદાસ

૧૪. પ્રભુનાં નામનો વેપાર ન થાય ૧૨૦
(૪૦) જગતાનંદ પંડિત

૧૫. હરિરસની હેલી ૧૨૩
(૪૧) આનંદદાસ અને વિશ્વંભરદાસ

૧૬. ભોળાના ભગવાન ૧૨૭
(૪૨) અડેલ નિવાસી એક બ્રાહ્મણી

૧૭. પ્રિતમ પ્રીત હી તેં જાય પૈયે ૧૩૧
(૪૩) પ્રયાગવાસી એક ક્ષત્રાણી

૧૮. પ્રભુ આરોગે તે ઘટે નહિ ૧૩૬
(૪૪) ગોરજા - સમરાઈ : સાસુ - વહુ

૧૯. ભક્તવશ ભગવાન ૧૪૨
(૪૫) કૃષ્ણાદાસી

૨૦. બડો ધન હરિનામ ૧૪૬
(૪૬) બૂલા મિશ્ર

૨૧. ઉગ્ર સ્વભાવ અને ઉચ્ચભાવ ૧૫૧
(૪૭) રામદાસ : મેવાડા બ્રાહ્મણ

૨૨. શિર સાટે નટવરને વરિયે ૧૫૬
(૪૮) રામદાસ ચૌહાણ

૨૩. લાખ જન્મ પછી ૧૬૦
(૪૯) રામાનંદ પંડિત

૨૪. વિદ્વત્તા છતાં દીનતા ૧૬૪
(૫૦) વિષ્ણુદાસ છીપા

૨૫. જગમેં શ્રીજમુનાજી પરમકૃપાળ ૧૭૦
(૫૧) જીવણદાસ ક્ષત્રિય

૨૬. દરસ-પરસ દુઃખહારી ૧૭૪
(૫૨) ભગવાનદાસ - સારસ્વત બ્રાહ્મણ

૨૭. સેવ્યનું સુખ તે સેવા ૧૭૯
(૫૩) ભગવાનદાસ - સાંચોરા બ્રાહ્મણ

૨૮. માનસી સા પરા મતા ૧૮૪
(૫૪) અચ્યુતદાસ - સનોઢિયા બ્રાહ્મણ

૨૯. શ્રીગિરિરાજજીની પરિક્રમાનું ફળ ૧૮૭
(૫૫) અચ્યુતદાસ - ગૌડ બ્રાહ્મણ

૩૦. શ્રીવલ્લભ સદા પ્રગટ છે ૧૯૨
(૫૬) અચ્યુતદાસ - સારસ્વત બ્રાહ્મણ

૩૧. ચમત્કાર ત્યાં નમસ્કાર ૧૯૬
(૫૭) નારાયણદાસ કાયસ્થ

૩૨. લોભ ટળે, લાલન મળે ૨૦૨
(૫૮) નારાયણદાસ ભાટ

૩૩. વૈષ્ણવ-સેવાની મહત્તા ૨૦૬
(૫૯) નારાયણદાસ લુહાણા

૩૪. પ્રેમ આપ્યે પ્રેમ મળે ૨૧૧
(૬૦) સિંહનંદનાં એક ક્ષત્રાણી

■

પ્રસ્તાવના

સં.૨૦૪૪ માં 'તુલસીક્યારો' ભાગ-૧ પ્રકાશિત થયો. તેની પ્રસ્તાવનામાં તેના પ્રકાશન અંગે તથા તેના નામકરણ અંગે વિગતવાર છણાવટ કરવામાં આવેલી છે, તેનું પુનરાવર્તન કરી, પુનરુક્તિ-દોષ કરતો નથી. જિજ્ઞાસુઓને સ્મૃતિ તાજી કરવા તે પુસ્તક ફરી જોઈ લેવા વિનંતી.

પ્રસંન્નતાની વાત છે કે તે પુસ્તકને વૈષ્ણવો તરફથી સારો આવકાર મળ્યો. વાચકોના ઉત્સાહભર્યા પ્રતિભાવો પણ સાંપડ્યા. વિદેશમાં વસતા વૈષ્ણવોને પણ તે રુચિકર બન્યું. તેમાં વાર્તા-સાહિત્યની વિસ્તૃત ભાવભૂમિકા આપવામાં આવી હતી. તદુપરાંત, ૮૪ વૈષ્ણવો પૈકી પ્રથમ ૨૫ વૈષ્ણવોની વાર્તાઓ નૂતન નવલિકા-શૈલીમાં આપવામાં આવી હતી.

તે વાંચનારા વાચક-વૈષ્ણવોની સતત માગ રહી કે તેનો બીજો ભાગ સત્વરે આપો; પરંતુ આપણી કમનસીબી છે કે પ્રકાશિત થતા પુસ્તકની ૨૦૦૦ નકલો પણ ઠીક-ઠીક વર્ષો સુધી વેચાતી નથી, પડતર કિંમતે આપવા છતાં! આ પુસ્તકનું એવું જ બન્યું છે. ત્રણ વર્ષ પૂરાં થયાં, પણ તેની બધી નકલો વેચાઇ નથી. તે વખતે પણ એક નકલની પડતર કિંમત રૂા.૩૦-૦૦ થઇ હતી. ૨૦૦૦ નકલો માટે રૂા.૬૦,૦૦૦નું મૂડી-રોકાણ હતું. જ્યાં સુધી બધી નકલો ખપી ન જાય, ત્યાં સુધી પુરી રકમ પાછી ન આવે. તે સંજોગોમાં બીજો ભાગ કેવી રીતે પ્રકાશિત થાય? આથી ત્રણ વર્ષ થવા છતાં, આ બીજો ભાગ પ્રકાશિત કરવાની અનુકૂળતા થતી ન હતી.

આજ સુધીમાં ગ્રંથશ્રેણીરૂપે '**શિક્ષાપાત્રનું આચમન**' અને '**આનંદનો આવિષ્કાર**' ચાર ભાગમાં પૂરાં થયાં '**વ્રજરત્ન**' ત્રણ ભાગમાં પુરું થયું. '**તુલસી ક્યારો**' ના કુલ છ ભાગ થવાનો અંદાજ છે. તેમાંથી હવે પછી ચાર ભાગ પ્રકાશિત થવાના બાકી રહે છે. મારી તબિયત સતત નાદુરસ્ત અને નબળી રહે છે. શરીર સવિશેષ ઘસાતું જાય છે. કાલનો કોઇ ભરોસો નથી. આ સંજોગોમાં 'તુલસી ક્યારો' ગ્રંથશ્રેણી પૂરી લખાય અને ઝડપથી પ્રકાશિત થઇ જાય, તેવો મારો મનોરથ છે. પ.ભ.શ્રી વ્રજરત્નદાસભાઇ પણ બધું વાર્તા-સાહિત્ય નવી શૈલીમાં આપે તે પહેલાં જ શ્રીપ્રભુએ તેમને પોતાનાં ચરણારવિંદમાં બોલાવી લીધા. શેષ લેખન કાર્ય શ્રીપ્રભુની કૃપાથી આગળ વધાર્યું છે. પુરું થવાનું શ્રીપ્રભુની ઇચ્છા પર અવલંબે છે.

જો વૈષ્ણવ સમાજનો પુસ્તક-ખરીદીમાં ઝડપી સહકાર મળશે, તો આ ગ્રંથશ્રેણી મારી હયાતીમાં પૂરી થશે. કદાચ ન થાય, તો પ્રભુ તેનું ઉત્તરદાયિત્વ જરૂર કોઇકને સોંપશે.

'તુલસીક્યારો' ભાગ-૧ પ્રકાશિત થયો, તે પહેલાં આ વાર્તાઓ '**પુષ્ટિભક્તોની શ્રેષ્ઠ વાર્તાઓ**' રૂપે પ્રકાશિત થઇ હતી. મુંબઇમાં વસતાં મૂળ વાડાશિનોરનાં વતની **શ્રી લીલાબહેન પ્રવીણચંદ્ર કચેરિયા**ને આ વાર્તાઓના વાચનમાં ઘણો રસ પડેલો. જ્યારે તેમણે જાણ્યું કે આ વાર્તાઓ વ્યવસ્થિત સ્વરૂપે, મૂળ વાર્તાસાહિત્યના અનુક્રમમાં છપાય છે, ત્યારે તેમણે સામે આવીને એવી ઇચ્છા પ્રદર્શિત કરી કે 'આ પુસ્તક છપાય ત્યારે તેની ૪૦૦ પ્રતો વૈષ્ણવોને વહેંચવા માટે મારે જોઇએ છે.' તેમણે ૪૦૦ પરિવારોને તે પુસ્તક ત્યારે ભેટ આપેલું.

તે વાતને તો ત્રણ વર્ષ વીતી ગયાં. તા.૧૦-૩-૯૧ ના રોજ 'વૈષ્ણવ પરિવાર' ની ૮મી વર્ષગાંઠની ઉજવણી પ્રસંગે મારે મુંબઇ જવાનું થયું, ત્યારે સવારમાં જ **શ્રી લીલાબહેન અને પ્રવીણચંદ્ર** સજોડે મને મળવા મારા મુકામે આવ્યાં. ૧૯૯૧-૯૨ ના વર્ષ માટે 'વૈષ્ણવ પરિવાર' ના ભેટપુસ્તક માટે મનોરથી બનવાની ભાવના તેમણે પ્રકટ કરી હતી. તે સાથે તેના પ્રકાશનમાં અનુકૂળતા માટેની તેમની મર્યાદા પણ તેમણે જણાવી. તેમનો મનોરથ '**તુલસી ક્યારો**' ભાગ-૨ ભેટપુસ્તકરૂપે આપવાનો હતો.

તે દિવસે સાંજે 'વૈ.પ.'ની વર્ષગાંઠના સમારંભમાં પૂ.જીજી પધાર્યા. સભાગૃહમાં લીફટમાં ઉપર જતાં મેં આપશ્રીને વિનંતી કરી. આપે સહર્ષ સંમતિ આપી. આનો પહેલો ભાગ આપના મનોરથ-સ્વરૂપે આપના ટ્રસ્ટે પ્રકાશિત કર્યો હતો.

દરમ્યાનમાં સૂરતથી શ્રી હરિહરભાઇ વૈદ્ય કે જેઓ મારા સુપરિચિત-સ્વજન વૈષ્ણવ છે, તેમણે પણ પત્રથી મારો સંપર્ક સાધી, ભેટ પુસ્તકમાં પોતાની યથાશક્તિ સેવા આપવાની ભાવના પ્રદર્શિત કરી.

શ્રી ભગવાનદાસભાઇ વલ્લભદાસ દલાલ (વડોદરા), જેઓ શ્રી હરસાનીજી પ. ચે. ટ્રસ્ટના ટ્રસ્ટી છે અને મારા પિતાતુલ્ય સ્વજન છે; તેમણે તથા તેમનાં ધર્મપત્ની અ.સૌ. રાધાબેન-મારાં પૂ. ભાભીએ-મુજ નરસૈંયાની હૂડી સ્વીકારી.

દરમ્યાન, શિકાગો (અમેરિકા)થી શ્રી નરેન્દ્રભાઇ પટેલ અને અ.સૌ. હંસાબેન પટેલ પણ આ ભેટપુસ્તકમાં મનોરથી થવાની ભાવના વ્યક્ત કરી.

આ ચાર ભગવદીય પરિવારનાં સંયુક્ત મનોરથ સ્વરૂપે આજે આ પુસ્તક 'વૈષ્ણવ પરિવાર'ના ૧૯૯૧-૯૨ના વર્ષના સૌ ગ્રાહકોને ભેટ આપવા પ્રકાશિત થાય

છે, તેનો મને અંગત રીતે અત્યંત આનંદ થાય છે. દિન-બ-દિન થતો ભાવવધારો પુસ્તક પ્રકાશન-કાર્યને પણ અસહ્ય મૂંઝવે તેવો છે; છતાં 'ઉગ્રપ્રતાપ' શ્રીમહાપ્રભુજીની કૃપાથી 'વૈ.પ'ના પુનઃપ્રકાશનથી લાગલગાટ પાંચ વર્ષ સુધી વૈષ્ણવોને ભેટ પુસ્તક અપી શકાયું છે. જીવબુદ્ધિથી ક્ષણચર એવો વિચાર આવી જાય કે આવતા વર્ષે ભેટપુસ્તક આપવાની આ પરંપરા ચાલુ રહેશે? પણ 'કૃપાનિધિ' શ્રીવલ્લભ મનોરથી વૈષ્ણવને સામેથી મોકલી આપતા રહ્યા છે ને રહેશે તેવી એ કૃપાશક્તિ-સ્વરૂપમાં મને દૃઢ શ્રદ્ધા છે.

આ પુસ્તકના પ્રકાશન માટે પ્રસન્નતાપૂર્વક સંમતિ આપવા માટે પૂ.જીજીનો હું સદાનો ઋણી છું. ચારે મનોરથી-પરિવારનો આભારી છું. પુસ્તકના મુદ્રણમાં, પ્રૂફરીડિંગથી લઇ તેના બાહ્ય આવરણ સુધીની વ્યવસ્થા સમયસર, ચીવટ અને ખંતથી કરી આપવા માટે ભાગ્યમુદ્રા કૉમ્પ્રિન્ટ્સ (પ્રા.)લિ.ના ચેરમેન, મારા મિત્ર પ્રા.રાજનભાઇ કડિયા અને તેમના બંને સુપુત્રો ચિ.દિલીપ અને ચિ.નગેન્દ્રનો પણ આભાર વ્યક્ત કરું છું. પુસ્તક માટે કાગળની ખરીદીથી લઇ, દરેક બાબતમાં સતત મારી સાથે ખભે-ખભો મિલાવીને રહેતા અમારા ટ્રસ્ટી અને મારા નાના ભાઇ સમાન શ્રી વિજયભાઇ દેસાઈ, પરીખ ટ્રાન્સપોર્ટના શ્રી સુનિલભાઇ પરીખ અને મને આ પુસ્તકના લેખન-પ્રકાશનમાં સહાય-સધિયારો આપનારા મારા પરિવારને પ્રસન્નતાથી આ ક્ષણે યાદ કરું છું.

શ્રીવલ્લભનાં ચરણકમળોમાં સદૈન્ય સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતાં એટલી વિનંતી કરું છું કે-

'હે કૃપાનિધાન! આપ ભક્તમનોરથપૂરક છો. આપ આ દાસાનુદાસ પર એટલી કૃપા કરજો કે આપના અંગીકૃત-આપના પરમ કૃપાપાત્ર અને પ્રીતિપાત્ર ૮૪-૨૫૨ ભગવદીયોનાં સર્વ ચરિત્રો'તુલસી ક્યારો' ગ્રંથશ્રેણીરૂપે પ્રકાશિત થાય, તેનું નિમિત્ત આપને રુચે તેને બનાવજો.તેનુ નિમિત્ત હું બનું તેવો મારો આગ્રહ નથી. એવો આગ્રહ રાખનાર પણ હું કોણ? આ ગ્રંથશ્રેણી પરિપૂર્ણ બને એટલો મારો શેષ મનોરથ છે.'

સૌના પ્રત્યે પુનઃ પ્રસન્નતાની અભિવ્યક્તિ સાથે વિરમું છું.

લિ. દાસાનુદાસ,
રમેશના
સદૈન્ય ભગવદ્-સ્મરણ

નૃસિંહ જયંતિ,૨૦૪૭
બૅંગલોર

બીજી આવૃત્તિ ટાણે

આ આવૃત્તિ પ્રથમ સંસ્કરણનું માત્ર પુનઃમુદ્રણ છે. આમાં ક્યાંય કોઇપણ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી. વૈષ્ણવોની આ પુસ્તક માટેની સતત માગ રહી છે. શ્રીવલ્લભની કૃપાથી આ પુસ્તક સૌને પુનઃ સુલભ બનાવી શકાયું તેનો આનંદ છે.

- વસંતબેન ર. પરીખ

ત્રીજી આવૃત્તિ ટાણે

૮૪-૨૫૨ ભગવદીયોની વાર્તાઓ આધુનિક વાર્તાશૈલીમાં લખાઈ અને તુલસીક્યારો - ભાગ ૧ થી ૧૧ સ્વરૂપે પ્રકાશિત થઈ ત્યારે શ્રી વ્રજરત્નદાસભાઈ પરીખ અને શ્રી રમેશભાઈ પરીખનું આપણા સર્વ વાર્તા સાહિત્યને આધુનિક નવલિકાશૈલીમાં લખી, પ્રકાશિત કરવાનું સ્વપ્ન પૂર્ણ થયું.

આ બંને ભગવદીયોના મનોરથ સ્વરૂપે પ્રકાશિત તુલસીક્યારો શ્રેણીના સર્વ પુસ્તકો 'વૈષ્ણવ પરિવાર'ના ગ્રાહકોને ભેટ પુસ્તક સ્વરૂપે અપાયા. ત્યારથી આજ સુધી અનેક વૈષ્ણવો તરફથી આ પુસ્તકો માટે વારંવાર માગણી થતી રહી છે. અને એનું પુનઃ પ્રકાશન જરૂરી બન્યું છે. આ ત્રીજી આવૃત્તિ દ્વારા આ પુસ્તક સૌને સુલભ બને તેવો પ્રયત્ન થઈ રહ્યો છે.

એ બાબતનો અતિ આનંદ છે કે આ તુલસીક્યારો શ્રેણીના ૧ થી ૧૧ ભાગના પુસ્તકો આબાલવૃદ્ધ સૌને માટે નિત્યના સત્સંગમાં વાંચવા માટે અને આપણા વાર્તા સાહિત્યનું અવગાહન કરવા માટે ઘણા ઉપયોગી બની રહ્યા છે.

શ્રીવલ્લભ-વિઠ્ઠલની પરમ પ્રીતિના પાત્રરૂપ આ ભગવદીયોની વાર્તાઓ આપણા સૌના વૈષ્ણવી જીવનની દીવાદાંડી સ્વરૂપે નિત્ય આપણને માર્ગદર્શન આપતી રહે તેવી અભ્યર્થના સાથે આ ત્રીજી આવૃત્તિના પ્રકાશનને આવકારું છું.

- વસંતબેન ર. પરીખ

॥ શ્રીવલ્લભઃ ॥

ભૂમિકા

પ્રેમપંથનો પ્રવાસ

પરમાત્મા રસરૂપ-પ્રેમસ્વરૂપ છે. તેમણે પોતાનામાંથી જગત પ્રકટ કર્યું. જગતમાં સૃષ્ટિ બે પ્રકારની : (૧) જડ અને (૨) જીવ. જીવસૃષ્ટિ પણ મુખ્ય બે પ્રકારની : (૧) પશુ અને (૨) માનવ. પશુ અને માનવસૃષ્ટિમાં મૂળભૂત તફાવત એક - મનુષ્યને મન છે, પશુને મન નથી. પશુમાં શરીરની મુખ્યતા. મનુષ્યમાં શરીર ઉપરાંત મનની મુખ્યતા. પશુમાં આત્મા છે, મનુષ્યમાં પણ આત્મા છે. આ આત્મતત્ત્વ પ્રભુનો અંશ છે. પ્રભુ પ્રેમસ્વરૂપ હોવાથી, તેમના અંશરૂપ આત્મામાં પણ 'પ્રેમ' મૂળભૂત રીતે છે. પરિણામે જગતમાં પ્રેમનો મહિમા વધતો જાય છે. બે અક્ષરનો 'પ્રેમ' શબ્દ, તેના સાચા અર્થને સમજ્યા વિના, દુનિયામાં ઘણો સસ્તો બન્યો છે. એક લેખકે લખ્યું છે કે આજની દુનિયા જેટલી 'મૅલેરિયા'થી નથી પીડાતી, એટલી 'લવેરિયા'થી પીડાય છે. બીજા એક ફિલસૂફ લખે છે કે 'Love is a disease. Marriage is a medicine. When you take medicine, disease disappears.'(પ્રેમ રોગ છે, લગ્ન દવા. તમે દવા લો, એટલે રોગ ગાયબ.) લગ્ન પછી કહેવાતો પ્રેમ ગાયબ થઈ જાય-ઝગડા શરૂ થઈ જાય!

પ્રેમની વાતો સૌ કરે છે, પણ પ્રેમના સ્વરૂપને સમજે છે બહુ થોડા. પરિણામે પ્રેમ વિષે ગેરસમજ ઝાઝી છે. આ ગેરસમજ આપણા જીવનને ઉન્નત બનાવવાને બદલે, આપણી અધોગતિ કરે છે. પ્રેમ પરમાત્માનું સ્વરૂપ છે; તેથી દિવ્ય છે. જીવનને દિવ્ય બનાવવા માણસ શક્તિમાન બને છે, છતાં આપણું જીવન વિનાશ તરફ કેમ જાય છે? આપણા આચાર્યોએ, સંતોએ, શાસ્ત્રોએ પ્રેમતત્ત્વની સુંદર છણાવટ કરી છે.

'પ્રેમ' શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ છે. તે બે શબ્દોનો બનેલો છે : પ્ર+'ઈમ' 'પ્ર'= પ્રકૃષ્ટ = ખૂબ, 'ઈમ' = કામ. 'કામ' શબ્દ પણ સંસ્કૃત છે. તે પણ બે શબ્દોનો બનેલો છે : 'ક' + 'આમ'. 'ક' = સુખ. 'આમ'= કાચુ. 'કામ' એટલે કાચું સુખ. આપણે ભોજન લઈએ. તે બરાબર ન પચે, ત્યારે તેનો શરીરમાં 'આમ' થાય. આ 'આમ' શરીરનાં અંગોમાં પ્રસરી, અંગોને ઘણું દુઃખ આપે. માણસ રોગી બને. 'કામ' એવું સુખ છે, જેનો અંત દુઃખમાં આવે. શરીરનાં બધાં સુખોનો અંત દુઃખમાં છે.

પ્રત્યેક આત્મા સાથે આ 'કામ' જોડાયેલો છે. પશુઓ અને મનુષ્યો સૌ કામથી પીડિત છે. બંનેમાં 'કામ'ની પ્રક્રિયા અને પ્રભાવમાં થોડો ફરક છે. મનોવૈજ્ઞાનિકોના મતે પશુમાં મન નથી, એટલે માનસિક શક્તિ (mental-faculty) નથી; તેથી પશુમાં માત્ર કુદરતી વૃત્તિ (natural instinct) છે. તેમનામાં જ્યારે કામનો આવેગ આવે, ત્યારે તે કેવળ શારીરિક હોય છે. શરીર દ્વારા પશુ કામાવેગને સંતોષે છે. પશુના કામભોગમાં વિવેક હોતો નથી, તેથી કામભોગ માટે તેઓ એકાંત શોધતાં નથી. જાહેરમાં કામતૃપ્તિ કરે છે. બીજું, કામવેગ વખતે પાત્રનો વિચાર કે વિવેક કરતાં નથી. જન્મદાતા માતા સાથે યુવાન પુત્ર કામભોગ કરે છે. તેમનો કામભોગ કેવળ શારીરિક સ્તરનો, શારીરિક ભૂખ સંતોષવા માટેનો જ હોય છે.

પશુ કરતાં મનુષ્ય ચડિયાતો છે. તેને શરીર સાથે મન પણ છે. મનના કારણે તેને બીજાનો સંગ ગમે છે. સંગથી ઈચ્છાઓ (કામ) જાગે છે. કામની ઉત્પત્તિનાં પાંચ સ્થાનો છે : (૧) શબ્દ (૨) રૂપ (૩) ગંધ (૪) સ્પર્શ (૫) રસ. મધુર અવાજ-વચનો કામવાસના જાગૃત કરે છે. તે શબ્દ જ્યાંથી પ્રગટ થાય છે, તે વ્યક્તિ તરફ મન ખેંચાતાં, તે વ્યક્તિનું રૂપ કામવાસના વધારે. તે રૂપથી લોભાઈ નજીક જતાં, તેના શરીરની ગંધ કામવાસનાને ઉત્તેજે. તેથી તે વ્યક્તિનો સ્પર્શ કરવાનું મન થાય. સ્પર્શથી કામવાસનામાં જાણે ઘી હોમાય-ભડકો થાય. પછી પરસ્પરના મિલનનો રસ કામવાસના વારંવાર ભોગવવા ખેંચે.

કામની આ પ્રક્રિયા મનમાં જાગે છે અને શરીર તેમાં જોડાય છે. પશુની જેમ આ પ્રક્રિયા કેવળ કુદરતી-શારીરિક વૃત્તિથી પ્રેરિત નથી, તેમાં માનસિક વૃત્તિ વધુ હોય છે. તન અને મન બંનેનો સંયોગ થાય છે. તનની તૃપ્તિ ક્ષણમાં થાય છે, પણ મનની તૃપ્તિ થતી નથી, પરિણામે આ પ્રક્રિયા વારંવાર ચાલતી રહે છે. પશુમાં આ પ્રક્રિયા કુદરતી આવેગપ્રેરિત છે, જ્યારે મનુષ્યમાં તે લાગણી-પ્રેરિત હોય છે. બુદ્ધિ અને લાગણીને લઈને માણસમાં વિવેકશક્તિ જાગે છે. પરિણામે તે જાહેરમાં કામવાસના ભોગવતો નથી. એકાંતમાં મર્યાદા સ્વીકારે છે. વ્યક્તિની પણ મર્યાદા સ્વીકારે છે. કોઈ પણ વ્યક્તિ સાથે તે સંબંધ જોડતો નથી.

આમ, મનુષ્યની કામવાસના, તેની અભિવ્યક્તિ અને તૃપ્તિ પશુ કરતાં ઊંચા સ્તરની છે; છતાં તેમાં ઘણા વિકાર હોય છે. માણસના ‘કામ’માં સ્વાર્થ પાયામાં છે. પોતાના સુખ માટે તે કામાતુર થાય છે. તેની કામવાસના તેના પોતાના સંતોષ માટે છે, તે બીજાના સુખ-સંતોષની પરવા કરતો નથી. વાસનાતૃપ્તિ ન થાય, તો ક્યારેક દાનવ બનીને બીજાને પીડે છે. તેની વાસના તૃપ્તિ ક્ષણિક હોય છે. તેનો અંત દુઃખદ હોય છે. ઘણીવાર કામતૃપ્તિ પછી તે પોતાની જાતને દોષિત (guilty) પણ અનુભવે છે. બનેલી ઘટનાનો પસ્તાવો કરે છે. ક્યારેક તે ક્લેશમાં પણ પરિણમે છે. જીવનમાં તે અશાંતિ લાવે છે.

પશુમાં આ વૃત્તિ ‘પ્રાકૃત’ કામરૂપે છે, પ્રકૃતિરૂપે છે. મનુષ્યમાં તે Refined-Polished રૂપમાં છે, વિકૃતિ - વિશેષ કૃતિરૂપે છે. મનુષ્યમાં આ વૃત્તિ ‘મોહ’ નું સ્વરૂપ ધારણ કરે છે; છતાં આ બંને સ્તરે, તેનો સંબંધ ભૌતિકતા સાથે છે. શરીર અને મન બંને ભૌતિક છે, ભૌતિક પદાર્થોમાંથી બનેલાં છે. તેથી આ બંને સ્તરે ‘ઈમ’- કામ પૂર્ણ રૂપ લે, તો પણ તે ભૌતિક સ્તરનો જ હોય છે. મનુષ્યનો આ પ્રેમ આધિભૌતિક (worldly - bodily) છે.

મનુષ્ય મોટા ભાગે, એક મહત્ત્વની વાત ભૂલી જાય છે. તે કેવળ શરીર અને મનનો બનેલો નથી. પાર્થિવ શરીર અને મનની ભીતર એક અપાર્થિવ (unworldly) આત્મા રહેલો છે, જે વિશેષ મહત્ત્વનો છે. જ્યાં સુધી આત્માનો વિકાસ ન થાય, ત્યાં સુધી શરીર અને મનનો વિકાસ અધૂરો છે. શરીર અને મનની ઉપયોગિતા આત્માના વિકાસ માટે છે. આત્માનો વિકાસ એ spiritual faculty છે. પ્રેમ આત્માનો સ્વભાવ છે. જગતમાં સર્વ આત્માઓ પ્રભુના અંશ હોવાથી પ્રભુના સંબંધે પ્રભુ સાથે અને પરસ્પરની સાથે જોડાયેલા છે - સંબંધવાળા છે. શરીરને ભૌતિક સ્વાર્થ અને સુખની ઈચ્છા છે, આત્માને નથી. જ્યારે માણસનો ભૌતિક પ્રેમ વ્યક્તિગત સ્વાર્થ-સુખની સીમા છોડી વ્યાપક બને, ત્યારે આત્મિક વિકાસ થાય છે પ્રાણીમાત્ર પ્રત્યે તેને સહજ, નિષ્કારણ પ્રેમ થાય છે. આ પ્રેમમાં સૌના સુખની, કલ્યાણની મંગળ ભાવના હોય છે. તેમાં ઈન્દ્રિયોનું સુખ નથી. શબ્દ, રૂપ, ગંધ, સ્પર્શ, રસમાંથી કામ જાગતો નથી. આત્માની ચેતનામાંથી પ્રેમ જાગે છે, જે Sublime ઊર્ધ્વીકૃત હોય છે; સૌ પ્રત્યે સહજ પ્રેમ, પરોપકાર કરાવે છે. સૌના કલ્યાણની કામના કરાવે છે. સંતોનો જગત પ્રત્યે આવો પ્રેમ હોય છે. આ પ્રેમ આત્મા સાથે સંબંધિત હોવાથી, તેને આધ્યાત્મિક (Spriritual) કહે છે.

આ પ્રેમમાં પાપનો વિચાર નથી, તેથી તે પવિત્ર છે. તેમાં સ્વાર્થનો સંબંધ નથી, માટે નિર્દોષ છે. તેમાં કોઈ વિકાર નથી, માટે નિર્વિકાર છે. આ પ્રેમ સંસ્કૃતિનું-શુભ સંસ્કારોનું પરિણામ છે. તેથી મંગલમય છે - સુખદ છે. તેનું પરિણામ ક્યારેય દુઃખદ નથી. ઈન્દ્રિયભોગ્ય પ્રેમનું અહીં માર્ગાન્તીકરણ- Channelization થઈ, પવિત્ર સ્વરૂપ પ્રકટ થાય છે.

સમસ્ત પ્રાણીમાત્ર તરફ વહેવા માંડેલી આ શુદ્ધ પ્રેમધારા, એક દિવસ પ્રભુનાં ચરણકમળ તરફ વહેવા લાગે; માણસને આત્માથીય પરમાત્મા અધિક પ્રિય લાગે; પરમાત્માના પ્રેમ-સ્વરૂપ પર તેનો આત્મા ઓવારી દે; તન, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ અને હૃદયથી પરમાત્માને પૂરેપૂરો સમર્પિત થઈ જાય; પરમાત્માની પ્રસન્નતા માટે જ જીવે; પરમાત્માના સુખે સુખી થાય; પરમાત્માનાં સેવા-સ્મરણમાં આખા જગતનું તેને વિસ્મરણ થાય; ત્યારે પરમાત્મા પ્રત્યેનો તેનો ઉત્કટ પ્રેમ દિવ્યતા ધારણ કરે છે. તેથી તેને આધિદૈવિક કહેવામાં આવે છે. તેને શાસ્ત્રોએ ‘ભક્તિ’ કહી. પ્રેમનું આ સર્વોત્તમ, પરમ દિવ્ય સ્વરૂપ છે. આવા ભક્તિરૂપ પ્રેમથી, પ્રેમસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ થતાં, આત્મા પોતાને પણ ભૂલી જાય છે. માનવજીવનનું પરમ ધ્યેય આ દિવ્ય પ્રેમ પ્રાપ્ત કરવાનું છે. પ્રેમનું આ ઉર્ધ્વીકરણ sublimation છે.

આ દિવ્ય પ્રેમનું પરિણામ દુઃખ નથી, પણ તે આનંદની અનુભૂતિ કરાવનારું છે. આનંદ એનું નામ, જે ક્ષણજીવી ન હોય; પણ શાશ્વત હોય. આ પ્રેમની પ્રાપ્તિ કરનાર ‘ભક્ત’ કહેવાય છે.

બીજી રીતે વિચારીએ તો પ્રાણીસૃષ્ટિ ચાર ગુણમયી છેઃ તામસ, રાજસ, સાત્ત્વિક, નિર્ગુણ. તેમાં પશુસૃષ્ટિ કેવળ તામસ ગુણપ્રધાન છે. જે બીજાના ભોગે સુખી થવા મથે તે તામસ. મનુષ્ય-સૃષ્ટિમાં મુખ્યત્વે તામસ અને રાજસ ગુણ છે. જે મન બુદ્ધિ, શરીરની ઈન્દ્રિયોના ભોગમાં તત્પર રહે તે રાજસ. તામસ અને રાજસ જીવો જેને પ્રેમ કહે છે, તે વાસ્તવમાં મોહ છે - કામ છે. તે સાચો પ્રેમ નથી. જગતના કલ્યાણ માટે જીવે, તે સાત્વિક, તેમનો પ્રેમ ‘પ્રેમ’ છે; પણ જે કેવળ પરમાત્માના બનીને, પરમાત્મા માટે જીવ તે નિર્ગુણ. તેમનો પ્રેમ ‘ભક્તિ’ છે, સર્વશ્રેષ્ઠ છે.

નિર્ગુણ જીવો ભક્તો છે - તેમની ભક્તિ માનવજીવનનો પરમ આદર્શ છે. આ દિવ્ય ભક્તિ તેમના પ્રાકૃત શરીર અને મનને દિવ્ય બનાવે છે, જેની

શ્રીમહાપ્રભુજી 'તનુનવત્વ' કહે છે. પરમાત્માનો અનુભવ ભૌતિક દેહથી - ઈન્દ્રિયોથી કદી થતો નથી. તેથી ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને પોતાના વિરાટ સ્વરૂપનાં દર્શન કરાવવા દિવ્ય દૃષ્ટિ પ્રદાન કરી હતી. તે પ્રમાણે જે ભક્ત બન્યા છે તેમને ભક્તિ દ્વારા ભગવત્કૃપા થતાં દિવ્ય દેહ - તનુનવત્વ પ્રાપ્ત થતાં, આ જન્મમાં જ પ્રભુનો સાક્ષાત્ અનુભવ થાય છે.

ભક્તની આત્મિક ચેતનાનો આ આવિષ્કાર છે. બધા મનુષ્યો ભક્ત બની શકતા નથી. પણ જે ભક્ત બને છે તે પ્રકૃતિ અને વિકૃતિથી મુક્ત થઈ સંસ્કૃતિવાન થાય છે. તેની આત્મિક ચેતના ઊર્ધ્વગામી બને છે. પરિણામે પરમાત્મામાં જ તેનું સકળ જગત સીમિત થઈ જાય છે. પરમાત્મા પણ તેને આધિન બને છે. ભક્તની આ સર્વોપરિતા તેની ભક્તિનું પરિણામ છે.

ફ્રોઈડ જ્યારે કહે છે કે માણસે વાનરમાંથી ઉત્ક્રાન્તિ કરી, ત્યારે તેનો માનવ તરફનો અભિગમ નકારાત્મક છે. એ માને છે કે માણસ મૂળગત પશુ હોવાથી, તેનો સ્વભાવ અને જીવન પાશવી છે; પશુવૃત્તિથી દોરાનારાં છે. પરિણામે તેને નવજાત શીશુના સ્તનપાનમાંય 'કામ'ની ગંધ આવે છે.

આપણા આચાર્યો કહે છેઃ ના, આ આત્માઓ તો દિવ્ય પ્રભુના અંશ છે. પ્રભુની નિત્યલીલા-સૃષ્ટિના જીવો છે - દિવ્ય સ્વરૂપવાન છે. નિત્યલીલામાં કોઈને કોઈ સ્વરૂપે તેમણે પ્રભુની ભક્તિ કરી છે, તેથી તે પૃથ્વી પર અવતરીને પણ પ્રભુની ભક્તિ કરનારા દિવ્યાત્માઓ છે, પશુઓનાં વંશજો નથી. આ ભક્તો દિવ્યાત્માઓ હોવાથી, તેમની દિવ્ય ભક્તિથી યુક્ત તેમનાં જીવન પણ દિવ્ય છે.

જેનું જીવન દિવ્ય, તેનું ચરિત્ર પણ દિવ્ય. શાસ્ત્રોએ 'કીટ-ભ્રમર-ન્યાય' સમજાવ્યો છે. પુષ્પ પર કીડો ફરે અને ભમરી પણ ફરે. કીડો ભમરીની સરખામણીમાં તુચ્છ છે. ભમરી કીડાને ડંખ મારે, ત્યારે કીડો ભ્રમર બની જાય છે. તેમ આપણો આત્મા પણ પ્રભુની નિત્યલીલા-સૃષ્ટિનો જીવ છે. આજે આપણને આપણા મૂળ સ્વરૂપની વિસ્મૃતિ હોવાથી, જીવનમાં ભક્તિ પ્રકટી નથી; પરંતુ જેમનાં ભક્તિમય દિવ્ય ચરિત્રો છે, એવા આપણા પૂર્વજો ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોનાં એ ચરિત્ર સાંભળવા, વાંચવા અને વિચારવાથી આપણને આપણા મૂળ સ્વરૂપનું સ્મરણ થાય છે. સ્વરૂપ-સ્મરણથી ભક્તિનો ઉદય થાય છે. આપણે પણ 'ભક્તિ'ના માર્ગે ચાલતા થઈએ છીએ. આપણો શારીરિક કામ, આત્મિક પ્રેમમાં પરિણમી, દિવ્ય ભક્તિનું રૂપ લે છે. આપણી જીવનયાત્રા પરમ પ્રેમયાત્રા બને છે.

આ હેતુથી જીવનની સાર્થકતા માટે શ્રીગોકુલનાથજી મહારાજે આપણા પુષ્ટિભક્તિનાં (૮૪ અને ૨૫૨ વૈષ્ણવોનાં) દિવ્ય, સત્ય ચરિત્રો આપણને આપ્યાં, એ ચરિત્રોનાં રહસ્યો શ્રીહરિરાયજી મહારાજે સ્પષ્ટ કરીને આપણને સમજાવ્યાં. પુષ્ટિભક્તિના માર્ગે ચાલવાની કેડી બતાવી.

ચારસો વર્ષોથી આ 'વાર્તા-સાહિત્ય' રૂપી અલૌકિક નિધિ આપણી પાસે છે. એના મનન-ચિંતનથી ચાર સદીઓમાં અનેક વૈષ્ણવો 'ભગવદીયો' બન્યા છે. વ્રજભાષામાં ગ્રંથસ્થ થયેલું આ વાર્તાસાહિત્ય આજની પેઢીને એના મૂળ સ્વરૂપે સમજાતું નથી; તેથી તેમાં રસ પડતો નથી. એટલે આજના વૈષ્ણવોમાં તેનું વાંચન ઘટી ગયું.

આજના વૈષ્ણવોને મૂળ સ્વરૂપ અને કર્તવ્યનું ભાન કરાવવા માટે આજથી પચાસેક વર્ષ પહેલાં અમારા પૂજ્યપાદ શ્રીદાદાજી મહારાજે (ગો.૧૦૮ શ્રી વ્રજરત્નલાલજી મહોદય, સૂરત)અને શ્રી બડે કાકાજી મહારાજે (ગો.૧૦૮ શ્રી ગોવિંદલાલજી મહોદય, સૂરત) ભાગવત સપ્તાહની જેમ ભગવદીય વાર્તા સપ્તાહનું આયોજન વિચાર્યું. પ.ભ.શ્રી વ્રજરત્નદાસભાઈ પરીખ અને રમેશભાઈ પરીખ પર કૃપા કરી, આ કાર્ય માટે આજ્ઞા આપી. તેના પરિણામ સ્વરૂપે નવી પેઢીને સમજાય અને રસ પડે તેવી શૈલીમાં શ્રી વ્રજરત્નદાસભાઈ અને રમેશભાઈએ આ ચરિત્રો લખ્યાં. વૈષ્ણવોને તે ઘણાં રુચિકર અને માર્ગદર્શક થયાં.

આથી મૂળ વાર્તાઓના ક્રમમાં, આ બધાં ચરિત્રો આધુનિક વાર્તા-શૈલીમાં રજૂ થાય, તેવો અમારો મનોરથ હતો. રમેશભાઈ દ્વારા એ કાર્યનો શુભારંભ થયો. 'તુલસી ક્યારો' ભાગ-૧ પુસ્તકમાં વાર્તાસાહિત્યની વિશદ ભૂમિકા સાથે ૮૪ વૈષ્ણવો પૈકીના પ્રથમ ૨૫ વૈષ્ણવોની વાર્તાઅઓ પ્રસિદ્ધ થઈ.

આજે તેના અનુંસંધાનમાં 'તુલસી ક્યારો' ભાગ-૨ પ્રસિદ્ધ થાય છે. તેમાં ૨૬ થી ૬૦ સુધીની વાર્તાઓ છે. વિશેષ આનંદની વાત એ છે કે આપણા 'વૈષ્ણવ પરિવાર' ના પાંચમા ભેટ પુસ્તક તરીકે તે પ્રસિદ્ધ થાય છે. પોતાના દસ હજારથી પણ વધુ ગ્રાહક-વૈષ્ણવોને દર વર્ષે ભેટપુસ્તક આપવાનો 'વૈ.પ.'નો મનોરથ છેલ્લા પાંચ વર્ષથી શ્રીમહાપ્રભુજીની અને શ્રીઠાકોરજીની પરમ કૃપાથી સિદ્ધ થતો રહ્યો છે. એ મનોરથ પ્રતિવર્ષ સિદ્ધ થતો રહે એવી કૃપા શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી અવશ્ય કરતા રહે, એવી આપશ્રીનાં યુગલ ચરણકમળોમાં વિનંતી કરું છું.

આ ભેટપુસ્તકનાં ચાર મનોરથી પૈકી એક અ.સૌ. લીલાબેન પ્રવિણચંદ્ર કચેરિયા, મૂળ વાડાશિનોરનાં (હાલ-મુંબઈ), એમને આ ભગવદીયોનાં ચરિત્રોમાં ભરપૂર પ્રીતિ છે. આ પુસ્તકના પ્રકાશનનો આગ્રહ તેમનો છે. બીજા મનોરથી હરિહરભાઈ વૈદ્ય અને અ.સૌ. નિર્મળાબેન હરિભાઈ વૈદ્ય - આ દંપતી સૂરતનાં, અમારા પ.પૂ.દાદાજી મહારાજનાં ઘણાં કૃપાપાત્ર. તેમણે જીવનભર નોકરી કરી બચત કરેલું દૈવી દ્રવ્ય આ કાર્યમાં વિનિયોગ કર્યું છે. ત્રીજા મનોરથી ભગવાનદાસભાઈ દલાલ અને અ.સૌ. રાધાબેન દલાલ તો અમારા વડોદરાનાં; અમારાં વૈષ્ણવો છે. તેઓ શ્રીહરસાનીજી ટ્રસ્ટના ટ્રસ્ટી પણ છે. શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની સેવામાં પ્રીતીવાળો એમનો પરિવાર છે. ચોથાં મનોરથી વિદેશમાં નરેન્દ્રભાઈ પટેલ અને અ.સૌ. હંસાબેન પટેલ છે. તેઓ પણ તેમનું દૈવી દ્રવ્ય આ સુંદર કાર્યમાં અંગીકાર કરાવવા તત્પર થયાં છે. આ ચારે મનોરથી પરિવારોને મારા ભૂરિભૂરિ આશીર્વાદ પ્રદાન કરું છું.

આશા છે, આગામી વર્ષોમાં પણ આ ભગવદીયોનાં ચરિત્રોની 'તુલસી ક્યારો' ગ્રંથશ્રેણી 'વૈષ્ણવ પરિવાર'ના ગ્રાહકોને ભેટપુસ્તક રૂપે મેળવી અપાવવા, મનોરથી વૈષ્ણવો આગળ આવશે અને ૮૪-૨૫૨ વૈષ્ણવોની આ ગ્રંથશ્રેણી સૌ વૈષ્ણવોના ઘરમાં બિરાજશે.

શ્રીહરસાનીજી પ. ચે. ટ્રસ્ટ અને અમારા શ્રીઅનુગ્રહ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત સહયોગથી આ પુસ્તકનું પ્રકાશન થઈ રહ્યું છે, તેથી પણ મને ઘણી પ્રસન્નતા છે. શ્રીહરસાનીજી ટ્રસ્ટ અને તેના કાર્યકર્તાઓને અનેકાનેક ધન્યવાદ આપુ છું.

ઈતિ શમ્ ।

- ગો. શ્રી ઈન્દિરાબેટીજી

નૃસિંહ જયંતિ,
વૈશાખ સુદ ૧૪, સં. ૨૦૪૭
બૅંગલોર

૧ : વાચ, કાછ, મન નિશ્ચલ રાખે

(૨૬. શ્રી ગુસાંઈદાસ, સારસ્વત બ્રાહ્મણ)

બંગાળમાં એક ગામમાં એક નાનકડો સારસ્વત બ્રાહ્મણ પરિવાર રહે. તેમને એકનો એક દીકરો. તે કોઈ ગોસાંઈ-સંન્યાસીના આશીર્વાદથી જન્મ્યો હશે, એટલે એનું નામ રાખેલું ગુસાંઈદાસ. બીજાં બાળકોની જેમ જ તેનું બાળપણ પણ ગુજર્યું. મા-બાપ તેની કિશોરાવસ્થામાં મૃત્યુ પામ્યાં. ઘરમાં ઝાઝી સંપત્તિ ન હતી. પરિવારમાં કોઈ નજીકનું સગું પણ ન હતું. આવી સ્થિતિમાં ૧૪-૧૫ વર્ષનો સામાન્ય કિશોર ખોટી સોબતે ભટકી જાય, પરંતુ જેનો હાથ પ્રભુ પકડે એને સત્સંગ મળે. સત્સંગ મળવો એ જ કલયુગમાં પ્રભુની મોટી કૃપા!

ગુસાંઈદાસને પણ તેમના ગામના એક વિદ્વાન બ્રાહ્મણનો સત્સંગ મળ્યો. ગુસાંઈદાસ આખો દિવસ તે બ્રાહ્મણના ત્યાં જ રહે, તેમની સેવા-ચાકરી કરે અને તેમની પાસેથી ભાગવત અને ગીતા સાંભળે.

આમ કરતાં કરતાં બે-ત્રણ વર્ષ વીતી ગયાં. ભાગવત અને ગીતા સાંભળી, ગુસાંઈદાસના મનમાં વૈરાગ્ય જનમ્યો. વિચાર કર્યો, 'એકલો છું, કોઈ પ્રકારની માથે જવાબદારી નથી. બ્રાહ્મણનો દીકરો છું. ભિક્ષા માગવામાં સંકોચ કરવાનું કોઈ કારણ નથી. ભાગવતજીમાં ઘણાં તીર્થોનું વર્ણન છે. અનેક ભક્તોએ તીર્થયાત્રાઓ કર્યાનાં ચરિત્રો છે; તો હું પણ બાકીનું જીવન તીર્થયાત્રામાં કેમ ન વીતાવું?'

વિદ્વાન બ્રાહ્મણની રજા લઈ, ૧૫ વર્ષના ગુસાંઈદાસ ખભે ખલતો ભરાવી તીર્થયાત્રા કરવા નીકળી પડ્યા. વિરક્ત જેવું જીવન જીવતાં ચાર ધામની યાત્રા કરી, છેવટે મથુરા આવ્યા. તેમની ઉંમર પૂરાં ૨૪ વર્ષની થઈ હતી. શરીર પર પૂર્ણ યુવાની હતી, તીર્થયાત્રાના અનુભવોથી મન અને બુદ્ધિ પાકટ બન્યાં હતાં. તેમને તીર્થયાત્રામાં ક્યાંય પ્રભુના દર્શનનો અનુભવ થયો ન હતો. ક્યાંય મનને સાચો આનંદ પણ મળ્યો ન હતો.

ગુસાંઈદાસ વહેલી સવારે મથુરામાં વિશ્રામઘાટ ઉપર આવ્યા. તેમણે શ્રીયમુના-જળમાં ડૂબકી મારી તીર્થસ્નાન કર્યું. પછી શુદ્ધ વસ્ત્રો પહેરતા હતા, ત્યારે ઘાટ ઉપર એક દિવ્ય પુરુષને સંધ્યાવંદન કરતા જોયા. દર્શન કરતાં જ ગુસાંઈદાસને

કોઈ અલૌકિક અનુભવ થયો. મન આનંદથી ભરાઈ ગયું. અનાયાસ હાથ જોડાઈ ગયા, મસ્તક નમી ગયું. મનોમન વિચાર આવ્યો, નવ વર્ષ લગી એકલો ચારે ધામ ફરી આવ્યો; પણ ક્યાંય કોઈ અલૌકિક અનુભવ થયો નહિ. ક્યાંય કોઈ યોગ્ય ગુરુ પણ મળ્યા નહિ. સામે બિરાજેલા મહાપુરુષ કેવળ વિદ્વાન જાણતા નથી, પણ દિવ્યાત્મા લાગે છે, તેમને ગુરુ કરું. તેઓ તેમની નજીક જઈ હાથ જોડી ઊભા રહ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમના તરફ દૃષ્ટિ કરી. ગુસાંઈદાસે વિનંતી કરી, ‘મહારાજ! મને સેવક કરો.’

‘ગુસાંઈદાસ, તું તો આજીવન તીર્થયાત્રાનો સંકલ્પ કરીને ઘેરથી નીકળેલો છે. તારું મન તીર્થયાત્રામાં લાગેલું છે. તું મારો સેવક બનીને શું કરીશ? કહે, તને તીર્થયાત્રાના કેવા અનુભવ થયા?’

‘મહારાજ! આપ કોઈ પંડીત વિદ્વાન નથી, સાક્ષાત્ ભગવાન છો; તેથી અંતર્યામી છો, માટે મને અજાણ્યાને આપે નામ દઈને બોલાવ્યો. મારા મનના વિચારો પણ જાણ્યા. તીર્થ કરને હું થાકી ગયો છું. હવે મારે તીર્થયાત્રા કરવાનો જરા પણ વિચાર નથી. આપનો સેવક બની અહીં મથુરામાં સ્થિરવાસ કરવાની ઈચ્છા છે. તીર્થયાત્રામાં સર્વ સ્થળે મ્લેચ્છોના આક્રમણથી દૂષિત થયેલાં તીર્થો દેખાયાં. એ બધાં તીર્થો જાણે પાપોના અખાડા હોય તેવું લાગ્યું. દરેક સ્થળે લુચ્ચા માણસોનું રાજ્ય હતું, સાચા સાધુસંતોને તો ત્રાસ હતો, માટે મને ખાતરી છે કે તીર્થો કરવાથી મને ભગવાનની પ્રાપ્તિ થશે નહિ. તમારી કૃપાથી જ મને ભગવાન મળશે, માટે મને સેવક કરો.

શ્રીમહાપ્રભુજીએ ગુસાંઈદાસને બ્રહ્મસંબંધ આપ્યું. શ્રીગુસાંઈદાસે વિનંતી કરી, ‘મહારાજ! હું આપનો સેવક થયો, વૈષ્ણવ થયો. તો પણ મારે શું કરવાનું તેની મને કંઈ ખબર નથી. તમે જેમ આજ્ઞા કરો, તેમ હું જીવન જીવું. તમે મારા ગુરુ છો, તમારી આજ્ઞા મને શિરોધાર્ય છે. તમારી આજ્ઞાનું પાલન કરવામાં જ મારી ભલાઈ છે.’

‘ગુસાંઈદાસ, તમે બ્રહ્મસંબંધ લીધું; એટલે પ્રભુ સાથેનો તમારા જીવાત્માનો હજારો વર્ષોથી છૂટી ગયેલો સંબંધ ફરીથી જોડાયો. તમે પ્રભુ સામે પ્રતિજ્ઞા કરી કે તમારું સર્વ કંઈ પ્રભુનું છે, અને તેથી તમે તે બધું પ્રભુને સમર્પણ કર્યું છે. તમે તેમના દાસ બન્યા છો. દાસનો ધર્મ છે સ્વામીની સેવા કરવાનો. માટે તમારે હવે ભગવદ્-સેવા કરવી જોઈએ. તમારી અહંતા-મમતા પ્રભુને સમર્પિત કરી, સર્વ પદાર્થો પ્રભુને અંગીકાર કરાવી જીવન જીવવું જોઈએ.’

‘મહારાજ! મારા હિતની જ આજ્ઞા કરો છો; પરંતુ સેવા કરવા મારી પાસે ઠાકોરજી નથી. આપ ઠાકોરજી પધરાવી આપો તો હું સેવા કરું.’

‘ગુસાંઈદાસ! તારા માટે જ પ્રભુ પધાર્યા હોય એવું લાગે છે. થોડા સમય પહેલાં એક વૈરાગી સંન્યાસી મને મળ્યા હતા. તેમની પાસે પ્રભુનું ચતુર્ભૂજ શ્યામ સ્વરૂપ હતું. તે વૈરાગીને દ્વારકા તરફ જવું હતું. તેમણે મને કહ્યું, ‘‘મહારાજ, મારાથી ઠાકોરજી સંભાળવાનું મુશ્કેલ પડે છે. આપ તેમને રાખશો?’’ તે સ્વરૂપ તમારી સામે બિરાજે છે. તમે આ સ્વરૂપની સેવા કરો. તેમનું નામ શ્રીમથુરાનાથજી છે.’

ગુસાંઈદાસે ભાવપૂર્વક એ સ્વરૂપ પધરાવ્યું. શ્રીમહાપ્રભુજી પાસેથી સેવાની રીત સમજ્યા. પછી મથુરામાં એક ઘર ભાડે રાખી ત્યાં રહી સેવા કરવા લાગ્યા.

તેઓ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે અવ્યાવૃત્ત રહીને સેવા કરતા હતા. બધી સેવા જાતે પોતાના ઘરના એકાંતમાં કરતા. બાકીનો સમય સ્મરણમાં વિતાવતા. તેમના પ્રેમભાવ અને દીનતાથી પ્રભુ પ્રસન્ન રહેતા અને ગુસાંઈદાસને પાતાનો અલૌકિક અનુભવ કરાવતા.

તેમની પાડોશમાં શ્રીમહાપ્રભુજીના સેવક એક વૈષ્ણવ રહેતા હતા. તેમનાથી ઘરમાં સેવા બની શકતી નહિ. તેઓ દરરોજ ગુસાંઈદાસના ઘેર આવતા. ગુસાંઈદાસ કંઈ સેવાનું કાર્ય બતાવે તો કરતા. ગુસાંઈદાસ તેમને પોતાના ઠાકોરજીના દર્શન કરાવતા. દર્શન કરતાં કરતાં તેઓ દરરોજ પ્રભુને પ્રાર્થના કરતા, ‘આજ સુધી મને સેવા કરવાની ઝાઝી વૃત્તિ થતી ન હતી, તેથી મેં કદી આપની સેવા કરવાનો વિચાર કર્યો ન હતો, પરંતુ આપના આ સ્વરૂપનાં દર્શન કર્યા પછી મનમાં તમારા તરફ ન સમજાય તેવી આસક્તિ જાગી છે. જો આપ મારી સાથે પધારો, તો હું આપની સેવા જરૂર કરું.’

ઘણા દિવસ પછી ગુસાંઈદાસના ઠાકોરજીએ ગુસાંઈદાસને આજ્ઞા કરી, ‘તારા પાડોશી વૈષ્ણવને મારી સેવા કરવાનો ઘણો વિરહતાપ છે; તેથી મારે તેનો મનોરથ પૂરો કરવો છે.’

ગુસાંઈદાસ પ્રભુના સુખને પોતાનું સુખ માનતા અને પ્રભુની ઈચ્છાને જ

પોતાની ઈચ્છા માનતા. તેથી તેમણે બીજા દિવસે પાડોશી વૈષ્ણવ દર્શન કરવા આવ્યા ત્યારે તેમને કહ્યું, 'વૈષ્ણવ, પ્રભુને તમારી પાસે સેવા લેવી હોય તેવું લાગે છે. હું એકલો છું, એકલા હાથે પ્રભુનું સુખ સચવાતું નથી. તમે મારી સાથે રહો. આપણે બંને જણ મળીને પ્રભુને લાડ લડાવીએ.'

વૈષ્ણવે હાથ જોડીને કહ્યું : 'મને એ રીતે સેવા કરવાનું નહિ ફાવે. મને સ્વતંત્ર રીતે એકાંતમાં સેવા કરવાની ઈચ્છા છે. પ્રભુ સૌના મનોરથ પૂર્ણ કરે છે, તો એકાદ દિવસ મારો મનોરથ કેમ પૂર્ણ નહિ કરે?'

એ વાતને થોડા દિવસો વીતી ગયા. વૈષ્ણવનો વિરહતાપ વધતો રહ્યો. શ્રીઠાકોરજીએ ગુસાંઈદાસને ફરીથી આજ્ઞા કરી, 'તારી સેવાથી હું ઘણો પ્રસન્ન છું. તું મને તારા પાડોશી વૈષ્ણવને માથે પધરાવી દે. હવે થોડા વર્ષ હું તેની સેવા અંગીકાર કરીશ.'

'મહારાજ! આપની સેવા વિના મારું જીવન કેવી રીતે વીતે? હું એક ક્ષણ પણ આપના વિના રહી શકીશ નહિ. મારો એવો કયો અપરાધ થયો છે કે આપ મારા ત્યાંથી બીજે પધારી જવા આજ્ઞા કરો છો?'

'તારો કોઈ અપરાધ નથી. હું તારા ઉપર ઘણો પ્રસન્ન છું. આજ સુધી તને તારાં નેત્રોથી મારો અનુભવ કરાવ્યો. હવે મારા સ્વરૂપ અને લીલાનો અનુભવ તને અંતઃકરણમાં કરાવીશ. સેવા દ્વારા સંયોગ પછી વિપ્રયોગ પણ સિદ્ધ થવો જોઈએ. હવે તને મારે વિપ્રયોગ ભાવનું દાન કરવું છે. માટે તું મને પાડોશી વૈષ્ણવના માથે પધરાવી બદ્રિકાશ્રમ જા. ત્યાં મારો વિરહતાપ કરજે. ત્યાં તારો દેહ છૂટશે, એટલે તું હંમેશને માટે મારી નિત્યલીલામાં પ્રાપ્ત થઈશ.'

શ્રીઠાકોરજીની આજ્ઞા સાંભળી બીજા દિવસે સવારે ગુસાંઈદાસે વૈષ્ણવને બોલાવીને કહ્યું, 'તમારે એકાંતમાં સેવા કરવાની ઈચ્છા છે, તો ભલે તમે મારા ઠાકોરજી પધરાવો અને સેવા કરો.'

'પછી તમે શું કરશો?'

'હું બદ્રિકાશ્રમ જઈશ. ત્યાં મારો દેહ છૂટવાનો છે.'

'ભાઈ! દેહ છોડવો ન છોડવો તે આપણા હાથની વાત થોડી છે?

ભગવદ્-ઈચ્છાથી તમારો દેહ ન છૂટ્યો અને તમે પાછા આવીને તમારા ઠાકોરજી મારી પાસે પાછા માંગો, તો મારે શું કરવાનું?'

'વૈષ્ણવ! તમે કહો છો એવું પ્રભુ નહિ કરે. અને માની લો કે હું પાછો આવ્યો તો પણ ઠાકોરજી પાછા નહિ માંગું. તમારા દરવાજે પડ્યો રહીશ. ઠાકોરજી તમારા ઉપર પ્રસન્ન છે, એટલે તમારી સેવા અંગીકાર કરવા માંગે છે. તમે નિશ્ચિંત થઈને સેવા કરજો.'

શ્રીઠાકોરજી વૈષ્ણવને સોંપી, ગુસાંઈદાસ બદ્રિકાશ્રમ ગયા. ત્યાં પ્રભુના વિરહતાપમાં તેમનો દેહ છૂટી ગયો. આ સમાચાર શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. આપે ગુસાંઈદાસની પ્રશંસા કરતાં આજ્ઞા કરી, 'વૈષ્ણવ કદી ખોટું ન બોલે. વૈષ્ણવ હંમેશાં સત્યવચની હોય. ગુસાંઈદાસ વૈષ્ણવનું આ લક્ષણ ટેકપૂર્વક જીવ્યા. તેમને ધન્ય છે.'

સિદ્ધાંત નવનીત

(૧) આ પ્રસંગમાંથી પહેલી વાત એ શીખવા મળે છે કે મર્યાદાભક્તો ભલે તીર્થયાત્રાથી પ્રસન્ન થતા હોય, પણ પુષ્ટિભક્તો માટે કેવળ તીર્થયાત્રા પર્યાપ્ત નથી. તીર્થયાત્રાનું ફળ ભગવદ્પ્રાપ્તિ નથી, માટે પુષ્ટિભક્તો તીર્થયાત્રાનો આગ્રહ ન રાખતાં, પોતાના ઘરમાં રહીને પ્રભુની સેવા કરવાનો આગ્રહ રાખે છે.

(૨) ગુસાંઈદાસ વૈષ્ણવે શ્રીમહાપ્રભુજીનો ગૃહસેવાનો સિદ્ધાંત જીવી બતાવ્યો. આપણે એકલા હોઈએ, સાધન સંપત્તિની અછત હોય, તો પણ આપણા ઘરમાં આપણા માથે બિરાજતા પ્રભુની સેવા, આપણી જાતે આનંદપૂર્વક કરવી. પ્રભુને જે મળે તે અંગીકાર કરાવી તેનાથી નિર્વાહ કરવો. આ જ સાચો પુષ્ટિમાર્ગ છે. આપણા સ્વજન જેવા વૈષ્ણવને જ આપણા ઠાકોરજીનાં દર્શન કરાવવાં. આપણા ઠાકોરજીને પબ્લિકના ન બનાવી દેવા. સૌને આપણા ઠાકોરજીના દર્શન કરાવવાં નહિ.

(૩) શ્રીઠાકોરજીની જેમાં પ્રસન્નતા હોય તે અવશ્ય કરવું. શ્રીઠાકોરજીની આજ્ઞા તેમની પ્રસન્નતા માટેની હોઈ તેનું અવશ્ય પાલન કરવું. આપણા સુખનો વિચાર કદાપિ ન કરવો.

(૪) સેવામાં સંયોગની સાથે વિપ્રયોગનો અનુભવ પણ જરૂરી છે. સંયોગ અને વિપ્રયોગ દ્વારા પૂર્ણ ફળની અલૌકિક પ્રાપ્તિ થાય છે.

(૫) વૈષ્ણવે હંમેશાં સત્ય બોલવું, સત્ય સિવાય કશું ન બોલવું. મિથ્યા ભાષણ અને અસત્ય ભાષણ મોટો દોષ છે, તેનાથી બચીને રહેવું.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : ગુસાંઈદાસ

(૨) જાતિ : સારસ્વત બ્રાહ્મણ

(૩) મૂળ વતન : બંગાળનું કોઈ એક ગામ

(૪) સ્થિરવાસ : મથુરા

(૫) પરિવાર : કોઈ નહિ

(૬) સેવ્ય સ્વરૂપ : શ્રીમથુરાનાથજી

(૭) લીલાનું આધિદૈવિક સ્વરૂપ : શ્રીગિરિરાજજીની તળેટીમાં ગોવિંદ કુંડ પાસેના કદંબના વૃક્ષ ઉપરના પોપટ. શ્રીઠાકોરજી નિત્યલીલામાં જ્યારે વેણુનાદ કરતા, ત્યારે આ પોપટ નાદરસના અધરામૃતનું પાન કરતા. નિત્યલીલામાં ભગવદ્-સ્મરણ કર્યું હતું. સેવા કરી ન હતી, તેથી તેમની સેવા અંગીકાર કરવા તેમને પૃથ્વી ઉપર મોકલ્યા હતા. પૃથ્વી ઉપર ભગવદ્સેવા કરવાથી તેમને પોતાના અલૈકિક સ્વરૂપનું જ્ઞાન થયું.

(૮) પાડોશી વૈષ્ણવ : લીલામાં શ્રીચંદ્રાવલિજીનાં સખી; નામ ચતુરા, મથુરામાં જન્મ. જ્ઞાતિ : સનોઢિયા બ્રાહ્મણ, પરિવારમાં એકલા.

■

૨ : જે કોઈ પ્રેમ-અંશ અવતરે

(૨૭. શ્રી માધવ ભટ્ટ, કાશ્મીરી)

કેશવ ભટ્ટ કાશ્મીરના મોટા વિદ્વાન. નિંબાર્ક સંપ્રદાયના આચાર્ય. ભારતમાં તેમની મોટી નામના. વિદ્વાનો સાથે શાસ્ત્રચર્ચા કરવાનો તેમને ભારે શોખ. તેઓ તીર્થયાત્રાના નિમિત્તે વિદ્વાનો સાથે શાસ્ત્રચર્ચા કરવા નીકળ્યા. તેમની સાથે તેમના એક શિષ્ય હતા. તેમનું નામ માધવ ભટ્ટ. ગુરુ-શિષ્ય ફરતા ફરતા મથુરા થઈ વ્રજમાં આવ્યા.

ત્યારે શ્રીમહાપ્રભુજી પણ વ્રજમાં બિરાજે. શ્રીમહાપ્રભુજી પણ વ્રજયાત્રા કરી રહ્યા હતા. વ્રજેશ શ્રીકૃષ્ણે વ્રજમાં જે જે સ્થાનોમાં દિવ્યલીલાઓ કરી હતી, તે તે સ્થાનોમાં શ્રીમહાપ્રભુજી બિરાજતા અને ત્યાં શ્રીભાગવત પારાયણ કરતા.

આવા એક સ્થાનમાં કેશવ ભટ્ટ શ્રીમહાપ્રભુજીને મળ્યા. કેશવ ભટ્ટે પણ શ્રીમહાપ્રભુજીનો યશ ઘણો સાંભળ્યો હતો. શ્રીભાગવત અંગેના તેમના જ્ઞાનથી તેઓ માહિતગાર હતા. તેમને શ્રીમહાપ્રભુજીને કહ્યું, ‘શ્રીવલ્લભ, મારે આપના મુખેથી શ્રીભાગવત કથાનું શ્રવણ કરવું છે.’

શ્રીમહાપ્રભુજીએ તેમની વાત સ્વીકારી. બીજા દિવસે કથાનો પ્રારંભ કરવાનું નક્કી થયું. શ્રીમહાપ્રભુજી એક એકાંત સ્થાનમાં વૃક્ષ પાસેના ચોતરા ઉપર બિરાજ્યા. સામે પાટલા ઉપર શ્રીભાગવતજીનાં પોથી પધરાવ્યાં. આપે કેશવ ભટ્ટને કહ્યું : ‘ભટ્ટજી, સામે ઊભા-ઊભા ક્યાં સુધી કથા સાંભળશો? તમે પણ વિદ્વાન છો, આચાર્ય છો; માટે આ ચોતરા ઉપર સ્થાન ગ્રહણ કરો.’

કેશવ ભટ્ટના મનમાં પણ આવો જ વિચાર ચાલી રહ્યો હતો, તેથી તેઓ બીજા વૈષ્ણવો સાથે વ્રજરજમાં જમીન પર બેઠા નહોતા. તેઓ વિચારતા હતા કે શ્રીવલ્લભ ભટ્ટ તૈલંગ બ્રાહ્મણ છે; તો હું કાશ્મીરી બ્રાહ્મણ છું તેમનાથી કોઈ રીતે ઊતરતો નથી. તેમનામાં જ્ઞાન છે, તો મારામાં પણ જ્ઞાન છે. માટે અમે બંને સમાન છીએ. તેમનાથી નીચા આસને હું બેસું તો મારી પ્રતિષ્ઠાનું શું?

અંતર્યામી શ્રીમહાપ્રભુજીએ તેમના મનની વાત જાણી અને પાતાની પાસે બેસવા આજ્ઞા કરી. કેશવ ભટ્ટ ચોતરા ઉપર શ્રીમહાપ્રભુજીની બાજુમાં બેઠા. કેશવ

ભટ્ટના શિષ્ય માધવ ભટ્ટ વૈષ્ણવોની પાછળ છેલ્લે વ્રજરજમાં જમીન પર બેઠા. કેશવ ભટ્ટમાં જ્ઞાનનું અભિમાન હોવાથી ઊંચા આસને બેસી શ્રીસુબોધિત કથા સાંભળવા લાગ્યા.

દરરોજ સવાર-સાંજ શ્રીમહાપ્રભુજી કથા કરતા. બપોરે અને સાંજે કથાનો વિરામ થતો ત્યારે માધવ ભટ્ટ તેમને ગુરુ કેશવ ભટ્ટ સાથે મુકામે ન જતાં, વૈષ્ણવોના મુકામ પર જઇ વૈષ્ણવોની પાસે બેસતા. વૈષ્ણવો આપસ-આપસમાં જે ભગવદ્‌વાર્તા કરતા તે સાંભળતા. તેમાં તેમને ઘણો આનંદ આવતો.

એક દિવસ ગુરુ કેશવ ભટ્ટ માધવ ભટ્ટને ઠપકો આપ્યો, 'માધવ! કથા પૂરી થયા પછી તું મારી સાથે મુકામે કેમ નથી આવતો? જે કથા સવાર-સાંજ થઈ હોય તે હું સૌને સમજાવું છું. તે સાંભળવા તું બેસતો નથી અને બીજા લોકો સાથે બેસી હાંસી-મશ્કરીની વાતો સાંભળે છે? મારા શિષ્ય તરીકે તને આ શોભતું નથી.'

'તમારી કથા કરતાં શ્રીમહાપ્રભુજીના સેવકોની હાંસી-મશ્કરીની વાતો મને વધારે પ્રિય લાગે છે, તેમાં આનંદ આવે છે; તેથી હું ત્યાં જાઉં છું. તેમ કરીને મેં તમારો કોઈ ગુનો કર્યો નથી.' માધવે પ્રતિવાદ કર્યો.

કેશવ ભટ્ટ મનમાં વિચાર કરવા લાગ્યા કે આ યુવાનની બુદ્ધિ હવે બગડી છે. તે મારી સામે બોલતો થયો છે. તેને મારા માટે હવે આદરભાવ રહ્યો નથી. આવા ઉદ્ધત બનેલા છોકરાને મારી સાથે રાખવાથી મને દુઃખ જ થશે. વળી એમને એવો પણ વિચાર આવ્યો કે શાસ્ત્રની આજ્ઞા છે કે ખાલી હાથે કથા સંભળાય નહિ. હું તો સંન્યાસી છું. સંન્યાસી માટે દ્રવ્ય નિષિદ્ધ છે; છતાં શાસ્ત્રની આજ્ઞા સ્વીકારીને મારે શ્રીવલ્લભને કંઈક ભેટ ધરવી જોઈએ, તો આ માધવને હું ભેટ કરી દઉં. એક કાંકરે બે પક્ષી ઊડશે. માધવથી છુટકારો થશે અને શાસ્ત્રની આજ્ઞાનું પાલન પણ થશે.

જ્યારે શ્રીમહાપ્રભુજીએ કથા પૂર્ણ કરી, ત્યારે કેશવ ભટ્ટે કહ્યું : 'શ્રીવલ્લભ, આપની કથા સાંભળીને મને ઘણી પ્રસન્નતા થઇ. કથાશ્રવણના બદલામાં મારા પ્રિય શિષ્ય માધવને હું ભેટ ધરું છું. આપ તેનો સ્વીકાર કરો.'

શ્રીમહાપ્રભુજીએ કૃપાદૃષ્ટિથી માધવ ભટ્ટ સામે જોયું. તેમણે નેત્રોના સંકેતથી શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી કે આપ કૃપા કરી મને સ્વીકારી લો.

શ્રીમહાપ્રભુજીએ તેમને દૈવી જીવ જાણી સ્વીકારી લીધા. કેશવ ભટ્ટ શ્રીમહાપ્રભુજીની વિદાય લઈ આગળ ચાલ્યા. માધવ ભટ્ટ શ્રીમહાપ્રભુજીની સાથે રહ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને નામનિવેદન મંત્ર આપી, પોતાના સેવક કર્યા.

●

એક વૈષ્ણવે શ્રીમહાપ્રભુજીને પૂછ્યું, 'કૃપાનાથ! આપની કથા કેશવ ભટ્ટ અને માધવ ભટ્ટ બંનેએ એકસરખી રીતે સાંભળી હતી, છતાં કેશવ ભટ્ટના હૃદયમાં કેમ ભાવ જાગૃત ન થયો? માધવ ભટ્ટને એકલાને કેમ ભાવ જાગ્યો?'

'વૈષ્ણવ! કેવળ કથા સાંભળવી એ પૂરતું નથી. કથા કેવી રીતે સાંભળવી તેનો વિવેક પણ સાથે સાથે ખૂબ જરૂરી છે. શાસ્ત્રોએ કથાશ્રવણનો વિવેક બતાવ્યો છે. જેમની પાસેથી આપણે કથા સાંભળવાની ઈચ્છા કરીએ, તેમનામાં આપણને શ્રદ્ધા હોવી જોઈએ. વળી તેઓ આપણા કરતાં મોટા છે એવો ભાવ હોવો જોઈએ. સાથે સાથે કથાકારથી નીચા આસને બેસીને દીનતાપૂર્વક કથાનું શ્રવણ કરવું જોઈએ. ''મને પણ બધું આવડે છે'' એવો ભાવ રાખીને કથા સાંભળવાથી કથાનું રહસ્ય હૃદયમાં સ્થિર થતું નથી અને તેથી ભાવ જાગતો નથી. માટે કેશવ ભટ્ટને ભાવ જાગ્યો નહિ. તેમનામાં જ્ઞાનનું અભિમાન હતું. તેઓ માનતા હતા કે તેઓ મારી સમાન છે, એટલે તેમણે સમાન આસને બેસી કથા સાંભળી હતી. માધવ ભટ્ટમાં દીનભાવ હતો, તેથી તેમણે વૈષ્ણવોની પાછળ દીનતાથી બેસી કથા સાંભળી હતી. માટે માધવ ભટ્ટે મન લગાવીને કથા સાંભળી, તેનું ફળ તેમને મળ્યું.

●

બ્રહ્મસંબંધ લઈ સેવક થયા પછી માધવ ભટ્ટે શ્રીમહાપ્રભુજીને સાષ્ટાંગ દંડવત્ કરી વિનંતી કરી, 'મહારાજ, હવે મારું શું કર્તવ્ય છે?'

'માધવ ભટ્ટ, આજથી તમે પ્રભુના દાસ બન્યા છો. પ્રભુને તમારા સ્વામી તરીકે તમે સ્વીકાર્યા છે. લૌકિકમાં પણ દાસનું કર્તવ્ય સ્વામીને સુખ થાય તે રીતે સ્વામીની સેવા કરવાનું છે, તેમ અલૌકિકમાં પણ જીવનું કર્તવ્ય પ્રભુની સેવા કરવાનું છે. માટે તમે ભગવદ્-સેવા કરો.'

'મહારાજ, સેવા વિષે હું કંઈજ જાણતો નથી. આજ સુધી કેશવ ભટ્ટ સાથે ફરતો રહ્યો. વ્રત, તપ, તીર્થ કરતો રહ્યો. દેહદમન કર્યું. કદી સેવા કરી નથી. મારા બાપદાદાના વખતની વારસામાં મને લાલજીનું એક સ્વરૂપ મળ્યું છે. એ સ્વરૂપને

હું મારી પાસે રાખું છું. તમને તુલસી-ચંદન ચડાવી ધૂપ-દીપ કરું છું. આહ્વાન અને વિસર્જન સાથે પૂજા માર્ગની રીતે તેમની પૂજા કરું છું. હવે આપ આજ્ઞા આપો તે પ્રમાણે હું કરું.'

'માધવ ભટ્ટ! તમારી પાસે જે સ્વરૂપ છે તે લઈ આવો.'

માધવ ભટ્ટ તે સ્વરૂપ લાવ્યા. શ્રીમહાપ્રભુજીએ તે સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવ્યું. પછી માધવ ભટ્ટને સેવાની રીત શીખવી. આપે માધવ ભટ્ટને તે સ્વરૂપ પધરાવી આપતાં આજ્ઞા કરી, 'મારું સર્વસ્વ હું તમારા માથે પધરાવી આપું છું. તમે એમને સારી રીતે સેવજો. પુષ્ટિમાર્ગની રીતે સેવા કરજો. હવે તમે તમારા ઘેર કાશ્મીર પાછા જાઓ.'

'જેવી આજ્ઞા.'

માધવ ભટ્ટ શ્રીબાલકૃષ્ણલાલજીને પધરાવી તેમના વતન કાશ્મીર ગયા. ત્યાં તેઓ એકલા જ હતા. લગ્ન કર્યું ન હતું. તેમના ઘરમાં તેઓ પ્રેમપૂર્વક સેવા કરવા લાગ્યા. દિવસે દિવસે શ્રીઠાકોરજીમાં તેમનો પ્રેમ વધતો ગયો. પછી શ્રીઠાકેરજીમાં આસક્તિ થઈ. શ્રીઠાકોરજી પણ કૃપા કરી તેમને પોતાના અલૌકિક અનુભવ કરાવવા લાગ્યા.

●

આમ, માધવ ભટ્ટના દિવસો ભગવદ્-સેવા-સ્મરણના અલૌકિક આનંદમાં વીતતા હતા. એક દિવસ ગામમાં દુઃખદ બનાવ બન્યો. તે ગામના આગેવાન એક શ્રીમંત ગૃહસ્થ હતા. તેમનો એકનો એક જુવાનજોધ દીકરો એક દિવસ અનાયાસ મૃત્યુ પામ્યો. શેઠ અને તેમનો પરિવાર છાતીફાટ વિલાપ કરવા લાગ્યાં. કેમેય કરી તેઓ શાંત ન થયાં. તેઓ એક જ વાત કહેતાં, 'જો કોઈ મારા દીકરાને જીવતો કરે તો જ હું જીવીશ, નહિ તો હું પણ માથું પટકી-પટકીને મૃત્યુ પામીશ. અમારાં બંનેનાં શબ એક જ ચિતામાં સળગશે.' તેઓ પુત્રવિયોગના દુઃખમાં બાવરા બની જમીન પર પછડાટ ખાતા હતા.

તે વખતે ત્યાંથી એક વૈષ્ણવ પસાર થતા હતા.તેમને આ દશ્ય જોયું. શેઠ ઉપર તેમને દયા આવી. તેમણે શેઠની પાસે જઈ કહ્યું,'ભાઈ! જે ગામમાં માધવ ભટ્ટ જેવા પ્રભુના કૃપાપાત્ર ભગવદીય વસતા હોય, તે ગામમાં દુઃખ હોઈ જ ન શકે. તમે માધવ ભટ્ટ પાસે જાઓ. તેઓ તમારું દુઃખ અવશ્ય દૂર કરશે.'

શેઠ માધવ ભટ્ટના ઘર તરફ જવા દોડ્યા. તેમની બૂમો સાંભળી માધવ ભટ્ટ બહાર આવ્યા. શેઠે તેમના બંને પગ પકડી લીધા. આંસુથી તેમના પગ ભીંજવી દીધા. શેઠ એક જ વાત બોલતા હતા, 'તમે મોટા ભક્ત છો, મહાપુરુષ છો. મારો દીકરો મૃત્યુ પામ્યો છે, તેને જીવતો કરો. જો જીવતો નહિ થાય તો તેની સાથે હું પણ મરી જઈશ.'

શેઠનું દુઃખ માધવ ભટ્ટથી જોયું ન ગયું. તેમને દયા આવી. તેમણે કહ્યું: ભાઈ! કર્તાહર્તા પ્રભુ છે. માણસ કર્તાહર્તા નથી. હું તો પ્રભુનો સેવક છું. તમારા દિકરાને જિવાડવો કે મારવો તે પ્રભુના હાથની વાત છે; તેથી હું પ્રભુને તમારું દુઃખ દૂર કરવા વિનંતી કરું. બાકી મારામાં તમારા દીકરાને જીવતો કરવાનું કોઈ સામર્થ્ય નથી. તમે શાંત થાઓ. મનમાં પ્રભુનું નામ લેતાં અહીં થોડી વાર બેસો. હું અંદર જઈ મારા પ્રભુને વિનંતી કરીશ. તેઓ દયાળુ છે. તમારા ઉપર જરૂર કૃપા કરશે.

માધવ ભટ્ટ ઘરમાં ગયા. ફરી અપરસમાં સ્નાન કર્યું. તેમણે વિનંતી કરતો એક શ્લોક લખીને દંડવ્ત કરી સિંહાસન પાસે ધર્યો. શ્લોકમાં તેમણે પ્રભુને વિનંતી કરી હતી કે આપ દયાળુ છો, દુનિયામાં દયાળુ લોકો હોય છે, પરંતુ આપની દયાનો કોઈ પાર નથી. અસમર્થો ઉપર પણ તમેજ દયા કરો છો; કારણ કે દયા કરવી એ તમારો સ્વભાવ છે. જે દુઃખી ઉપર દયા કરે તે જ સાચી દયા છે. આવી દયા કરનાર એકમાત્ર તમે છો. વિશ્વના ઉદ્ધારમાં પણ તમે ચતુર છો. તમારી બરાબરી બીજું કોઈ કરી શકે તેમ નથી. બધાં શાસ્ત્રોએ પણ તમારો આ ગુણ ગાયો છે, માટે આ માણસના દુઃખનો આપ નાશ કરો.

શ્રીબાલકૃષ્ણલાલે કહ્યું, 'માધવ! આ તો બહુ સામાન્ય બાબત છે. તે મનુષ્યનું દુઃખ જોઈ તને દયા આવી છે તો જા, તેને જઈને કહે કે તારો દીકરો ઘેર જીવતો થયો છે.'

માધવ ભટ્ટે શ્રીઠાકોરજીને દંડવત્ પ્રણામ કર્યાં. તેઓ બહાર આવ્યા. તેમણે શેઠને કહ્યું, 'ભાઈ ! તમે ઘેર જાઓ. ઘેર તમારો દીકરો જીવતો થયો છે.'

માધવ ભટ્ટની વાત સાંભળી શેઠને વિશ્વાસ ન બેઠો. તે વિચારવા લાગ્યા, આમણે દીકરા માટે કોઈ દવા તો આપી નથી. મોઢેથી બોલ્યા એટલે શું એમ દીકરો જીવતો થઈ જાય? ત્યાં તો ઘરેથી નોકર દોડતો આવ્યો. તેણે શ્વાસભર્યા

અવાજે કહ્યું, 'શેઠજી! તમારો દીકરો જીવતો થયો છે. વધાઈ છે. જલદી ઘેર ચાલો.'

શેઠે માધવ ભટ્ટના પગે પડી કહ્યું, 'તમને ધન્ય છે. તમે મોટા ભગવદીય છો. તમારા કહેવામાત્રથી મારો મરેલો દીકરો જીવતો થયો છે.'

શેઠ રાજી થતા થતા તેમના ઘેર ગયા.

રાત્રે સેવાથી પરવારી માધવ ભટ્ટ થોડા નવરા પડ્યા, એટલે તેમને વિચાર આવ્યો, આજે મારા હાથે ઘણું ખોટું કામ થયું. દયાના ભાવમાં ખેંચાઈ મેં મારા સુકોમળ પ્રભુને ઘણો શ્રમ કરાવ્યો છે. સ્વામીને શ્રમ કરાવે તે સેવક નહિ. મેં ઘણું અનુચિત કાર્ય કર્યું છે. દુનિયામાં બધા જ લોકો કોઈકને કોઈક રીતે દુઃખી છે. તેમને કિસા ગૌતમી અને બુદ્ધનો પ્રસંગ યાદ આવ્યો.

મારેલા દીકરાને જીવતો કરવા કિસા ગૌતમી બુદ્ધ પાસે ગઈ, ત્યારે બુદ્ધે તેને કહ્યું હતું કે 'જે ઘરમાં આજ સુધી કોઈનું મૃત્યુ થયું ન હોય, ત્યાંથી થોડા રાઈના દાણા લઈ આવ.' કિસાને એવું એક પણ ઘર મળ્યું નહિ, ત્યારે બુદ્ધે તેને સમજાવ્યું હતું કે દુનિયામાં જન્મ લેનારને માટે મૃત્યુ નિશ્ચિત છે, કોઈનું મૃત્યુ વહેલું થાય, તો કોઈનું મોડું થાય. તે જ રીતે દુનિયામાં સૌને નાનું મોટું દુઃખ પણ હોય છે. કહેવાતા સુખી લોકોને પણ દુઃખ હોય છે. આજનો પ્રસંગ જાણ્યા પછી કાલ સવારથી મારે આંગણે દુઃખી લોકોનાં ટોળાં ભેગાં થવા લાગશે. સૌ તેમનું દુઃખ દૂર કરવા મને પજવશે. મારા પ્રભુને શ્રમ થશે, માટે હવે આ ગામમાં રહેવું યોગ્ય નથી.

આમ વિચાર કરી મધ્યરાત્રિએ સ્નાન કરી, શ્રીઠાકોરજીને ઝાંપીજીમાં પધરાવી, તેઓ ગામ છોડી નીકળી ગયા. થોડા મહિના પછી તેઓ અડેલ આવ્યા. શ્રીમહાપ્રભુજીને દંડવત્ કરી સર્વ હકીકત કહી. શ્રીમહાપ્રભુજીએ તેમને આજ્ઞા કરી, 'અન્ય લોકો જે રીતે પરોપકાર કરે છે અને વૈષ્ણવોએ જે રીતે પરોપકાર કરવો જોઈએ તે બંનેની રીતમાં એક પાયાનો તફાવત છે. અન્ય લોકો દુનિયામાં કોણ કોણ દુઃખી છે, તે શોધવા માટે ફરે છે અને તેમને શોધીને પરોપકાર કરે છે. વૈષ્ણવ જો એ રીતે પરોપકાર કરવા લાગે તો દુઃખીને શોધવામાં તેની ભગવદ્-સેવા છૂટી જાય. વૈષ્ણવનો મુખ્ય આત્મધર્મ ભગવદ્સેવા કરવાનો છે, પરોપકાર કરવાનો નથી. વૈષ્ણવે પરોપકાર કરવાની રીત વૃક્ષ પાસેથી શીખવા જેવી છે. વૃક્ષ પોતે સામે ચાલીને બીજાને મદદ કરવા ક્યાંય જતું નથી, પરંતુ જે વૃક્ષ પાસે મદદ માગવા આવે છે તેને વૃક્ષ યથાશક્તિ પોતાની ફરજ સમજીને મદદ કરે છે. તે રીતે જે આપણી પાસે મદદની અપેક્ષાએ આવે તેને જરૂર મદદ કરવી જોઈએ. વૈષ્ણવના હૃદયમાં દયા તો હોવી જ જોઈએ, પણ વૈષ્ણવે વિચાર કરીને સામા માણસ ઉપર દયા કરવી જોઈએ. બીજાના ઉપર દયા કરવા જતાં આપણા પ્રભુને પરિશ્રમ ન થાય, તેનું ધ્યાન રાખવું જોઈએ તેમજ દયા કરવા જતાં સેવાનો સ્વધર્મ ન છૂટે તે પણ જોવું જોઈએ.

શ્રીભાગવતમાં ભરત મુનિનો પ્રસંગ છે. રાજપાટ છોડી તપ કરવા વનમાં ગયેલા ભરત મુનિને પાણીમાં પડેલી હરિણી ઉપર દયા આવી. તેમણે હરિણીને બચાવવા પ્રયત્ન કર્યો. પાણીમાં પડતાં હરિણીને ગર્ભસ્ત્રાવ થયો. બચ્ચાને જન્મ આપી તે મૃત્યુ પામી. ભરત મુનિએ મા વિનાના નવજાત બચ્ચાને દયાથી પ્રેરાઈ ઉછેર્યું. પરિણામ એ આવ્યું કે તપ ભુલાઈ ગયું. ભરત મુનિનું મન હરણના બચ્ચામાં ચોંટી ગયું. તેને લઈને તેમનો બીજો જન્મ હરણનો થયો. ત્રીજો જન્મ જડભરતનો થયો. આમ, બે જન્મનો તેમને પ્રભુપ્રાપ્તિમાં અંતરાય થયો. માટે વૈષ્ણવે દયા પણ વિચાર કરીને કરવી.

વૈષ્ણવે એ બાબતનો પણ વિચાર કરવો જોઈએ કે જો લૌકિકમાં તેમનું મહાત્મ્ય વધશે, તો કોઈ સ્થળે શાંતિથી રહીને સેવા કરી શકશે નહિ. માટે દુનિયામાં પોતાનું વૈષ્ણવત્વ પ્રગટ કરવું જોઈએ નહિ. દુનિયામાં અન્ય દુનિયાદારી માણસોની જેમ જ બહારથી દેખાવ રાખવો. આવી રીતે રહેવાથી શ્રીઠાકોરજીને કે અન્ય કોઈને શ્રમ થશે નહિ. તમે પ્રભુના કૃપાપાત્ર હતા તો પણ તમારે વતન છોડી ભાગવું પડ્યું. માટે જે કંઈ કામ કરીએ તે વિચારપૂર્વક કરવું.

'કૃપાનાથ, આ પ્રસંગે આપે મને ઘણો બોધ આપ્યો છે. હવે આપની પાસે મને રહેવાની અને આપની સેવા કરવાની આજ્ઞા આપો.'

'માધવ ભટ્ટ, તમને ઝડપથી લખવાનો સારો અભ્યાસ છે. શ્રીભાગવત ઉપર શ્રીસુબોધિની ટીકા મારે લખવી છે. તે મોટું કાર્ય છે. સમય ઓછો છે. હું બોલું અને તમે લખો તો જલદી લખાય.'

'કૃપાનાથ! આપની સેવા કરવાનું મને સૌભાગ્ય આપવા માટે જ આ પ્રસંગ

બન્યો હોય એમ હું સમજું છું. આપ લખાવશો તેમ હું લખીશ. જ્યાં મને સમજણ નહિ પડે ત્યાં હું અટકીશ. આપ સમજાવશો ત્યારે ફરી લખીશ.'

શ્રીમહાપ્રભુજી ઘણા પ્રસન્ન થયા. તેઓ જ્યારે માધવ ભટ્ટને ટીકા લખાવતા, ત્યારે માધવ ભટ્ટ શ્રીમહાપ્રભુજીની સામે દૈન્યભાવથી એવી રીતે બેસતા કે તેમના ખુલ્લા પગ દેખાય નહિ. તેઓ પગ ઢાંકીને બેસતા.

શ્રીમહાપ્રભુજી ભારતયાત્રા કરતા, ત્યારે પણ માધવ ભટ્ટ આપશ્રીની સાથે રહેતા. રસ્તામાં ચાલતાં ચાલતાં પણ શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિની લખાવતા અને માધવ ભટ્ટ ચાલતાં ચાલતાં લખતા.

એક દિવસ પાછલી રાતે માધવ ભટ્ટ લઘુશંકા કરવા માટે ઊઠ્યા. દૂર ખુલ્લામાં ગયા. ત્યાં કોઈ ચોરે તેમને પાછળથી તીર માર્યું. તીરની વેદના સહન ન થતાં માધવ ભટ્ટે શ્રીમહાપ્રભુજીનું નામ લેતાં જ તેમનો દેહ છૂટી ગયો. બીજા દિવસે સવારે વૈષ્ણવોએ તેમના દેહને અગ્નિ-સંસ્કાર કર્યો.

પછી એક વૈષ્ણવે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી, 'મહારાજ, માધવ ભટ્ટ જેવા આપના કૃપાપાત્ર ભગવદીયનું મૃત્યુ આ રીતે કેમ થયું હશે?'

'વૈષ્ણવ! માધવ ભટ્ટ પ્રભુના કૃપાપાત્ર છે, એટલે તેમનો પ્રવેશ નિત્યલીલામાં જ થયો છે. તેમને પુનઃ જન્મ ભોગવવાનો નથી; પરંતુ આ રીતે તેમનું મૃત્યુ થયું, કારણ કે અજાણતાંમાં તેમનાથી પ્રભુનો એક અપરાધ થયો હતો.'

'કૃપાનાથ, એવો કેવો અપરાધ થયો હતો?'

'કાશ્મીરમાં ફૂલ ઘણાં મળે છે, તેથી તેઓ તેમના ઠાકોરજી માટે રોજ શૈયા પર ફૂલની ચાદર બનાવી બિછાવતા. એક દીવસ અજાણતાંમાં ફૂલની ચાદરમાં સોય રહી ગઈ. માધવ ભટ્ટને તેની ખબર ન હતી. જ્યારે તેમણે શ્રીઠાકોરજીને તે પર પોઢાડ્યા ત્યારે તે સોયની તીક્ષ્ણ ધાર શ્રીઠાકોરજીના શ્રીઅંગને લાગી. તેમનો આ અપરાધ થયો, તેથી તેમનો દેહ ચોરના બાણથી છૂટ્યો. પરંતુ અંતે મતિ સો ગતિ-એ સિદ્ધાંત પ્રમાણે અંતિમ ક્ષણોમાં તેમણે ભગવદ્‌નામ લીધું, તેથી તેઓ શ્રીનાથજીનાં ચરણકમળોને પ્રાપ્ત થયા છે. તેમના મૃત્યુની ચિંતા કરવાનું કોઈ કારણ નથી; પરંતુ વૈષ્ણવ, માધવ ભટ્ટ જતાં હવે શ્રીસુબોધિનીનું લેખન કાર્ય આગળ થઈ શકશે નહિ. પ્રભુની ઈચ્છાને આપણે જાણી શકતા નથી. પ્રભુની ઈચ્છા આટલો જ ગ્રંથ પ્રગટ કરવાની હશે.'

સિદ્ધાંત નવનીત

(૧) ભગવદ્-કથાનું શ્રવણ દાસભાવથી કરવામાં આવે તો તે ફળરૂપ બને છે. અભિમાનથી કરેલું કથાશ્રવણ ફળરૂપ બનતું નથી.

(૨) જે જીવો મર્યાદામાર્ગીય છે તેમના કથાશ્રવણથી સ્વર્ગ અથવા મોક્ષ મળે છે. જ્યારે પુષ્ટિજીવોને ભગવદ્ અનુભવનું અલૌકિક ફળ મળે છે. પુષ્ટિજીવોને જ શ્રીમહાપ્રભુજીની અલૌકિક વાણી ફલિત થાય છે.

(૩) વૈષ્ણવનું કર્તવ્ય મુખ્યત્વે ભગવદ્‌સેવા કરવાનું છે. તે પણ ઘરમાં ગુપ્ત રીતે ભગવદ્‌સેવા કરવાનું છે. ભગવદ્ સેવા છોડીને પરોપકારમાં વ્યસ્ત રહેવાનું વૈષ્ણવનું કર્તવ્ય નથી, પરંતુ ભગવદ્-સેવા કરતાં કરતાં જે દુઃખી જીવો આપણી પાસે આવે તેમને અવશ્ય મદદરૂપ થવું જોઈએ.

(૪) દુનિયામાં બધા લોકો દુઃખી છે. તેમનાં દુઃખ દૂર કરવા માટે પ્રભુને શ્રમ કરાવવો અને આપનું દિવ્ય મહાત્મ્ય પ્રગટ કરવું યોગ્ય નથી. તેમ કરવાથી દાસભાવને હાનિ પહોંચે છે અને આપણે દુનિયામાંથી શાંતિથી રહી શકતા નથી.

(૫) વૈષ્ણવે દુનિયામાં પોતાના વૈષ્ણવધર્મ સમજીને રહેવું. શ્રીઠાકોરજીને કે વૈષ્ણવોને દુઃખ ન થાય તેવી રીતે રહેવું. પોતાનું વૈષ્ણવી સ્વરૂપ છુપાવી રાખવું.

(૬) શ્રીઠાકોરજી, શ્રીવલ્લભકુળ અને ભગવદીયોની સામે આપણા પગ દેખાય તેવી રીતે ન બેસવું, પગ ઢાંકીને પલાંઠી વાળીને બેસવું. ઊંધા પગ રાખીને અથવા પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું. તેમ કરવાથી દાસભાવને હાનિ પહોંચે છે.

(૭) પુષ્ટિમાર્ગમાં વ્રજભક્તોના ભાવની સેવા છે, પરંતુ શ્રીમહાપ્રભુજીએ પૃથ્વી ઉપર સેવાની જે રીત બતાવી છે તે મુજબ સેવા કરવી. આપણી બુદ્ધિથી તેમાં કોઈ ફેરફાર ન કરવા. નિત્યલીલામાં પુષ્પો વગેરે સર્વ આધિદૈવિક સ્વરૂપે છે, તેથી ત્યાં પુષ્પો સદા તાજાં રહે છે, કદી સુકાતાં નથી. તેથી નિત્યલીલામાં વ્રજભક્તો પુષ્પોની શૈયા સિદ્ધ કરે છે; પરંતુ પૃથ્વી ઉપરનાં પુષ્પો એટલાં કોમળ હોતાં નથી. માટે શ્રીમહાપ્રભુજીએ આપણને સેવા-પ્રકારનાં પુષ્પોની

શૈયા સિદ્ધ કરવાની આજ્ઞા કરી નથી. જો આપણે આપણા મનના કલ્પિત પ્રકારથી સેવા કરીએ તો શ્રીઠાકોરજીને તેનાથી પ્રસન્નતા થતી નથી.

(૮) જે જીવ શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યો છે તે જીવના આગળના બધા જન્મોના અપરાધ શ્રીમહાપ્રભુજી આ જન્મમાં કૃપા કરીને ભોગવાવે છે, જેથી તેનો નવો જન્મ લેવો પડતો નથી. મૃત્યુ પછી તેને નિત્યલીલાની પ્રાપ્તિ થાય છે. શ્રીમહાપ્રભુજીની શરણાગતિનો આ પ્રતાપ છે.

(૯) શ્રીઠાકોરજીની લીલા અટપટી છે, તે આપણી બુદ્ધિથી જાણી શકાતી નથી. શ્રીમહાપ્રભુજીને પોતાની પાસે પાછા બોલાવવાની શ્રીઠાકોરજી ઈચ્છા હતી. જ્યારે શ્રીમહાપ્રભુજીની ઈચ્છા સુબોધિની ગ્રંથ પૂરો કરવાની હતી. આથી પ્રભુએ માધવ ભટ્ટને પોતાના ચરણોમાં બોલાવીને શ્રીમહાપ્રભુજીને સૂચવ્યું કે હવે આપ પણ ગોલોકમાં પાછા પધારો.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : માધવ ભટ્ટ કાશ્મીરી
(૨) જાતિ : કાશ્મીરી બ્રાહ્મણ
(૩) મૂળ વતન : કાશ્મીરનું કોઈ એક ગામ
(૪) પરિવાર : કોઈ નહિ
(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીબાલકૃષ્ણલાલજી
(૬) લીલાનું આધિદૈવિક સ્વરૂપ : શ્રીયશોદાજીનાં દાસી, સ્વભાવે પરમ ચતુર, રાધા સહચરીજીના યૂથનાં કુમારિકા. રત્ના નામ. શ્રીઠાકોરજીની શૈયા બિછાવવાની અને જળ ભરવાની સેવા.

■

૩ : ... તો તું વૈષ્ણવ સાચો

(૨૮. શ્રીગોપાલદાસ, વાંસવાડાવાળા)

રાજસ્થાનમાં વાંસવાડા નામનું શહેર આવેલું છે. ત્યાં હરિદાસ નામે એક ક્ષત્રિય રહે. તેની ધીરધાર કરવાની મોટી પેઢી હતી. તે ખૂબ શ્રીમંત હતો. તેનો વેપાર-ધંધો ધમધોકાર ચાલતો.

હરિદાસના ચાર દીકરા એક પછી એક મૃત્યુ પામ્યા. હરિદાસ સર્વ વાતે સુખી હતા, પણ દીકરા જીવતા નહીં, તેનું તેમને ભારે દુ:ખ હતું. ભગવદ્-ઈચ્છાથી તેમના ત્યાં પાંચમા દીકરાનો જન્મ થયો. તેનું નામ તેમણે ગોપાલદાસ રાખ્યું.

હરિદાસે ગોપાસદાસ જીવે તે માટે માનતા રાખી : 'મારો દીકરો જીવશે, તો તેનું મુંડન તીર્થરાજ પ્રયાગમાં જઈને કરાવીશ.' ભગવદિચ્છાથી ગોપાલદાસ મોટા થવા લાગ્યા. તેમની ઉંમર પાંચ વર્ષની થઈ. હવે મુંડન કરાવવું જ જોઈએ; પરંતુ હરિદાસનું મન વેપારમાં બહુ રચ્યુંપચ્યું રહેતું. પ્રયાગ જવાનો તેમને સમય મળતો નહીં. 'આજ જઉં કાલ જઉં' એમ કરતાં કરતાં બીજાં છ વર્ષ નીકળી ગયાં. ગોપાલદાસની ઉંમર અગિયાર વર્ષની થઈ. મુંડન ન થવાથી માથે સ્ત્રીઓની જેમ લાંબા વાળ વધી ગયા. સગાં-સબંધીઓએ હરિદાસ પર મુંડન માટે ખૂબ દબાણ કરવા માંડ્યું. પત્નીએ પણ મુંડન કરાવવા માટે એતિ આગ્રહ કર્યો; પરંતુ હરિદાસને વેપારમાંથી ઘડીની ફુરસદ મળતી નથી.

તેમણે અક રસ્તો શોધી કાઢ્યો. તેમને એક વૃદ્ધ ગુમાસ્તાને કહ્યું : 'રામદાસ, તમે અમારા જૂના અને પ્રામાણિક ગુમાસ્તા છો. અમારા ઘરના માણસ જેવા છો. તમે ગોપાલદાસને લઈને પ્રયાગ જાઓ અને જલદી તેમનું મુંડન કરાવી આવો, તો તેમને જનોઈ અપાય અને તેમનાં લગ્ન કરાય.'

રામદાસ ગોપાલદાસને લઈને વાંસવાડાથી પ્રયાગ જવા નીકળ્યા. સાથે બળદગાડું લીધું છે, નોકર-ચાકરો પણ છે. પૂરી વ્યવસ્થા કરીને તેઓ પ્રયાગ તરફ આગળ વધ્યા.

પ્રયાગ જઈ ગોપાલદાસે શ્રીગંગાજી અને શ્રીયમુનાજીનાં દર્શન કર્યાં. તેઓ

દૈવી જીવ હતા, તેથી તેમને અલૌકિક સ્વરૂપમાં દર્શન થયાં, જેથી તેમના હૃદયમાં ભક્તિભાવ ઊભરાવા લાગ્યો. રોમરોમ આનંદ થઈ ગયો.

તેમણે રામદાસને કહ્યું : 'વડીલ, હું અહીં તીર્થયાત્રામાં મારું માથું નહીં મૂંડાવું. અહીં શ્રીગંગાજી અને શ્રીયમુનાજી સાક્ષાત્ બિરાજે છે. આ જલ એ સામાન્ય જલ નથી. અલૌકિક રસરૂપ છે, તેથી તીર્થક્ષેત્રથી પાંચ ગાઉ દૂર જઈને હું મુંડન કરાવીશ. જો અહીં મુંડન કરાવી, મારા અશુદ્ધ વાળ આ રસ-રૂપ જળમાં નાખું, તો મારે નરક-યાતના ભોગવવી પડે, માટે આપણે પાંચે ગાઉ દૂર જઈને મુંડન કરાવીએ.'

'ભાઈ, તમારા પિતાની માનતા છે. તમારા ભાઈઓ જીવ્યા નહીં, ત્યારે તમારા પિતાએ આ માનતા રાખી છે. માટે આપણે અહીં મુંડન કરાવવા આવ્યા છીએ. શાસ્ત્રોમાં અહીં મુંડન કરાવવાનું ઘણું ફળ કહ્યું છે, માટે પિતાની માનતા તમારે પૂરી કરવી જોઈએ.'

'વડીલ, આવી માનતા રાખનાર મારા પિતાને હું સમજુ ગણવા તૈયાર નથી. મારા પિતા મુર્ખ અને સ્વાર્થી છે. તેમના સ્વાર્થ ખાતર તેમણે આ માનતા રાખી છે. તમે જે શાસ્ત્રોની વાત કરો છો, તે શાસ્ત્રોમાં પણ મને શંકા છે. વેદ વગેરે મૂળ શાસ્ત્રોમાં આવી આજ્ઞા હોય જ નહીં; પરંતુ પેટ ભરવાનો પ્રપંચ કરવા માટે કેટલાક લોકોએ પાછળથી શાસ્ત્રોમાં ઉમેરા કર્યા છે. તીર્થમાં દાન લેવા માટે આવાં ફળ તેમણે બતાવ્યાં છે, પરંતુ મારે તો કોઈ આવું ફળ જોઈતું નથી. મને તો પ્રભુની કૃપાથી શ્રીગંગાજી અને શ્રીયમુનાજીનાં અલૌકિક દર્શન થયાં છે, માટે હું પાપનો ભગીદાર બનવા માગતો નથી.' આથી, રામદાસનું કંઈ ચાલ્યું નહીં.

આખરે ગોપાલદાસે પ્રયાગથી પાંચ ગાઉ દૂર જઈ મુંડન કરાવ્યું. ત્યાં સ્નાન કરી, તેઓ પ્રયાગ આવ્યા. પછી ત્રિવેણી સંગમમાં સ્નાન કરી, શ્રીગંગાજી અને શ્રીયમુનાજીની દૂધ, અરગજા, કંકુ, માળા વગેરેથી પૂજા કરી, ઘણું દાનપુણ્ય કર્યું. તેઓ પાંચ રાત પ્રયાગ રોકાયા.

એક દિવસ સવારે ગોપાલદાસ ત્રિવેણી સંગમમાં સ્નાન કરી, પૂજન માટે તૈયાર થતા હતા, ત્યાં શ્રીમહાપ્રભુજી પણ પ્રયાગ પધાર્યા હતા, તેથી આપ ત્રિવેણીસ્નાન કરવા પધાર્યા. આપે સ્નાન કરતાં ગોપાલદાસને જોયા. દૈવી જીવ જાણી શ્રીમહાપ્રભુજીએ પોતાની અંજલીમાં જળ લઈ, ગોપાલદાસ ઉપર છાંટ્યું. ગોપાલદાસને દિવ્ય ચક્ષુ પ્રાપ્ત થતાં જ તેમના મૂળ સ્વરૂપનું જ્ઞાન થયું.

શ્રીમહાપ્રભુજીનાં પણ અલૌકિક સ્વરૂપે દર્શન થયાં, તેથી જળમાં જ તેઓ શ્રીમહાપ્રભુજીની સન્મુખ આવ્યા. બે હાથ જોડી, મસ્તક નમાવી તેમણે વિનંતી કરીઃ 'મહારાજ, હું ઘણો પાપી છું. ૮૪ લાખ યોનીમાં હજારો વર્ષથી ભટક્યા કરું છું. હવે આપ કૃપા કરી, મારો ઉદ્ધાર કરો.'

ગોપાલદાસની દીનતા જોઈ શ્રીમહાપ્રભુજીએ ત્યાં જ, જળમાં જ તેમને નામ-નિવેદન કરાવ્યું. શ્રીયમુનાજીના સાન્નિધ્યમાં આપે કૃપા કરી પુષ્ટિમાર્ગનો સર્વ સિદ્ધાંત તેમના હૃદયમાં સ્થાપન કર્યો અને ભગવદ્-સેવા કરવાની અજ્ઞા કરી.

'ગોપાલદાસ, ક્યાંકથી ભગવદ્ સ્વરૂપ મેળવીને અડેલ આવ.'

ગોપાલદાસ પ્રયાગના બજારમાંથી શ્રીમદનમોહનલાલજીનું સ્વરૂપ લઈ અડેલ ગયા. શ્રીમહાપ્રભુજીએ પંચામૃત-સ્નાન કરાવી તે સ્વરૂપ તેમને પધરાવી આપ્યું. તેઓ ત્યાં પાંચ દિવસ રહી, પુષ્ટિમાર્ગનો સર્વ પ્રકાર શીખ્યા અને પછી આજ્ઞા લઈ વાંસવાડા પાછા આવ્યા.

વાંસવાડા પાછા આવીને રામદાસ મુનિમે તેમના શેઠ હરિદાસને સર્વ સમાચાર કહ્યા. હરિદાસે કહ્યું : 'ભાઈ રામદાસ, જેવી ભગવાનની ઈચ્છા. જે થવાનું હતું તે થઈ ગયું. હવે તેમાં કશો ફેરફાર થઈ શકે તેમ નથી, માટે ક્લેશ કરવાનો કોઈ અર્થ નથી. જો ક્લેશ કરીશું તો ચાર દીકરા ગયા, તેમ આ પાંચમો દીકરો પણ ગુમાવીશું. માટે તેને કશું કહેશો નહીં. તે જેમ રાજી રહે તેમ આપણે કરવાનું છે. આપણી આબરૂ જાય તેવું કશું તેણે કર્યું નથી કે જેથી આપણે દુઃખી થવું પડે. તે ભગવાનનો ભક્ત છે, ભલે તે તેની રીતે તેનું જીવન જીવે.'

હરિદાસે ગોપાલદાસને કહ્યું : 'બેટા, લાંબો પ્રવાસ કરીને પાછો આવ્યો છે, ભૂખ લાગી હશે. ભોજન તૈયાર છે, ચાલ ભોજન કરવા.'

'પિતાજી, તમે મુનીમજી પાસેથી બધા સમાચાર જાણ્યા હશે. હું વૈષ્ણવ થઈને આવ્યો છું, માટે તમે પણ જો શ્રીમહાપ્રભુજીના સેવક બનો તો હું તમારી સાથે રહું અને તમારા હાથનું ખાનપાન કરું. અત્યારે તો હું તમારા હાથનું જળ પણ નહીં પીઉં. તમારી ઈચ્છા વૈષ્ણવ બનવાની ન હોય તો મારો આગ્રહ નથી. મને એક નાનું ઘર અલગ આપો, હું તેમાં રહીશ.'

'બેટા, હજી તો તું અગિયાર વર્ષનો છે. તારા લગ્ન કરવાં છે. તું આમ સંન્યાસીની જેમ રહે તો તારાં લગ્ન કેવી રીતે થશે?'

'પિતાજી, આજે તો લગ્નનું મુહૂર્ત નથી ને! ભવિષ્યમાં જેમ થવાનું હશે તેમ થશે. હમણાં તમે ઇચ્છતા હો કે હું ભૂખ્યો-તરસ્યો ન રહું, તો મને જુદી સગવડ કરી આપો.'

હરિદાસે ઘરમાં જ ગોપાલદાસ માટે જુદી સગવડ કરી આપી. ગોપાલદાસજીએ ઘર ખાસા કરી, શ્રીઠાકોરજીની સામગ્રી સિદ્ધ કરી, ભોગ ધરી મહાપ્રસાદ લીધો. પછી શ્રીઠાકોરજી માટે તેમણે સુંદર મંદિર સિદ્ધ કરાવ્યું. તેઓ પ્રેમપૂર્વક એકલા સેવા કરવા લાગ્યા.

થોડા સમય પછી ગોપાલદાસની સગાઈ થઈ. તેમનું લગ્ન લેવાયું, ત્યારે પણ તેમણે ઘરમાં કે સાસરામાં કોઈના હાથનું જળ પણ ન લીધું.

લગ્ન પછી તેમને પિતાને વિનંતી કરી: 'પિતાજી, તમે અને માતાજી બંને શ્રીમહાપ્રભુનાં સેવક થાઓ તો સારું. તમારી ઇચ્છા ન હોય તો હું મારી પત્નીને સેવક કરાવી લાવું.'

હરિદાસે કહ્યું : 'બેટા, તારી પત્નીને તારે વૈષ્ણવ કરવી હોય તો ખુશીથી કર. અમે તો હવે છીએ તેમ રહીશું. તારે જેટલું દ્રવ્ય જોઈએ તેટલું તું લઈ જા.'

ગોપાલદાસે પત્નીને કહ્યું : 'તું સેવક થાય, વૈષ્ણવ બને, જ્ઞાતિનું અને તારાં માતાપિતાના ઘરનું ખાનપાન છોડે તો મારે અને તારે મેળ આવશે. આપણે સાથે પ્રેમથી જીવી શકીશું.'

'આપની આજ્ઞા મને સર્વોપરી છે. આપ જેમ કહેશો તેમ હું કરીશ. હું જરૂર વૈષ્ણવ થઈશ, જ્ઞાતિનું ખાનપાન પણ છોડીશ; પરંતુ મારાં માતાપિતાના ઘરનું હું કેવી રીતે છોડી દઉં?'

ગોપાલદાસે મનમાં વિચાર કર્યો : 'એક વખત તેને શ્રીમહાપ્રભુજીની સેવક તો કરું. જો તે ઉત્તમ જીવ હશે તો શ્રીમહાપ્રભુજીની કૃપાથી તેના હૃદયમાં સર્વ વૈષ્ણવ ધર્મ દૃઢ થશે.' એમ વિચારી, બળદગાડી કરી, પત્નીને સાથે લઈ તેઓ અડેલ જવા નીકળ્યા.

અડેલ જઈ શ્રીમહાપ્રભુજીને દંડવત્ કરી, વિનંતી કરી: 'મહારાજ! મારાં માતાપિતાને મેં ખૂબ સમજાવ્યાં, પણ તેઓ સેવક થવા તૈયાર નથી. મારી પત્નીને હું સાથે લાવ્યો છું. આપ કૃપા કરી તેને સેવક કરો.'

'ગોપાલદાસ, તારી પત્ની પણ પુષ્ટિ-જીવ નથી. પુષ્ટિમાર્ગનું દૃઢ આચરણ

તેનાથી નહીં બનેં. તેનો જીભનો સ્વાદ છૂટશે નહીં. તે જ્યાં ત્યાં ખાતી ફરશે, માટે હું તેને નામમંત્ર આપીશ, બ્રહ્મસંબંધ નહીં કરાવું.'

'કૃપાનાથ ! મારાં આ કુટુંબીઓનો ઉદ્ધાર કેવી રીતે થશે?'

'ગોપાલદાસ, તારા સંબંધથી તારાં માતા-પિતા અને પત્નીનો ઉદ્ધાર થશે, તેમનો લીલાસંબંધ નહીં થાય.'

શ્રીમહાપ્રભુજીએ ગોપાલદાસનાં પત્નીને નામમંત્ર આપ્યો. પછી ગોપાલદાસ વાંસવાડા પાછા ફર્યા.

ગોપાલદાસે વિચાર કર્યો, આખા ગામમાં કોઈ વૈષ્ણવ નથી, સત્સંગ કરવાનું કોઈ સ્થાન નથી, ભગવદ્-સ્મરણ કરનાર કોઈ દૈવી જીવ નથી. માટે સત્સંગનું સુખ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. તેમણે તેમના ઘરની બાજુમાં એક વિશ્રામ-સ્થળ બંધાવ્યું. જે પરદેશી મનુષ્યો આવે તે બધા ત્યાં ઊતરે, તેવી તેમણે સુંદર વ્યવસ્થા કરી. ગોપાલદાસ દરરોજ સાંજે તે વિશ્રામ-સ્થળમાં જતા, સૌના સમાચાર પૂછતા, કોઈ ભૂખ્યું હોય તો તેમને ભોજન આપતા, કોઈ વૈષ્ણવ આવ્યા હોય તો તેમને પોતાના ઘેર લઈ જઈ, પ્રેમથી મહાપ્રસાદ લેવડાવતા. બે-ચાર દિવસ આગ્રહપૂર્વક રોકતા. ખર્ચ માટે રૂપિયા પણ આપતા. આમ, તેઓ વૈષ્ણવોની સેવા કરતા અને વૈષ્ણવો સાથે સત્સંગ કરતા.

એક દિવસ સાંજે વિશ્રામ-સ્થળમાં ગોપાલદાસને એક મર્યાદા-ભક્ત સાથે મેળાપ થયો. તેમનું નામ હતું પદ્મા રાવલ. જ્ઞાતિએ તેઓ સાંચોરા બ્રાહ્મણ. ગોપાલદાસે તેમનો પરિચય પૂછ્યો.

પદ્મા રાવલે કહ્યું : 'મને શ્રીરણછોડજીનાં દર્શનમાં ખૂબ પ્રેમ છે, તેથી હું વર્ષનો ઘણો સમય દ્વારિકા રહું છું. મારું વતન ઉજ્જૈન છે, ત્યાં મારો એક જજમાન છે. તેનું નામ માવજી પટેલ છે, ખૂબ સુખી છે. મારો સર્વ ખર્ચ આપે છે. જ્યારે રૂપિયા ખૂટે ત્યારે હું ઉજ્જૈન જઈ તેની પાસેથી લઈ આવું છું. અત્યારે રૂપિયા લેવા હું ઉજ્જૈન જાઉં છું.' ગોપાલદાસે વિચાર્યું, પદ્મા રાવલની ભલે શ્રીરણછોડજીમાં આસક્તિ હોય, પરંતુ તેઓ દૈવી જીવ છે. તેમની શ્રીરણછોડજીમાં જેવી લગની લાગી છે, તેવી લગની જો શ્રીમહાપ્રભુજીમાં લાગી જાય, તો તેમનું જીવન સાર્થક બની જાય.'

ગોપાલદાસજીએ પૂછ્યું : 'રાવલજી, તમે શ્રીરણછોડજીનાં દર્શનમાં ખૂબ

આસક્તિ રાખો છો. શું શ્રીરણછોડજીએ ક્યારય તમારી સાથે વાત કરી છે? તમને સાક્ષાત્ દર્શન આપ્યાં છે?'

'ભાઈ, તમે કેવી વાત કરો છો? શ્રીરણછોડજી કોની સાથે બોલ્યા અને કોને દર્શન આપ્યાં, એ તો અમને બતાવો!'

'રાવલજી, પ્રભુની કૃપાથી મને એવા અનુભવ થયો છે. મારામાં વિશ્વાસ હોય તો હું વાત કરું.'

'ભાઈ, જરૂર કહો. તમે પણ ભગવાનના ભક્ત છો, તમે શા માટે ખોટું બોલો?'

'રાવલજી, પ્રયાગ પાસે અડેલ નામનું નાનું ગામડું છે. ત્યાં શ્રીમહાપ્રભુજી બિરાજે છે. તેઓ સાક્ષાત્ શ્રીરણછોડજીનું જ પ્રાકટ્ય છે. શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં મને તો સાક્ષાત્ ભગવાનના દર્શન થયાં છે. તેઓ જેના પર કૃપા કરે છે, તેમને એ સ્વરૂપે દર્શન આપે છે અને તે સ્વરૂપે તેમની સાથે વાતો પણ કરે છે.'

'ભાઈ, તમે શું કહો છો! તમારી વાતમાં વિશ્વાસ રાખીને હું ત્યાં જાઉં તો મને શ્રીરણછોડજી જેવાં દર્શન થશે?'

'હા, જરૂર થશે. એ જ સ્વરૂપે તમારી સાથે બોલશે પણ ખરા.'

પદ્મા રાવલના મનમાં અડેલ જવાની આતુરતા વધી. ક્યારે અડેલ જાઉં, તેની લગની લાગી. આખી રાત તેમને ઊંઘ ન આવી. તેઓ સવારે ઉઠીને ઉજ્જૈન તરફ ચાલ્યા. ઉજ્જૈન જઈ તેમણે માવજી પટેલને સર્વ હકીકત કહી. માવજીએ પણ સાથે અડેલ જવાની તત્પરતા બતાવી. માવજીની પત્નીનું નામ બિરજો હતું. તેણે પણ આગ્રહ કર્યો કે 'મને પણ લઈ જાઓ.' ત્રણે જણ ચાલતાં ઉજ્જૈનથી અડેલ ગયાં.

તેઓ પ્રયાગ પહોંચ્યાં. દૂરથી અડેલનાં દર્શન કર્યાં. યમુનાજી પાર જવાની તેમની આતુરતા વધી ગઈ. તે જ સમયે શ્રીમહાપ્રભુજી મધ્યાહ્ન સંધ્યા કરવા શ્રીયમુનાજીના કિનારે પધાર્યા હતા. આપે પદ્મા રાવલને જોઈને એક વૈષ્ણવને આજ્ઞા કરી : 'જલદી નાવ લઈ, સામા કિનારે જઈ, ત્રણ જીવો અહીં આવવા ઇચ્છે છે તેમને લઈ આવો. તેમને કહેજો, શ્રીરણછોડજીએ તમારા માટે આ નાવ મોકલી છે. જલદી ચાલો.'

વૈષ્ણવ નાવ લઈ સામા કિનારે ગયા. પદ્મા રાવલને શ્રીમહાપ્રભુજીની આજ્ઞા કહી. તેઓ ખૂબ પ્રસન્ન થઈ, નાવમાં બેસી અડેલ આવ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને

સાક્ષાત્ શ્રીરણછોડજીનાં દર્શન કરાવ્યાં. તેઓ પ્રસન્ન થયા. તેમણે શ્રીમહાપ્રભુજીને ગોપાલદાસજીની કૃપાના સર્વ સમાચાર કહ્યા. શ્રીમહાપ્રભુજીએ ત્રણેય જીવોને નામ-નિવેદન મંત્ર આપ્યો. તેમને લઈને આપ પોતાના મંદિરે પધાર્યા.

પદ્મા રાવલે વિચાર કર્યો, શ્રીરણછોડજીને ભોગ ધરીએ છીએ, તેવી રીતે શ્રીમહાપ્રભુજી ભોજન કરતાં દર્શન આપે તો તેમનું અધરામૃત લઈએ.'

આપે પદ્મા રાવલને અંદર બોલાવીને શ્રીરણછોડજી સ્વરૂપે ભોજન કરતાં દર્શન કરાવ્યાં. આપે પૂછ્યું : 'હવે તમારી શંકા નિવૃત્ત થઈ?'

'કૃપાનાથ! અમે જીવો તુચ્છ બુદ્ધિના છીએ, તેથી વારંવાર મનમાં આવી શંકા થાય છે. આપ સાક્ષાત્ શ્રીરણછોડજી છો એવી અમારા મનમાં હવે દૃઢતા થઈ છે. જેવી રીતે મારું મન શ્રીરણછોડજીમાં આસક્ત હતું, તેવી રીતે હવે આપનામાં લાગ્યું છે. આવું મન જો સેવામાં લાગે તો સેવા કરું!'

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'શ્રીઠાકોરજી તારો મનોરથ પૂર્ણ કરશે.'

સિદ્ધાંત નવનીત

(૧) આ વાતમાં બતાવ્યું કે વૈષ્ણવોએ મુંડન વગેરે કરાવવા તીર્થમાં જવું નહીં. પ્રત્યેક તીર્થનું આધિદૈવિક સ્વરૂપ તે તીર્થમાં બિરાજે છે, જેમ શ્રીયમુનાજીના જલમાં સાક્ષાત્ શ્રીયમુનાજી બિરાજે છે. માટે આ સર્વ સ્થાનો સ્વરૂપાત્મક છે. તેમનો દોષ ન લાગે તેવી રીતે ત્યાં જવા પાછળ આપણા લૌકિક સુખ માટેની કે પુણ્યની કામના રાખવી નહીં; પરંતુ ભગવદ્‌સુખ વિચારીને જવું જોઈએ.

(૨) શ્રીમહાપ્રભુજીએ સેવાની બાબતમાં આજ્ઞા કરી છે કે 'કુટુંબીઓ અનુકૂળ હોય તો સૌને સાથે રાખીને સેવા કરવી, કુટુંબીઓ ઉદાસીન હોય તો જાતે સેવા કરવી અને કુટુંબીઓ સેવામાં પ્રતિકૂળ હોય તો ઘર છોડી ચાલ્યા જવું; પરંતુ સેવા છોડવી નહીં.' ગોપાલદાસજીનાં કુટુંબીઓ ઉદાસીન હતાં, માટે ગોપાલદાસજીએ જાતે સેવા કરી છે; પરંતુ સેવા માટે કુટુંબમાં ક્લેશ કર્યો નથી.

(૩) ગોપાલદાસજીએ પોતાના ઘર પાસે જ અતિથિગૃહ બંધાવ્યું, પણ તેને ધર્મશાળાનું નામ ન આપ્યું; કારણ કે ધર્મશાળા બનાવવાથી ઘણું પુણ્ય મળે

છે અને પુષ્ટિમાર્ગમાં જેમ પાપ બાધક છે, તેમ પુણ્ય પણ બાધક છે. માટે તેમણે તે સ્થળને વિશ્રામ-સ્થળ કહ્યું, જેથી તેનું પુણ્ય તેમને પ્રાપ્ત થાય નહીં.

(૪) જેની જે સ્વરૂપમાં આસક્તિ હોય તેનો તેમના દ્વારા અંગીકાર થાય છે. પદ્મા રાવલની આસક્તિ શ્રીરણછોડજીમાં હોવાથી શ્રીરણછોડજી સ્વરૂપે દર્શન આપીને, શ્રીમહાપ્રભુજીએ તેમનો ઉદ્ધાર કર્યો હતો. માટે આપણી આસક્તિનું સ્વરૂપ હંમેશાં વિચારવું જોઈએ.

(૫) દયારામભાઈએ એક પદમાં કહ્યું છે કે 'આપણી વૈષ્ણવતાની પારાશીશી કઈ? આપણા સંગથી બીજા કોઈ વૈષ્ણવ થાય, તેમણે આપણા સંગનો રંગ લાગે તો જાણવું કે આપણી વૈષ્ણવતા સાચી છે. કારણ કે સો મણ ઉપદેશ કરતાં અધોળ આચરણ વધારે વિશ્વાસ પેદા કરી શકે છે. મોટે વૈષ્ણવોએ હંમેશાં વૈષ્ણવતાનું આચરણ ઉત્તમ પ્રકારે કરવાનો મન, વચન અને કર્મથી આગ્રહ રાખવો જોઈએ.'

વૈષ્ણવ પરિચય

(૧) વૈષ્ણવનું નામ : ગોપાલદાસ વાંસવાડાવાળા
(૨) જ્ઞાતિ : ક્ષત્રિય
(૩) વતન : વાંસવાડા (રાજસ્થાન)
(૪) સેવ્ય સ્વરૂપ : શ્રીમદનમોહનલાલજી (હાલ ગોકુળમાં મોરવાળા મંદિરમાં બિરાજે છે.)
(૫) લીલા-સ્વરૂપ : રસપ્રકાશિકા - શ્રીયમુનાજીની સખી. નિત્યલીલામાં તેઓ અન્ય ભક્તો સાથે પ્રભુની રસરૂપ વાર્તા કરતાં, જેથી સૌના મનમાં ભગવદ્રસ દઢ થતો. માટે અહીં પણ તેમણે પદ્મા રાવલ સાથે અને બીજા વૈષ્ણવો સાથે ભગવદ્વાર્તા કરવા વિશ્રામ-સ્થળ બનાવેલું.

■

૪ : ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે...

(૨૯. પદ્મા રાવલ, સાંચોરા બ્રાહ્મણ)

સાંજનો સમય હતો. ઉજ્જૈનથી દ્વારકાની યાત્રાએ નીકળેલા પદ્મા રાવલ મધ્યપ્રદેશમાં આવેલા ગુજરાતની સરહદ પરના વાંસવાડા ગામે પહોંચ્યા હતા. ત્યાં એક વિશ્રાંતિગૃહમાં મુકામ કર્યો હતો. તેઓ સ્નાન વગેરે કરવામાં રોકાયા હતા, ત્યારે વિશ્રાંતિગૃહ બંધાવનાર વાંસવાડાના ગોપાળદાસ રોજના નિયમ પ્રમાણે ત્યાં આવ્યા. તેઓ શ્રીમહાપ્રભુજીના સેવક હતા. તેઓ દરરોજ સાંજે વિશ્રાંતિગૃહમાં આવતા. આવેલા યાત્રાળુઓને આવકારતા. કોઈને કોઈ તકલીફ હોય તો તે દૂર કરતા. તેમણે પદ્મા રાવલને પૂછ્યું, 'ભાઈ તમારું નામ શું છે? ક્યાંથી આવો છો?'

'મારું નામ પદ્મા રાવલ. સાંચોરા બ્રાહ્મણ છું. ઉજ્જૈનથી આવું છું.'

'કઈ બાજુએ જવાનું?'

'શ્રીરણછોડજીનાં દર્શન કરવા દ્વારકા જઉં છું. વર્ષમાં ચાર-છ વખત દ્વારકા જાઉં છું, શ્રીરણછોડજીનાં દર્શન કરું છું. જ્યારે ખીસામાં પૈસા ખૂટે છે ત્યારે પાછો ઉજ્જૈન જઉં છું. ત્યાં મારા યજમાન માવજી પટેલ છે. તેમની પાસેથી દક્ષિણા લઉં છું અને ફરી દ્વારકા જઉં છું.'

'તમને શ્રીરણછોડજી ઉપર ઘણી પ્રીતિ લાગે છે. એક પ્રશ્ન કરું? શું શ્રીરણછોડજી તમારી સાથે કોઈ દિવસ બોલે છે ખરા?'

'ભાઈ! શ્રીરણછોડજી કોઈની સાથે બોલાતા હોય એવું તમે સાંભળ્યું છે? એવી કોઈ વ્યક્તિને તમે જાણો છો?'

ગોપાળદાસે મનમાં વિચાર કર્યો, પદ્મા રાવલ દૈવી જીવ જણાય છે. શ્રીરણછોડજીની આસક્તિથી પરિપૂર્ણ છે. તેમને શ્રીમહાપ્રભુજી પાસે મોકલવા જોઈએ, જેથી તેમનો ઉદ્ધાર થાય.

ગોપાળદાસે કહ્યું : 'રાવલજી, બીજા કોઈની તો મને ખબર નથી, પણ પ્રયાગની પાસે અડેલ નામનું નાનકડું ગામ છે, ત્યાં શ્રીવલ્લભાચાર્યજી બિરાજે છે. તેઓ સાક્ષાત્ શ્રીરણછોડજીનું સ્વરૂપ છે. તમે એમનાં દર્શને જાઓ. ત્યાં

તમને તેમના સ્વરૂપમાં શ્રીરણછોડજીનાં પ્રગટ દર્શન થશે. એટલું જ નહિ, તમારી સાથે તેઓ વાતો પણ કરશે.'

આ સાંભળતાં જ પદ્મા રાવલને અડેલ જવાની આતુરતા વધી. રાત્રે ઊંઘ ન આવી. મનોમન નક્કી કર્યું કે હવે અહીંથી ઉજ્જૈન પાછો જઉં અને ત્યાંથી અડેલ જઉં. સવારે ઊઠીને તેઓ ઉજ્જૈન જવા નીકળ્યા.

ઉજ્જૈનમાં તેઓ માવજી પટેલને મળ્યા.

'અરે રાવલજી! આ વખતે તમે આટલા જલદી દ્વારકાથી પાછા આવી ગયા? રસ્તામાંથી તો પાછા ફર્યા નથી ને? તમારા મોં ઉપર ચિંતા દેખાય છે. શું કારણ છે?' માવજી પટેલે સામટા પ્રશ્નો પૂછી નાખ્યા.

'માવજીભાઈ, વાંસવાડામાં મેં સાંભળ્યું કે અડેલમાં શ્રીરણછોડજી સાક્ષાત્ પ્રગટ થયા છે. બધા સાથે બોલે છે, એટલે મેં નક્કી કર્યું છે કે કાલ સવારે હું અહીંથી અડેલ જઈશ. મારે તો શ્રીરણછોડજી સાથે વાતો કરવી છે, જ્યાં આપ પ્રગટ બિરાજતા હોય ત્યાં જ મારે જવું છે.'

'રાવલજી! શ્રીરણછોડજીનાં સાક્ષાત્ દર્શન કરવાનું તો કોને મન ન થાય? હું પણ કાલે તમારી સાથે આવીશ.'

'ભાઈ! તમે રહ્યા શ્રીમંત લોકો. તમને પગે ચાલવાની ટેવ નથી. હું તો પગે ચાલનારો. તમે યાત્રાએ જાઓ ત્યારે વાહનો, રક્ષકો વગેરે કેટલું લઈને નીકળો! મને એ રીતે જવાનું ફાવશે નહિ.'

'રાવલજી! હું એકલો તમારી સાથે પગે ચાલતો આવીશ. તમે મારી કોઈ બાબતની ચિંતા કરશો નહિં.'

'ભલે, તો તૈયારી કરી લો, કાલે સવારે નીકળીશું.'

માવજી પટેલે બધી વાત તેમનાં પત્ની બિરજોને કરી. આવતી કાલે અડેલ જવાની વાત પણ કહી. આ સાંભળી તેણે કહ્યું, 'સ્વામી! આજ્ઞા આપો તો તમારી સાથે હું પણ આવું. શ્રીરણછોડજીનાં સાક્ષાત્ દર્શન મને પણ થાય.'

'ભાગ્યવાન! હુ તો રાવલજી સાથે પગે ચાલતો જવાનો છું સવારી વગેરે સાધનો રાખવાનો નથી.'

'પત્ની પતિનો પડછાયો હોય છે. હું પણ તમારી સાથે પગે ચાલીને આવીશ.'

'ભલે, તમે પણ તૈયારી કરો.'

બીજા દિવસે સવારે પદ્મા રાવલ આવ્યા. માવજી પટેલે કહ્યું, 'મારાં પત્ની પણ આપણી સાથે અડેલ આવે છે.'

'ભલે, ચાલો બેથી ભલાં ત્રણ!'

ત્રણે જણ અડેલના માર્ગે ચાલ્યાં. ઘણા દિવસના પ્રવાસ પછી પ્રયાગ પહોંચ્યાં. પ્રયાગના ઘાટ ઉપરથી સામે કિનારે આવેલા અડેલનાં દર્શન થયાં. ત્રણેની આતુરતા વધી. તેમણે નક્કી કર્યું કે નાવ કરીને આપણે સામે પાર પહોંચી જઈએ. બપોર થવા આવ્યા હતા. નાવની ઘણી તપાસ કરી, પણ નાવ મળી નહિ.

મધ્યાહ્નનો સમય થયો હોવાથી શ્રીમહાપ્રભુજી મધ્યાહ્ન-સંધ્યા કરવા પધાર્યા હતા. આપશ્રી ઘાટ ઉપર બિરાજી મધ્યાહ્ન-સંધ્યા કરી રહ્યા હતા. તેમણે એક વૈષ્ણવને આજ્ઞા કરી, 'સામે પાર નાવ લઈને જાઓ. ત્યાં બે પુરુષ અને એક સ્ત્રી બેઠેલાં છે. પુરુષ પદ્મા રાવલ અને માવજી પટેલ છે. સ્ત્રીનું નામ બિરજો છે. તેમને કહેજો કે તમારે માટે શ્રીરણછોડજીએ નાવ મોકલી છે. માટે જલદી ચાલો.'

વૈષ્ણવ નાવ લઈને સામે કિનારે ગયા. તેમણે ત્રણેને શોધ્યાં અને નાવમાં બેસાડી લઈ આવ્યા. ત્રણે ઘણાં પ્રસન્ન હતાં. તેમને ખાતરી થઈ કે શ્રીરણછોડજી ખરેખર અહીં સાક્ષાત્ પ્રગટ થયા છે. અમને નામ લઈ બોલાવવા માણસો મોકલ્યા અને નાવ પણ મોકલી. તેઓ અડેલ આવ્યા. તેમણે શ્રીમહાપ્રભુજીનાં દર્શન કર્યાં. શ્રીમહાપ્રભુજીએ તેમને શ્રીરણછોડજીના સ્વરૂપે દર્શન આપ્યાં. ત્રણે ભાવિકોએ સાષ્ટાંગ દંડવત્ કર્યા.

પદ્મા રાવલે બે હાથ જોડીને કહ્યું, 'મહારાજ, ગોપાળદાસની કૃપાથી અમને આપનાં સાક્ષાત્ દર્શન થયાં છે; માટે કૃપા કરીને અમને ત્રણેને આપનાં સેવક કરો.'

'જાઓ, શ્રીયમુનાજીમાં સ્નાન કરી આવો.'

ત્રણે સ્નાન કરીને આવ્યાં. શ્રીમહાપ્રભુજીએ ત્રણેને નામ નિવેદન મંત્રની દીક્ષા આપી. પછી તે બધાંને પોતાની સાથે પોતાના નિવાસસ્થાને લઈ ગયા. શ્રીમહાપ્રભુજી ભોજન કરવા પધાર્યા, ત્યારે પદ્મા રાવલના મનમાં વિચાર થયો:

જે રીતે શ્રીરણછોડજીને ભોગ ધરીએ છીએ તે રીતે શ્રીઆચાર્યજી પણ શ્રીરણછોડજી સ્વરૂપે ભોજન કરતાં દર્શન આપે, તો તેમનું અધરામૃત લઉં.

શ્રીમહાપ્રભુજી અંતર્યામી છે. તેમણે પદ્મા રાવલને અંદર બોલાવ્યા. પદ્મા રાવલે જોયું કે શ્રીરણછોડજી સાક્ષાત્ ભોજન કરી રહ્યા છે.

‘પદ્મા રાવલ, હવે તમારી શંકા ગઈ?’

‘મહારાજ, અમે તો જીવ છીએ. અમારી તુચ્છ બુદ્ધિ છે, એટલે વારંવાર મનમાં શંકા થાય છે, પરંતુ હવે મને દૃઢ વિશ્વાસ થયો છે કે આપ જ સાક્ષાત્ શ્રીરણછોડજી છો.’

‘પદ્મા રાવલ હવે તમારી શી ઇચ્છા છે?’

‘મહારાજ, આપ જાણો છો કે મારી આસક્તિ શ્રીરણછોડજીમાં છે. મને સતત એક જ મનોરથ રહે છે કે શ્રીરણછોડજીને નીરખ્યા કરું. જો મારું મન એમનામાં આવું લાગેલું છે તો એમના સ્વરૂપની હું સેવા કરું. સેવામાં મારું મન લાગે તો જ હું સેવા કરું, નહિં તો ન કરું.’

‘ભલે, તારો મનોરથ શ્રીઠાકોરજી પૂર્ણ કરશે. તમે ત્રણે જણ ઉજ્જૈન પાછાં જાઓ. હું થોડા વખત પછી ઉજ્જૈન આવીશ ત્યારે તમને શ્રીઠાકોરજી પધરાવી આપીશ. તમે સેવા કરજો.’

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા થતાં ત્રણે ઉજ્જૈન પાછા જવા નીકળ્યાં. થોડા મહિના પછી શ્રીમહાપ્રભુજી ઉજ્જૈન પધાર્યા. પદ્મા રાવલની વિનંતીથી તેમના ત્યાં મુકામ કર્યો. તેમનાં પત્નીને પણ નામ-નિવેદન આપ્યું. પછી આપશ્રીએ આજ્ઞા કરી, ‘ક્યાંકથી ભગવદ્-સ્વરૂપ મેળવી લાવો.’

પદ્મા રાવલને યાદ આવ્યું કે એમની જ્ઞાતિના એક ઘેર ભગવદ્-સ્વરૂપ બિરાજે છે. પદ્મા રાવલ તેમના ત્યાં ગયા અને કહ્યું, ‘મને આ ઠાકોરજી પધરાવી આપો.’

‘રાવલજી, તમે ઠાકોરજી માગ્યા તે ઘણું સારું કર્યું. અમારાથી હવે સેવા બનતી નથી. અમને તેની ચિંતા રહેતી હતી. સુખેથી પધરાવી જાઓ.’

પદ્મા રાવલ શ્રીઠાકોરજીને પધરાવી ઘેર આવ્યા. શ્રીઠાકોરજીનું સ્વરૂપ અષ્ટભૂજાવાળું હતું, તેથી શ્રીમહાપ્રભુજીએ તેમનું નામ અષ્ટભૂજાજી રાખ્યું.

શ્રીમહાપ્રભુજીએ એ સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવી પદ્મા રાવલને માથે પધરાવી આપ્યા. સેવાનો બધો પ્રકાર શીખવ્યો અને સેવા કરવાની આજ્ઞા કરી.

માવજી પટેલ અને બિરજોએ હાથ જોડી શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી, ‘કૃપાનાથ, અમને પણ સેવા માટે સ્વરૂપ પધરાવી આપો.’

‘મારા પુત્ર શ્રીગુસાંઈજી તમને સેવા પધરાવી આપશે. ત્યાં સુધી તમે પદ્મા રાવલને સેવામાં સહાય કરો.’

પદ્મા રાવલે શ્રીમહાપ્રભુજીને હાથ જોડી વિનંતી કરી, ‘મહારાજ! હું બ્રાહ્મણ છું, પણ મૂર્ખ છું, કશું ભણ્યો નથી. શાસ્ત્રોમાં કંઈ સમજતો નથી. અમારી જ્ઞાતિના બધા બ્રાહ્મણો કર્મજડ અને સ્માર્ત છે. હું આપનો સેવક થયો છું એ જાણીને તે બધા મને ઘણું દુઃખ આપે છે. તેઓ પૂછે છે, ‘તું સમજીને તેમનો સેવક થયો છે?’ માટે આપ કૃપા કરો, જેથી તેમને હું જવાબ આપી શકું.’

શ્રીમહાપ્રભુજીએ પોતાનું ચરણામૃત અને પ્રસાદી-ચંદન પદ્મા રાવલને આપ્યાં. તે બંને પદ્મા રાવલે પોતાના મોંમાં મૂકતાં તેમના હૃદયમાં વેદ-પુરાણ વગેરેનું સર્વ જ્ઞાન પ્રગટ થયું. પદ્મા રાવલે શ્રીમહાપ્રભુજીને દંડવત્ કર્યા. શ્રીમહાપ્રભુજી ત્યાંથી આગળ પધાર્યા. ત્યાર બાદ ઉજ્જૈનના મોટા મોટા પંડિતો સાથે પદ્મા રાવલે શાસ્ત્રચર્ચા કરી અને સૌને ચૂપ કરી દીધા.

પદ્મા રાવલે શ્રીઅષ્ટભૂજાજીની સેવા શ્રીરણછોડજીના ભાવથી ખૂબ પ્રેમપૂર્વક કરવાનું શરૂ કર્યું. તેમણે શ્રીઠાકોરજી માટે નવી શૈયા બનાવડાવી. શ્રીઠાકોરજીએ તેમને દર્શન આપીને આજ્ઞા કરી, ‘આ શૈયા ઘણી નાની છે, તેથી હું તેમાં સારી રીતે સૂઈ શકતો નથી.’ આથી પદ્મા રાવલે નવી મોટી શૈયા બનાવડાવી.

એક દિવસ પદ્મા રાવલનાં પત્નીએ ઉતાવળમાં શ્રીઠાકોરજીને ગરમ ખીર ભોગ ધરી. પછી સમય થતાં ભોગ સરાવી તેમણે આરતી કરી. તે વખતે પદ્મા રાવલ બહાર ગયેલા હતા. તે જ સમયે અનાયાસ શ્રીમહાપ્રભુજી પદ્મા રાવલના ત્યાં પધાર્યા. શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને ફરીયાદ કરી, ‘આજે પદ્મા રાવલનાં પત્નીએ મને ગરમ ખીર ભોગ ધરી છે, તેથી મારા હસ્ત અને હોઠ દાઝી ગયા છે.’

શ્રીમહાપ્રભુજીએ પદ્મા રાવલને આજ્ઞા કરી, ‘તમે શ્રીઠાકોરજીને ગરમ ખીર

કેમ ધરો છો? ગરમ ખીર આરોગતાં શ્રીઠાકોરજીના હાથ અને હોઠ લાલ થઈ ગયા છે.'

'મહારાજ, અમને શી ખબર? અમે એમ માનેલું કે ગરમ સામગ્રી આરોગવામાં શ્રીઠાકોરજીને પ્રસન્નતા રહેતી હશે. અમારો અપરાધ ક્ષમા કરો.'

'જુઓ વૈષ્ણવ, બીજી બધી સામગ્રી ગરમ ધરાય તો ચાલે; પરંતુ ખીર ગરમ ન ધરવી. ખીરમાં આંગળી બોળીને તે ગરમ નથી તેવી ખાતરી કરવી. પછી ભોગ ધરવો.'

'કૃપાનાથ, અમે તો જીવ છીએ; એટલે અપરાધી છીએ જ. પરંતુ શ્રીઠાકોરજીએ કેમ ખીર ઠંડી થવા નહિ દીધી હોય? ગરમ ખીર કેમ આરોગ્યા હશે?'

'શ્રીઠાકોરજી બાળક છે. આપણે તેમની સેવા બાલભાવથી કરવાની છે. બાળકને ખીર વધારે પ્રિય હોય છે, એટલે જ્યારે તેમની સામે બધી સામગ્રી ધરવામાં આવે ત્યારે સૌ પહેલાં ખીરમાં હાથ બોળે છે. બીજી સામગ્રી ગરમ હોય તો પછી આરોગે છે. સૌ પહેલાં ખીર આરોગે છે, માટે કદી ખીર ગરમ ન ધરવી.'

'કૃપાનાથ, આજ પછી અમે આ આજ્ઞાનું સાવધાનીપૂર્વક પાલન કરીશું.'

●

એક વખત પદ્મા રાવલ શ્રીરણછોડજીનાં દર્શન કરવા દ્વારકા જવા નીકળ્યા. રસ્તામાં સ્વપ્નમાં શ્રીરણછોડજીએ તેમને આજ્ઞા કરી, 'અમદાવાદમાં મારો એક સેવક રહે છે. તમે તેમના ઘેર જજો. ત્યાં રસોઈ કરજો.'

'મહારાજ, અમદાવાદ મોટું શહેર છે. તમારા સેવકને હું જાણતો નથી. વગર બોલાવે હું તેના ઘેર કેવી રીતે પહોંચી શકું?'

'તું ચિંતા ન કરીશ. એ જ તને બોલાવવા આવશે.'

રાત્રે શ્રીરણછોડજીએ અમદાવાદમાં રહેતા તેમને સેવકને આજ્ઞા કરી, 'કાલે ઉજ્જૈનથી મારો સેવક પદ્મા રાવલ તારા ગામમાં આવશે. તું તેમને ઘેર લાવી સારી રીતે રસોઈ કરાવજે.'

'મહારાજ, હું પદ્મા રાવલને કેવી રીતે ઓળખીશ? મેં કદી તેમને જોયા નથી.'

'પદ્મા રાવલ જાણીતા છે. તું તેમને ઓળખી જઈશ.'

અમદાવાદ પહોંચતા પદ્મા રાવલે વિચાર કર્યો, શ્રીરણછોડજીના સેવકને હું જાણતો નથી. તેમણે એક ઉપાય વિચાર્યો. પોતાની સાથે એક વિદ્યાર્થી હતો, તેને કહ્યું, 'તું ગામમાં જઈ પાંચ-સાત ઠેકાણેથી અનાજ ભિક્ષામાં લઈ આવ. દરેકની ભિક્ષાની વસ્તુ અલગ-અલગ રાખજે.'

વિદ્યાર્થી ભિક્ષા લઈને આવ્યો. પદ્મા રાવલે કહ્યું, 'જેમના ત્યાંથી આ અનાજ લાવ્યો હોય, તેમને પાછું આપી આવ.'

વિદ્યાર્થી અનાજ પાછું આપવા ગયો. બીજાં બધાંએ અનાજ પાછું લઈ લીધું, પરંતુ એક વ્યક્તિએ કહ્યું, 'તું ભિક્ષા લઈ ગયા પછી પાછું આપવા કેમ આવ્યો છે?'

'મારા ગુરુની એવી આજ્ઞા છે.'

'તમારા ગુરુનું શું નામ છે?'

'તેમનું નામ પદ્મા રાવલ છે. તેઓ ઉજ્જૈનના છે.'

'આ સાંભળી તે વ્યક્તિ તે વિદ્યાર્થીની સાથે પદ્મા રાવલ પાસે ગયા. તેમણે કહ્યું, 'રાવલજી, મારા ઘેર ચાલો અને રસોઈ કરો.'

'ભાઈ, હું કોઈના ઘેર જતો નથી.'

'રાવલજી, મને શ્રીરણછોડજીની આજ્ઞા છે, તેથી તમને બોલાવવા આવ્યો છું. જેમ મને આજ્ઞા કરી છે તેમ તમને પણ કરી હશે; કારણ કે તમે શ્રીરણછોડજીના કૃપાપાત્ર છો. માટે મારા ઘેર ચાલો.'

પદ્મા રાવલ તે વ્યક્તિના ઘેર ગયા. સ્નાન કરી રસોઈ કરી, ભોગ ધરી પહાપ્રસાદ લીધો. પછી સવારે પદ્મા રાવલ દ્વારકા જવા નીકળ્યા, ત્યારે શ્રીરણછોડજીના સેવકે વિનંતી કરી, 'થોડા દિવસ રોકાઈ જાઓ.'

'મને શ્રીરણછોડજીનાં દર્શનની ઘણી આતુરતા છે, તેથી રોકાઈ શકીશ નહિ.'

પદ્મા રાવલ દ્વારકા જવા વિદાય થયા.

એક દિવસ પદ્મા રાવલ સામગ્રી સિદ્ધ કરતા હતા. તે દિવસે ભિક્ષામાં આટો ઘણો મળ્યો હતો, પરંતુ ઘી થોડું મળ્યું હતું, તેથી તેમણે બધા આટાની

રોટલી બનાવી. ઘીમાં જેટલી રોટલી ચોપડાય તેટલી ચોપડી. પછી ચોપડ્યા વિનાની રોટલીઓ નીચેની બાજુ મૂકી અને ચોપડેલી રોટલીઓ ઉપર મૂકી. ત્યાર બાદ દાળ-રોટીનો ભોગ ધર્યો. તેમણે શ્રીઠાકોરજીને વિનંતી કરી, મહારાજ, શ્રીમહાપ્રભુજીની કાનિથી આરોગજો. ચોપડેલી રોટી આરોગજો, વગર ચોપડેલી લૂખી રોટી આરોગશો નહિ.'

જ્યારે ભોગ સરાવ્યો ત્યારે શ્રીઠાકોરજી બધી રોટી આરોગ્યા હતા. ચોપડેલી રોટી નીચે હતી અને લૂખી રોટી ઉપર હતી.

આ જોઈ પદ્મા રાવલે શ્રીઠાકોરજીને પૂછ્યું, 'મહારાજ લૂખી રોટી કેમ આરોગ્યા?'

'મેં શ્રીમહાપ્રભુજીને વચન આપ્યું છે કે તમારો જે સેવક મને જે કંઈ સામગ્રી ભોગ ધરશે તે બધી હું પ્રસન્નતાથી આરોગીશ, તેથી તારી બધી હું સામગ્રી હું આરોગ્યો છું, તું જરા પણ ચિંતા કરીશ નહિ.'

પદ્મા રાવલ મહાપ્રસાદ લેવા બેઠા, ત્યારે તેમાં અલૌકિક સ્વાદ આવ્યો. તેથી તેમણે તેમાંની કેટલીક રોટી બાંધી રાખી. જ્યારે તેઓ દરરોજ મહાપ્રસાદ લેવા બેસતા ત્યારે તેમાંથી એક-એક ટુક લેતા.

દ્વારકાથી પાછા ફરતાં તેઓ વાંસવાડા આવ્યા. ત્યાં ગોપાળદાસભાઈના ઘેર ગયા. ત્યાં રાત્રિમુકામ કર્યો. રસોઈ કરી, ભોગ ધરી પ્રસાદ પણ લીધો. ગોપાલદાસભાઈએ તેમને પૂછ્યું, ' શ્રીમહાપ્રભુજીનો તમને કેવો અનુભવ થયો?'

'તમારી કૃપાથી મને શ્રીમહાપ્રભુજીએ સાક્ષાત્ શ્રીરણછોડજી સ્વરૂપે અનુભવ કરાવ્યો. મને અંગીકાર કરી કૃતાર્થ કર્યો.'

ખરેખર, શ્રીમહાપ્રભુજી કેવા દયાળુ છે!

સિદ્ધાંત નવનીત

(૧) જે જીવની જે સ્વરૂપમાં આસક્તિ હોય તે સ્વરૂપનો અનુભવ કરાવીને શ્રીમહાપ્રભુજી તે જીવનો અંગીકાર કરે છે. પદ્મા રાવલની આસક્તિ દ્વારકાલીલામાં શ્રીરણછોડજીના સ્વરૂપમાં હતી, તેથી તે સ્વરૂપનો અનુભવ કરાવી તેમનો અંગીકાર કર્યો.

(૨) પ્રસાદી ચંદનથી પદ્મા રાવલને શાસ્ત્રોનું સર્વ જ્ઞાન થયું. પ્રસાદી ચંદન હૃદયમાં ભગવદ્‌ભાવની વૃદ્ધિ કરે છે તેના સમાવેશમાં કદાચ શરીર છૂટી પણ જાય અથવા અનુભવેલી લીલા બીજાને કહ્યા વિના રહી ન શકાય. આવી સ્થિતિને રોકવા શ્રીમહાપ્રભુજીએ તેમને પોતાનું ચરણામૃત આપ્યું. ચરણામૃત લેવાથી શરીર સ્વસ્થ રહે છે, ભક્તિ દૃઢ થાય છે અને ભગવદ્‌ભાવ હૃદયમાં સ્થિર થાય છે.

(૩) પદ્મા રાવલનાં પત્ની સાધારણ વૈષ્ણવ હતાં, તેથી શ્રીમહાપ્રભુજીએ ગરમ ખીર ન ધરવાની આજ્ઞા પદ્મા રાવલને કરી, તેમનાં પત્નીને ન કરી.

(૪) શ્રીમહાપ્રભુજીએ ખીરના પ્રસંગમાં બાળકનું ઉદાહરણ આપ્યું, પણ અલૌકિક ભાવભાવના ગુપ્ત રાખી. કારણકે પદ્મા રાવલનાં પત્ની લીલાસંબંધી જીવ ન હતાં અને પદ્મા રાવલ પણ દ્વારકાલીલાના જીવ હતા; તેથી શ્રીઠાકેરજી પદ્મા રાવલને વ્રજભક્તોની લીલાનો અનુભવ કરાવતા નહોતા.

(૫) શ્રીઠાકોરજીની સેવા કરતાં કરતાં પદ્મા રાવલને દ્વારકા જવાનું મન થતું, કદી વ્રજમાં જવાની ઈચ્છા ન થઈ; કારણ કે તેમનું મન શ્રીરણછોડજીમાં લાગેલું હતું, તેથી ઠાકોરજી પણ તેમને શ્રીરણછોડજી સ્વરૂપે સાનુભાવ જણાવતા. જેવો જીવ હોય તેવો અનુભવ શ્રીઠાકોરજી કરાવે છે.

(૬) રોટીની સામગ્રી સખડીમાં બને છે, તેથી તે સાથે રાખી શકાય નહિ, કારણ કે છોવાઈ જાય. પરંતુ પદ્મા રાવલે રોટીનો મહાપ્રસાદ હમેશાં સાથે રાખ્યો, કારણ કે તેમને પ્રભુની દયાળુતાનું આ રોટીના મહાપ્રસાદથી સ્મરણ રહેતું હતું, તેમણે મહાપ્રસાદનું સ્વરૂપ જાણ્યું હતું.

(૭) શ્રી ગોપાળદાસભાઈએ પદ્મા રાવલની વાત સાંભળી મનમાં એવુ વિચાર્યું કે શ્રીમહાપ્રભુજીના શરણે જવાથી તેનો સંસાર તો છૂટ્યો, પણ શ્રી રણછોડજીમાં ભાવ હતો એટલે શ્રીમહાપ્રભુજી જેવા સમર્થ ગુરુ મળવા છતાં અલૌકિક લીલાની પ્રાપ્તિ ન થઈ.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : પદ્મા રાવલ

(૨) જાતિ : સાંચોરા બ્રાહ્મણ

(૩) વતન : ઉજ્જૈન (મધ્યપ્રદેશ)

(૪) પરિવાર : પત્ની તથા પુત્ર કૃષ્ણ ભટ્ટ, જેઓ શ્રીગુસાંઈજીના સેવક થયા હતા.

(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીઅષ્ટભૂજાજી, જેઓ હાલ વિરમગામમાં બિરાજે છે.

(૬) લીલાનું સ્વરૂપ : દ્વારકાલીલામાં શ્રીરુક્ષ્મણીજીનાં સખી. નામ વિમળા. એક વખત શ્રીઠાકોરજીએ શ્રીરુક્ષ્મણીજીની મશ્કરી કરી, ત્યારે શ્રીરુક્ષ્મણીજી મૂર્છા પામી ભૂમિ પર પડ્યાં. ત્યારે વિમળા સખી ઊભી ઊભી હસવા લાગી. શ્રીઠાકોરજીએ રુક્ષ્મણીજીને ઊભાં કર્યાં. શ્રીરુક્ષ્મણીજીએ વિમળા સખીને કહ્યું, 'તું હસતી રહી અને શ્રીઠાકોરજીને મારી ટહેલ કરવી પડી. તારો દાસભાવ તેં સાચવ્યો નથી.' ત્યારે પણ વિમળા મલકાતી મલકાતી ચૂપ રહી. તેથી શ્રીરુક્ષ્મણીજીએ આજ્ઞા કરી, 'જા, પૃથ્વી પર પડ તું મારા કામની નથી.'

(૭) માવજી પટેલ અને બિરજો-પદ્મા રાવલનાં યજમાન, જ્ઞાતિએ પટેલ, વ્રજલીલામાં શ્રીચંદ્રાવલીજીનાં સખી. માવજીનું નામ રૂપા અને બિરજોનું નામ હરખા. શ્રીગુસાંઈજીએ તેમને શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પધરાવી આપ્યું. શ્રીગુસાંઈજી દ્વારા તેમની વ્રજલીલામાં આસક્તિ થઈ હતી.

■

૫ : 'ભક્તિવર્ધિની'નું ફળ

(૩૦. શ્રીપુરુષોત્તમ જોષી, સાંચોરા બ્રાહ્મણ)

ઉનાળાનો બપોર હતો. ગુજરાતના એક ગામના ગોંદરે તળાવના કિનારે વૃક્ષની છાયામાં બેસીને એક બ્રાહ્મણ સંધ્યાવંદન કરી રહ્યા હતા. તેમનું નામ હતું પુરુષોત્તમ જોષી. તેઓ શાસ્ત્રોના જાણકાર હતા. તેમના મનમાં એક પ્રશ્ન ઘોળાયા કરતો હતો. શાસ્ત્રોએ પરમાત્માને પામવાના ઘણા રસ્તા બતાવ્યા છે. તેમાં સાચો રસ્તો કયો હશે? કયા રસ્તે પરમાત્મા સરળતાથી મળી શકે? તેમના આ પ્રશ્નનું કોઈ રીતે સમાધાન મળતું ન હતું.

સંધ્યાવંદન કરતાં કરતાં તેમની નજર તળાવના બીજા ખૂણે ગઈ. ત્યાં એક તેજસ્વી મહાપુરુષને વૃક્ષની છાયામાં બેસી સંધ્યાવંદન કરતા જોયા. જોતાંની સાથે જ પુરુષોત્તમ જોષીના મનમાં તેમના પ્રત્યે ન સમજાય તેવું આકર્ષણ જાગ્યું. તેમણે વિચાર કર્યો, તેઓ કોઈ મહાપુરુષ જણાય છે. ઘણા વખતથી મારા મનમાં મૂંઝાતા પ્રશ્નનો જવાબ કદાચ તેમની પાસેથી મને મળે પણ ખરો. તેઓ ઝટપટ સંધ્યાવદન પુરું કરી તેમની પાસે ગયા.

તેમણે હાથ જોડીને કહ્યું, 'મહારાજ, ઘણા વખતથી મારા મનમાં એક પ્રશ્ન મૂંઝવે છે. ઈશ્વરને મેળવવા માટે કર્મમાર્ગ મોટો કે જ્ઞાનમાર્ગ મોટો?'

'જોષીજી! જેના મનમાં જે માર્ગ વધારે યોગ્ય લાગે તે તેના માટે ઉત્તમ. જે માર્ગ પર ચાલવું છે તેમાં દૃઢ વિશ્વાસ હોવો જોઈએ. હું જો મારી વાત કહું તો મારા માટે ભક્તિમાર્ગ ઉત્તમ છે. શાસ્ત્રોએ પરમાત્માને પામવાના ઘણા માર્ગો બતાવ્યા છે, તેમાં મુખ્ય ત્રણ માર્ગ છે : જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ અને ભક્તિમાર્ગ. જ્ઞાનમાર્ગ સૌથી વધારે કઠણ છે. આ કલિયુગમાં કર્મમાર્ગ પણ સહેલો નથી. ભક્તિમાર્ગ કળિયુગના જીવો માટે ઘણો સરળ છે. કોઈ પણ જીવ ભક્તિમાર્ગે ચાલીને કૃતાર્થ થઈ શકે છે. જ્યારે જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગે બધા ચાલી શકતા નથી; કારણ કે તે બંને માર્ગ કષ્ટસાધ્ય છે. કળિયુગમાં દેહદમન કરવું મુશ્કેલ છે. કદાચ કોઈ દેહદમન કરી શકે તો પણ મન તે માર્ગમાં સ્થિર રહેતું નથી. કળિયુગમાં ભક્તિમાર્ગ સિવાય જીવનો કોઈ આશ્રય નથી.'

'મહારાજ, હું ભક્તિ વિષે કાંઈ જાણતો નથી. આપ કૃપા કરને મને ભક્તિનું સ્વરૂપ સમજાવો.'

'જોષીજી, ભક્તિ તો વિશાળ મહાસાગર જેવી છે. તેનો કોઈ પાર પામી શકાય તેમ નથી. ભક્તિના સ્વરૂપનું વર્ણન કરતાં જીંદગી પૂરી થાય, છતાંય વર્ણન પૂરું ન થાય. તેમં છતાં તમને સંક્ષેપમાં ભક્તિની થોડી વાત સમજાવીશ.'

શ્રીમહાપ્રભુજીએ 'ભક્તિવર્ધિની' ગ્રંથ રચ્યો. તેના અગિયાર શ્લોક પુરુષોત્તમ જોષીને સંભળાવ્યા. શ્રીમહાપ્રભુજીએ મનમાં વિચાર કર્યો, 'આ જીવ સુદ્ધ પુષ્ટિજીવ છે. પ્રભુની લીલાનો ઉત્તમ અધિકારી છે. તેથી તેનામાં રહેલું ભક્તિનું બીજ આ ગ્રંથના સેવનથી મોટું વટવૃક્ષ બનશે. પુરુષોત્તમ જોષીને શ્રીમહાપ્રભુજીની કૃપાથી ભક્તિનું સમગ્ર સ્વરૂપ હૃદયમાં પ્રકાશીત થયું.

તેમણે બે હાથ જોડી શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી, 'મહારાજ, આટલાં વર્ષો હું કર્મમાર્ગમાં રચ્યોપચ્યો રહ્યો, પરંતુ કશું મળ્યું નહિ. મને લાગે છે મારી જીંદગી નકામી વીતી ગઈ. આપે મને ભક્તિનો બોધ આપ્યો છે, તો કૃપા કરીને મને સેવક કરો. મને ભક્તિ પ્રાપ્ત થાય તેવી કૃપા કરો. આપ જેમ આજ્ઞા કરશો તેમ હું કરીશ.' શ્રીમહાપ્રભુજીએ તેમને બ્રહ્મસંબંધની દીક્ષા આપી. પોતે કૃપા કરીને પોતાના ચરણારવિંદ તેમના મસ્તક અને હૃદય પર ધારણ કર્યા અને આશીર્વાદ આપ્યા કે તમને સમગ્ર ભક્તિમાર્ગ સદા હૃદયમાં પ્રકાશિત રહેશે; કારણ કે તમે દૃઢ અને અનન્ય ભક્તિના અધિકારી છો.'

'મહારાજ, કૃપા કરીને મારા ઘેર પધારો. મારી પત્નીનો પણ અંગીકાર કરો.'

શ્રીમહાપ્રભુજી તેમના ઘેર પધાર્યા. તેમનાં પત્નીને બ્રહ્મસંબંધની દીક્ષા આપી, પછી આપે બંનેને ભગવદ્સેવાની આજ્ઞા કરી.

'મહારાજ, મારા ઘરમાં શ્રીઠાકોરજીની મૂર્તિ છે. અમે આજ સુધીમાં વૈષ્ણવ તંત્રમાં બતાવેલી રીતે તેમની પૂજા કરીએ છીએ. સેવા વિષે અમે કંઈ જાણતાં નથી. આપ જેમ આજ્ઞા કરો તેમ સેવા કરીએ.'

શ્રીમહાપ્રભુજીએ શ્રીબાલકૃષ્ણલાલજીના સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવી પાટ પધરાવ્યા. જોષીજી અને તેમનાં પત્નીને સેવાનો સર્વ પ્રકાર શીખવ્યો. પછી શ્રીમહાપ્રભુજી યાત્રામાં આગળ પધાર્યા.

પુરુષોત્તમ જોષી અને તેમનાં પત્ની સાથે હળીમળીને ભાવપૂર્વક સેવા કરવા લાગ્યાં. સેવાના અનવસરના સમયમાં બંને સાથે બેસી પ્રભુની લીલાઓનું ચિંતન-સ્મરણ કરતાં. તેમને પરિવારમાં અન્ય કોઈ હતું નહિ. તેથી તેઓ નિશ્ચિંત મનથી રાત-દિવસ સેવા-સ્મરણમાં મગ્ન રહેતાં. તેઓ અવ્યાવૃત્ત હતા. ભદવદ્-ઈચ્છાથી જ્યારે જે કંઈ મળતું તેનાથી નિર્વાહ કરતા. કોઈની પાસે હાથ લંબાવતા નહિ તેમજ કોઈને પોતાના હૃદયનો ભાવ કહેતા પણ નહિ.

એક વખત પુરુષોત્તમ જોષીએ તેમનાં પત્નીને કહ્યું, 'આપણે વૈષ્ણવ થયા પછી કદી વ્રજમાં ગયાં નથી, તો ચાલો ગોકુળ જઈએ. ત્યાં શ્રીગુસાંઈજીનાં દર્શન પણ થશે.'

તેમનાં પત્ની ઘણાં રાજી થયાં. બંનેએ વ્રજમાં જવાની તૈયારી કરી. તેમણે ગામમાં કહ્યું, 'અમે કાશી જઈએ છીએ. તેમણે કોઈને વ્રજમાં જવાની વાત ન કરી! તેમણે વ્રજમાં જવા એક ઘોડો લીધો. તેના ઉપર શ્રીઠાકોરજીનાં ઝાંપીજી પધરાવ્યાં અને સામાન બાંધ્યો. બંને વ્રજમાં જવા નીકળ્યાં.

રસ્તામાં ઉજ્જૈન શહેર આવ્યું. જોષીજીએ તેમનાં પત્નીને કહ્યું, 'અહીં શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક પદ્મા રાવલ રહેતા હતા. તેમના દીકરા વગેરે પણ અહીં જ રહેતા હશે. તઓ શ્રીગુસાંઈજીના સેવક છે. અહીં આવ્યા છીએ તો તેમને પણ મળીએ.'

તેમણે ગામમાં પદ્મા રાવલના કુટુંબની તપાસ કરી. લોકો પાસેથી તેમને જાણવા મળ્યું કે પદ્મા રાવલને ચાર દીકરા છે. તેમાં ત્રણ દીકરા ભેગા રહે છે. કૃષ્ણ ભટ્ટ નામનો એક દીકરો જુદો રહે છે. જોષીજીએ વિચાર કર્યો, પહેલાં આપણે ત્રણ દીકરા પાસે જઈએ. સરનામું પૂછીને તેઓ તેમના ઘેર ગયાં. ત્રણેય દીકરાઓએ બહારથી આવકાર આપ્યો. બ્રાહ્મણ જાણીને અનાજ આપ્યું. જોષીજીએ વિચાર્યું કે પદ્મા રાવલ જેવા વૈષ્ણવના દીકરા હોવા છતાં આ તો કેવળ બ્રાહ્મણો દેખાય છે. વૈષ્ણવનું એક પણ લક્ષણ તેમનામાં દેખાતું નથી. તેમનું આપેલું અનાજ પાછું આપીશ, તો તેમને એવું લાગશે કે અનાજ ઓછું પડ્યું માટે પાછું આપે છે.

આમ વિચારી જોષીજી કશું બોલ્યા વિના ત્યાંથી પાછા ફર્યા. એટલામાં કૃષ્ણ ભટ્ટને સમાચાર મળ્યા કે શ્રીમહાપ્રભુજીના સેવક પુરુષોત્તમ જોષી ગામમાં

આવ્યા છે; એટલે તેઓ તેમને શોધવા નીકળ્યા. પુરુષોત્તમ જોષીને આગ્રહપૂર્વક પ્રેમથી પોતાના ઘેર લઈ ગયા. સુંદર સામગ્રી સિદ્ધ કરી, શ્રીઠાકોરજીને ભોગ ધરી જોષીજી અને તેમનાં પત્નીને પ્રેમથી મહાપ્રસાદ લેવડાવ્યો. ચાર-પાંચ દિવસ આગ્રહ કરીને પોતાના ઘેર રાખ્યા. પુરુષોત્તમ જોષીએ વિચાર કર્યો, આ પદ્મા રાવલના સાચા દીકરા.

જ્યારે પુરુષોત્તમ જોષી વ્રજ તરફ ચાલવા લાગ્યા ત્યારે કૃષ્ણ ભટ્ટ પણ તેમની સાથે ગયા આગલા મુકામે પુરુષોત્તમ જોષીએ જોયું કે કૃષ્ણ ભટ્ટ સુઈ ગયા છે, ત્યારે તેમણે તેમનાં પત્ની સાથે ભગવદ્-લીલાની વાર્તા કરવાની શરૂઆત કરી. તેઓ કૃષ્ણ ભટ્ટ સાથે ભગવદ્-વાર્તા નહોતા કરતા; કારણ કે તેઓ મનમાં એમ વિચારતા હતા કે કૃષ્ણ ભટ્ટમાં ભગવદ્વાર્તા માટે યોગ્યતા ન હોય તો તેમની પાસે ભગવદ્-વાર્તા કેવી રીતે કરવી?

કૃષ્ણ ભટ્ટ મનમાં વિચારવા લાગ્યા કે તેઓ મારી પાસે ભગવદ્વાર્તા કરતા નથી, માટે હું જ તેમની સાથે ભગવદ્ વાર્તા કરું.

બીજા દીવસે જ્યારે તેઓ ચાલવા લાગ્યા, ત્યારે કૃષ્ણ ભટ્ટે જોષીજીને કહ્યું, 'આપ ઘોડા પર બેસો.' જોષીજીનાં પત્નીને કહ્યું, 'તમે જોષીજીને પકડજો. આજે હું ભગવદ્ વાર્તા કરીશ.' કૃષ્ણ ભટ્ટે ભગવદ્-વાર્તા કરવાની શરૂઆત કરી. સાંભળતાં સાંભળતાં પુરુષોત્તમ જોષી રસમાં મગ્ન થઈ ગયા. શરીરનું ભાન રહ્યું નહિ. ઘોડા પરથી નીચે ઊતરવા ગયા ત્યારે બંનેએ તેમને પકડી રાખ્યા. આગળના મુકામે પહોંચ્યા ત્યારે તેમને ઘોડા પરથી નીચે ઉતારવામાં આવ્યા. જોષીજીએ કહ્યું, 'હમણાં તો ઘોડા ઉપર બેઠો છું, એટલામાં નીચે કેમ ઉતારો છો?'

'અરે! આપણે સવારના નીકળ્યાં છીએ. આજ તો ચાલતાં ચાલતાં સાંજ પડી ગઈ!' કૃષ્ણ ભટ્ટનો જવાબ સાંભળી, જોષીજી સાવધાન થયા. તેમને સમજાયું કે કૃષ્ણ ભટ્ટ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર સેવક છે, એટલે તેમની સાથે રાત-દિવસ ભગવદ્વાર્તા કરવા લાગ્યા.

તેઓ વ્રજમાં પહોંચ્યા. ગોકુળ ગયા. શ્રીગુસાંઈજીને દંડવત્ કર્યા. જોષીજીએ શ્રીગુસાંઈજીને વિનંતી કરી, 'મહારાજ, કૃષ્ણ ભટ્ટ પર આટલી બધી કૃપા કેવી રીતે થઈ?'

'ચાચા હરિવંશજીના સંગથી કૃષ્ણ ભટ્ટને ભક્તિ સુદૃઢ થઈ છે.

સિદ્ધાંત નવનીત

(૧) ભગવદ્વાર્તા શ્રોતાની યોગ્યતા જોયા વિના કરવી નહિ. ભગવદ્વાર્તાનું સ્વરૂપ અલૌકિક છે, તેથી તેને ગુપ્ત રાખવું.

(૨) ભક્તિવર્ધિની ગ્રંથનો અર્થ વિચારીને તેનો સતત પાઠ કરવાથી શ્રીમહાપ્રભુજીની કૃપાથી આપણા હૃદયમાં પણ ભક્તિ વધે છે.

(૩) ઠાકોરજીની સેવા ઘરમાં એકાંતમાં કરવી. આપણા હૃદયનો અલૌકિક ભાવ અન્ય લોકો પાસે પ્રગટ કરવો નહિ.

(૪) ભગવદીયના સંગથી અને કૃપાથી ભક્તિ દૃઢ થાય.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : પુરુષોત્તમ જોષી
(૨) જ્ઞાતી : સાંચોરા બ્રાહ્મણ
(૩) વતન : ગુજરાતનું કોઈ એક ગામ
(૪) સેવ્ય સ્વરૂપ : શ્રીબાલકૃષ્ણલાલજી
(૫) પરિવાર : કેવળ પત્ની
(૬) લીલાનું સ્વરૂપ : વિશાખાજીનાં સખી ગુણચૂડા. તેમનાં પત્ની ગુણચૂડાનાં સખી દુર્વાસા.

■

૬ : ભગવદીય માતા અને કૃપાપાત્ર પુત્રો

(૩૧. જગન્નાથ જોષી, નરહરિ જોષી અને તેમની માતા)

ગુજરાતમાં ખેરાળુ નામે ગામ છે. આ ગામ બહાર એક સુંદર બાગ છે. નામ વૃંદાવન. એ બાગમાં શ્રીમદાચાર્યચરણનો મુકામ થયો છે. સાથે સેવકો પણ છે. આપ અડેલથી દ્વારકા પધારી રહ્યા છે.

નિત્યકાર્યથી પરવારીને આપ વૃક્ષ નીચે આસાન પર બિરાજ્યા છે. વચનામૃત-રસનું પાન કરવા ભગવદીયો આતુર થઈને, હાથી જોડીને સામે બેઠા છે. પોતે રસમય વાણીમાં યજ્ઞપત્નીના પ્રસંગના ગૂઢ ભાવો સેવકોને સમજાવી રહ્યા છે.

એ બાગમાં એક વૃક્ષની બાજુમાં મીઠા જળનો કૂવો છે. ગામની પનિહારીઓ ત્યાં જળ ભરવા આવી રહી છે. એમાં એક બ્રાહ્મણ-પત્ની પણ છે. નામ એનું હરિપ્રિયા. કથાના શબ્દો તો સૌ પનિહારીઓને સંભળાય છે, પણ આ હરિપ્રિયાને તો એ વાણીનું અજબ આકર્ષણ થાય છે. એ લીલાધામમાંથી વિખૂટો પડેલો જીવ છે. એના અંગીકાર માટે તો આપ પધાર્યા છે! ભગવાન શ્રીકૃષ્ણનો બંસીનાદ તો સૌએ સાંભળેલો, પણ આકર્ષણ તો ઉત્તમ અધિકારી એવાં વ્રજભક્તોને જ થયેલું ને! હરિપ્રિયાએ જળ ભરવાનું પડતું મૂક્યું. થોડે દૂર રહીને એણે કથા સાંભળ્યા કરી. એ સાંભળતા આપનું અલૌકિક સ્વરૂપ એના અંતરમાં સ્ફુરી રહ્યું હતું.

કથા પૂરી થઈ. એણે આપશ્રીની સામે જોઈને દંડવત્ કર્યા; ગદ્‌ગદ્ કંઠે વિનંતી કરી : 'પ્રભુ, આપ કૃપા કરવા પધાર્યા છો તો મને શરણે લો. મારું જીવન તો ઘણું વિચિત્ર છે. આપને શુ કહું! અમે જાતિએ તો બ્રાહ્મણ છીએ, પણ મારો પતિ ધર્મનો દ્વેષી છે. સાધુ-સંતોનો વિરોધી છે. એ કોઈને માનતો નથી. પાપનો ધંધો કરે છે, જે કોઈ લાગમાં આવે તેને લૂંટે છે.

'મહારાજ! ગામ બહાર આપનો મુકામ છે. એને ખબર પડશે તો આપને શ્રમ આપવાનુંયે ચૂકશે નહિ. માટે આ ગામમાં આપ અહીં વધુ ન બિરાજશો; એટલી મારી વિનંતી છે.'

શ્રીમહાપ્રભુજી મંદ હાસ્ય કરતાં આજ્ઞા કરે છે : 'અરે બાઈ, તું ચેતવે છે તો તે તારી સજ્જનતા છે. પણ અમારે માટે તું ચિંતા કરીશ નહિ.'

'એને ખબર પડશે તો...'

'એમ નહિ. તું આજે જ એને અમારી ખબર આપજે. એ એમને કંઈ પણ કરી શકવાનો નથી, એની ખાતરી રાખજે.'

હરિપ્રિયા સમજી ગઈ. એને પૂરી શ્રદ્ધા બેસી ગઈ હતી. વિશેષમાં આપ આજ્ઞા કરે છે: 'બાઈ તુ શરણે લેવાની વાત કરે છે ને! પણ શરણે આવીને તો ભગવદ્‌ધર્મનું પાલન કરવાનું છે. આવા પતિના ઘરમાં રહીને તું ધર્મનો નિર્વાહ કરી નહિ કરી શકે; છતાં નિરાશ થઈશ નહિ. ભગવાનની લીલા જુદી છે. હવે માત્ર પાંચ જ વરસની વાર છે. એટલામાં તો તને બે ભક્તરત્ન પુત્રો થશે. પછી તારો પતિ આ દુનિયા છોડી જશે, આવું નિર્માણ છે. પછી તું પ્રયાગ પાસે અડેલ ગામે આવજે. અમે ત્યાં હોઈશું. તારી ઈચ્છા તે વખતે પૂર્ણ થશે.'

શ્રીવલ્લભે પોતાના અલૌકિક સામર્થ્યની, ભવિષ્યની વાત હરિપ્રિયાને સમજાવી. આશ્વાસન પણ આપ્યું. એને અટલ વિશ્વાસ બેસી ગયો. આપને દંડવત્ કરીને એ ઘેર ગઈ.

ત્રણ દિવસ સુધી આપશ્રી ત્યાં બિરાજ્યા. હરિપ્રિયા કોઈને કોઈ બહાને વારંવાર ત્યાં આવતી. એ રહી જ કેમ શકે? આપનાં દર્શનમાં અને વાણીમાં એને અલૌકિક આકર્ષણ પ્રગટ્યું હતું. પછી તો આપશ્રી ત્યાંથી દ્વારકા બાજુ પધાર્યા. હરિપ્રિયા આપના વચન-વિશ્વાસે સમય પસાર કરી રહી છે.

હવે એક વર્ષ પછી એક પુત્રનો જન્મ થયો. પુત્રનું નામ નરહરિ પાડ્યું. પછી ત્રીજે વર્ષે બીજો પુત્ર જન્મ્યો. એનું નામ જગન્નાથ પાડ્યું. પાંચમે વર્ષે પેલી આગાહી પણ સાચી પડી.

બન્યું એવું કે કોઈ એક પંડિત સંન્યાસી ફરતો ફરતો ખેરાળુ આવી ચઢ્યો. વિદ્યાના મદમાં ગામેગામ લોકો સાથે વાદવિવાદ કરીને જીત મેળવતો આવ્યો હતો. ખેરાળુમાં બ્રાહ્મણોની સભા કરીને પંડિતાઈથી એણે સૌને હરાવ્યા. નિરાશ થયેલા બ્રાહ્મણોએ એનો બીજી રીતે બદલો લેવાનું વિચાર્યું. પેલા ગુંડા બ્રાહ્મણને ચઢાવીને તૈયાર કર્યો. બીજા પાછળ રહ્યા. એને હથોડીનો હાથો બનાવ્યો.

સંન્યાસીને મારી નાખવા માટે, એની પાસે કંઈ હોય તો લૂંટવા માટે, બહાદુરી બતાવતો એ એકલો હથિયાર લઈને રાત્રે સંન્યાસીના મુકામે પહોંચ્યો. પેલો પણ અલમસ્ત અને અડબંગ હતો. આ એના પર ઘા કરે તે પહેલાં જ સંન્યાસીએ

પોતાનો ગડસો એના માથા પર એવો ઝીંક્યો કે ત્યાં ને ત્યાં જ એના રામ રમી ગયા. સંન્યાસી જીવ બચાવવા ત્યાંથી રાતોરાત ભાગી છૂટ્યો.

હરિપ્રિયાએ જોયું કે એના પતિ ઉપર તો આ અનિષ્ટ વીતી ચૂક્યું. સ્વાભાવિક ખેદ પણ થાય; છતાં એને તો અગાઉથી શ્રીમહાપ્રભુજી દ્વારા આગાહી મળી ગયેલી હતી. આનો કંઈ ઉપાય પણ ન હતો. એણે મન વાળ્યું. પાપી જીવનનો સુખદ અંત તો ક્યાંથી હોય!

પરંપરાગત ધન તો ઘરમાં ઘણું હતું. પૂર્વજોનો જોષીનો વ્યવસાય હશે એટલે જોષી અટક પડેલી. યજમાનવૃત્તિનો ધંધો પણ ખરો. બંને બાળકોને પ્રેમથી ઉછેરે છે. મનમાં તો એજ વિચાર રમ્યા કરે છે કે ક્યારે અડેલ જાઉં અને જીવનની સાર્થકતા કરું!

એક વર્ષ વીતી ગયું. હવે સગાં-સબંધીઓને હરિપ્રિયાએ તીર્થયાત્રાનું બહાનું બતાવ્યું. વૈધવ્યમાં પુણ્યનું ભાથું મેળવવું જોઈએ ને! સૌએ માની લીધું.

એ જમાનામાં યાત્રા ઘણી કપરી હતી. નાના પુત્રોને સાથે તો કેમ લઈ જવાય! બે બાળકોને તથા ઘરને નજીકના વિશ્વાસુ સગાને સોંપી, સાથે સારું એવું દ્રવ્ય લઈને એ નીકળી. તીર્થસ્થાન પ્રયાગ આવી. ત્યાંથી અડેલ પહોંચી. શ્રીમહાપ્રભુજીનાં પુનઃ દર્શન થતાં એના આનંદનો પાર ન રહ્યો.

દંડવત્ કર્યા. ગદ્‌ગદ્ કંઠે વિનંતી કરી : 'પ્રભુ આપની આગીહી અનુસાર બધુ જ થઈ ગયું. પાંચ વર્ષમાં તો આ જિંદગી જાણે બદલાઈ ગઈ છે. કૃપાનિધાન! હવે આ જીવને આપના શરણમાં લો. જીવનની સાચી સાર્થકતા થાય તેવો માર્ગ બતાવો.'

શ્રીવલ્લભે એને નામ-નિવેદન કરાવ્યું. એણે સુવર્ણ-મુદ્રાઓ ભેટ ધરી. આપશ્રીએ આજ્ઞા કરી : 'બાઈ, લૌકિકમાં ક્લેશનો સંબંધ થાય એ હરિના અંગીકારનું લક્ષણ છે. હવે તારા પર પ્રભુની વિશેષ કૃપા થશે. પણ એને માટે ભદવત્સ્વરૂપ પધરાવીને સેવા કરવી જોઈએ. અમારા માર્ગમાં ભગવદ્-સેવા એ જ જીવનો સ્વધર્મ છે.'

હરિપ્રિયાએ દંડવત્ કર્યા. પ્રયાગ જઈને લાલનનું સુંદર સ્વરૂપ લઈ આવી. શ્રીમહાપ્રભુજીએ પંચામૃત સ્નાન કરાવી, સ્વરૂપને પુષ્ટ કરીને, એને માથે પધરાવી આપ્યું.

કેટલાક દિવસ તે ત્યાં રહી. આપનાં વચનામૃત સાંભળ્યાં. માર્ગનો સિદ્ધાંત હૃદયમાં ઉતર્યો. આપશ્રીએ સેવાની રીતભાત પણ એને સારી રીતે શીખવી.

પછી લાલનને સાથે પધરાવી એ ખેરાળુ આવી. ઘણું દ્રવ્ય ખર્ચીને શ્રીઠાકોરજીનો વૈભવી સેવાપ્રકાર ચાલુ કર્યો. અતિ પ્રેમથી, શ્રીનું સુખ વિચારીને, ઋતુક્રમ અનુસાર સુંદર રીતે સેવા કરે છે.

બે બાળકોને કાળજીથી ઉછેરે છે. ભક્તિમય વાતાવરણમાં ઊછરતા બંને પુત્રો માતાના રંગે રંગાય છે. પિતાના દુર્ગુણની તો છાયા પણ દેખાતી નથી. કાદવમાં કમળ ક્યાં નથી ઊગતાં! અસુર પિતાના પુત્ર પ્રહ્‌લાદ કેવા ભક્ત બનેલા! શ્રીવલ્લભની કૃપા થઈ ત્યાં શું બાકી રહે?

હવે તો બંને ભાઈઓ ઉંમરલાયક થયા છે. માતા-પિતાનું પૂર્વવૃત્તાંત પણ જાણ્યું છે. ઘરમાં સેવા પ્રકાર છે; પણ એ અપસરમાં નાહી શકતા નથી. માતાની ઘણી ઈચ્છા છે. પુત્રોના મનમાં પણ ચટપટી છે; પરંતુ બ્રહ્મસંબંધ વિના સેવામાં કેમ ન્હાવાય!

એક દિવસ માતા પુત્રોને કહે છે : 'તમે અડેલ જાઓ. શ્રીવલ્લભાધીશના સેવક થઈ આવો. મારા અનુભવની વાત હું તમને કહું કે એ કોઈ મનુષ્ય નથી; સાક્ષાત્ પુરુષોત્તમ ભૂતલ પર પ્રગટ થયા છે. વિશ્વાસ રાખો. સાથે આ સુવર્ણમુદ્રાઓ લેતા જાઓ. આ આપશ્રીને ભેટ ધરજો.'

બંને ભાઈઓ ચાલ્યા, પણ રસ્તાનો દૂરનો પ્રવાસ હતો. માર્ગમાં ઘણાં જોખમો હતાં. વાંસની પોલી નળીમાં સોનામહોરો છુપાવીનો એ ચાલ્યા. અડેલ પહોંચ્યા. ત્યાં સમાચાર મળ્યા કે શ્રીમહાપ્રભુજી તો જગદીશનાં દર્શને પધારેલા છે. ત્યાંથી પાછા ઊપડ્યા જગન્નાથપુરી. માર્ગમાં ઘણા દિવસો વીતી ગયા હતા.

આપનાં દર્શન થતાં અત્યંત આનંદ થયો. પ્રવાસના શ્રમની સાર્થકતા માની. એમને જોતાં જ શ્રીમહાપ્રભુજીએ બોલાવ્યા અને પૂછ્યું : 'કેમ! તમે બંને મજામાં છો? ખેરાળુમાં તમારી માતા સારી છે ને?'

ભાઈઓને આશ્ચર્ય થયું : અગાઉ કદી જોયેલા નહિ, છતાં અમને કેવી રીતે ઓળખી કાઢ્યા હશે! પણ પછી સમજી ગયા. માતાએ કહેલું તે યાદ આવી ગયું. આ તો ભગવાન છે. ભગવાન તો સર્વજ્ઞ જ હોય ને!

મોટાભાઈ ઉત્તર આપે છે : 'પ્રભુ, આપની કૃપાથી સૌ મજામાં છીએ.'

હવે આપ પૂછે છે : 'કેમ, જગદીશ પ્રભુનાં દર્શન કરી આવ્યા કે નથી કર્યાં? જાઓ, પહેલાં દર્શન કરી આવો.'

બંને ભાઈ દંડવત્ કરીને સીધા મંદિરે ગયા. જગદીશનાં દર્શન તો થયાં; પણ શ્રીમહાપ્રભુજીનાંયે દર્શન ત્યાં થયાં! એ ચકિત થઈ ગયા, 'અરે! હમણાં તો આપને મુકામે દંડવત્ કરીને આવ્યા છીએ; પછી અહીં ક્યાંથી પધાર્યા?' શંકા નિવારવા તરત જ પાછા પહોંચ્યા. જુએ છે તો પોતે જ્યાં બિરાજતા હતા ત્યાં જ બિરાજે છે.

પાછાં માતાનાં વચન યાદ આવ્યાં, 'શ્રીવલ્લભ સાક્ષાત્ પુરુષોત્તમ છે. ભગવાન તો સર્વત્ર બિરાજે છે. એમાં શું અશક્ય છે!' માજીની વાત તદ્દન ખરી હો!

પછી આપશ્રીએ એમને નામ-નિવેદન કરાવ્યું અને આજ્ઞા કરી : 'તમારી માએ મારે માટે ભેટ મોકલી છે તે મહોરો લાવો.'

ભાઈઓએ સુવર્ણ મુદ્રાઓ ભેટ ધરી. આપની અલૌકિકતા વિષે હવે મનમાં કંઈ શંકા રહે ખરી?

બે ભાઈ કેટલાક દિવસ આપની પાસે રહ્યા; સેવાટહેલ કરી. વચનામૃત સાંભળ્યાં. ઘણો આનંદ લીધો. પછી આપની આજ્ઞા લઈને ખેરાળુ આવ્યા. બધા સમાચાર જાણીને માતાને ઘણો હર્ષ થયો. બંને ભાઈઓને શ્રીઠાકોરજીની સેવામાં સામેલ કર્યા.

વર્ષો પછી શ્રીમહાપ્રભુજી બીજી વાર ખેરાળુ પધાર્યા ત્યારે એમના ઘરમાં જ મુકામ રાખ્યો. માતા અને પુત્રોનો ભક્તિભાવ અવર્ણનીય હતો, એવી જ આપની કૃપા પણ અસાધારણ હતી.

એમના ઘરમાં ભગવદીયો સમક્ષ આપ ભગવદ્વાર્તા-કથા વચનામૃત કરતા, ત્યારે સૌને અત્યંત રસાવેશ થઈ આવતો.

એક વખત તો નાના ભાઈ જગન્નાથ જોષીએ આપને યુગલગીતના એક શ્લોકનો ભાવ પૂછ્યો; ત્યારે એ એક શ્લોક સમજાવતાં, ત્રણ પ્રહર જેટલો સમય વીત્યો. એ સાંભળતાં શ્રોતાઓ રસાવેશ-મગ્ન થઈ ગયેલા! આવી અસીમ કૃપા આ સ્થળે દર્શાવી છે.

હવે જગન્નાથ જોષીના જીવન-પ્રસંગો સંક્ષેપમાં જોઈએ :

(૧)

એમણે જીવનભર આ સ્થળે રહીને ભગવત્સેવા-સ્મરણ કર્યાં છે. શ્રીબાલકૃષ્ણજીને ભોગ ધરવામાં એ બીજી વસ્તુઓ સાથે ખીરની સામગ્રી પણ ગરમ ગરમ ભોગ ધરતા. મનમાં એમ કે ઠાકોરજીને ગરમ સામગ્રી ધરાય તો સારું. પણ વધુ ગરમ ખીર કે દૂધનો ભોગ ધરાતો નથી; કારણ કે ખીર-દૂધ શ્રીઠાકોરજીને અધિક પ્રિય હોવાથી ધરતાં જ પોતે આરોગવા લાગે છે. બાળકને ધીરજ કેમ રહે!

શ્રીબાલકૃષ્ણજી ગરમ ખીર આરોગવા જાય. શ્રીહસ્ત દાઝે એટલે છંટકોરે, છાંટા શ્રીઅંગ ઉપર ઊડે.

પછી શ્રીમહાપ્રભુજી પધાર્યા ત્યારે આપે લાલનના અંગ પર લાલ ડાઘ જોયા. પૂછીને કારણ જાણ્યું. જગન્નાથ જોષીને આજ્ઞા કરી : 'આવું કદી ન કરશો. હવે પછી ખીર-દૂધ સુહાતાં કરીને જ ભોગ ધરજો. (સુહાતાં એટલે અંદર આંગળી રહી શકે એટલાં જ ગરમ.)

(૨)

એક વાર એમણે શ્રીને રાજભોગ ધર્યો અને ટેરો લીધો. જપપાઠ કરતાં મનમાં સહજ વિચાર આવી ગયો : 'આપણે તો કપડાં બદલીને, રેશમી વસ્ત્ર પહેરીને જમવા બેસીએ છીએ. શ્રીઠાકોરજી તો એના એ સુતરાઉ વાઘા ધરીને ભોજન કરે છે. એ તો અશુદ્ધિ કહેવાય ને!'

કહે છે કે 'મનકો વેગ પવનતેં ભારી.' મનનો સ્વભાવ જ છે કે ઘણી વાર નકામા વિચારો પણ ઝબકી જાય છે. આવું જ કંઈક બની ગયું.

શ્રીઠાકોરજી તો અંતર્યામી છે. અલૌકિક ભાવનાને બદલે આવો લૌકિકવત્ વિચાર આવે એ એમને કેમ ગમે! આ તો અસંભાવના-વિપરીત ભાવના કહેવાય.

આમ તો શ્રીઠાકોરજીની એમના પર સારી કૃપા હતી. પોતે અનુભવ પણ જતાવતા હતા, છતાં મનમાં આવું આવી ગયું!

લાલન અપ્રસન્ન થયા; એટલું જ નહિ, લાત મારીને થાળ ભોજનચોકી પરથી નીચે નાખી દીધો. આરોગ્યા નહિ. અવાજ થયો. અંદર જઈને જુએ છે તો થાળ પાડી દીધેલો છે અને લાલન ઉદાસ થઈ ગયેલા છે.

એમને કંઈ સમજાયું નહિ. પણ પોતાનો કોઈ અપરાધ હશે એમ માનીને ફરી રસોઈ કરીને ભોગ ધર્યો, તે પણ લાલને ફેંકી દીધો.

છેવટે પોતાના મનની વાત યાદ આવી. દોષ સ્ફુર્યો. ઘણી ક્ષમા માગી અને બાહ્ય અને આંતર સાવધાની, સેવા-સંબંધી દરેક કાર્યમાં રાખવા લાગ્યા.

(૩)

એક વાર એમણે ઉત્થાપનનાં દર્શન ખોલ્યાં. દશાનીર્થોઓ આવેલાં હતાં. એમાં બે રજપૂતો હતા. એક માજી પણ હતાં. માજી ફૂલની માળા બનાવી લાવેલાં. તે માળા બહારથી અંદર, ઠાકોરજીના સિંહાસન ઉપર માજીએ નાખી.

જગન્નાથ જોષીએ આ જોયું. એમને જરા રીસ ચઢી કે આવી રીતે માળા ઠાકોરજી ઉપર ફેંકાય! રીસમાં એ માળા લઈને એમણે પાછી બહાર ફેંકી. તે માજી ઉપર પડવાને બદલે પાસે ઊભેલા એક રાજપૂતના ખભા ઉપર પડી. સાથે બીજો રજપૂત હતો. મિથ્યાભિમાની માણસ! એને લાગ્યું કે આ માણસે મને મૂકીને બીજાને માળા આપી! એને પોતાનું અપમાન લાગ્યું. પેલો રજપૂત કદાચ એનો અદાવતિયો પણ હોય, તેથી ઈર્ષ્યા જાગી હોય! એણે ત્યાં જ મનમાં નક્કી કર્યું કે આ જગન્નાથ જોષીને હું જોઈ લઈશ.

બીજે દિવસે સવારે એ નદીએથી નાહીને ઘેર આવતા હતા. પેલો રસ્તામાં છુપાઈને ઊભો રહેલો. પાછળથી આવ્યો. મ્યાનમાંથી તલવાર કાઢીને ગરદન પર ઝીંકવા ઉગામી. પણ ત્યાં ને ત્યાં હાથ અટકી ગયો. બન્યું એવું કે શ્રીઠાકોરજી પોતાના ભક્તની રક્ષા માટે તત્પર હતા. હાથ ઉગામતાં જ પકડી લીધો. અવાજ થયો. જગન્નાથ જોષીએ પાછળ જોયું તો શ્રીઠાકોરજી શ્રમિત થયેલા. પેલાનો હાથ પકડીને ઊભા છે!

એમનાથી બોલાઈ ગયું : 'અરે; ફટ ભૂંડા! તેં મારા ઠાકોરજીને શ્રમ કરાવ્યો?'

રજપૂતને તો ઠાકોરજી તો દેખાયા નહિ, પણ હાથ અચાનક પકડાઈ ગયો તે ચમત્કાર જોઈને નમી પડ્યો. પછી એમના રંગથી એ પણ વૈષ્ણવ બન્યો.

(૪)

જગન્નાથ જોષી એક વાર પ્રવાસમાં નીકળેલા. શ્રીઠાકોરજી સાથે હતા. પગ-રસ્તાનો પ્રવાસ. વચમાં એક નાના ગામડામાં મુકામ કરાવો પડ્યો. પછી દિવસો ગણતાં અચાનક યાદ આવ્યું : 'અરે! આજે તો અન્નકૂટનો ઉત્સવ છે!'

સાથે એક બીજા પણ વૈષ્ણવ હતા. તેને ગામમાં ઘી, ખાંડ, ચોખા વગેરે લઈ આવવા માટે મોકલ્યા; પણ કંઈજ મળ્યું નહિ. મળી માત્ર જુવાર. હવે શું થાય?

જુવારને સાફ કરાવી, પછી તેને પાણીમાં બાફીને અંદર મસાલો કર્યો. જુવારની ભૂંસી હતી તેનાં ઢોકળાં કરવા ધર્યાં, પણ કંઈ મેળ પડ્યો નહિ. બધું કાચા જેવું રહ્યું. કશું સારું થયુ નહિ. શ્રીને ભોગ તો ધરવા પડ્યા; પણ મનમાં ઘણો ખેદ થયો, 'અરે રે, અન્નકૂટનો દિવસ અને મારા ઠાકોરજીને આવું ધરવું પડ્યું! કેવી મોટી ભૂલ થઈ ગઈ! પ્રભુને કેટલો શ્રમ પડ્યો!' એમણે પણ એ જ પ્રસાદ લીધો.

મનમા દુઃખ કરતા એ બપોરે સૂઈ ગયા. થોડી વારમાં શ્રીઠાકોરજીની આજ્ઞા સંભળાઈ : 'આજે તો મારા પેટમાં દુઃખે છે, કંઈક દવા લેવી છે.' એ બેઠા થઈ ગયા. પાસે અજમો-મીઠું હતાં, તે ધરીને લાલનને ઘણા કાલાવાલા કર્યા. અપરાધની ક્ષમા માગી. ભગવાને વ્યાધિ ન હોય; છતાં ભક્તના ભાવને પોષવા પ્રભુ એનો પણ અંગીકાર કરે છે. ભૂખ, તરસ, ટાઢ, તાપ, બીક - બધું જ સ્વીકારે છે અને પાછું ભક્તને એ જતાવે છે! પુષ્ટિપુરુષોત્તમનું આ છે અટપટું વિરુદ્ધ-ધર્માશ્રયી સ્વરૂપ. અનેક ભગવદીયોના અનુભવની આ વાત સાચી છે!

હવે નરહરિ જોષીના જીવન-પ્રસંગ જોઈએ :

(૧)

એક વાર એ પ્રવાસે નીકળેલા. એક સ્થળે બહાર મુકામ થયો. જળાશયને કાંઠે રસોઈ કરી. બધું તૈયાર થઈ ગયું. ત્યાં તો પાસેના વૃક્ષ પરથી દસેક વર્ષનો એક બાળક ઊતરતો દેખાયો. એણે આવીને કહ્યાં : 'મને ભૂખ લાગી છે, ખાવાનું આપો.'

પણ નરહરિ જોષીને એ આપવું ઠીક ન લાગ્યું. એમણે ના કહી દીધી. બાળક વૃક્ષ પર ચઢીને અદૃશ્ય થઈ ગયું. પાછું બીજા મુકામે પણ આ જ રીતે બન્યું. એમણે એને કંઈ આપ્યું નહિ.

એ જ્યારે ઘેર પાછા આવ્યા ત્યારે જગન્નાથ જોષીએ એમને સામેથી પૂછ્યું: 'મોટાભાઈ, અમુક દિવસે તમારે આવું બનેલું ખરું કે?'

વાત એમ હતી કે શ્રીઠાકોરજી જ બાળકનું સ્વરૂપ ધરીને એમના પર કૃપા કરવા, સામગ્રી માગીને આરોગવા પધારેલા. પછી એ વાત જગન્નાથ જોષીને જણાવેલી. એટલે એમણે વાત કરી.

વાત કરીને નરહરિ જોષીને પશ્ચાત્તાપ થયો : 'અરે, સાક્ષાત્ પ્રભુએ પધારીને માગ્યું અને મેં ભૂંડાએ ન આપ્યું! મારાથી કેવી ભૂલ થઈ ગઈ!'

શ્રીઠાકોરજીએ ભગવદીયોને આવા અનુભવો કરાવ્યા છે. એ રીતે એમના સ્નેહભાવને સુદૃઢ કર્યો છે.

(૨)

આ નરહરિ જોષીએ મહીધરભાઈ-ફૂલબાઈનું ઘર અલીણાની આગમાં બચાવેલું છે, તે પ્રસંગ પણ જાણવા જેવો છે :

શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક ખેરાળુ-નિવાસી નરહરિ જોષી કેવા ભગવદીય હતા! એમનામાં કેવું અલૌકિક સામર્થ્ય આવેલું છે, તેનો આ એક નાનકડો પ્રસંગ છે.

ગુજરાતમાં અલીણા ગામે એમના એક યજમાન હતા મહીધરભાઈ. મહીધરભાઈને એક બહેન હતાં ફૂલબાઈ. બંને જણ સાથે રહેતાં. ઘણાં જ ધર્મિષ્ઠ હતાં.

નરહરિ જોષી વૈષ્ણવ થયા પછી, એક વાર અલીણા આવ્યા. મનમાં આવ્યું કે મારાં આ યજમાનો કેવાં સજ્જન છે! દૈવી જીવ વિના આવી દીનતા, સરળતા, ધાર્મિકતા હોય નહિ. પણ એ શ્રીમહાપ્રભુજીનાં સેવક નથી. જો થાય તો એમનો બેડો પાર થઈ જાય. હું એમને કહું તો ખરો. પ્રભુકૃપા હશે તો મનમાં ઊતરશે. એમણે સૂચન કર્યું:

'જુઓ ભાઈ, તમે બંને પુણ્યદાન, તીર્થ-વ્રજ-તપ ઈત્યાદિ ઘણું કરો છો તે સારી વાત છે; પરંતુ આ કલયુગમાં કેવળ શાસ્ત્રોક્ત સાધનોથી જીવનો ઉદ્ધાર સરળતાથી થતો નથી. મારો અનુભવ તો એવો છે કે સમર્થ આચાર્ય શ્રીવલ્લભાચાર્યજીને શરણે જવાથી, એમની કૃપાથી, એમણે બતાવેલા માર્ગે ચાલવાથી ભગવાન શ્રીકૃષ્ણની કૃપા ઘણી સહેલાઈથી પ્રાપ્ત થાય છે. એ કૃપા દ્વારા જીવને સરળતાથી ભગવદ્-ધામની પ્રાપ્તિ થાય છે. તમે મારાં યજમાન છો, મારા પર પ્રેમભાવ રાખો છો, તો તમારા હિતની સાચી વાત કહું કે તમે બંને શ્રીમહાપ્રભુજીનાં સેવક થઈ જાઓ તો ઘણું સારું.'

નરહરિભાઈના હૃદયની વાણી તરત જ એમના અંતરમાં ઊતરી ગઈ.

આપેલી સલાહ બદલ એ આભાર માનવા લાગ્યાં. શ્રીમહાપ્રભુજીને પધરાવવા વિનંતીપત્ર લખવા આગ્રહ કર્યો.

આપશ્રી ખેરાળુ પધાર્યા. ભાઈ-બહેન પણ ખેરાળુ આવ્યાં. અલીણા પધારવા શ્રીમહાપ્રભુજીને ઘણી વિનંતી કરી. આપશ્રીએ સંમતિ આપી. ભાઈબહેને નરહરિભાઈને સાથે લીધા અને શ્રીમહાપ્રભુજીને પ્રેમથી પોતાને ગામ પધરાવ્યા. ગામમાં ખૂબ જ ધામધૂમથી વાજતે-ગાજતે, પુષ્પવૃષ્ટિ અને સોના-ચાંદીનાં ફૂલ ઉછાળતાં, આપશ્રીને પોતાને ઘેર પધરાવ્યા.

શ્રીવલ્લભે કૃપા કરીને બંનેને શરણે લીધાં. ભગવત્સેવા પધરાવી. ઘણી કૃપા કરી. પાંચેક દિવસ એમને ઘેર બિરાજ્યા.

આ બધું જોઈને નરહરિ જોષીને પણ ઘણો આનંદ થયો. ખેરાળુ આવીને નાના ભાઈ જગન્નાથ જોષીને, પોતાના યજમાનના ભાવપ્રેમની અને તેમના પર થયેલી કૃપાની ઘણી વાતો કરી.

આ વાતને થોડોક સમય વીત્યો છે. નરહરિ જોષી એક દિવસ ખેરાળુમાં નદીએ નહાવા ગયા છે. સવારનો સમય છે. નાહિને આવતાં નદીના જળની ગાગર અને એક છાબમાં ફૂલ-તુલસી વગડામાંથી લઈને ચાલ્યા આવે છે. ચાલતાં ચાલતાં એમનાં મનઃચક્ષુ સમક્ષ એક દૃશ્ય દેખાવા લાગ્યું. કેવું દૃશ્ય? અલીણા ગામમાં આગ લાગી છે, લોકો ભયભીત બનીને દોડાદોડી કરી રહ્યાં છે!

એમને પોતાનાં યજમાન યાદ આવ્યાં. એમનું શું થશે? અરે, મોટી સંપત્તિવાળું ઘર છે. આગમાં સપડાય તો બાકી શું રહે? અને હમણાં જ તાજાં વૈષ્ણવો થયાં છે. હજુ ભાવની દૃઢતા પણ પૂરી ન હોય અને જો આવું બને તો કદાચ મનમાં અભાવ પણ આવી જાય કે 'અત્યાર સુધી સુખી હતાં, વૈષ્ણવો થયાં એટલે દુઃખી થયાં!'

આમ અભાવ આવે તો એમનું અલૌકિક બગડે. મારા કહેવાથી એ વૈષ્ણવો થયાં છે. મારા સત્સંગમાં છે. સદ્ભાવ રાખે છે, તો મારે કંઈક કરવું જોઈએ. શું કરું? એ વિચારી રહ્યા છે.

પ્રભુનું સ્મરણ કર્યું. પછી તુલસીની છાબ જમીન પર મૂકી. ભાવના કરી કે આ મારા યજમાનનું ઘર છે. જાણે એની આસપાસ આગ છે. એ આગને હું ઓલવું છું, જેથી એમના ઘર સુધી જાય નહિ.

ગાગરમાંથી જળ લેતા જાય છે. અષ્ટાક્ષર મંત્ર બોલીને છાબની આસપાસ છાંટતા જાય છે. હવે એમના મન સમક્ષ દેખાય છે કે ભાઈ-બહેનનું ઘર આગથી બચી ગયું છે. છાબ-ગાગર લઈને એ ઘેર આવ્યા. વાત મનમાં રાખી. કોઈને પણ કરી નહિ.

પંછી થોડા દિવસમાં એમને કામ પ્રસંગે અલીણા જવાનું થયું. ભાઈ-બહેનને મળ્યા. એમણે નરહરિ જોષીને આગની બધી વાત કરીઃ 'પુરોહિતજી, ગામમાં કેર વર્તાઈ ગયો. આજુબાજુનાં ઘર બળી ગયાં, પણ શ્રીમહાપ્રભુજીની કૃપાથી અમારા ઘરને ઊની આંચ આવી નથી.'

નરહરિભાઈ કહે છે : હા ભાઈ, શ્રીવલ્લભનો કૃપાપ્રતાપ એવો જ છે, હોં.'

પોતે કરેલા અલૌકિક પ્રયાસ વિષે તો એમને કંઈ કહ્યું જ નહિ. એમને ક્યાં પોતાનું મહાત્મ્ય વધારવું હતું?' યજમાનની ભગવદ્ધર્મની નિષ્ઠા વધારવા માટે કર્યું હતું. વળી, જે બચ્યું તેને પોતે શ્રીવલ્લભનો કૃપાપ્રતાપ જ માનતા હતા. પોતાને તો નિમિત્તરૂપ ગણતા હતા. પોતાનું સામર્થ્ય વિચારે તો દૈન્યભાવમાં ઊણપ આવી જાય.

નરહરિ જોષી પાછા ખેરાળુ આવ્યા. જગન્નાથ જોષીને બનેલી વાત કહી. નાના ભાઈ પણ આ બધું જાણીને પ્રસન્ન થયા.

ધન્ય છે સર્વસામર્થ્યવાન શ્રીવલ્લભને અને આપશ્રીના આવા સમર્થ સેવકોને!

સિદ્ધાંત નવનીત

(૧) આ બેઠકજીનું નવનિર્માણ (જીર્ણોદ્ધાર) હમણાં જ સં.૨૦૩૭ માં થયું. વિશાળ સ્થળ છે, રહેવાની પણ સુંદર સગવડ છે. અનેક વૈષ્ણવો આ ભાવાત્મક સ્થળે દર્શનનો લાભ લઈ રહ્યા છે.

(૨) શ્રીમહાપ્રભુજી સાથે આપનું નિધિ-સ્વરૂપ શ્રીબાલકૃષ્ણજી બિરાજે છે. ગરમ ખીર ધર્યાના પ્રસંગ ઉપર જોઈ ગયા. તેનાથી શ્રીહસ્ત દાઝેલો અને છાંટા અંગ પર ઊડેલા, તેનાં ચિહ્નો આજે પણ શ્રીઅંગ પર દૃષ્ટિગોચર થાય છે. વસ્ત્રાદિ ધરેલાં ન હોય ત્યારે, સ્વરૂપના પૃષ્ઠભાગમાં ચિહ્નો દેખાય છે. મહેસાણા જિલ્લામાં શ્રીમહાપ્રભુજીનું નિધિ-સ્વરૂપ આ એક જ - શ્રીબાલકૃષ્ણજી છે, જે અવશ્ય દર્શનીય છે.

(૩) શ્રીમહાપ્રભુજી ત્રણેય પરિક્રમા વખતે ખેરાળુ પધારેલા. પ્રથમ વખતે માતાને આકર્ષણ થયું. પછી પધાર્યા ત્યારે તેમને ત્યાં પરાપૂર્વથી બિરાજતા, શ્રીવિઠ્ઠલનાથજી અને શ્રીમદમોહનજીને સેવ્ય કરી આપ્યા તેમજ માતાની વિનંતીથી પોતાનાં ઝારીજી પધરાવી આપ્યાં. તે પછી પધાર્યા, ત્યારે કૃષ્ણદેવ રાજાએ આપને ભેટ કરેલું ચમ્મર ત્યાં પધરાવેલું. તેનો દંડ (દંડો) હજુ અહીં છે, વળી, પાદુકાજી, આપના હસ્તાક્ષર, આપનાં ભાગવત પોથીજી પણ અહીં બિરાજે છે.

(૪) **ખેરાળુનાં બેઠકજી :** શ્રીમહાપ્રભુજીએ એમના જ ઘરમાં સાત દિવસ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પારાયણ કરેલું અને ત્યારથી ત્યાં આપની બેઠક પ્રસિદ્ધ થઈ છે. એટલું જ નહિ, એમના વંશજો જ અદ્યાપિ પર્યન્ત ત્યાં સુંદર રીતે સેવા કરી રહ્યા છે. વાર્તાની વાસ્તવિકતાનું આથી વિશેષ પ્રમાણ બીજું શું જોઈએ!

વૈષ્ણવ પરિચય

(૧) નામ : મોટા પુત્ર - નરહરિભાઈ જોષી; નાના પુત્ર : જગન્નાથ જોષી; માતાઃ વાર્તા-સાહિત્યમાં નામ જણાવેલું નથી.

(૨) જ્ઞાતિ : બ્રાહ્મણ

(૩) વતન : ખેરાળુ, જિ. મહેસાણા

(૪) સેવ્ય સ્વરૂપ : શ્રીબાલકૃષ્ણલાલજી; જે આજે પણ ખેરાળુ (શ્રીમાળીવાડો) માં તેમના ઘરમાં તેમના વંશજ શ્રી બાબુભાઈના માથે બિરાજે છે.

(૫) લીલા સ્વરૂપ : માતા - શ્રીસ્વામિનીજીનાં સખી છબિસિંધી;
નરહરિ જોષી - છબિસિંઘીની સખી ગંધરેખા;
જગન્નાથ જોષી - છબિસિંઘીની બીજી સખી સોજની.

■

૭ : ગર્વ ગળી ગયો ત્યારે

(૩૨. રાણા વ્યાસ, ગોધરાના)

કાશી નગરી. હનુમાન ઘાટ. ગંગાજીનો ધસમસતો જલ-પ્રવાહ છે. લગભગ રાત પડવા આવી છે. કોઈક બ્રાહ્મણ આવતા દેખાય છે. લાગે છે કે એમના મનમાં ભારે દુઃખ વ્યાપી ગયું છે. ઘાટ આગળ એ આમતેમ ફરી રહ્યા છે.

શ્રીવલ્લભાધીશ સાયંસંધ્યા કાજે, સેવકો સાથે, ઘાટ પર પધારે છે. બ્રાહ્મણને આપશ્રીનાં દર્શન થાય છે. મન આકર્ષાય છે. ઘડીભર એ પોતાનું દુઃખ પણ ભૂલી જાય છે. સ્તબ્ધ બનીને એ દર્શન કરી રહ્યા છે.

કૃષ્ણદાસ મેઘનના મનમાં કંઈક પ્રેરણા થતાં, એ આપશ્રીને વિનંતી કરે છેઃ ‘કૃપાનાથ, એક વિચાર આવે છે. વિનંતી કરું? કેટલાક કહે છે કે અહીં ગંગાજીમાં ડૂબીને મરી જાય તેને મોટું ફળ પ્રાપ્ત થાય. એ વાત ખરી હશે?’

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છેઃ ‘ભગવાને આપેલા સુંદર દેહને ભગવાનની સેવામાં યોજવાને બદલે એનો નાશ નોતરે, એને વળી ફળ કેવું! તેમાંય વળી અહંકાર કરીને કે કોઈની સાથે લડીને ડૂબી મરે તો તે સર્પયોનિને પામે છે અને મહાદુઃખી થાય છે. એને મહાપાપી સમજવો.’

પાસે ઊભેલા બ્રાહ્મણ ચમક્યા. એ ગોધરાના પંડિત રાણા વ્યાસ હતા. એમને લાગ્યું કે આ મહાપુરુષ મને સંભળાવવા જ કહી રહ્યા છે. હું અજાણ્યો છું, છતાં એમણે મારા મનની વાત કેવી રીતે જાણી? અવશ્ય એમનામાં અલૌકિક સામર્થ્ય છે!

મનનું આકર્ષણ વધુ દૃઢ થયું. પાસે આવીને એ નમી પડ્યા, ‘પ્રભો! આપે મને મહાપાપમાંથી બચાવ્યો. અંધારું થવાની જ હું રાહ જોતો હતો. કોઈ જુએ નહિ તેમ ગંગાજીમાં ડૂબી મરવા હું ઊભો હતો. આપે મને જીવતદાન આપ્યું છે. હવે મને આપને શરણે લો. મારા પર કૃપા કરો.’

શ્રીવલ્લભે એમના પ્રતિ કૃપાદૃષ્ટિ કરી. કૃષ્ણદાસ મેઘને પૂછ્યું : ‘ભાઈ, તમે કોણ છો? ક્યાંના છો? શા માટે આત્મઘાતનો માર્ગ શોધતા હતા? તમારો પરિચય તો આપો.’

રાણા વ્યાસ કહે છે : ‘આપશ્રી મારું બધું જ જાણી ગયા છે, છતાં આજ્ઞા કરો છો તો કહું.’ એમણે શરૂઆતથી માંડીને વાત કરી.

◆

રાણા વ્યાસ બાર વર્ષની વયે જ કોઈક સંન્યાસીના સંપર્કમાં આવેલા. એ સાધુ ચાર ધામની યાત્રા કરી આવેલો હતો. એણે યાત્રાધામોનું એવું રંગીન વર્ણન કર્યું, એ ધામોનું એવું માહાત્મ્ય સમજાવ્યું કે ઉત્સાહી બાળકનું મન યાત્રા માટે આતુર થઈ ગયું. માતા-પિતા તો રજા આપે જ શાનાં? એટલે ભાઈસાહેબે કોઈને કહ્યા વિના એકલા જ ઘેરથી નીકળી પડ્યા. ઉત્તરે બદ્રીનાથજી, દક્ષિણે રંગનાથજી, પૂર્વમાં જગન્નાથજી અને પશ્ચિમે દ્વારકાના શ્રીરણછોડજીનાં દર્શન કર્યાં. વચમાં બીજું ઘણું બધું જોયું; છતાં કોઈ સ્થળે એને પૂરો સંતોષ ન થયો. જ્યાં ગયા ત્યાં કંઈ ને કંઈ મુશ્કેલીઓ આવી. જગન્નાથપુરીમાં તો એવા માંદા પડ્યા કે એક મહિને સાજા થયા.

છેવટે ઘર સાંભર્યું - ધરતીનો છેડો ઘર! આઠ વર્ષે એ પાછા આવ્યા. માતાપિતા વૃદ્ધ થયાં હતાં. પુત્રની ચિંતાથી દેહ જીર્ણ થઈ ગયો હતો. દીકરાને પાછો આવેલો જોઈને રાજી થયાં. પિતા કહે છે : ‘બેટા, અમે બહુ દુઃખી થયાં. તું ક્યાં ચાલ્યો ગયેલો? વારુ, ઘેર હોત તો અત્યારે તો તારું લગ્ન થઈ ગયું હોત. હવે પણ ન્યાતજાતની રીતે રહે, તો કોઈ કન્યા આપે.’

પુત્ર કહે છે : ‘પિતાજી, મારે પરણવું જ નથી ને! હું તો ઈન્દ્રિયજિત છું. સદા બ્રહ્મચારી રહીશ. સંસારમાં પડીને શું નરકમાં જાઉં?’

પિતા કંઈ બોલ્યા નહિ, વધુ કહેવું નકામું હતું. જાણતા હતા કે પુત્રમાં અહંભાવ ઘણો છે. એ કોઈનું કહેવું નહિ માને. પોતાનું ધાર્યું જ કરવાનો અને હવે ક્યાં એમને જોવા રહેવું છે? માતાપિતા બંને મરણોન્મુખ હતાં. થોડાક સમયમાં બંને ગુજરી ગયાં. દસેક હજારની મૂડી પુત્રના હાથમાં આવી. ઈન્દ્રિયજિત હોવાના અહંકારની સાથે વળી ધનમદ ઉમેરાયો. ગામમાં કોઈને ગાંઠે નહિ. બોલાવ્યા બોલે નહિ. ચાર ધામની યાત્રા કરનાર, અનેક સાધુસંન્યાસીઓ પાસેથી જ્ઞાન મેળવનાર એના જેવું બીજું કોણ હતું? પોતાની જાતને સિદ્ધ પુરુષ માનવા લાગ્યા. વેષ પણ સિદ્ધ સાધુ જેવો રાખ્યો. જાતિએ બ્રાહ્મણ તો હતા જ!

ગામના ભોળા લોકો એનાથી અંજાયા. એના સેવક થઈને કંઠી બાંધવા લાગ્યા. માન-મરતબો વધતો ગયો. એમ દિવસો વીતાવા માંડ્યા.

એક દિવસ વિચાર થયો : 'અહીંના લોકો તો અજ્ઞાન અને મૂર્ખ છે. મારી વિદ્યાની અહીં સાચી કદર કોણ કરી શકે? જ્યાં જ્ઞાનીઓ વસતા હોય ત્યાં જવું અને વધુ વિદ્યા પણ મેળવવી.'

આવો વિચાર કરી એ કાશી ઊપડ્યા. વિદ્યાની નગરી છે. બહુ ભણ્યા પછી સભાઓમાં જઈને વાદવિવાદ અને શાસ્ત્રાર્થો કરવા લાગ્યા. પંડિતજીને માન મળવા લાગ્યું. પણ એક વખત જુદું જ બની ગયું. દૈવયોગે એક સભામાં શાસ્ત્રાર્થમાં એ હાર્યા. બોલવામાં એવી ભૂલ થઈ ગઈ કે એમનો હુરિયો બોલાયો.

'સંભાવિતસ્ય ચાકીર્તિઃ મરણાદતિરુચ્યતે ।' પ્રતિષ્ઠા મેળવેલા એ પંડિતને હારવાથી ભારે દુઃખ થયું. એ સહન ન કરી શક્યા. લાગ્યું કે હવે કોઈને મોં બતાવાશે નહિ. જીવવા કરતાં મરવું સારું છે. ગંગાજીનું માહાત્મ્ય સાંભળેલું. ડૂબીને જીવનનો અંત લાવવા એ કૃતનિશ્ચયી બન્યા.

આ બધી જ વાત એમણે કહી દીધી.

રાણા વ્યાસે શ્રીવલ્લભને સેવક કરવાની વિનંતી કરી, ત્યારે આપશ્રી આજ્ઞા કરે છે : 'અરે પંડિતજી, તમે તો સ્વામી છો. બીજાઓને સેવક કર્યા છે. તમે અમારા સેવક થઈને શું કરશો?'

વ્યાસજી કહે છે : 'મહારાજ! સ્વામીપણું આજથી છોડ્યું. પંડિતાઈ અવળી પડી, તેથી તો મરવા વખત આવ્યો. હવે મને ભૂલ સમજાઈ છે. આપનાં દર્શનથી મારો ગર્વ ગળી ગયો છે, પ્રભુ.'

શ્રીવલ્લભે કૃપા કરીને નામનિવેદન કરાવ્યું. પછી એક પાઠ શીખવ્યો, 'ચતુઃશ્લોકી'નો. ત્યાં તો હૃદયમાં પ્રકાશ પથરાયો : 'કૃપાનાથ, હવે મારું કર્તવ્ય બતાવો.' એમણે વિનંતી કરી.

શ્રીવલ્લભ આજ્ઞા કરે છે : 'બીજું પછી. પહેલાં તો કોઈ પંડિતસભામાં જા. હું કહું છું કે તું જ્યાં જઈશ ત્યાં જીતીને આવીશ; પણ જોજે, લેશ પણ અહંકાર ન કરતો. સમજી લે કે હારજીત બંને ભગવદિચ્છાને આધિન હોય છે. હારવાથી શોક ન થાય; જીતવાથી હર્ષ ન થાય - એવું થવું જોઈએ.'

રાણા વ્યાસ ગયા. જીતીને આવ્યા. મનમાં જે વિષાદ હતો તે દૂર થઈ ગયો. પછી આપશ્રીએ સેવા માટે સ્વરૂપ પધરાવી આપ્યું. એ ગોધરા આવ્યા, પોતાને ઘેર. ભટકવાની મનોવૃત્તિ બદલાઈ ગઈ.

પુષ્ટિ-ભક્તિની એ વિશેષતા છે કે ભગવાન પોતે પોતાના જનોના અહંતા-મમતા આદિ દોષો દૂર કરે છે. એને એવા સંજોગોમાંથી પસાર કરે છે કે જે કંઈ અભિમાન કે ગર્વ હોય તે આપોઆપ ગળી જાય અને દીનતા આવે.

દીનતા ક્યારે આવે? કોઈનો કોઈ મોટો દોષ થઈ જાય, બદનામી થાય, પોતાના દોષનું ભાન થાય, ગુણનું અભિમાન છૂટે ત્યારે દીનતા સ્ફૂરે. લોકપ્રતિષ્ઠાનો મદ હોય તો લોકોમાં અપકીર્તિ થાય ત્યારે દીનતા આવે. પુષ્ટિ પુરુષોત્તમની પ્રસન્નતાનું સાધન એક જ છે : 'દૈન્યં તત્તોષ સાધનમ્ ।'

હવે રાણા વ્યાસ ઉપર વિશેષ કૃપા કરવી છે. પંડિતાઈનો મદ તો દૂર થયો હતો, પણ બીજો મદ હજુ બાકી હતો. 'હું બાલ-બ્રહ્મચારી છું, સાચો ઈન્દ્રિયજિત છું, મારા જેવું કોણ હશે?' આગળ વધવામાં આ મોટો અંતરાય હતો. બ્રહ્મચર્યનું પાલન એ તો ઉત્તમ તત્ત્વ છે. નારાયણદાસ બ્રહ્મચારી કેવા મહાનુભાવી હતા! કેમ કે એમને આવું કોઈ અભિમાન નહોતું.

ઈન્દ્રિયજિતપણું સારી બાબત છે. શ્રીવલ્લભની જ આજ્ઞા છે કે **'ઈન્દ્રિયાશ્વવિનિગ્રાહઃ સર્વથા ન ત્યજેત્ ।'** ઈન્દ્રિયોરૂપી ઘોડાઓને કાબૂમાં રાખવાનું સર્વથા ભૂલવું નહિ.

પરંતુ કોઈ પણ સદ્‌ગુણનું અભિમાન એ મોટો દુર્ગુણ છે. ગુણની સાથે, વિદ્યાની સાથે, ધનની સાથે નમ્રતા જોઈએ-દીનતા જોઈએ.

રાણા વ્યાસનું આ અભિમાન પુષ્ટિફળ મળવામાં બાધક રૂપ હતું. એટલે એને દૂર કરવાની ભગવાને ઈચ્છા કરી. પ્રભુ સર્વ સમર્થ છે.

એવા સંજોગો બન્યા કે રાણા વ્યાસ ગોધરાના દેસાઈ કુટુંબની કોઈ એક સ્ત્રી સાથે સંપર્કમાં આવ્યા. સ્ત્રી કદાચ રૂપવતી હશે, વિધવા હશે, ચતુર પણ હશે! આ મસ્ત બ્રહ્મચારી ઉપર મોહીને એણે કદાચ મોહીની પાથરી હશે!

રાણા વ્યાસ પણ વર્ષો સુધી બ્રહ્મચર્ય પાળ્યા પછી, સ્ત્રીના નિકટ પરિચયમાં આવતાં ઢીલા પડ્યા હશે. મનમાં વિકૃતિ પ્રવેશી હશે. ગમે તેમ હો, પણ પરિણામ એ આવ્યું કે બંને વચ્ચે અનુચિત સંબંધ બંધાઈ ગયો.

મોટા તપસ્વીઓ હજારો વર્ષના તપ પછી પણ અપ્સરાઓથી ચળીને તપભંગ થયા છે. સૌભરિ ઋષિ જેવા મત્સ્યનો વિહાર જોઈને સંયમ ચૂકી ગયા; તો

કલિયુગના માનવીનું કેટલું ગજું? અને ભગવાન ધારે ત્યારે વાર કેટલી? ખેર, રાણા વ્યાસ એ સ્ત્રીમાં ફસાઈ ગયા.

દયારામભાઈના પેલા પદ જેવી સ્થિતિ થઈ હશે :

જીવ જાણી લે જાર પ્રીત, જગદીશ વિના નવ સારી.
મન માની લે, પૂછી જો, અનુભવી હોય જે નર-નારી.
એમાં ડાહ્યા ઘેલા થઈ જાયે, વણતેડ્યા તે પૂંઠઈ ધાયે.
એ દુઃખ કોઈને ન કહેવાયે....જીવ જાણી લે.

ચોરે ને ચૌટે એની ચકચાર જામી હશે. વાત બીજાં ગામોમાં પણ પ્રસરી હશે. રાણા વ્યાસના પ્રશંસક ખેરાળુના ભગવદીય જગન્નાથ જોષી પણ એ જાણીને એમની પાસે દોડ્યા આવ્યા હશે.

જગન્નાથ જોષી ગોધરા આવ્યા છે. એમના ઘરમાં જ છે. એમને ગુપ્ત બાતમી મળી ગઈ કે રાણા વ્યાસની અનીતિની વાત રાજા સુધી પહોંચી છે અને એ કોપ્યો છે. પકડીને ભારે શિક્ષા કરવાનો છે.

એમના હિતચિંતક જગન્નાથ જોષી જાગૃત થઈ ગયા. રાણા વ્યાસ અને દેસાઈની સ્ત્રી બંનેને બહારગામ રવાના કરી દીધાં. હિંમત આપી : 'જરાયે ચિંતા ન કરશો. પ્રભુકૃપાથી હું બધું સંભાળી લઈશ. મામલો પતી જશે, એટલે પાછાં બોલાવી લઈશ.'

ખરેખર બીજે જ દિવસે રાજાના સિપાઈઓ આવ્યા, રાણા વ્યાસને દરબારમાં પકડી જવા માટે સ્તો! જગન્નાથ જોષી જવાબ દે છે : 'નથી. કામ આવી પડ્યું તે બહારગામ ગયા છે. ચાલો, હું તમારી સાથે આવું.'

એ રાજાની સામે જઈને ઊભા રહ્યા. રાજા પૂછે છે : 'રાણા વ્યાસ ક્યાં છે? મારે એમનું કામ છે.'

'એ તો પરગામ ગયા છે. એને બદલે હું આવ્યો છું. જે કામ હોય તે મને ફરમાવો, રાજા સાહેબ.'

'તમને શું કરું? અનીતિ એણે આચરી છે, મારા રાજ્યનો કાયદો છે કે એવાઓને કડકમાં કડક સજા કરવી.'

'પણ સાહેબ! રાણા વ્યાસ એવું કરે જ નહિ. એ વાત જ ખોટી હોય તો? કોઈએ આપને જુઠ્ઠી ચાડી કરી હોય તો?'

'તમે સાબિત કરી શકશો? સાબિતી વિના કેમ માની શકું?'

'સાહેબ, દુનિયા દુરાચારી છે. લોકો પોતાના જેવા જ બીજાને જુએ છે. દોષદૃષ્ટિ એ માણસનો સ્વભાવ છે. હું રાણા વ્યાસના ખાસ પરિચયમાં છું. કહું છું કે એ બાલ બ્રહ્મચારી સાચા ભક્ત છે. એમનામાં કોઈ દૂષણ હોઈ શકે જ નહિ.'

'તમે બોલો એ મારે માની લેવું?' રાજાએ ગુસ્સો ઠાલવ્યો.

'ના. પણ તમે કઈ રીતે માની શકો તે જણાવો. તમે કહો તે કરવા તૈયાર છું.' જગન્નાથ જોષી બોલ્યા.

અને રાજાને ગાડાના પૈડાની લોખંડની વાટ મંગાવી. એને લાલચોળ તપાવવાનો હુકમ કર્યો. એ તપીને તૈયાર થઈ ગઈ ત્યારે રાજાએ કહ્યું, 'ચાલો, હવે આ ઉપાડો જોઈએ. તમે કેટલા સાચા છો તે ખબર પડી જશે.'

જગન્નાથ જોષી બોલ્યા : 'હે અગ્નિદેવ! મારા મિત્ર રાણા વ્યાસ નિર્દોષ હોય તો મને ઈજા કરીશ નહિ. જો ખરેખર અનીતિ કરી હોય તો મને બાળજે.'

અને એ ધગધગતી વાટ હાથમાં ઊંચકી લીધી. પછી એને ગળામાં નાખી અને રાખી. જાણે શીતળ સુકોમળ પુષ્પમાળા ન પહેરી હોય!

સૌ સ્તબ્ધ થઈ ગયા. રાજા આશ્ચર્યથી બોલી ઊઠ્યા : 'કાઢો, કાઢો જોષીજી. તમે સાચા છો, સાચા. હું જુઠ્ઠા ભ્રમમાં હતો.'

જોષીજી કહે છે : 'સાહેબ, આપ કહો તેના ગળામાં નાખું. વાટ કેવી છે તેની પૂરી ખબર પડી જશે.'

રાજા કહે છે : 'એને ભોંય પર જ રાખો.' જોષીએ વાટને કાઢીને જમીન પર ફેંકી. એ ભારે આનંદમાં હતા, પણ વાટ જ્યાં પડી ત્યાં જમીન ધગધગી ગઈ. દરબારીઓ 'ધન્ય ધન્ય' પોકારી રહ્યા હતા.

રાજા કહે છે : 'જોષીજી, તમે કંઈક માગો. જે માગશો તે આપીશ.'

એ કહે છે : 'મારે કંઈ ન જોઈએ. બસ, એટલું કરજો કે આ ચુગલી કરનારને કંઈ શિક્ષા ન કરશો.'

ભક્તહૃદયની નિર્વૈરતા જોઈને રાજા ચકિત થયો. માન સાથે જોષીજીને ઘેર મોકલ્યા. બીજે દીવસે એમણે રાણા વ્યાસને બહારગામથી બોલાવી લીધા. બનેલી બધી વાત જાણીને એ ગદ્‌ગદિત થઈ ગયા : 'ભાઈ, મારે લીધે તમારે કેટલો બધો શ્રમ લેવો પડ્યો!'

પછી તો જોષીજી રાણા વ્યાસને પોતાની સાથે ખેરાળુ લઈ ગયા. પોતાને ઘેર જ રાખ્યા. સાથે મળીને સેવા-સ્મરણ કરવા લાગ્યા.

આમ ગર્વ ગળી ગયો ત્યારે સાચી દીનતા સિદ્ધ થઈ. પ્રભુ વિવિધ પ્રકારે અનુભવ જતાવવા લાગ્યા. જીવન કૃતાર્થ થઈ ગયું.

રાણા વ્યાસ પાછલી વયમાં સિદ્ધપુર જઈને રહ્યા. એક દિવસ જગન્નાથ જોષી ખેરાળુથી તેમને મળવા સિદ્ધપુર આવ્યા. બંને સવારે સ્નાન કરવા સરસ્વતી નદીના કિનારે ગયા. ત્યાં સ્નાન કરી, સંધ્યાવંદન કરતા હતા, ત્યારે એક રજપુતાણી તેના મૃત પતિના પાછળ સતી થવા ત્યાં આવી. તે દૃશ્ય જોઈને જગન્નાથ જોષીએ રાણા વ્યાસને પૂછ્યું : 'વ્યાસજી, સતી થવાથી શું ફળ મળે?'

'મરેલાની સાથે જીવતો માણસ સળગી જાય, તો તેનાથી કોઈ ફળ ન મળે. પ્રભુએ આપેલો સુંદર દેહ પ્રભુની સેવામાં કામ આવે, તો જ તેનો ઉદ્ધાર થાય. આ દેહ તો રથ છે. અગિયાર ઈન્દ્રિયો તેના ઘોડા છે. મન સારથિ છે. બુદ્ધિ લગામ છે. ચિત્ત પરોણો છે. તે સૌની મદદથી દેહમાં રહેલો આત્મા સેવા-સત્સંગ દ્વારા ભગવદ્‌ધામની યાત્રાએ નીકળે, તો તેમાં દેહની સાર્થકતા છે. બળી મરવું એ તો જન્મ વૃથા ગુમાવવા જેવું છે.'

આજ વખતે રજપુતાણીની દૃષ્ટિ રાણા વ્યાસ પર પડી. વ્યાસજીને નકારમાં માથું હલાવતા જોઈ, તેને સતી બનવા ચઢેલું સત ઓગળી ગયું. તેણે સાથે આવેલાં સ્વજનોને કહ્યું : 'મારે સતી નથી બનવું.'

'હવે, તારાથી પાછાં ન જવાય. તને ઘરમાં રખાય જ નહિ. તું સ્વેચ્છાએ સતી નહિ બને, તો તને બળજબરીથી સળગાવી દઈશું.'

'ના, મને બાળશો નહિ. તમારી ઈચ્છા નહિ હોય, તો ઘેર પાછી નહિ ફરું. જો તમે મને બળજબરીથી બાળશો, તો તમને સ્ત્રી-હત્યા લાગશે. તમને મારા સમ છે.'

તેનાં સ્વજનોએ તેની વાત માની. તે સ્ત્રી ત્યાં જ ઝૂંપડી બનાવીને રહી.

બીજા દિવસે વ્યાસજી જોષીજીની સાથે સ્નાન-સંધ્યા કરવા આવ્યા, ત્યારે તે રજપુતાણીએ તેમને માથું હલાવવાનું કારણ પૂછ્યું.

'બાઈ, અમે તો અમારી વાત કરતા હતા.'

'ના, સાચું કહો. તમે માથું હલાવ્યું ને મારું સત ઊતરી ગયું.'

રાણા વ્યાસે વિસ્તારથી મનુષ્ય-જીવનનાં કર્તવ્ય સમજાવ્યું, 'આપે મને મરતી વખતે બચાવી છે. આપ બતાવો તેમ ભગવાનનું સ્મરણ કરું. મારો પરલોક સુધારો.'

'હમણાં તારે સૂતક છે. સૂતક નીકળ્યા પછી વાત.'

સૂતકના દિવસો વિરહની વ્યાકુળતામાં જેમ તેમ કરી વિતાવ્યા. ત્યાર બાદ તે સ્નાન કરી, કોરાં રેશમી વસ્ત્ર પહેરીને આવી. રાણા વ્યાસે શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરી, તેને અષ્ટાક્ષર મંત્ર આપ્યો. રજપુતાણીના મનમાં ભગવદ્‌ભાવ પ્રગટ્યો. રાણા વ્યાસનાં વસ્ત્રો ધોવાની સેવા કરવા લાગી. રાત-દિવસ અષ્ટાક્ષર મંત્ર જપવા લાગી. રાણા વ્યાસને ઘેર બહારની સેવા કરતી. જ્યારે શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા ત્યારે આપે તે બાઈને નામ-નિવેદન આપ્યું. પછી પ્રેમથી શ્રીઠાકોરજીની સેવા કરવા લાગી.

સિદ્ધાંત નવનીત

(૧) જગન્નાથ જોષીને રાણા વ્યાસનો સત્સંગ હતો. એમના પ્રત્યે સાચો વૈષ્ણવ-ભાવ હતો, એટલે એ ગમે તે કરે તો પણ એમના મનમાં જરાયે અભાવ નહોતો આવતો. પુષ્ટિમાર્ગના દશ મર્મનું પદ જુઓ -

ભગવદીય જાનિ સત્સંગકો અનુસરે, ન દેખે દોષ, અરુ સત્ય ભાખે.

(૨) જગન્નાથ જોષી જાણતા હતા કે રાણા વ્યાસે અનૈતિક કાર્ય કર્યું છે; છતાં એને પ્રભુની લીલારૂપે જોતા હતા. દોષદૃષ્ટિ હતી જ નહિ, તેથી રાજદરબારમાં કરેલી ખોટી પ્રતિજ્ઞા પણ પ્રભુએ સાચી ઠરાવી. શ્રદ્ધાનું બળ ઘણું મોટું છે. એમને ચોક્કસ શ્રદ્ધા હતી કે ભગવદીય ખોટું કાર્ય કરે જ નહિ. દોષદૃષ્ટિ છૂટે ત્યારે જ સત્સંગ લાગે છે.

(૩) **એવં નિરૂપિતૌ ત્યાગાત્યાગૌ સર્વત્ર સર્વશઃ ।**
ન જીવાઃ સ્વબલાત્ કિંચિત્ કર્તુમ્ શક્નુવતે સ્વતઃ ॥
(શિક્ષાપત્ર)

'આ છોડવું, આ રાખવું એવું ઘણું ઘણે ઠેકાણે કહેવામાં આવ્યું છે; છતાં જીવ પોતાના બળથી કંઈ જ કરી શકતો નથી.' - અર્થાત્ ભગવાન જેટલું કરાવે

તેટલું જ જીવ કરી શકે છે. આ સિદ્ધાંત સમજાશે તો કોઈના પ્રત્યે દોષદૃષ્ટિ રહેશે નહિ. બધું ભગવાનની લીલારૂપે જ દેખાશે. આ મનોદશા ઉચ્ચ પ્રકારની ગણાય છે.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : રાણા વ્યાસ
(૨) જ્ઞાતિ : સાંચોરા બ્રાહ્મણ
(૩) વતન : ગોધરા
(૪) કુટુંબ : એકલા, અપરિણીત
(૫) સેવ્ય-સ્વરૂપ : શ્રીબાલકૃષ્ણજી, હાલ ગો. શ્રીમથુરેશ્વરજી (સૂરત-વડોદરા) ના માથે બિરાજે છે.
(૬) લીલાનું સ્વરૂપ : નાગવેલિકા; શ્રીસ્વામિજીનાં સખી, ઈન્દુમતીનાં સખી.

■

૮ : ત્યાગી છતાં અનુરાગી

(૩૩. રામદાસ સાંચોરા)

ગુજરાતનું રાજનગર અમદાવાદ. ત્યાં સવારના પહોરમાં એક નવ વર્ષનો છોકરો તળાવની પાળ પર બેઠો હતો. થોડા સમયમાં એક વણઝારો પાંચ-દશ પોઠી લઈને ત્યાં આવ્યો. તેણે બળદોને વારાફરતી પાણી પીવડાવવા માંડ્યું. એક બળદ પાણી પીતાંની સાથે જ તળાવના કિનારે પડ્યો. પડતાંની સાથે જ તેનું મૃત્યુ થયું. અચાનક બળદ મરી જવાથી તે વણઝારો રડવા લાગ્યો. તળાવની પાળે બેઠેલા નવ વર્ષના કિશોરે આ દૃશ્ય જોયું. તેને વણઝારાને પૂછ્યું : 'તમે કેમ રડો છો?'

'મારો બળદ પાણી પીતાં જ મરી ગયો છે.'

'અરે, તારો બળદ તો અહીં પડ્યો છે. તેને ઊભો કર એટલે ચાલવા લાગશે. તે ક્યાં મર્યો છે?'

'છોકરા, હવે તે ન ઊઠે. તેનો પ્રાણ ચાલ્યો ગયો.'

'શું બધાંના પ્રાણ આમ ચાલ્યા જાય? બધાં આ રીતે મરી જાય?'

'હા છોકરા. કોઈ બે દિવસ વહેલું મરે, તો કોઈ બે દિવસ મોડું મરે; પણ મરે જરૂર. દુનિયામાં જન્મતા દરેકને એક દિવસ તો મરવું જ પડે છે.'

આ સાંભળતાં તે છોકરાને વિચાર આવ્યો, 'હું અહીં સાંચોરા બ્રાહ્મણને ત્યાં જન્મ્યો. પિતાએ ભણાવવા મોકલ્યો, પણ કંઈ ભણ્યો નથી. દુનિયામાં કશો આનંદ આવતો નથી. જો એક દિવસ મરી જ જવાનું છે તો આ ઘર, માતા-પિતા વગેરેની સાથે રહેવાથી શો ફાયદો?' આવો વિચાર કરી તે કિશોર ગામ છોડી નીકળી પડ્યો.

તેનું નામ હતું રામદાસ. નવ વર્ષની ઉંમરે તેનાં લગ્ન આઠ વર્ષની એક કન્યા સાથે થઈ ચૂક્યા હતા, પણ આ કિશોરને લગ્ન શું ચીજ છે તેનો પણ ખ્યાલ ન હતો. કિશોર આગળ ને આગળ ચાલ્યા કરતો હતો. મનમાં ત્યાગ અને વૈરાગ્ય વસી ગયાં હતાં. થોડા મહિના સુધી આમ તેણે ચાલ્યા કર્યું. એક દિવસે તે દ્વારકા આવી પહોંચ્યો. ત્યાં ગામ બહાર તળાવના કિનારે વૃક્ષ નીચે તેણે એક દિવ્ય મહાપુરુષને બેઠેલા જોયા. તેઓ કથા કરી રહ્યા હતા. તેમની પાસે થોડાક લોકો

કથા સાંભળવા બેઠા હતા. નવ વર્ષના રામદાસ પણ સૌની પાછળ ચૂપચાપ બેસી ગયા.

કથા સાંભળતાં રામદાસને લાગ્યું કે આ કોઈ કથાવાર્તા નથી, પણ દિવ્ય અમૃત વરસી રહ્યું છે. તેમણે વિચાર કર્યો, હવે તો અહીં રહીં જઉં અને આ મહાપુરુષની રોજ કથા સાંભળું. કથા પૂરી થઈ ત્યારે રામદાસ તેમની પાસે ગયા. દંડવત્ કરી હાથ જોડી કહ્યું, 'મહારાજ, મને આપનો સેવક કરો. મારી ઈચ્છા આપની કથા સાંભળવાની છે.'

'તું કોણ છે? ક્યાંથી આવ્યો છે?' રામદાસે બધી હકીકત કહી. શ્રીમહાપ્રભુજીએ વિચાર કર્યો, છે તો દૈવી જીવ. ઉંમર નાની છે. જો તેને છૂટો મૂકી દઈશ તો દુનિયામાં દુ:સંગ લાગશે અને જન્મ નકામો જશે. તેથી તેને સાથે રાખવો યોગ્ય છે. તેના મનમાં વૈરાગ્ય દૃઢ થશે એટલે તેને છૂટો મૂકીશ. શ્રીમહાપ્રભુજીએ રામદાસને સ્નાન કરાવી નામમંત્ર આપી મહાપ્રસાદ લેવડાવ્યો. તેમને પોતાની પાસે રાખ્યા.

શ્રીમહાપ્રભુજી ભારત-પરિક્રમા માટે દ્વારકાથી આગળ પધાર્યા, ત્યારે રામદાસ પણ સાથે ચાલ્યા. શ્રીમહાપ્રભુજી સ્વયંપાકી હતા. રામદાસ રસોઈમાં જરૂરી સેવા કરતા. બીજી પણ બધી નાનીમોટી ટહેલ કરતા. શ્રીમહાપ્રભુજી રામદાસની પરીક્ષા કરવા તેની પાતાળમાં ક્યારેક ખૂબ જ ઓછો મહાપ્રસાદ ધરતા, પરંતુ રામદાસ જરાય ફરિયાદ કરતા નહિ. પોતાનું ભાગ્ય માની પ્રસાદ લેતા. આથી શ્રીમહાપ્રભુજી તેમના પર ઘણા પ્રસન્ન રહેતા.

પ્રવાસના માર્ગમાં કાંટા-કાંકરા ઘણા આવતા. રામદાસ શ્રીમહાપ્રભુજીની આગળ ઝડપથી ચાલતા. કાંટા-કાંકરા દૂર કરતા, જેથી શ્રીમહાપ્રભુજીને પરિશ્રમ ન થાય. એક દિવસ રામદાસના પગમાં એક મોટો કાંટો ઘૂસી ગયો. તેમણે વિચાર કર્યો, 'જો હું આ કાંટો કાઢવા રોકાઈશ, તો શ્રીમહાપ્રભુજીને પણ મારી રાહ જોતાં રસ્તામાં ઊભા રહેવું પડશે. મારા સ્વામીને પરિશ્રમ થાય, તો મારો દાસધર્મ જાય. તેથી તેઓ પોતાના પગનો કાંટો કાઢ્યા વિના દુ:ખતા પગે આગળ ચાલતા રહ્યા અને રસ્તામાંથી કાંટા દૂર કરતા રહ્યા. શ્રીમહાપ્રભુજીએ કહ્યું, 'રામદાસ, હું ઊભો છું. તું તારા પગનો કાંટો પહેલા કાઢી દે. મને જરા પણ શ્રમ નથી. તારા દાસભાવથી હું ઘણો પ્રસન્ન છું. તારે જે જોઈએ તે માંગી લે.'

'મહારાજ, મને આપનું શરણ મળ્યું તેથી જ મારો ઉદ્ધાર થઈ ગયો છે. હવે તેનાથી અધિક આ જગતમાં મેળવવા જેવું કંઈ છે ખરું? હું એટલું જ માંગું છું કે આપના ચરણકમળનો મને દૃઢ આશ્રય રહે,'

શ્રીમહાપ્રભુજીએ પ્રસન્નતાથી આશીર્વાદ આપ્યા. રામદાસે કાંટો પગમાંથી કાઢ્યો. રામદાસ શ્રીમહાપ્રભુજીની સાથે દશ વર્ષ સુધી રહ્યા. શ્રીમહાપ્રભુજી પ્રત્યેનો તેમનો સ્નેહભાવ એકસરખો અખંડ રહ્યો. એક વખત શ્રીમહાપ્રભુજીએ દક્ષિણ ભારતના એક ગામમાં પોતાના સેવક કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી, 'ગામમાં કોઈ સુથાર મળે તો તેની પાસે ખીંટી વિનાની પાદુકા બનાવડાવી લાવજો.'

તે ગામમાં એક બ્રાહ્મણે શ્રીમહાપ્રભુજીને શ્રીઠાકોરજીનું એક સ્વરૂપ ભેટ આપ્યું હતું. તે દિવસે શ્રીમહાપ્રભુજીએ ભોગ ધરી રામદાસને મહાપ્રસાદ આપ્યો. ત્યાર બાદ શ્રીમહાપ્રભુજીએ રામદાસને આજ્ઞા કરી, 'હવે તમે ઘેર જઈ ભગવદ્-સેવા કરો. તમને શ્રીઠાકોરજીનું આ સ્વરૂપ અને મારાં પાદુકા પધરાવી આપું છું. તમને ભક્તિ સુદૃઢ થઈ છે. તમારો ત્યાગ અને વૈરાગ્ય પણ દૃઢ થયો છે. જ્યાં સુધી વૈરાગ્ય અને ત્યાગ દૃઢ થતા નથી ત્યાં સુધી ભક્તિ સુદૃઢ થતી નથી. હવે તમે દુનિયાના કોઈ પણ ખૂણે રહેશો તો પણ તમને દુ:સંગનો ડર નથી. માટે તમારા ઘેર જાઓ અને સેવા કરો.'

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા સાંભળી રામદાસને મનમાં થોડુંક દુ:ખ થયું. મન કહેતું હતું, શ્રીમહાપ્રભુજીની પાસે જ હંમેશા રહેવું છે. બુદ્ધિ કહેતી હતી, શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. શ્રીમહાપ્રભુજી જેમ કહે તેમ કરવામાં જ તારું કલ્યાણ છે. રામદાસ કોઈ હઠાગ્રહ કર્યા વિના શ્રીમહાપ્રભુજીની આજ્ઞા સ્વીકારી, દંડવત્ કરી ચાલવા લાગ્યા. ચાર-છ ડગલાં ચાલતાં વિરહ વધવા લાગ્યો. પાછા ફરી દર્શન કરતા જાય અને પાછા બે-ચાર ડગલાં આગળ ચાલતા જાય. તેમનો આવો વિરહતાપ જોઈ શ્રીમહાપ્રભુજીનું હૃદય પણ ભરાઈ આવ્યું. શ્રીમહાપ્રભુજીને પણ ક્ષણભર રામદાસને પાછા બોલાવી લેવાનું મન થયું; પણ આપે વિચાર કર્યો, રામદાસનું લગ્ન થયેલું છે. સ્ત્રી દૈવી જીવ છે, પતિવ્રતા છે. પતિ વિના ઘરમાં દુ:ખી છે, તેનો ઉદ્ધાર કરવા માટે રામદાસને પાછા મોકલવા જરૂરી છે.

રામદાસ પાછા ફરતાં ત્રણ દિવસ રસ્તામાં શ્રીઠાકોરજી અને શ્રીપાદુકાજીની

સેવા કરતા રહ્યા. સામગ્રી ભોગ ધરતા અને બધો મહાપ્રસાદ ગાયોને લેવડાવી દેતા. શ્રીમહાપ્રભુજીના વિયોગમાં તેમણે ત્રણ દિવસ પ્રસાદ ન લીધો. ચોથા દિવસે ભોગ ધરાવવા લાગ્યા, ત્યારે શ્રીમહાપ્રભુજીએ તેમને સાક્ષાત્ દર્શન આપીને પૂછ્યુંઃ 'રામદાસ, તું કેમ મહાપ્રસાદ લેતો નથી? મારા વિયોગમાં આટલું દુઃખ કેમ કરે છે? જો, હું તારી પાસે જ છું. જો તું મહાપ્રસાદ નહીં લે, તો મને દુઃખ થશે.'

શ્રીમહાપ્રભુજીનાં આ વચન સાંભળી રામદાસે ગૌ-ગ્રાસ કાઢી મહાપ્રસાદ લીધો. તેઓ વિરક્ત દશામાં આગળ વધતા એક દિવસ રાજનગર પાછા આવ્યા. ઘેર ગયા. પાડોશીઓએ ખબર આપી કે તેમનાં માતા-પિતા હરિશરણ થયાં છે. તેમની પત્ની તેના પિયર છે. રામદાસે પોતાનું ઘર ખોલ્યું. ત્યાં રહેવા લાગ્યા. રામદાસના સસરાને આ સમાચાર મળ્યા. તેમણે દીકરીને કહ્યું : 'બેટી, તારા પતિ પાછા આવ્યા છે. જા, તે ફરીથી ચાલ્યા જશે, તો જીવનભર તું તેમને મળી નહિ શકે. તારું મન હોય, તો તેમની પાસે જા. તારું મન અહીં રહેવાનું હોય તો અમને વાધો નથી.'

'બાપુજી, દીકરીનું લગ્ન થયા પછી તેનું ઘર મા-બાપના ત્યાં હોતું નથી. મને મારા પતિ પાસે પહોંચાડો.'

રામદાસનાં પત્ની રામદાસને ઘેર આવ્યાં, પરંતુ રામદાસ તેમની સામે જોતા ન હતા. તેમની સાથે બોલતા પણ ન હતા. રામદાસ બે-ચાર દિવસ ઘરમાં રહ્યા પછી પાછા દ્વારકા જવા નીકળ્યા. તેમનાં પત્ની પણ તેમની સાથે ચાલ્યાં. રામદાસે પહેલાં તેમની સાથે આવતાં રોક્યાં, ના પાડી, પણ તે ન માન્યાં. રામદાસે ઘણો ગુસ્સો કર્યો, પરંતુ તેઓ તેમની સાથે ચાલતાં જ રહ્યાં. રામદાસ જ્યાં મુકામ કરતા, ત્યાં થોડે દૂર તેઓ બેસતાં. રામદાસની પાતળમાં જે કંઈ બચતું તે તેઓ ખાતાં. જે દિવસ કંઈ ન બચે તે દિવસે ભૂખ્યાં રહેતાં. આમ, ચાર દિવસ પસાર થયા. એક દિવસ શ્રીરણછોડરાયજીએ રામદાસને દર્શન આપી, આજ્ઞા કરી : 'તું તારી સ્ત્રીને કેમ સ્વીકારતો નથી? તેનો ત્યાગ કેમ કર્યો છે.

'મહારાજ, હું તો વિરક્ત વૈરાગી છું. મારે ગૃહસ્થાશ્રમ માંડવો નથી.'

'રામદાસ, તું શ્રીમહાપ્રભુજીનો કૃપાપાત્ર સેવક થઈ તારી સગી પત્ની સાથે આવો કઠોર વ્યવહાર કરે તે યોગ્ય નથી. જો પત્નીનો સ્વીકાર નહોતો કરવો, તો તેં લગ્ન શા માટે કર્યું?'

શ્રીરણછોડજીની આ આજ્ઞા સાંભળી રામદાસને તેમની ભૂલ સમજાઈ. તેમણે પત્નીને પોતાની પાસે બોલાવી. તેમણે પત્નીને કહ્યું, 'તું અહીં બેસ. સામાનનું ધ્યાન રાખ. હું લાકડા વીણી લાવું.' રામદાસે તે દિવસે ભોગ સરાવી તેમનાં પત્નીને મહાપ્રસાદની પાતળ ધરી. બંને જણે સાથે મહાપ્રસાદ લીધો. તેઓ દ્વારકા પહોંચ્યાં ત્યારે શ્રીરણછોડજીએ ફરી આજ્ઞા કરી : 'શ્રીમહાપ્રભુજીની કાનિથી તું તારી પત્નીને નામમંત્ર આપ. તેની પાસે જળ ભરાવ. રસોઈમાં તેની મદદ લે.'

'મહારાજ, હું તો સેવક છું. સેવક થઈને નામમંત્ર કેવી રીતે આપું? તે અધિકાર તો શ્રીમહાપ્રભુજીનો જ છે.'

'મારી આજ્ઞા છે, માટે તું નામમંત્ર આપ. જ્યારે શ્રીમહાપ્રભુજી પધારે ત્યારે તેમની પાસે ફરીથી નામમંત્ર અપાવજે. શ્રીમહાપ્રભુજીની ઈચ્છાથી જ હું તને કહું છું.'

રામદાસે શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરી પત્નીને નામમંત્ર આપ્યો. તેમણે વિચાર કર્યો, પત્નીને સાથે લઈ ફરતા રહેવું યોગ્ય નથી માટે ઘેર જઈ, ઘરમાં રહી ભગવદ્ સેવા-સ્મરણ કરવાં. આમ વિચારી તેઓ ઘેર પાછા ફર્યા.

થોડાક મહિના પછી શ્રીમહાપ્રભુજી અમદાવાદ પધાર્યા. રામદાસે શ્રીમહાપ્રભુજીને ઘેર પધારવા વિનંતી કરી. શ્રીમહાપ્રભુજીએ તેમની વિનંતીથી તેમનાં પત્નીને નામ-નિવેદન કરાવ્યું. શ્રીમહાપ્રભુજી રામદાસ પર ઘણા પ્રસન્ન થયા. ત્યારથી રામદાસ અને તેમનાં પત્ની ઘરમાં રહી ભગવદ્સેવા, સત્સંગ અને સ્મરણ કરવા લાગ્યાં. બપોરે રાત્રે બંને જણ સાથે બેસી શ્રીમહાપ્રભુજીના ગ્રંથો વાંચતાં અને તેનું ચિંતન કરતાં. બાકીનો સમય બંને ભગવદ્ સેવામાં મગ્ન રહેતાં. આમ, તેમણે પોતાનું બાકી જીવન સેવા, સત્સંગ-સ્મરણમાં પૂર્ણ કર્યું.

સિદ્ધાંત નવનીત

(૧) શ્રીમહાપ્રભુજી ખુલ્લા ચરણારવિંદે ભારત પરિક્રમા કરતા હતા, તેથી તેમણે કદાપિ ચરણારવિંદમાં પાદુકા ધારણ કરી ન હતી. ખુલ્લા ચરણારવિંદનો સ્પર્શ પૃથ્વીને થતાં પૃથ્વી પાવન થાય તે હેતુ હતો. શ્રીમહાપ્રભુજી પોતાના સ્વરૂપમાં અનન્ય આસક્તિ ધરાવતા પોતાના ખાસ કૃપાપાત્ર સેવકોને ખૂંટી

વિનાની પાદુકા પર પોતાના ચરણારવિંદ ધરી, તે પાદુકા સેવા કરવા માટે પધરાવી આપતા હતા. આથી આજે જ્યાં જ્યાં પણ શ્રીમહાપ્રભુજીનાં પાદુકા બિરાજે છે ત્યાં ત્યાં તે પાદુકા ખૂંટી વિનાનાં જ હોય છે.

(૨) રામદાસજી શ્રીમહાપ્રભુજીના સેવક થયા પછી બીજી વખત દ્વારકા ગયા. તે રણછોડજીનાં દર્શન માટે નહોતા ગયા; પરંતુ શ્રીમહાપ્રભુજીએ ત્યાં તેમને શરણે લીધા, તે ભાવથી શ્રીમહાપ્રભુજીનો સંબંધ વિચારી તેઓ ત્યાં ગયા હતા. પુષ્ટિભક્તે કોઈ પણ સ્થળે અન્ય કોઈ હેતુથી જવું જોઈએ નહિ; પરંતુ તે સ્થળ સાથેનો ભગવદ્-સંબંધ વિચારીને ત્યાં જવું જોઈએ. કેવળ તીર્થનો સંબંધ વિચારીને જવાથી સૂક્ષ્મ અન્યાશ્રય થવાનો સંભવ રહે છે.

(૩) આ વાર્તા આપણને શીખવે છે કે પુષ્ટિભક્તિ સિદ્ધ થાય તે માટે લૌકિકમાં ત્યાગ અને વૈરાગ્ય દૃઢ થવા જોઈએ. જેમનું મન લૌકિકમાં રચ્યુંપચ્યું રહે છે, તેમનું મન અલૌકિકમાં જોડાતું નથી. મન એકી સાથે એક જ ઠેકાણે રહી શકે છે. માટે લૌકિકમાંથી મનને દૂર કરવા લૌકિક મનુષ્યોનો સંગ છોડવો જરૂરી છે. સંગને કારણે કામ, ક્રોધ વગેરે દોષો આવે છે. તેમાંથી બુદ્ધિનો નાશ થાય છે અને અંતે સર્વનાશ થતાં પુષ્ટિજીવ પણ પૂરેપૂરો બહિર્મુખ થઈ સંસાર-સાગરમાં તણાઈ જાય છે. માટે જીવનમાં ત્યાગ અને વૈરાગ્ય ખૂબ જ જરૂરી છે. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ લૌકિક ત્યાગની ટેવ પાડવી જોઈએ.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : રામદાસ

(૨) જાતિ : સાંચોરા બ્રાહ્મણ

(૩) વતન : રાજનગર (અમદાવાદ)

(૪) પત્ની : નામ મળતું નથી.

(૫) સેવ્ય સ્વરૂપ : નામ મળતું નથી. શ્રીમહાપ્રભુજીનાં પાદુકાની પણ સેવા બિરાજતી હતી.

(૬) લીલાનું સ્વરૂપ : ઇન્દુલેખાની સખી સુભગા. તેમનાં પત્ની સુભગાની સખી સુભદ્રા.

■

૯ : ચિંતાનિવૃત્તિનો અમૂલ્ય ઉપદેશ

(૩૪. ગોવિંદ દવે)

ચોર્યાસી વૈષ્ણવમાં ગણનાપાત્ર તેવા ગોવિંદ દવે, સાંચોરા બ્રાહ્મણ કાશીમાં ગંગાતટે શ્રીમહાપ્રભુજીને શરણે આવ્યા; એ પ્રસંગ અદ્‌ભુત હતો.

ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલા ખેરાળુ ગામના એ મૂળ વતની. સુખી માતા-પિતાના એકના એક સંતાન. ૧૫ વર્ષની ઉંમરના થતાં મનમાં વિચાર જાગ્યો કે તીર્થયાત્રા થાય તો સારું. માતા-પિતાને વાત કરી. પિતાએ કહ્યું, ‘બેટા, આ ઉંમર તો જીવનનાં સુખ ભોગવવાની છે, વૈરાગીની જેમ તીર્થયાત્રા કરવાની નથી. અમે ૫૦ વર્ષનાં થયાં તોય અમને ઘર છોડવાનું મન થતું નથી. આ ઘરમાં તને શું દુ:ખ છે કે બધુ છોડીને તીર્થયાત્રા કરવા જવું છે?’

‘પિતાજી, ભૂલેચૂકે પણ મારા લગ્નનું વિચારશો નહિ. હું તો વૈરાગી બનવાનો છું. તમે જિંદગીભર ઘરમાં રચ્યા પચ્યા રહ્યા છો; છતાં ભલે તમારું મન હજુ સંસારના ભોગ ભોગવવામાં રહેતું હોય, હું તો તીર્થયાત્રા કરવા આજકાલમાં ચાલી નીકળીશ.’

માતાએ કહ્યું, ‘ભાઈ, અમે હવે ઘરડાં થવા આવ્યાં. તું અમારી ચાકરી કરે તેવો ઉંમરલાયક થયો છે. તારી ફરજ છે કે તું અમારું હવે રક્ષણ કરે.’

‘મા, તમારી વાત સાચી છે, પરંતુ જિંદગીનો કોઈ ભરોસો ખરો? કદાચ કાલે મારું મરણ થાય, તો મારી જિંદગી તો બગડે ને! અને તમારી રક્ષા કરનાર હું કોણ? સૌની રક્ષા ભગવાન કરે છે; માટે તમે ના પાડશો તોય હું તો શ્રીરણછોડજીનાં દર્શન કરવા દ્વારકા જઈશ.’

માતા-પિતાએ વિચાર કર્યો કે હવે આ છોકરો આપણું કહ્યું માનશે નહિ. તેમણે ગોવિંદ દવેને ન રોક્યા. ગોવિંદ દવે દ્વારકા ગયા. શ્રીરણછોડરાયજીનાં દર્શન કરતાં ઘણા રાજી થયા. ત્રણ વર્ષ દ્વારકામાં રોકાયા. ત્યાં ઘેરથી સમાચાર આવ્યા કે તેમનાં માતા-પિતા બંને હરિશરણ થયાં છે. ગોવિંદ દવેને મનમાં ઘણો ખેદ થયો. માતા-પિતાએ એક પણ તીર્થયાત્રા ન કરી. જિંદગી સંસારના મોજશોખમાં વિતાવી દીધી. મોંઘામૂલો મનુષ્યજન્મ વેડફી માર્યો. નક્કી તેમની

સદ્‌ગતિ થશે નહિ. આથી તેમનું શ્રાદ્ધ કરવા તેઓ દ્વારકાથી ગયા જવા નીકળ્યા. શ્રાદ્ધ કરી ત્યાંથી કાશી આવ્યા.

સવારનો સમય હતો. કાશીમાં ગંગા-કિનારે મણિકર્ણિકા ઘાટ પર સ્નાન કરી તેઓ સંધ્યાવંદન કરતા હતા. શ્રીમહાપ્રભુજી પણ ત્યારે કાશીમાં બિરાજતા હતા. કાશીના નગરશેઠ પુરુષોત્તમદાસ શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક હતા. શ્રીમહાપ્રભુજીનો મુકામ તેમના ત્યાં હતો. શ્રીમહાપ્રભુજી પણ સવારે ગંગાસ્નાન કરવા મણિકર્ણિકા ઘાટ પર પધાર્યા. ગોવિંદ દવેએ તેમને જોયા. દવેજીને લાગ્યું કે આ કોઈ મહાન વિદ્વાન પંડિત જણાય છે. તેમને વિચાર આવ્યો, બ્રાહ્મણનો દીકરો થઈ હું કંઈ ભણ્યો નથી. જો આવા વિદ્વાન મારા ગુરુ બને અને મને વિદ્યાભ્યાસ કરાવે, તો શાસ્ત્રો વાંચી શકું. આમ વિચાર કરી તેઓ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. તેમણે કહ્યું, 'મહારાજ, આપ મોટા પંડિત જણાઓ છો. મને થોડું ભણાવશો?'

'ભાઈ, તારા ભાગ્યમાં વિદ્યા જ નથી. જો તું મન લગાવીને ભણે તો વધુમાં વધુ અક્ષરજ્ઞાન પ્રાપ્ત થાય. પોથીપાઠ વાંચી શકે. તેનાથી વધારે વિદ્યા તને ચઢશે નહિ.'

'મહારાજ, પોથીપાઠ વાંચું તોય ક્યાંથી? એટલું શીખવો કે જેથી ગીતા-ભાગવત વાંચી શકું.'

'વારુ, દિવસના ત્રીજા પ્રહરે મારા મુકામ પર આવજે. તારી ઈચ્છા પૂરી થશે.'

ગોવિંદ દવે પોતાના મુકામ પર આવ્યા. બાજુમાં રહેતા એક બ્રાહ્મણના ત્યાંથી વ્યાકરણનું પુસ્તક લઈ આવ્યા અને પછી ત્રીજા પ્રહરે શેઠ પુરુષોત્તમદાસના ઘેર ગયા. શ્રીમહાપ્રભુજી ભોજન કરીને બિરાજ્યા હતા. દવેજી નમસ્કાર કરીને સામે બેઠા. શ્રીમહાપ્રભુજીની સન્મુખ વ્યાકરણનું પુસ્તક ધર્યું.

'ભાઈ, તારી ઈચ્છા ગીતા-ભાગવત વાંચવાની છે, પછી આ વ્યાકરણ શીખીને શું કરીશ? હું તને ગીતા ભણાવીશ. ગીતાના અભ્યાસથી વ્યાકરણ આવડી જશે.'

'મહારાજ, વ્યાકરણ ભણ્યા વિના ગીતા કેવી રીતે સમજાશે? બીજા ભણેલાઓ તો એમ કહે છે કે વ્યાકરણ ભણવાથી અક્ષરજ્ઞાન થાય, ત્યાર પછી જ શાસ્ત્રો ભણી શકાય.'

'ભાઈ, તને જો મારામાં વિશ્વાસ હોય, તો હું કહું તેમ કર.'

'પરંતુ મહારાજ, મારી પાસે તો ગીતાનું પુસ્તક જ નથી.'

શ્રીમહાપ્રભુજીએ પોતાની પાસેથી ગીતાનું પુસ્તક ગોવિંદ દવેને આપ્યું. આપે તેનો પ્રથમ શ્લોક ગોવિંદ દવેને બોલાવ્યો. પછી આજ્ઞા કરી, હવે આખી ગીતાનો તું પાઠ કર.'

દવેજીએ ગીતાના ૧૮ અધ્યાયનો શ્રીમહાપ્રભુજીની સામે પાઠ કર્યો. પછી શ્રીમહાપ્રભુજીએ ગીતાનો એક શ્લોક લઈને તેનો અર્થ કરી બતાવ્યો. પછી આપે આજ્ઞા કરી, 'હવે તું આ બીજા શ્લોકનો અર્થ કર.'

ગોવિંદ દવેએ પોતાની જાતે બીજા શ્લોકનો અર્થ કર્યો. પછી શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી ગીતાના બધા શ્લોકોનો અર્થ કર્યો. એટલો અભ્યાસ કરવામાં છ કલાક વીતી ગયા. રાત્રી પડી ચૂકી હતી. શ્રીમહાપ્રભુજીએ તેમને આજ્ઞા કરી, 'હવે તું ઘેર જા. વ્યાકરણ વાંચીશ એટલે તને આવડી જશે. ગીતા-ભાગવતના શ્લોકોના અર્થ તને સમજાઈ ગયા છે. આનાથી વધારે વિદ્યા તારા ભાગ્યમાં નથી.'

ગોવિંદ દવે મુકામ પર આવ્યા. અડધી રાત સુધી વ્યાકરણ વાંચતા રહ્યા. આખુંયે વ્યાકરણ શ્રીમહાપ્રભુજીની કૃપાથી વાંચતાંની સાથે તેમને આવડી ગયું. પછી તેઓ સૂઈ ગયા.

સૂતાં-સૂતાં વિચાર આવ્યો. શ્રીમહાપ્રભુજીને હું વિદ્વાન પંડિત માનતો હતો; પરંતુ તે બીજા વિદ્વાન જેવા નથી. તેઓ અવશ્ય સાક્ષાત્ ઈશ્વર છે. તે સિવાય ગીતાનો એક શ્લોક શીખવવાથી મને વ્યાકરણ, ગીતા, ભાગવત બધું કેવી રીતે આવડી જાય? આટલું શીખતાં તો ઘણાં વર્ષો વીતે, એટલું મને છ-સાત કલાકમાં શીખવી દીધું. ઈશ્વર સિવાય આ સામર્થ્ય બીજા કોઈનું નથી. માટે કાલ સવારે હું તેમનો સેવક થાઉં.

બીજા દિવસે સવારે ગોવિંદ દવે શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા અને દંડવત્ કરી વિનંતી કરી, 'મહારાજ! મને સેવક કરો.' તેમણે પોતાના હૃદયની સર્વ હકીકત નિખાલસતાથી કહી. શ્રીમહાપ્રભુજીએ પ્રસન્ન થઈ ગંગાઘાટ પર સ્નાન કરાવી, તેમને નામ-નિવેદન મંત્ર આપી, સેવક કર્યા.

'કૃપાનાથ, હવે આપ સેવા કરવાની આજ્ઞા કરો છો. મારા પિતાના ઠાકોરજી ગામમાં અમારી જ્ઞાતિના એક બ્રાહ્મણના ઘેર છે. હું તેમની સેવા કેવી રીતે કરું, તે આપ સમજાવો.'

'ગોવિંદદાસ, તમે તે સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવી સેવા કરજો.'

શ્રીમહાપ્રભુજી પાસેથી સેવાની રીત શીખી, ગોવિંદ દવે ખેરાળુ પાછા આવ્યા. પોતાના પિતાના ઠાકોરજી પોતાના ઘેર લાવી, તેમને પંચામૃત સ્નાન કરાવી, સેવા કરવા લાગ્યા; પરંતુ મર્યાદા-સાધનોમાં તેમની ચિત્તવૃત્તિ વધારે હોવાથી પુષ્ટિસેવામાં મન લાગતું ન હતું. મન રહી-રહીને સેવાથી દૂર ભટકતું હતું. બીજી બાજુ શ્રીમહાપ્રભુજીની સેવા કરવાની આજ્ઞા હતી, એટલે સેવા છોડાતી પણ ન હતી. સેવા કરવી કે અન્ય સાધનો કરવાં એવી ગડમથલ મનમાં થયા કરતી, તેથી મનમાં ક્લેશ રહેતો. પરિણામે સેવાનો આનંદ અનુભવતા નહિ.

આને કારણે તેમના મનમાં સતત ચિંતા અને ઉદ્વેગ થવા લાગ્યાં. વૈષ્ણવ થઈને મારું શું થશે? હું શું કરું તો ભવસાગર તરું? સેવા કરું કે સેવા છોડું? આવા સંકલ્પ-વિકલ્પ મનમાં વધવા લાગ્યા. પોતાની મેળે મનનું સમાધાન સાધી શક્યા નહિ. શ્રીમહાપ્રભુજીને બધી વિનંતી કરતો પત્ર લખ્યો. જવાબમાં આપશ્રીએ નવ શ્લોકનો 'નવરત્ન' ગ્રંથ રચી લખી મોકલ્યો અને તેનો નિત્યપાઠ કરવાની આજ્ઞા કરી.

ગોવિંદ દવેએ 'નવરત્ન' ગ્રંથનો નિત્યપાઠ કરવા માંડ્યો. ધીમે-ધીમે તેમની ચિંતા, મૂંઝવણ, ગડમથલ બધું દૂર થયું અને સેવામાં મન લાગ્યું.

આ પ્રસંગ મોટાઓની વાણીમાં રહેલા અલૌકિક સામર્થ્યનો અનુભવ કરાવે છે. બધું કરવા છતાં આપણું મન જો અલૌકિક કાર્યોમાં ન લાગતું હોય; લૌકિક ચિંતા, ઉદ્વેગ એમાં નડતાં હોય, તો અલૌકિકમાં મન લગાડવા આ 'નવરત્ન' ગ્રંથનો પાઠ કરવો. ગોવિંદ દવેને નિમિત્ત બનાવીને શ્રીમહાપ્રભુજીએ આપણા માટે આ અમૂલ્ય ઉપદેશ પ્રગટ કર્યો છે. એક હીરો જો બધી ગરીબાઈ દૂર કરે, તો આ અલૌકિક નવરત્નોનો સમૂહ છે. આપણા આત્માની ગરીબાઈ તે દૂર કરે એમાં શી નવાઈ? 'નવરત્ન'ના પાઠથી આપણું દારિદ્રય દૂર થાય અને અલૌકિક સમૃદ્ધિ પ્રાપ્ત થાય, એ નિ:શંક છે.

તમે પ્રશ્ન કરશો કે કઈ સમૃદ્ધિ? તો જવાબ છે : પુષ્ટિમાર્ગમાં અલૌકિક આનંદ એ જ સાચી સમૃદ્ધિ છે. આપણા ઘરમાં શ્રીઠાકોરજીને પધરાવીને ભોગ-રાગ-શૃંગાર સહિત તેમની સેવા અને તેમના દર્શનનો આનંદ, તેમના અધરામૃતનો સ્વાદ, ભગવદીયોના સમાગમથી મળતું સત્સંગનું સર્વોપરી સુખ એ જ સાચું અલૌકિક સુખ અને આનંદ છે. શુદ્ધ પુષ્ટિ-ભક્તોમાં દેહદમનને કોઈ સ્થાન નથી. વિરહ અને તાપક્લેશ પણ અલૌકિક આનંદ આપનાર છે. કૃપાસાગર શ્રીવલ્લભે આપણા પુષ્ટિ જીવો માટે અલૌકિક આનંદનો આ માર્ગ પૃથ્વી પર પ્રગટ કર્યો છે. પ્રભુનો સ્વરૂપાનંદ અને લીલા રસાનુભવ એ જીવનનું પરમ પુષ્ટિફળ છે. તે માટે વિરહતાપ આવશ્યક છે, પણ તેમાં ચિંતા-ક્લેશ બાધક છે.

જ્યાં સુધી પુષ્ટિમાર્ગનું સ્વરૂપ સમજાય નહિ, ત્યાં સુધી ચિત્ત અન્ય સાધનો કરવા ખેંચાય છે. આથી જ સેવા કરવા છતાં આપણને ઉદ્વેગ રહે છે. તેમાં લૌકિક ચિંતાઓ બાધક થાય છે. આ નવરત્ન ગ્રંથનો પાઠ, તેનો અર્થ જાણ્યા વિના પણ કરતા રહીએ, તોય શ્રીવલ્લભની અલૌકિક વાણી ફળ આપનારી બને છે, તો તેના પદે-પદનો અર્થ સમજીને પાઠ કરીએ, તો આપણી સર્વ લૌકિક ચિંતાઓ અવશ્ય નિવૃત્ત થાય તેમાં કોઈ શંકા નથી.

●

ત્યાર બાદ એક વખત શ્રીમહાપ્રભુજી અડેલથી દ્વારકા પધાર્યા હતા. રસ્તામાં ગોવિંદ દવેના ગામ ખેરાળુ પધાર્યા. ત્યાંથી શ્રીમહાપ્રભુજીની સાથે ગોવિંદ દવે, જગન્નાથ જોષી વગેરે પાંચ-સાત વૈષ્ણવો દ્વારકા ગયા. ગોવિંદ દવેએ શ્રીમહાપ્રભુજીને ભગવદ્-કથા સંભળાવવા વિનંતી કરી. 'હમણાં તો અવકાશ નથી. સમય મળશે ત્યારે કહીશ.' શ્રીમહાપ્રભુજીએ કહ્યું.

ગોવિંદ દવેએ જયારે વિશેષ આગ્રહ કર્યો, ત્યારે એક દિવસ શ્રીમહાપ્રભુજીએ પુસ્તક ખોલી કથાનો આરંભ કર્યો. એ જ સમયે શ્રીરણછોડરાયજી ત્યાં પધાર્યા. ગોવિંદ દવેની બાજુમાં બિરાજી, દવેજી સાથે વાતો કરવા લાગ્યા. તેઓ પણ વાતોમાં તલ્લીન થઈ ગયા. શ્રીમહાપ્રભુજી કથા કરી રહ્યા છે, ત્યારે વાત ન કરાય એ વિવેક ચુકી ગયા. આથી, શ્રીમહાપ્રભુજી અપ્રસન્ન થયા. આપે પુસ્તક બંધ કરી દીધું પછી આપે ખવાસને આજ્ઞા કરી, 'આવતી કાલથી ગોવિંદ દવેને મારું અધરામૃત આપશો નહિ.'

અધરામૃત ન મળવાથી ગોવિંદ દવે ભૂખ્યા રહ્યા. ભોજન ન કર્યું. શ્રીમહાપ્રભુજી શ્રીરણછોડજીનાં દર્શને પધાર્યા ત્યારે શ્રીરણછોડજીએ આજ્ઞા કરી, 'ગોવિંદ દવેનો કોઈ અપરાધ નથી, માટે તેમને આપનો મહાપ્રસાદ આપજો.' શ્રીમહાપ્રભુજીએ ગોવિંદ દવેને કહ્યું, 'તમારા માટે ઘેરથી ભલામણ થઈ છે, માટે મહાપ્રસાદ આપીશ.'

●

એક વખત ગોવિંદ દવે મર્યાદા કૃષ્ણભક્ત મીરાંબાઈને મળવા ગયા. મીરાંબાઈ સાથે ભગવદ્‌વાર્તા કરતાં થોડા દિવસ રોકાયા. શ્રીગુસાંઈજીએ આ વાત જાણી; એટલે આપે એક વ્રજવાસી સાથે ગોવિંદ દવેને એક પત્ર મોકલ્યો. તેમાં લખ્યું કે 'હાથીની સવારી કરનારી વ્યક્તિ કદી ગધેડા પર સવારી કરે નહિ. તેવી રીતે જેને પુષ્ટિપ્રભુના ચરણકમળનો પરાગ પ્રાપ્ત થયો છે, તે અન્ય કોઈનો આશ્રય કરે નહિ અને અન્ય કોઈ રસ ક્યારેય ન ચાખે. ભલે મરણ સુધીનું દુઃખ સહન કરે, પણ અન્ય રસ ગ્રહણ ન કરે.'

આ વાંચી ગોવિંદ દવે તરત જ ત્યાંથી ચાલવા લાગ્યા. મીરાંબાઈએ ઘણા રોક્યા, પરંતુ રોકાયા નહિ. ત્યાંથી તેઓ સીધા શ્રીગુસાંઈજી પાસે ગોકુળ આવ્યા. શ્રીગુસાંઈજીએ તેમને આજ્ઞા કરી, 'આપણો માર્ગ અલૌકિક છે. એ માર્ગના જે અધિકારી નથી તેવા વૈષ્ણવો પાસે કે એવી વ્યક્તિઓ પાસે ભગવદ્-લીલાની અલૌકિક વાતો કદાપિ ન કરવી.'

ગોવિંદ દવેએ શ્રીગુસાંઈજીની ક્ષમા માંગી.

સિદ્ધાંત નવનીત

(૧) સેવા કરતાં ગોવિંદ દવેના મનમાં વ્યગ્રતા રહેતી હતી, કારણ કે ગોવિંદ દવે મૂળ દ્વારકાલીલાના જીવ હતા, જ્યારે તેઓ સેવા વ્રજલીલાની ભાવનાથી કરતા હતા. માટે જીવે પોતાનો અધિકાર વિચારીને તે પ્રકારે સેવા-સ્મરણમાં મન લગાડવું. આપણું મન વારંવાર પ્રયત્નો પછી પણ જે દિશામાં જાય, તેના આપણે અધિકારી છીએ તેમ સમજવું.

(૨) શ્રીમહાપ્રભુજીએ ગોવિંદ દવે સામે ભગવદ્‌કથા ન કરી, કારણ કે તેઓ વ્રજલીલાના જીવ ન હતા.

(૩) ભગવદ્‌કથા સમયે શ્રીરણછોડજી ગોવિંદ દવે સાથે વાત કરવા લાગ્યા, કારણ કે કથા સાંભળી દ્વારકા લીલાના અધિકારી ગોવિંદ દવેનું મન વ્રજલીલામાં લાગી જાય, તેથી પોતાના ચરણમાં તેમનું ચિત્ત રહે નહિ. માટે તેમને કથા સાંભળવા ન દીધી.

(૪) જ્યારે ભગવદ્‌વાર્તા થતી હોય, ત્યારે બીજાઓની સાથે વાત ન કરવી જોઈએ. તેમ કરવાથી આપણને અપરાધ લાગે છે. વળી, જેમનું મન વાર્તા-શ્રવણમાં ચોંટેલું હોય છે તેમને પણ આપણી વાતો નડતરૂપ બને છે.

(૫) મધુર ભોજનમાં કાંકરી આવતાં જેવું દુઃખ લાગે તેવું જ દુઃખ કથા-સમયે લૌકિક વાતો કરવાથી પણ થાય છે. તેથી શ્રીમહાપ્રભુજી અપ્રસન્ન થાય છે.

(૬) મીરાંબાઈ કૃષ્ણભક્ત હોવા છતાં તેમનો અધિકાર મર્યાદામાં અને દ્વારકાલીલામાં હતો. તેઓ શ્રીમહાપ્રભુજી કે શ્રીગુસાંઈજીનાં સેવક ન હતાં આથી, શ્રીગુસાંઈજીએ ગોવિંદ દવેને પત્ર લખીને સૂચવ્યું કે 'સત્સંગ સમાન વિચાર અને અધિકારવાળા ભક્તો સાથે કરવો, તેને સજાતીય સંગ કહેવામાં આવે છે.' જે આવા સજાતીય ન હોય, તેમનો સંગ વિજાતીય સંગ કહેવાય છે. વિજાતીય સંગથી વૈષ્ણવોએ હંમેશાં દૂર રહેવું જોઈએ. વૈષ્ણવોએ દેખાદેખી કોઈનો સંગ ન કરવો. તેમ કરવાથી આ અલૌકિક પુષ્ટિમાર્ગનું ફળ મળતું નથી. પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીના સંબંધ સિવાયની વસ્તુઓ અને વ્યક્તિઓ બાધક બને છે.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : ગોવિંદ દવે

(૨) વતન : ખેરાળુ

(૩) જ્ઞાતિ : સાંચોરા બ્રાહ્મણ

(૪) પરિવાર : અપરિણીત

(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીશ્યામસુંદરજી. હાલ ઈડરમાં બિરાજે છે.

(૬) લીલાનું સ્વરૂપ : દ્વારિકાલીલામાં સત્યભામાજીનાં સખી તન્મધ્યા. તેઓ ખૂબ જ સુંદર હતાં. એક વખત શ્રીઠાકોરજી સત્યભામાજીના મંદિરે પધાર્યા ત્યારે તન્મધ્યાને શ્રીઠાકોરજી સાથે રમણની ઈચ્છા થઈ. તેમણે શ્રીઠાકેરજીને વિનંતી કરી, તે સત્યભામાજી સાંભળી ગયાં; તેથી તેમણે આજ્ઞા કરી, 'તું દાસી થઈ અમારી બરાબરી કરે છે માટે પૃથ્વી ઉપર જન્મ લે.' આમ, તેમનો જન્મ ગોવિંદ દવે તરીકે થયો.

■

૧૦ : નિરોધ-સિદ્ધિ

(૩૫. રાજા દવે અને માધો દવે, સાંચોરા બ્રાહ્મણ)

'બેટા! અમારું આખું જીવન આ નાનકડા ગામડામાં પૂરું થયું. ભગવાનની પૂજા કરતાં કરતાં જિંદગી પૂરી થવા આવી. પૂજાના પ્રતાપે ઘેર સાધુ-સંત-વૈરાગી આવતા રહ્યા. આ બધાંને ભોજન કરાવતાં રહ્યાં, અન્નદાન કર્યું. એક પણ એકાદશી જાગરણ કર્યા વિનાની આજ સુધી વીતી નથી. હું અને તમારાં માતા બંને હવે વૃદ્ધ થયાં છીએ. તદ્દન અશક્ત થયાં છીએ. લગભગ પથારીવશ છીએ. મૃત્યુ ક્યારે આવશે તેની ખબર નથી, પણ હવે અમારાં બંનેનું મૃત્યુ ઘણે દૂર નથી. અમારી છેલ્લી ઈચ્છા છે. તમે બંને ભાઈઓ જો તે પૂરી કરી શકો, તો અમારા મનને શાંતિ મળે.'

'બાપુજી, તમારી શી ઈચ્છા છે? અમે જરૂર પૂરી કરીશું. રામ-લક્ષ્મણ જેવા અમે બંને ભાઈઓ તમારી સેવામાં છીએ.'

'દીકરા, આખી જિંદગીમાં શ્રીરણછોડજીનાં દર્શન કદી કર્યાં નથી. એક વખત દ્વારકા જઈને શ્રીરણછોડજીનાં દર્શન કરવાં છે, પણ અમારી ચાલવાની શક્તિ નથી.'

'પિતાજી, આપ ચિંતા ન કરો. આપના પુણ્યપ્રતાપે ઘરમાં પૂરતું દ્રવ્ય છે. અમે તમને ડોલીમાં બેસાડીને જાત્રા કરાવીશું. આપણે એક-બે દિવસમાં જ તૈયારી કરીને દ્વારકા જવા નીકળીશું.'

મહેસાણા જિલ્લામાં પાટણ પાસે મણુંદ નામનું નાનકડું ગામ છે. આ ગામમાં આ સાંચોરા બ્રાહ્મણ કુટુંબ રહેતું હતું. તેમને બે દીકરા. મોટા દીકરાનું રાજા દવે અને નાના દીકરાનું નામ માધો દવે. બંને ભાઈઓ તેમનાં વૃદ્ધ માતાપિતાને ડોલીમાં બેસાડી, દ્વારકાની જાત્રા કરવા લઈ ગયા. માતાપિતાને શ્રીરણછોડજીનાં દર્શન કરાવ્યાં. દર્શન કર્યા પછી માતાપિતા એકસાથે દ્વારકામાં જ હરિશરણ થયાં. બંને ભાઈઓએ તેમના અગ્નિસંસ્કાર ત્યાં જ કર્યા. સૂતકના દિવસો હતા. કોઈ ધર્મકાર્ય તે દિવસોમાં થઈ શકે નહિ. આથી બંને ભાઈઓએ વિચાર કર્યો કે આખો દિવસ પસાર કરવો મુશ્કેલ પડે છે. ક્યાંક ભગવાનનાં કથા-કીર્તન થતાં હોય તો, તો ત્યાં જઈને સાંભળીએ. તપાસ કરતાં માહિતી મળી કે શ્રીવલ્લભાચાર્યજી અહીં પધાર્યા છે. ગોમતીના કીનારે મુકામ કર્યો છે. બપોર પછી તેઓ ભાગવતની કથા કરે છે. બંને ભાઈઓએ તે કથા સાંભળવા જવાનો નિશ્ચય કર્યો.

સાંજે બંને ભાઈઓ શ્રીમહાપ્રભુજી પાસે ગયા. દૂરથી બંનેએ દંડવત્ કર્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને આગળ આવવાની આજ્ઞા કરી.

'મહારાજ, અમો બંને સૂતકી છીએ, તેથી આપની પાસે કેવી રીતે આવીએ?'

'તમે બંને હૃદયથી શુદ્ધ છો. તમારા હૃદયમાં કોઈ મલીનતા નથી. તમે માતાપિતાની સારી સેવા કરી છે, માટે આગળ આવો. તમારે કંઈ પૂછવું હોય તો જરૂર પૂછો.'

'મહારાજ, અમે સાંભળ્યું છે કે આપ શ્રીભાગવતની કથા ખૂબ સુંદર રીતે કહો છો. અમારે તે કથા સાંભળવાનું મન છે, માટે કૃપા કરીને કોઈ પ્રસંગ સંભળાવો.'

શ્રીમહાપ્રભુજીએ તમને દશમ સ્કંધના પાંચમા અધ્યાયમાં આવતા નંદમહોત્સવની કથા સંભળવી. શ્રીમહાપ્રભુજીની કૃપાથી તે કથા સાંભળતાં જ બંને ભાઈઓને હૃદયમાં નંદાલયની સમગ્ર લીલાનો અનુભવ થયો. કથા પૂરી થતાં બંનેએ વિનંતી કરી, 'મહારાજ, અમારો જન્મ સફળ થયો. સૂતક પછી આપના સેવક બનવાની અમારી ઈચ્છા છે, પણ સૂતકના દિવસો પૂરા થવાને હજી ઘણી વાર છે.'

'તમે બંને અમારા છો. માટે તમારે માટે અમે અહીં રોકાઈશું. અગિયારમા દિવસે શુદ્ધ થઈને તમે આવજો. તમને સેવક કરીશ, તમારા બધા મનોરથ પૂર્ણ થશે.'

બંને ભાઈઓ મુકામ પર ગયા. આખી રાત સાંભળેલી કથાનું ચિંતન કર્યું. ફરીફરીને તેમને નંદાલયની લીલાનો અનુભવ હૃદયમાં થવા લાગ્યો. સૂતક બાદ તેઓ શુદ્ધ થઈ, શ્રીમહાપ્રભુજી પાસે ગયા. શ્રીમહાપ્રભુજીએ તેમને નામ-નિવેદન મંત્રની દીક્ષા આપી અને શ્રીઠાકોરજીની સેવા કરવાની આજ્ઞા કરી.

મોટાભાઈએ કહ્યું : 'મહારાજ, અમારા પિતાના ઠાકોરજી છે; તેઓ પૂજામાર્ગની રીતે સેવા કરતા હતા. આપ આજ્ઞા કરો તે પ્રમાણે અમે સેવા કરીએ.

આપે તે સ્વરૂપ લઈ આવવા આજ્ઞા કરી. શ્રીનવનીતપ્રિયજીનું સુંદર સ્વરૂપ હતું. આપે શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવી, સેવાની સર્વ રીત શીખવી અને આજ્ઞા કરી કે દુનિયામાં બધી બાબતોમાં તમારું મન હટાવી લઈ, મનનો ઠાકોરજીમાં નિરોધ કરી ભગવદ્સેવા કરજો.'

રાજા દવેએ વિનંતી કરી, 'મહારાજ, નિરોધનું સ્વરૂપ અમે જાણતા નથી.' માધો દવેએ કહ્યું : આપ નિરોધનું સ્વરૂપ અમને સમજાવો અને અમારા મનનો નિરોધ થાય એવી કૃપા પણ કરો.

શ્રીમહાપ્રભુજીએ તમને નિરોધનું સ્વરૂપ સમજાવતાં આજ્ઞા કરી : નિરોધ બે પ્રકારનો છે. એક સાધન-દશાનો અને બીજો સિદ્ધ દશાનો નિરોધ. સાધન દશામાં આપણે લૌકિક-વૈદિક કાર્યોમાં મનને આસક્ત કરવાનું નથી. મનમાં સતત એવો વિચાર રહેવો જોઈએ કે ક્યારે લૌકિક-વૈદિક છૂટે અને ભગવદ્ સેવા કરું! સેવા અને કથામાં મનને રુચી ક્યારે જન્મે? એવો વિચાર કરતાં કરતાં પ્રયત્નપૂર્વક મનને લૌકિકમાંથી હટાવી, પ્રભુની સેવા-કથામાં લગાડવાનું છે. સાથે સાથે એવો દૃઢ વિશ્વાસ રાખવો જોઈએ કે મારો સંપૂર્ણ આશ્રય કેવળ ભગવાન છે. તેઓ જ મારા બધાં કાર્યો સિદ્ધ કરશે. આમ વિચારી મનને લૌકિક-વૈદિકમાંથી હટાવતાં, પ્રભુમાં લગાવવામાં આવે તેનું નામ સાધન દશાનો નિરોધ છે.

બીજો ફળદશાનો નિરોધ જીવના પ્રયત્નથી થતો નથી, પણ પ્રભુની કૃપાથી થાય છે. પ્રભુ જ મનનો એવો સ્વભાવ બનાવી દે કે શ્રીઠાકોરજીના સ્વરૂપના ધ્યાન સિવાય મન બીજી દિશામાં જાય જ નહિ. ભલે તે વૈષ્ણવ લૌકિક-વૈદિક કાર્યો કરતો હોય, પરંતુ તેનું મન તો શ્રીઠાકોરજીમાં જ લાગેલું હોય. તેને સંસારનાં દુઃખ-સુખ, તાપ-ક્લેશ ગમે તેટલાં આવે, પણ તેનું મન શ્રીઠાકોરજી અને તેમના લીલારસમાં મગ્ન હોય.

'કૃપાનાથ, અમારે માટે તો આ બંને પ્રકારનો નિરોધ દુર્લભ છે. સંસાર-સાગરમાં અમે ડૂબેલા છીએ. આપે અમારો હાથ પકડી, અમને ડૂબતા બચાવ્યા છે. આપ કૃપા કરો તો જ નિરોધ સિદ્ધ થાય. અમારી શક્તિ નથી કે નિરોધ સિદ્ધ થાય.'

'તમારી દીનતા અને સરળ સ્વભાવ જોઈ મને ઘણી પ્રસન્નતા છે. શ્રીભાગવતનો દશમસ્કંધ નિરોધલીલાનો સ્કંધ છે. એ લીલામાં તમારો નિરોધ થાય તે માટે આ 'નિરોધ લક્ષણ' ગ્રંથ મેં રચ્યો છે.'

શ્રીમહાપ્રભુજીએ બંને ભાઈઓને તે ગ્રંથનો પાઠ કરાવ્યો, તેનો અર્થ સમજાવ્યો અને દરરોજ તેનો પાઠ કરવાની આજ્ઞા કરી, આશીર્વાદ આપ્યા કે તમને પ્રભુનો નિરોધ સિદ્ધ થશે. પછી આપે પોતાનું ચરણામૃત બંને ભાઈઓને આપ્યું. તે લેતાંની સાથે જ બંને ભાઈઓનું મન અલૌકિક બની ગયું અને તેમને લીલારસનો અનુભવ થવા લાગ્યો.

શ્રીમહાપ્રભુજીએ તેમને આજ્ઞા કરી કે હવે તમે બંને ઘેર જઈ સેવા કરો. જેમને પ્રભુમાં મનનો નિરોધ થાય તેમણે બહુ બોલવું નહિ અને ઘર છોડીને જુદા જુદા ઠેકાણે ફરવું પણ નહિ. માટે તમે ઘેર જાઓ. પ્રભુની સેવા મન લગાવીને કરજો.

બંને ભાઈઓ પોતાની પાસે જે દ્રવ્ય હતું તે શ્રીમહાપ્રભુજીએ ભેટ ધરી, વિદાય થઈ મણુંદ આવ્યા. ઘરમાં રહી બંને ભાઈઓ સેવા કરતા. તેમની પાસે જે દ્રવ્ય હતું તેમાં નિર્વાહ કરતાં. કોઈથી બોલતા નહિ. કોઈ સંત-સાધુ આંગણે આવે તો તેમને પ્રસાદ લેવડાવતા. બંને ભાઈ એકાંતમાં સેવા કરી ભગવદ્વાર્તા કરતા અને શ્રીઠાકોરજીની સેવામાં મગ્ન રહેતા.

●

મણુંદમાં રાજા દવેની જ્ઞાતિનાં બીજાં કુટુંબો પણ રહેતાં હતાં. તેમાં એક કુટુંબમાં બે ભાઈ હતા. મોટા ભાઈનું નામ રામજી અને નાના ભાઈનું નામ હરિકૃષ્ણ. રામજી થોડું ભણ્યો હતો, નાનો ભાઈ મંદબુદ્ધિનો હતો. રામજી ગામના ચોતરે બેસી કથા કરતો. તેની આવક ઘણી હતી. નાનો ભાઈ હરિકૃષ્ણ ખેતી કરતો.

એક દિવસ રામજી કામસર બહારગામ ગયો, તેથી કથા બંધ રહી. દરમ્યાન એ દિવસ ઘણો વરસાદ પડ્યો. શિયાળા જેવો ઠંડો દિવસ થઈ ગયો. હરિકૃષ્ણ સાંજે ખેતરથી ઘેર આવ્યો. ભાભીએ કહ્યું : વાળુ કરી લે.

'આજે મને ઘણી ઠંડી લાગે છે, માટે ગરમ રોટલી કરી આપો, તો હું ખાઈશ.' હરિકૃષ્ણે કહ્યું.

'ખાવું હોય તો ખા, નહિ તો સૂઈ જા. તું કંઈ ગામના ચોતરે બેસી, કથા વાંચી કમાઈ લાવતો નથી, ને ગરમ રોટલી ખાવાનું મન કરે છે? તારા બાપા-દાદા વખતનો આપણો ગરાસ ઘણા દિવસોથી સરકારે અટકાવ્યો છે. જે દિવસે એ લઈ આવે તે દિવસે ગરમ રોટલી ખવડાવીશ.'

ભાભીના આવા કઠોર શબ્દો સાંભળી હરિકૃષ્ણને ઘણું દુઃખ થયું. હૃદયમાં જાણે ભાલો ભોંકાયો. તે ઘર છોડી નીકળી ગયો. આપઘાત કરવાનો વિચાર થયો, પછી મન બદલાયું. ગામ છોડી જતા રહેવાનું નક્કી કર્યું. તેણે વિચાર કર્યો, ગામમાં રાજા દવે અને માધો દવે જેવા મહાનપુરુષો રહે છે, તેમને પ્રણામ કરીને જઉં.

તે રાજા દવેના ઘેર ગયો. બંને ભાઈને પ્રણામ કરી રડવા લાગ્યો. બંને ભાઈઓએ તેને આશ્વાસન આપ્યું. સઘળી હકીકત જાણી. પછી તેને મહાપ્રસાદ લેવડાવ્યો અને પોતાના ત્યાં સુવડાવ્યો.

સવારે બંને ભાઈઓએ વિચાર કર્યો કે આનું દુઃખ દૂર થાય તો સારું. માધો દવેએ રાજા દવેને વિનંતી કરી, 'તમે શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક છો. આપણી જ્ઞાતિનો આ છોકરો ઘણો દુઃખી છે, તો તેના ઉપર કૃપા કરો.'

રાજા દવેએ કહ્યું : 'તમને આવી પ્રેરણા થઈ છે, માટે તમે જ તેના પર કૃપા કરો. મારી આજ્ઞા છે.'

માધો દવે શ્રીઠાકોરજીના મંદિરે ગયા. ત્યાં બેસી શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરી, હરિકૃષ્ણને શ્રીઅષ્ટાક્ષર મંત્ર આપ્યો. પછી તેની પાસે શ્રીઅષ્ટાક્ષર મંત્રની એક માળા જપાવી. એક જ માળા જપતાં હરિકૃષ્ણ સંસ્કૃતમાં બોલવા લાગ્યો. આથી માધો દવેએ મોટાભાઈને પૂછ્યું, 'તમે આજ્ઞા આપો તો બીજી માળાનો જપ કરાવું.' મોટા ભાઈની આજ્ઞા મળતાં બીજી માળાનો જપ કરાવ્યો. પરિણામે હરિકૃષ્ણને શ્રીભાગવત અને સર્વ શાસ્ત્રોનું જ્ઞાન થયું. રાજા દવેએ માધો દવેને કહ્યું: 'હવે તેને ત્રીજી માળાનો જપ કરાવશો નહિ. તેનો આટલો જ અધિકાર છે.'

ત્યાર પછી બપોરે મહાપ્રસાદ લઈ હરિકૃષ્ણ ગામના ચોતરે ગયા. ત્યાં તેમણે કથા શરૂ કરી. ગામલોકો કથા સાંભળવા આવ્યા. કથા પૂરી થતાં સૌએ કહ્યું, 'તમે તો તમારા મોટા ભાઈ કરતાં પણ વધારે સુંદર કથા કહી. પહેલાં તમે કેમ કથા કરતા નહોતા? હવેથી તમે જ કથા કરજો.'

સૌએ વિચાર કર્યો, ભટ્ટજીએ આજે પહેલી વાર કથા કહી છે, માટે તેમનું આદર-સન્માન કરવું જોઈએ. સૌએ તેમની પૂજા કરી ઘણું દ્રવ્ય આપ્યું. તે લઈને માધો દવે પાસે આવી, તેમણે કહ્યું : 'તમારી કૃપાથી કથા સાંભળીને ગામ લોકો પ્રસન્ન થયા છે. તમે જ મારા ગુરુ છો. આ દ્રવ્ય તમે રાખો.'

'ભાઈ, મારા અને તારા સૌના ગુરુ શ્રીમહાપ્રભુજી છે. તેમની આજ્ઞાથી મેં તને નામમંત્ર આપ્યો છે. મારું કોઈ સામર્થ્ય નથી, બધું સામર્થ્ય શ્રીમહાપ્રભુજીનું છે. શ્રીઆચાર્યજીની કૃપાથી તને કીર્તિ પ્રાપ્ત થઈ છે. માટે આ બધું દ્રવ્ય શ્રીમહાપ્રભુજી પધારે ત્યારે તેમને ભેટ ધરજે.'

હરિકૃષ્ણે કહ્યું : 'આ બધું દ્રવ્ય હું ક્યાં રાખું? માટે તમને સોંપું છું. તમને યોગ્ય લાગે તેમ કરજો.'

થોડા સમય પછી ખેરાળુથી જગન્નાથ જોષી શ્રીમહાપ્રભુજીનાં દર્શને અડેલ જતા હતા. તેમની સાથે એ દ્રવ્ય શ્રીમહાપ્રભુજીને મોકલાવી દીધું.

હરિકૃષ્ણે વિચાર કર્યો, બાપદાદાનો ગરાસ પાછો લઈ આવું તો ભાભીનું મહેણું ટાળે. તે રાજા પાસે ગયા. રાજાએ તેમનું સ્વાગત કર્યું, તેમને સારો મુકામ આપ્યો. ભોજન કરાવ્યું. રાત્રે બોલાવીને કહ્યું, 'કંઈક કથા સંભળાવો,' તેમણે સુંદર કથા કહી એથી રાજા ઘણા પ્રસન્ન થયા. તેમને ત્યાં પાંચ દિવસ રાખ્યા. વિદાયગીરીમાં રાજાએ વિચાર કર્યો, ભટ્ટજીનો ગરાસ રોક્યો છે તે બરાબર થયું નથી. બ્રાહ્મણનું દેવું રહી જાય તો બૂરું થાય. રાજાએ તેમનો ગરાસ પાછો આપ્યો. સો મણ અનાજ આપ્યું અને સો રૂપિયા રોકડા દાનમાં આપ્યા. આ બધું લઈને હરિકૃષ્ણ ગામમાં પાછા આવ્યા. તેઓ ઘેર આવી ભાભીને કહેવા લાગ્યા : 'તમારી ઈચ્છા પ્રમાણે ગામના ચોતરે મેં કથા કરી અને બાપદાદાનો ગરાસ પાછો લઈ આવ્યો છું. માટે દરવાજો ખોલો.'

હરિકૃષ્ણનું તેજ જોઈ ભાભી આશ્ચર્યચકિત થઈ ગઈ. મોટા ભાઈ પણ રાજી થયા. હરિકૃષ્ણને પ્રેમપૂર્વક ઘરમાં લઈ ગયા. હરિકૃષ્ણે ભાભીને નમસ્કાર કરીને કહ્યું: 'તમારા કારણે પ્રભુએ મારો મનોરથ પૂર્ણ કર્યો છે.' ભાઈ-ભાભીને ભય લાગ્યો કે હરિકૃષ્ણ ઉપર ભગવાનની ઘણી કૃપા થઈ છે. તે અમને શાપ ન આપે તો સારું. બંનેએ હરિકૃષ્ણને વિનંતી કરી, 'થાક્યા હશો. માટે હવે સ્નાન કરીને ભોજન કરો.'

હરિકૃષ્ણે કહ્યું : હું પહેલાં રાજા દવે અને માધો દવેને પ્રણામ કરીને આવું છું. હરિકૃષ્ણે બધી વાત ભાઈ-ભાભીને કહી. સૌ રાજી થયાં.

માધો દવેએ હરિકૃષ્ણને કહ્યું : સો મણ અનાજ વેચી તેની રકમ શ્રીમહાપ્રભુજીને ભેટ મોકલી આપો. સૌએ રાજા દવે અને માધો દવેને પ્રણામ કર્યા અને પ્રસન્નતા વ્યક્ત કરી.

શ્રીમહાપ્રભુજી જ્યારે સિદ્ધપુર પધાર્યા ત્યારે રાજા દવે અને માધો દવે બંને ભાઈના કુટુંબને સાથે લઈ સિદ્ધપુર ગયા. શ્રીમહાપ્રભુજીએ આખા કુટુંબને નામમંત્ર આપી વૈષ્ણવ કર્યા.

શ્રીદયારામભાઈએ સમજાવ્યું કે -

‘તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો, તારા સંગનો રંગ ન લાગે ત્યાં લગી તું કાચો.’

સિદ્ધાંત નવનીત

(૧) પ્રભુમાં નિરોધ સિદ્ધ કરવા માટે લૌકિક-વૈદિકમાંથી આસક્તિ છોડવી જરૂરી છે. લૌકિક-વૈદિક કાર્યોમાં મન લગાવ્યા વિના કાપટ્ય ભાવથી સાક્ષીવત્ થઈને જવાબદારીઓ અદા કરવી, પણ તેમાં મન પરોવવું નહિ. નિરોધ માટે એકાંતવાસ અને મૌન આવશ્યક છે. બધાંની સાથે હળવામળવાથી દુ:સંગ આવે છે અને મન બહિર્મુખ થાય છે. માટે ભગવદીયો સિવાય બીજા સૌનો સંગ છોડવો. જ્યાં ત્યાં ભટકવું નહિ. તેમજ લૌકિક વાતો કરવી નહિ. વૈષ્ણવોએ નિરોધ સિદ્ધ કરવા ‘નિરોધલક્ષણ’ ગ્રંથનો હમેશાં પાઠ કરવો.

(૨) રાજા દવેએ હરિકૃષ્ણને ત્રીજી માળા જપાવવાની આજ્ઞા ન આપી; કારણ કે ત્રીજી માળા જપી હોત, તો લીલારસનો અનુભવ થાત. પરંતુ તે જીવ લીલાસંબંધી ન હોવાથી એ અનુભવ કરાવવો યોગ્ય ન હતો.

(૩) વૈષ્ણવમાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી કંઈક અલૌકિક શક્તિ પ્રાપ્ત થાય, તો વૈષ્ણવે તેનું અભિમાન ન કરવું. પણ શ્રીમહાપ્રભુજીની કૃપાથી સર્વ કંઈ થઈ રહ્યું છે એવો દીનતાભાવ રાખવો. વળી વૈષ્ણવે કોઈ વૈષ્ણવનું કંઈ પણ લેવું નહિ. વૈષ્ણવોનું સઘળું દ્રવ્ય શ્રીગુરુદેવને ભેટ કરવું જોઈએ.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : રાજા દવે અને માધો દવે, બે ભાઈઓ
(૨) વતન : મણુંદ (તા. પાટણ, જિ. મહેસાણા)
(૩) જ્ઞાતિ : સાંચોરા બ્રાહ્મણ
(૪) પરિવાર : અપરિણીત.
(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીનવનીતપ્રિયજી.
(૬) લીલાનું સ્વરૂપ : લલિતાજીનાં બે સખી. રાજા દવે કુંજરી સખી. તેઓ કુંજરચનામાં નિપુણ હતાં. માધો દવે રસલીલા સખી. ફળના રસમાં ભમરો લોભાય, તેમ તેઓ લીલારસમાં મગ્ન રહેતાં.

■

૧૧ : ઉત્તમ સેવા : વૈષ્ણવની સેવા

(૩૬. ઉત્તમ શ્લોકદાસ સાંચોરા, ૩૭. ઈશ્વરદાસ સાંચોરા)

આગ્રામાં શ્રીયમુનાજીના કિનારે, રાજઘાટ પર એક દિવસ સવારે શ્રીમહાપ્રભુજી સંધ્યાવંદન કરતા હતા. ત્યાં શ્રીયમુનાજીના જળપ્રવાહમાં બે મનુષ્યોને આપે સ્નાન કરતાં જોયા. બંનેના ગળામાં જનોઈ હતી. તેમના તરફ દૃષ્ટિ કર્યા પછી, શ્રીમહાપ્રભુજીએ પોતાના સેવક કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી: ‘કૃષ્ણદાસ, પ્રભુ કૃપા કરી જીવને માનવયોનિમાં જન્મ આપે; અને તેમાંય બ્રાહ્મણ કુળમાં જન્મ આપે; પરંતુ બ્રાહ્મણ થઈને તે મનુષ્ય શૂદ્રની ચાકરી કરે તો તેના બ્રાહ્મણત્વનો શો અર્થ? આપણી વર્ણ-વ્યવસ્થા પ્રમાણે બ્રાહ્મણ સૌથી ઉત્તમ છે અને શૂદ્ર સૌથી કનિષ્ઠ છે. માટે શૂદ્રની ફરજ છે કે તેણે બ્રાહ્મણની સેવા કરવી; પરંતુ બ્રાહ્મણ શૂદ્રની સેવા કરે તે બરાબર નથી. શ્રીમદ્ભાગવતમાં આવી આજ્ઞા છે. જે જીવ આ પ્રમાણે નથી વર્તતો, તેને કમનસીબ જાણવો.’

શ્રીયમુનાજીમાં સ્નાન કરતાં તે મનુષ્યોએ શ્રીમહાપ્રભુજીની આ આજ્ઞા સાંભળી. એક હતા ઉત્તમશ્લોકદાસ અને બીજા હતા ઈશ્વરદાસ. બંને સાંચોરા બ્રાહ્મણ હતા. ગોધરાના વતની હતા. એક કાયસ્થ અમલદારના ત્યાં રસોઈ કરવાની નોકરી કરતા હતા. તે કાયસ્થની સાથે તેઓ આગ્રા આવ્યા હતા અને તેથી તેઓ આજે શ્રીયમુનાસ્નાન કરવા આવ્યા હતા. ઉત્તમશ્લોકદાસને સ્નાન કરતાં કરતાં ઈશ્વરદાસને કહ્યું : ‘સાંભળ્યું? આ મહાપુરુષ જાણે આપણને જ ન કહી રહ્યા હોય! આપણે કાયસ્થના ત્યાં નોકરી કરીએ છીએ. કાયસ્થ એટલે શૂદ્ર કહેવાય. આ મહાપુરુષ સામાન્ય નથી. તેમના દ્વારા જ આપણો ઉદ્ધાર થશે, માટે ચાલો, તેમની પાસે જઈએ.’

બંને સ્નાન કરી, વસ્ત્ર બદલી શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. હાથ જોડી ઉત્તમશ્લાકદાસને વિનંતી કરી : ‘મહારાજ, આપે જે કહ્યું તે અમને લાગુ પડે છે. અમે પેટ ભરવા માટે શૂદ્રના ત્યાં નોકરી કરીએ છીએ. અમારાં બીજા કોઈ ગુણ નથી. અમે ભણેલા નથી, અમારામાં બ્રાહ્મણત્વના કોઈ સંસ્કાર નથી; તેથી શૂદ્રના ત્યાં નોકરી કરી, રસોઈ કરી પેટ ભરીએ છીએ. અમારે હવે બીજું શું કરવું?’

'ભાઈ, મેં જે વાત કહી તે તમને સંબોધીને કહી નથી. હું તો મારા સવકોને સમજાવતો હતો. પ્રભુ સર્વસમર્થ છે. જગતમાં જેમને જેમને જગદીશે જન્મ આપ્યો છે, તે સૌના ગુજરાનની ચિંતા જીવ કરતાં જગદીશ વધારે કરે છે; પરંતુ જીવને ઈશ્વરમાં વિશ્વાસ હોવો જોઈએ. ચાતક પક્ષીને મેઘમાં વિશ્વાસ હોય છે, તેથી તે સ્વાતિ નક્ષત્રના વરસાદની રાહ જોતું તરસ્યું બેસી રહે છે. મેઘ ચાતક પક્ષીના વિશ્વાસનું પોષણ કરે છે; તે પ્રભુ જીવના વિશ્વાસનું પોષણ કેમ ન કરે?'

ઈશ્વરદાસે વિનંતી કરી : 'મહારાજ! આપે આપના સેવકોને શાસ્ત્ર સમજાવતાં જે વાત કહી, તે આ સ્થળમાં અમારા સિવાય બીજા કોઈને લાગુ પડતી નથી. આપે શાસ્ત્રની વાત કહીને, ભાન ભૂલેલા અમને સાચો માર્ગ બતાવ્યો છે, માટે હવે કૃપા કરીને અમને સેવક કરો. આપ અમને એવો માર્ગ બતાવો કે જેથી આ શૂદ્રની ચાકરી છૂટે.'

'ભાઈ, તમે બંને બ્રાહ્મણ છો. બ્રાહ્મણ ચારેય વર્ણમાં ઉચ્ચ છે. તે ગુરુપદને યોગ્ય છે. તમે સેવક કેવી રીતે થઈ શકશો? સેવક બનીને રહેવું સરળ નથી.'

'મહારાજ, અમે શાના બ્રાહ્મણ? અમારામાં બ્રાહ્મણનું એક પણ લક્ષણ નથી. અમે બ્રાહ્મણનું કોઈ કર્મ જાણતા નથી. માટે અમે તો જન્મે બ્રાહ્મણ છીએ, પણ કર્મે શૂદ્ર જેવા જ છીએ. માટે કૃપા કરી અમને શરણે લો, જેથી અમારી બુદ્ધિ સુધરે.'

શ્રીમહાપ્રભુજીએ બંનેને નામ-નિવેદન કરાવ્યું.

'મહારાજ, હવે આપ આજ્ઞા કરો, તમે કરીએ.'

'તમે સૌથી પહેલાં તમારા ગામ જાઓ. તમારાં માતાપિતાને મળી, તેમની રજા લઈ, વ્રજમાં શ્રીગોવર્ધન પર્વત પર આવજો. ત્યાં શ્રીનાથજી બિરાજે છે, તેમની સેવા કરજો.'

'બંનેએ કાયસ્થની નોકરી છોડી દીધી. ગોધરા જઈ, માતાપિતાની રજા માગી. માતાપિતાએ વિચાર કર્યો : તેઓ જતા રહેશે તો પાછા આવશે નહિ; તેથી કહ્યું: 'અમે પણ તમારી સાથે આવીએ. અહીંની બધી વ્યવસ્થા કરી લઈએ ત્યાં સુધી થોભો.'

એમ કરતાં કરતાં પાંચ વર્ષ વીત્યાં. ઉત્તમશ્લોકદાસ આખરે કંટાળી, માતાપિતાથી છાની રીતે ગોધરા છોડી ગોવર્ધન આવ્યા.

શ્રીગુસાંઈજીએ તેમને આજ્ઞા કરી : 'તમે શ્રીનાથજીના સેવકોની રસોઈની સેવા કરો. સૌ સેવકોને પ્રેમથી મહાપ્રસાદ લેવડાવો.'

ઉત્તમશ્લોકદાસ શ્રીનાથજીના સેવકોને માટે રસોઈ કરી, શ્રીનાથજીની ધજાજીને ભોગ ધરી, સૌ વૈષ્ણવોને ખૂબ પ્રેમથી મહાપ્રસાદ લેવડાવતા. તેમણે વિચાર કર્યો : 'શ્રીનાથજીના સેવકોને હું મહાપ્રસાદ લેવડાવું છું, તેમાં મારી સેવા ક્યાં અંગીકાર થાય છે? મારી સત્તાનું, મારી ગાંઠનું લેવડાવું તો મને આનંદ થાય. આ તો બધું શ્રીગુસાંઈજીના ઘરનું છે.'

તેમણે નિશ્ચય કર્યો : 'આ સેવકોને મારી ગાંઠનું શું લેવડાવું?'

પ્રભુકૃપાથી તેમને પ્રેરણા થઈ : 'શ્રીનાથજીના સેવકોને સેવામાં શારિરીક શક્તિ વિશેષ જોઈએ. તો જ તેઓ પ્રભુની સેવા થાક્યા વિના સુંદર રીતે કરી શકે. શરીરની શક્તિ માટે ઉત્તમ પૌષ્ટિક મહાપ્રસાદ લેવડાવવો જોઈએ. આ માટે વધારાનું ઘી મારી ગાંઠનું ખરીદી તેમને પીરસું, તો મારી સેવા અંગીકાર થાય અને સેવકોમાં પણ શારીરિક શક્તિ જળવાઈ રહે, તો શ્રીનાથજીને પરિશ્રમ ન પડે.'

આમ વિચાર કરી, પોતાની પાસેના દ્રવ્યમાંથી ઘી લાવી, તેઓ વધારાનું ઘી સેવકોને રોટલી પર ચોપડી, તેમને આગ્રહપૂર્વક લેવડાવતા. તેમના આવા પ્રેમથી સૌ સેવકો તેમને મહતારી (દાદીમા) કહી બોલાવતા.

આ વાત શ્રીગુસાંઈજીના સાંભળવામાં આવી. એક દિવસ શ્રીગુસાંઈજીએ ઉત્તમશ્લોકદાસને બોલાવીને પૂછ્યું: 'તમે તમારા અંગત દ્રવ્યનું ઘી મંગાવી સેવકોને કેમ પીરસો છો?'

ઉત્તમશ્લોકદાસે કહ્યું: 'મહારાજ! સેવકોને સેવામાં શ્રમ ઘણો થાય છે. વારંવાર પર્વત ચઢવો-ઉતરવો પડે છે. તેમનો શ્રમ જોઈ પ્રભુને ખેદ થાય છે, તેથી સારી રીતે સેવા કરે તે માટે તેમને વધારાનું ઘી પીરસું છું.'

સેવકો પ્રત્યેનો આવો પ્રેમ જોઈ શ્રીગુસાંઈજી તેમના ઉપર ખૂબ પ્રસન્ન થયા. આપે આજ્ઞા કરી: 'ઉત્તમશ્લોકદાસ, હું તમારા ઉપર ખૂબ પ્રસન્ન છું, તમે કંઈ માગો.'

'કૃપાનાથ! હું એટલું જ માગું છું કે મારું મન આપના ઉપર ક્યારેય અપ્રસન્ન ન થાય.'

ઉત્તમશ્લોકદાસની વિનંતી સાંભળી બીજા વૈષ્ણવો અંદરોઅંદર કહેવા લાગ્યા: 'ઉત્તમશ્લોકદાસે શું માગ્યું? જીવ પ્રસન્ન થાય કે અપ્રસન્ન થાય તેથી શું? પ્રભુ પ્રસન્ન થાય એ જરૂરી છે.'

શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'તમે આ વાત ઉત્તમશ્લાકદાસને જ પૂછો.'

બધા વૈષ્ણવોએ ઉત્તમશ્લાકદાસને પૂછ્યું. તેમણે દીનતાથી જવાબ આપ્યો: 'અત્યારે શ્રીગુસાંઈજી મારા પર પ્રસન્ન છે; પરંતુ કોઈક વખતે સેવામાં મારો અપરાધ થાય, ત્યારે આપ મારા પર અપ્રસન્ન પણ થાય. ત્યારે મારું મન બગડે. મને શ્રીગુસાંઈજી પર અભાવ આવે તો મારું જીવન વૃથા જાય, માટે માગ્યું કે આપ અપ્રસન્ન થાઓ, છતાં મારું મને બગડે નહિ.'

શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'ઉત્તમશ્લાકદાસે હોશિયારીથી વરદાન માંગ્યું છે. તેનો બગાડ કદાપિ થશે નહિ.'

ઉત્તમશ્લોકદાસની પાછળ ઈશ્વરદાસ દવે પણ ગોધરા છોડી, શ્રીગોવર્ધન પર્વત પર આવ્યા હતા અને શ્રીગુસાંઈજીની આજ્ઞા લઈ, ઉત્તમશ્લોકદાસ સાથે સેવકોની રસોઈની સેવામાં લાગ્યા હતા. બંને વૈષ્ણવો ખૂબ ભાવપૂર્વક શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની સેવા કરતા હતા.

સિદ્ધાંત નવનીત

(૧) આ વાર્તામાં સેવાનું સ્વરૂપ સુંદર રીતે બતાવવામાં આવ્યું. 'સિદ્ધાંત-મુક્તાવલી'ની ટીકામાં શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી છે : 'આપણી જાતે, આપણા દ્રવ્યથી પ્રભુની સેવા કરવી. સેવામાં દેહ અને દ્રવ્ય-બંનેનો પૂરેપૂરો વિનિયોગ થવો જોઈએ. કેવળ દેહથી કરેલી સેવા અને કેવળ દ્રવ્યથી કરેલી સેવા પૂરતી નથી. માટે અહીં ઉત્તમશ્લોકદાસ કેવળ તનુજા સેવાથી સંતોષ પામતા નથી. તનુજા સેવાની સાથે વિત્તજા સેવા જોડાતાં તે તનુ-વિત્તજા સેવા બને છે. આવી તનુ-વિત્તજા સેવા કરવાનો હમેશાં આગ્રહ રાખવો જોઈએ.

(૨) શ્રીગુરુદેવ કે શ્રીઠાકોરજી કે ભગવદીય પ્રસન્ન થાય અને માગવાનું કહે ત્યારે વૈષ્ણવે શું માગવું, તેનો વિવેક પણ આ વર્તા ખૂબ સરસ રીતે શીખવે છે. શ્રીમહાપ્રભુજી 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે પ્રભુ અંતર્યામી છે. તેમની પાસે કશું પણ માગવું નહિ. એનો અર્થ એ કે આપણી લૌકિક મુશ્કેલીઓનો ઈલાજ પ્રભુ પાસે માગવો નહિ. લૌકિક દુ:ખનાં રોદણાં પ્રભુ પાસે રડવાં નહિ, પરંતુ પ્રભુના સુખ માટેના અલૌકિક મનોરથ માટે પ્રભુને અવશ્ય વિનંતી કરી શકાય. ઉત્તમશ્લોકદાસે પોતાનું મન સદાય સેવા કરતાં કરતાં દીનતા અને પ્રેમથી ભરેલું રહે તેવું માગ્યું હતું. જુદા જુદા ભગવદીયોએ, જુદી જુદી વિનંતીઓ કરેલી છે. 'કીર્તન-સાહિત્ય' માંથી આપણને તેના પુરાવા મળે છે.

વૈષ્ણવ પરિચય

(૧) વતન : ગોધરા

(૨) જ્ઞાતિ : સાંચોરા બ્રાહ્મણ

(૩) સેવા : સેવકોને મહાપ્રસાદ લેવડાવવાની.

(૪) **મૂળ સ્વરૂપ :** ઉત્તમશ્લોકદાસ-સુશીલા સખી. ઈશ્વરદાસ - મેના સખી. બંને શ્રીચંદ્રાવલિજીની સખીઓ છે. બંનેની સેવા શ્રીચંદ્રાવલિજી અને બધી સખીઓને પ્રેમથી આરોગાવવાની છે. એક વખત શ્રીચંદ્રાવલિજીએ શ્રીસ્વામીનીજીને પોતાની નિકુંજમાં પધરાવેલાં. તેઓ શ્રીઠાકોરજી અને શ્રીસ્વામીનીજીને પોતાના હસ્તથી પીરસતાં હતાં, ત્યારે આ બે સખીઓને અભિમાન થયું કે આપણે બધી સખીઓને રોજ પીરસીએ છીએ, તો આજે યુગલ સ્વરૂપને પીરસીએ. તેઓ શ્રીચંદ્રાવલિજીની આજ્ઞા લીધા વિના સામગ્રીઓનો થાળ લઈ યુગલ સ્વરૂપ પાસે જવા નીકળ્યાં. ત્યાં ચંદ્રાવલિજી પધાર્યાં અને પૂછ્યું : 'ક્યાં જાઓ છો?' ત્યારે તેમણે અભિમાનથી કહ્યું : 'અમે કેમ ન પીરસીએ?' શ્રીચંદ્રાવલિજીએ કહ્યું : 'અહીં ગર્વ કરનારનું કામ નથી, સેવામાં દીનતા જોઈએ. માટે તમે પૃથ્વી ઉપર જન્મ લો.'

આ પ્રસંગ આપણને શીખવે છે કે સેવામાં અભિમાન કરવું જોઈએ નહિ. નિત્યાલીલામાં આપણું જે સ્વરૂપ હોય અને જે સેવા પ્રાપ્ત થઈ હોય તેજ સેવા પૃથ્વી પર પણ મળે છે. માટે આ બંને વૈષ્ણવોને અહીં પણ શ્રીગુસાંઈજીના સેવકોને પ્રસાદ લેવડાવવાની સેવા મળી. તેમનો ગર્વ નિવૃત્ત થયો, તેથી જ તેમણે માગ્યું કે 'અમારું મન આપના ઉપર કદી અપ્રસન્ન ન થાય.'

■

૧૨ : બળની અવધિ

(૩૮. વાસુદેવદાસ છકડા)

શ્રીવલ્લભના શરણમાં વિવિધ પ્રકારની શક્તિશાળી વ્યક્તિઓ આવેલ છે. દિલ્હી પાસે સિંહનદમાં એક સારસ્વત બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા વાસુદેવદાસ નાનપણથી જ અપ્રતિમ અંગબળ ધરાવતા હતા. કિશોર વયમાં જ સૌને એનો પરિચય થઈ ગયો હતો.

સિંહનદના જુલમી હાકેમે વાસુદેવદાસના પિતા પાસેથી વગર વાંકે રૂપિયા બે હજારનો દંડ લેવાનું ઠરાવ્યું; કારણ એ જ કે તે પૈસાદાર જણાયા. પિતાએ તો દંડ ભરી દેવાનો વિચાર કર્યો, પણ પુત્ર આ અન્યાય બરદાસ્ત ન કરી શક્યો. સામનો કરવા માટે એ તૈયાર થઈ ગયો.

હાકેમના ચારેક સૈનિકો જ્યારે દંડ વસૂલ કરવા ઘેર આવ્યા, ત્યારે ચૌદ વર્ષનો એ કિશોર વાસુદેવ ઘરની બહાર દોડી આવ્યો અને મુસ્લિમ સૈનિકો સામે પડકાર ફેંક્યો. ઝગડો વધતાં એ લોકોએ એક-બે ગાળો ચોપડાવી દીધી. ત્યાં તો કિશોરનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. એક ઝપાટે તૂટી પડીને એણે સૈનિકોનાં શસ્ત્રો છીનવી લીધાં અને ધક્કો મારીને ગબડાવી પાડ્યા. સૈનિકો કિશોરનું બળ પારખી ગયા અને ત્યાંથી હાકેમ પાસે ભાગ્યા.

જઈને ફરિયાદ કરી. હાકેમે બીજા ચાલીસ સૈનિકો મોકલ્યા. કિશોર હાથમાં લાકડી લઈને એ લોકોની વચ્ચે પેસી ગયો અને મારી ઝૂડીને બધાને તોબા પોકરાવી દીધી. એમનાં હથિયારોય પડાવી પડાવી લીધાં. એ લોકોને લાગ્યું કે આ કોઈ ચમત્કાર થઈ રહ્યો છે! બધા જીવ લઈને ત્યાંથી ભાગ્યા. હાકેમને બધી વાત કરી અને કહ્યું કે 'હાકેમ સાહેબ, એ તેર-ચૌદ વરસનો છોકરો કોઈ જાદુગર હોય એવું અમને લાગે છે.' હાકેમે પોતાનો વટ રાખવા બીજા પાંચસો ચુનંદા સૈનિકો તૈયાર કરીને રવાના કર્યા. પણ એના મનમાં તો ડર પેસી ગયો હતો કે 'રખે ને આ છોકરો મારો જીવ લે.' એટલે થોડા અંગત માણસો સાથે લઈને હાકેમે પોતાની હવેલીમાં ભરાઈ બેઠો; એટલું જ નહિ, એ હવેલી તરફ આવેલા સાંકડા રસ્તામાં એક છકડો એટલે મોટું ગાડું ગોઠવાવી દીધું અને એ ગાડામાં ભારે ભારે પથ્થરો મુકાવી દીધા.

પાંચસો સૈનિકોએ આવીને ઘરને ઘેરી લીધું અને ભારે હલ્લો મચાવ્યો. ત્યાં તો કિશોર વાસુદેવ કેડ બાંધીને બહાર નીકળી પડ્યા. લોખંડની મોટી બે મણની કૉશ (પરાઈ) એમના હાથમાં આવી ગઈ હતી. સૈનિકોના સમૂહ વચ્ચે એ લોખંડનો લઠ્ઠો લઈને ચારે બાજુ ઘુમાવતા ગોળગોળ ઘુમી રહ્યા હતા. જાણે કુંભારનો ચાકડો ન ફરી રહ્યો હોય! સૈનિકોનો ઘાટ ઘડાઈ રહ્યો હતો. એકેક-ચક્કરમાં અનેક સૈનિકો ભોંય ભેગા થતા જતા હતા. અથડાતા-અથડાતા એકમેકના ઉપર પટકાતા હતા. એટલી ઝડપથી આ બધું બની રહ્યું હતું કે સૈનિકોને એમનાં હથિયાર વાપરવાની તો તક જ મળી નહિ! એ લોકો આશ્ચર્યથી આભા બની ગયા હતા. કોની તાકાત હતી કે એને પકડી રોકી શકે? આ કોઈ મનુષ્ય છે કે દેવ!! આ તે લડાઈ કે ચમત્કાર! સૈનિકો ચોંકી ઊઠ્યા હતા!

છેવટે લઠ્ઠની ગતિ ધીમી પડતાં, જેટલા જીવતા બચ્યા એટલા જીવ લઈને નાઠા. વીર વાસુદેવ હવે હાકેમની હવેલી તરફ દોડ્યા, પણ રસ્તામાં છકડાનો અંતરાય જોયો. અંગઅંગમાં શૂરાતન વ્યાપ્યું હતું. આથી એ કિશોરે, હાથ વડે એ ગાડાને એવું ધકેલ્યું કે આખું ગાડું ઊંધું પડી ગયું અને મોટામોટા પથ્થરો દૂરદૂર સુધી જઈને પડ્યા.

જાસૂસો મારફત હાકેમને આ બધા સમાચાર મળ્યા જ કરતા હતા. આથી હવેલીની પાછળ વહેતી સરસ્વતીમાં તે પોતાના માણસો સાથે કુદી પડ્યો અને તરીને એ બધા લોકો સામે કાંઠે ભાગ્યા.

વાસુદેવદાસે લઠ્ઠ વડે હવેલીના આંગણામાં આવેલા હાકેમની બેઠકના ચોતરાને ભાગી નાખ્યો અને પછી ઘેર આવ્યા. એના અદ્ભુત પરાક્રમની ગામમાં વાહવાહ બોલાઈ ગઈ. લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. એ બધા પણ હાકેમના ત્રાસથી ત્રાસેલા હતા.

(૨)

દિવસો વિતવા લાગ્યા. કિશોર મોટો થતો ગયો. યુવાનીમાં તો બળની સીમા જ શું રહે! હવે ગામમાં પણ બધા એમનાથી ડરવા લાગ્યા. એમને પોતાને પણ બળનું અભિમાન ચઢી ગયું હતું. ઘરમાં કે બહાર કોઈનેય ગાંઠે નહિ ! મનસ્વી વર્તન હવે માઝા મૂકતું હતું.

પણ ભગવાન શેરને માથે સવેશેર સર્જે જ છે! એમના લૌકિક અંગબળ ઉપર એક ભગવદીયના અલૌકિક આત્મબળે એક દિવસ વિજય મેળવ્યો.

બન્યું એવું કે વાસુદેવદાસ કોઈ કામે નદીને સામે કાંઠે થાણેશ્વર ગયેલા. ત્યાં શ્રીવલ્લભાધીશ પધારેલા હતા. સાથે કૃષ્ણદાસ મેઘન પણ હતા. મેઘન સરસ્વતીમાં સ્નાન કરવા આંવેલા અને વાસુદેવદાસ પણ એ જ કિનારે નદીમાં નહાવા પડ્યા.

સીધી રીતે તો એ નહાય જ નહિ ને! શરીરમાં જોર માતું નહોતું. પાણીમાં તરતા, ધમાધમ કરતા, હાથ પછાડતા એ નહાઈ રહ્યા હતા. ચારે બાજુ છાંટા ઉડાડી રહ્યા હતા.

કૃષ્ણદાસે તો નહાઈને અપરસમાં જવાનું હતું. છાંટા ઊડે તે કેમ ચાલે! એમણે વિનયથી કહ્યું : 'ભાઈ, જરા ધીમેથી નહાઓ તો! જુઓ, આ કેટલા બધા છાંટા ઊડે છે!'

વાસુદેવ કોઈને ગાંઠવાનું તો શીખ્યા જ નહોતા. એ તો વળી વધુ ધમાધમ કરવા લાગ્યા અને બોલ્યા, 'કેમ! કંઈ નદી તમારા બાપાની છે? અમને ફાવે તેમ નહાઈશું! હું બ્રાહ્મણ છું, કંઈ ઢેડ નથી. તમે મોટા એવા કેવા આવ્યા છો કે બ્રાહ્મણના છાંટાથી અભડાઓ છો! છાંટા ઊડશે જ. જાઓ, થાય તે કરી લો, ભગતજી!' તિલક-કંઠી જોઈને વાસુદેવદાસે એમને ભગત માની લીધા હતા.

કૃષ્ણદાસે ધારીને સામે જોયું. લાગ્યું કે જીવ તો દૈવી છે, પણ મદમાં છકી ગયો છે. પણ એ જરા નજીક સરક્યા અને એકદમ ઝડપ મારીને એમના બંને હાથ પકડી લીધા! આશ્ચર્ય! ક્યાં સુકલકડી કૃષ્ણદાસ અને ક્યાં ભીમકાયા વાસુદેવદાસ! એમણે ઘણું જોર અજમાવ્યું પણ એકેય હાથ ચસકતો નથી. એમને ભારે નવાઈ લાગી! વાસુદેવદાસ સમજી ગયા કે આ કંઈ આ શરીરનું બળ નથી; બીજુ જ કંઈક છે. એ નમી પડ્યા : 'ભક્તરાજ! હવે હું હાર્યો; મને છોડો અને તમારું આ બળ કેવું છે ને ક્યાંથી મળ્યું છે તે મને સમજાવો. મારે આવું બળ જોઈએ છે.'

કૃષ્ણદાસે હાથ છોડી દીધા અને સામે જ નદીના તટ પર શ્રીવલ્લભ સંધ્યાવંદન કરી રહ્યા હતા, તેમને સાનથી બતાવ્યા : 'ભાઈ, આ બળ મારું નથી, એમનું છે.'

વાસુદેવદાસ ત્યાં દોડી આવ્યા. આવતાં જ સાષ્ટાંગ દંડવત્ કર્યા. મૂળમાં તો લીલાના દૈવી જીવ હતા ને! વિનંતી કરી : 'કૃપાનિધાન, મને શરણે લો.'

'આવો વાસુદેવ છકડા!' શ્રીવલ્લભે એમને સત્કાર્યા અને પછી પરીક્ષા કરતાં વચન ઉચ્ચર્યાં : 'બોલો, તમે શરણે આવીને શું કરશો? મદ અને ગર્વ તો ધર્મથી અળગા રાખે છે! તમારા જેવાથી અમારા સેવક-ધર્મનું પાલન કેમ થશે?'

એ વિનંતી કરે છે : 'મહારાજ, મદ હતો તો ઘણો જ; પણ હવે નથી. હવે ગર્વ બધો ગળી ગયો છે. હું આપનો સેવક થઈને દીન બનીને રહીશ. મારા લાયક સેવા બતાવશો તે ભાગ્ય માનીને કરીશ. પશુબળ તો મારું પતન કરનારું હતું. મને આપનું અલૌકિક બળ આપો. મારો ઉદ્ધાર કરો, પ્રભુ!'

શ્રીવલ્લભ પણ ઘણા પ્રસન્ન થયા. સામે બેઠેલા હરસાનીજીને સંબોધીને આજ્ઞા કરી : 'જો દમલા, ભગવદીય જેનો હાથ પકડે, તેની બુદ્ધિ ભગવાન કેવી નિર્મળ બનાવી દે છે!'

પછી એમણે બ્રહ્મસંબંધ કરાવ્યું. લૌકિક બળમાં અલૌકિક સામર્થ્ય ઉમેરાયું. સોનામાં સુગંધ ભળી, પછી બાકી જ શું રહે વારું? સામાન્ય સેવા તો સૌ કરતા, પણ અસાધારણ સેવા હવે વાસુદેવદાસને સોંપાવા લાગી.

એક વાર શ્રીગુસાંઈજી મથુરા બિરાજતા હતા. વસંતપંચમીનો ઉત્સવ આવ્યો. ચોથને દિવસે સવારના પહોરમાં આપશ્રીએ વાસુદેવદાસને બોલાવીને આજ્ઞા કરી, 'જુઓ, આજે જ આગ્રા જઈને સાંજ સુધીમાં તો પાછા ફરવાનું છે. રૂપચંદ નંદા ઉપર લખેલો મારો આ પત્ર લઈ જાઓ. એ જે આપે તે બધું લેતા આવવાનું છે.'

વાસુદેવદાસ જવા માટે તૈયાર થયા. ગુસાંઈજીએ પોતાના ખવાસને બોલાવ્યો. અનસખડી મહાપ્રસાદ ભરેલી એક ટોપલી અને સાથે એક મોટી ઝોળી મંગાવી. મહાપ્રસાદથી ભરીને એ થેલી એમને ખભે લટકાવી. પછી આજ્ઞા કરીઃ વાસુદેવદાસ! તમારાથી ભૂખ્યા ભૂખ્યા કંઈ ચલાશે નહિ. પ્રસાદ ખાતા જજો ને ઝડપથી રસ્તો કાપતા જજો.'

'પણ મહારાજ, પગમાં જોડા પહેર્યા વિના ચલાય નહિ અને જોડા પહેરીને ખવાય નહિ, એનું શું?' એમણે હાથ જોડીને વિનંતી કરી.

'એનું કાંઈ નહિ. તમને તે બાધક નહિ થાય. પ્રભુના સુખના કાર્યમાં વિધિ-નિષેધ ગૌણ બની જાય છે.' શ્રીગુસાંઈજીએ પ્રસન્નતાથી આજ્ઞા કરી.

આપશ્રી જાણતા હતા કે વાસુદેવદાસનો મણથી દોઢ મણ જેટલો તો રોજનો આહાર હતો. હાથીનો જ ખોરાક માનો ને! એ ભૂખ્યા કેમ કરીને રહી શકે! ભીમસેન ક્યારેય ભૂખ્યો રહ્યો હતો? કુંતામાએ એકાદશી તો એને બાંધીને કરાવેલી! કહેવત પણ ખરી જ છે : 'જે ખાય તે ધાય.'

વાસુદેવદાસ ખાતા ખાતા ચાલ્યા; અરે, દોડ્યા! દસ-અગિયાર વાગતાં તો આગ્રા પહોંચ્યા. ભગવદીય રૂપચંદ નંદા એમની સાથે બજારમાં નીકળ્યા. વસંતખેલનાં વસ્ત્રો, સામગ્રી, વસ્તુભાવ બધું અપાવ્યું. એક ખભે તો ખાલી થયેલી પ્રસાદની ઝોળી હતી. બીજે ખભે સામગ્રીનો પોટલો લટકાવ્યો. ખાલી ઝોળીમાં પાછો ટોપલી ભરીને અનસખડી પ્રસાદ મુકાવ્યો; કેમકે સમય ઝાઝો હતો જ નહિ અને એમને માટે તો ખાસ ઘણીબધી રસોઈ કરવી પડે. પછી તે પ્રભુને ભોગ ધરાય અને વાસુદેવદાસ પ્રસાદ લે (જમે), ત્યાં સુધી તો ઘણી વાર થઈ જાય! પાછા વહેલા પહોંચવાનું હતું.

એ પાછા ઊપડ્યા. માર્ગમાં ખાતાખાતા બપોરે ત્રણેક વાગે તો મથુરા આવી પહોંચ્યા. શ્રીગુસાંઈજી બપોરના વિશ્રામ પછી જાગ્યા હતા. પોતે સ્વયં ઊઠીને સામગ્રીનો પોટલો છોડી લીધો; કેમ કે વાસુદેવદાસના હાથ તો પ્રસાદવાળા હતા. આટલી બધી સામગ્રી અને તે આટલી જલદી લઈને પાછા આવ્યા. આવી અસાધારણ સેવા જોઈને આપશ્રી એમના પર ઘણા પ્રસન્ન થયા.

આ જ પ્રકારે કોઈ વાર સુવર્ણમુદ્રાઓ દૂરને સ્થળે સલામત મોકલવી હોય, ત્યારે પણ એમને જ કામ સોંપાતું. કોની તાકાત છે કે એમની પાસેથી કોઈ લૂંટી શકે! છતાં રાત્રે ઊંઘમાં પણ સચવાય તે માટે સરસ યુક્તિ કરીને એ કામ પાર પાડતા. લાખના ગોળામાં એ મહોરો સમાવી લે. એ ગોળાને શાલિગ્રામ બનાવે. સાધુનો વેષ લે અને પૂજા કરતા જાય. એ જમાનામાં ઠગ, ફાંસિયાનો ઘણો ત્રાસ હતો. મુસાફરીમાં સાથે થઈ જાય અને રાતમાં ગળે ફાંસો નાખીને માલ લૂંટી જાય. વાસુદેવદાસ જેવા બળવાન હતા એવા જ બુદ્ધિશાળી પણ હતા.

એક વાર શ્રીમહાપ્રભુજી બે-ત્રણ દિવસ પર્યન્ત આર્થિક મુશ્કેલીમાં બિરાજી રહ્યા હતા, ત્યારે સિંહનદના વૈષ્ણવોની ભેટની ત્રીસ સોનામહોરો આ રીતે અડેલ સુધી સલામત પહોંચાડેલી. બીજી વખત આગ્રાથી શ્રીગોપીનાથજીએ શ્રીગુસાંઈજીની ભેટની એક સો સોનામહોરો મોકલી, તે આ રીતે જ અડેલ જઈને આપી આવેલા.

હવે વાસુદેવદાસનું એક બીજું પરાક્રમ જોઈએ. શ્રીગુસાંઈજીને એવો નિયમ હતો કે સેવાથી પહોંચીને પોતે મથુરામાં શ્રીકૃષ્ણપ્રભુના જન્મસ્થાનના તેમજ શ્રીકેશવરાયજીના દર્શને પધારતા. આપશ્રીના તેજોદ્વેષી કોઈ ચોબાએ એકવાર મથુરાના હાકેમ પાસે જઈને ચુગલી કરી : 'સાહેબ, આપ પ્રજા ઉપર કરવેરા ને લાગા નાખો છો, એના કરતાંય મોટી રકમનો તડાકો પડે એવો રસ્તો બતાવું! અહીં ગોકુળના ગુસાંઈજી રહે છે. તે દરરોજ કેશવરાયજીનાં દર્શને જાય છે. તે વખતે એમને ઘેરીને પકડી લો. પછી બે-ત્રણ દિવસ અટકમાં રાખો અને પછી જુઓ કે કેટલો લાભ થાય છે! એમના સેવકો ઘણા પૈસાદાર છે. એ લોકો પોતાના ગુરુને છોડાવવા લાખો રૂપિયા આપતાં પણ અચકાશે નહિ.'

હાકેમને આ યુક્તિ ગમી ગઈ. એણે બીજે દિવસે પોતાના સરદારને બસો સૈનિકો સાથે ત્યાં મોકલ્યો. આપશ્રી પોતાના બેચાર સેવકો સાથે શ્રીકેશવરાયજીના મંદિરમાં પધાર્યા. સાથે વાસુદેવદાસ પણ હતા. તરત જ સૈનિકોએ આવીને મંદિરને ઘેરી લીધું. દર્શન કરીને બહાર પધારે છે ત્યાં તો આ બધી ધમાલ દેખાઈ.

વાસુદેવદાસ આપશ્રીને વિનંતી કરે છે : 'મહારાજ, આ લોકો બુરી દૃષ્ટિથી આવ્યા લાગે છે. કાં તો મંદિર લૂંટવાનું હોય, કાં તો આપને શ્રમ આપવાનો હોય. બદદાનત સ્પષ્ટ દેખાય છે. પ્રભુ આપ આજ્ઞા આપો એટલી વાર, બધાને સીધાદોર કરી દઉં.'

આપશ્રીએ આંખથી ઈશારો કર્યો ને વાસુદેવદાસ સમજી ગયા. સૌથી આગળ એ ચાલ્યા. સૈનિકોના સરદારે પડકાર કર્યો. એણે પ્રહાર કરવા માટે ગદા ઊંચી કરી, ત્યાં તો ચીલઝડપે દોડીને વાસુદેવદાસે એનો હાથ મચડી નાખ્યો. અને ભારે વજનદાર ગદા એના હાથમાંથી ઝૂંટવી લીધી. બીજા હાથમાંથી ઢાલ પણ તરત પડાવી લીધી. પછી એ ગદાના પ્રહારથી સરદારને પાડી દઈને આંખના પલકારામાં સૈનિકો પર તૂટી પડ્યા. વીસ-પચ્ચીસને ભોંય ભેગા કરી દીધા, ત્યાં તો બાકીના જીવ લઈને ભાગ્યા. નજીકમાં જ એક ખખડધજ હવેલી હતી, એમાં ભરાઈ ગયા અને બારણાં બંધ કરી દીધાં.

વાસુદેવદાસ તો પૂરા શૂરાતનમાં આવેલા હતા. એમણે આપશ્રીને વિનંતી કરી, 'કૃપાનાથ! આપ આજ્ઞા આપો તો કાં તો બારણું તોડીને અંદર જઈ બધાંને પૂરાં કરું; કાં તો હવેલીની દીવાલ તોડી નાખું, એટલે અંદર જ દુષ્ટો દબાઈ મરે.'

પણ શ્રીગુસાંઈજીએ એવી આજ્ઞા ન આપી. 'છકડા! હું જાણું છું કે ભગવાને તમને અખૂટ બળ આપ્યું છે. આપણા બળથી આપણું રક્ષણ જરૂર કરવું; પણ આક્રમણ કદી ન કરવું. પાપીઓ પોતાના પાપે જ મરે છે. આપણે એમાં નિમિત્ત બનવાની જરૂર નથી.' અને પછી પોતે સંધ્યાવંદન કાજે વિશ્રામઘાટે સેવકો સહિત પધાર્યા.

પછી પેલા લોકો ડરતા ડરત હવેલીમાંથી બહાર નીકળ્યા. બહાર પાડેલાઓમાંથી જે જીવતા હતા, તેમણે પેલાઓને કહી દીધું કે 'તમે મોતના મોંમાંથી બચ્યા છો. આ મકાન તમારી કબર જ બનવાની હતી.' પછી શ્રીગુસાંઈજી સાથેનો વાસુદેવદાસનો વાર્તાલાપ એ લોકોએ સાંભળ્યો હતો તે કહ્યો. એમાંથી આ લોકો સાર સમજી ગયા.

બીજે દિવસે શ્રીગુસાંઈજી જ્યારે આ મંદિરે પધાર્યા ત્યારે મથુરાનો હાકેમ પોતાના અંગત માણસો સાથે આવીને, આપશ્રીને પગે લાગ્યો : 'મહારાજ, ગઈ કાલનો અમારો ગુન્હો મહેરબાની કરીને માફ કરો. આપ તો કનૈયાજી છો. કાલે આપે દયા કરીને મારા માણસોનો ન બચાવ્યા હોત, તો આ ભીમસેન બધાંને પૂરાં કરી નાખત. આપે ઘણી કૃપા કરી.'

આપશ્રીએ પૂછ્યું : 'કાલ તમે કયા ઈરાદે આવેલા, વારુ?'

હાકેમ બોલ્યા : 'મહારાજ, આપની વિરુદ્ધ એક ચોબાજીએ મને ચુગલી કરી હતી. અમે એ દુષ્ટની કુબુદ્ધિએ ચાલ્યા. અમે આપને પકડવા અને પૈસા કઢાવવા આવેલા. એ ચુગલખોરને તો અમે પૂરી નશ્યત કરીશું.'

આપશ્રી મંદ મંદ હસીને બોલ્યા : 'ના, એ ચોબાજીને તમે કંઈ પણ ન કરશો. અમારી ના છે. દુષ્ટ પોતાની દુષ્ટતા ન છોડે, તો સજ્જને સજ્જનતા શા માટે છોડવી?'

હાકેમ આશ્ચર્યચકિત થયો. દુષ્ટો તરફ પણ આવી દયાદૃષ્ટિ! આ તે કેવા મહાપુરુષ! ફરીફરીને ક્ષમા માગતો એ પોતાના માણસો સાથે ચાલ્યો ગયો.

આવા પરમકૃપાળુ શ્રીવિઠ્ઠલેશ અને એમના કૃપાપાત્ર સમર્થ સેવકનું સ્મરણ કરતાં મન કેવું આનંદવિભોર બની જાય છે!

(૩)

શ્રીમહાપ્રભુજી નિજધામ અડેલમાં બિરાજતા હતા. એક દિવસ સવારમાં ભંડારીએ વિનંતી કરી : 'મહારાજ, આજે ભંડારમાં સીધુસામગ્રી બિલકુલ નથી!'

શ્રીમહાપ્રભુજીએ તેમના શ્રીઠાકોરજીની એક સોનાની કટોરી લાવીને ભંડારીને આપીને આજ્ઞા કરી : 'આ કટોરી શરાફના ત્યાં ગીરો મૂકી રાજભોગ સુધીની જરૂરી સામગ્રી લઈ આવો. તેનાથી વધારે જરા પણ લાવશો નહિ. ભંડારી તે પ્રમાણે સોનાની કટોરી ગીરો મૂકી તે રકમમાંથી રાજભોગ સુધીની જરૂરી સામગ્રી લઈ આવ્યા. રાજભોગ પછી શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરીઃ 'આમાંથી ગાયોને મહાપ્રસાદ ખવડાવવો અને બાકીનો બધો મહાપ્રસાદ શ્રીયમુનાજીમાં પધરાવી દો. આજે પરિવારમાંથી કે સેવકોમાંથી કોઈ આ મહાપ્રસાદ લેશે નહિ; કારણ કે શ્રીઠાકોરજીની વસ્તુની રકમમાંથી આ સામગ્રી સિદ્ધ થઈ છે. શ્રીઠાકોરજી પોતાની માલિકીની વસ્તુની સામગ્રી આરોગે તેમાં વાંધો નથી, પરંતુ તે દેવદ્રવ્ય છે; માટે વૈષ્ણવોથી તેનો પ્રસાદ લેવાય નહિ.'

બપોરે રાજભોગ બાદ શ્રીમહાપ્રભુજી બિરાજ્યા હતા ત્યારે વાસુદેવદાસ છકડા સિંહનદથી આવી પહોંચ્યા. તેમણે શ્રીમહાપ્રભુજીને દંડવત્ કરી ત્રીસ સોનામહોરો ભેટ ધરીં. શ્રીમહાપ્રભુજી ઘણા પ્રસન્ન થયા. આપશ્રીએ પૂછ્યું : 'વાસુદેવદાસ, સોનામહોરો કોણે મોકલી છે?'

'કૃપાનાથ, સિંહનદના બધા વૈષ્ણવોએ મળીને ગુરુભેટની આ ત્રીસ મહોરો આપને અંગીકાર કરાવવા મોકલી છે.'

'વાસુદેવદાસ, રસ્તામાં ચોર-લૂંટારાનો ઘણો ભય છે; છતાં તમે સહીસલામત આ દ્રવ્ય કેવી રીતે લઈ આવ્યા?'

'કૃપાનાથ, મેં સાધુનો વેશ ધર્યો હતો એક લાખનો ગોળો બનાવી તેમાં બધી સોનામહોરો મૂકી દઈ, તે ગોળાની શાલિગ્રામની જેમ ચંદન, કંકુ વગેરે ચડાવી પૂજા કરતો કરતો સિંહનદથી આગ્રા આવી રાત રોકાયો. આગ્રાથી બે દિવસ સતત ચાલતો રહ્યો. ત્રીજે દિવસે અત્યારે આપની પાસે આવી પહોંચ્યો છું. અહીં ગામ બહાર લાખનો ગોળો તોડી સોનામહોરો આપને ભેટ ધરવા લઈ આવ્યો છું.'

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'વાસુદેવદાસ, લૌકિક વસ્તુને ભગવદ્-

સ્વરૂપનો આકાર આપ્યા પછી તેનો અન્યથા ઉપયોગ કરવો પડે તે બરાબર યોગ્ય નથી. એક વખત લૌકિકમાં અલૌકિક બુદ્ધિ કર્યા પછી ફરી તેમાં પાછી લૌકિક બુદ્ધિ ન કરવી.'

'કૃપાનાથ, મેં તે ગોળાની શાલિગ્રામ તરીકે પ્રતિષ્ઠા કરી નહોતી. મારે મન તો તે લાખનો ગોળો જ હતો, પણ આપનું દ્રવ્ય ચોરના હાથમાં જાય તો મારો દાસધર્મ નાશ પામે; તેથી સલામતી માટે આવો દેખાવ કર્યો હતો.'

શ્રીમહાપ્રભુજી આ સાંભળી ઘણા પ્રસન્ન થયા. આપે ભંડારીને સોનામહોરો આપીને આજ્ઞા કરી, 'શ્રીઠાકોરજીની કટોરી છોડાવી લાવો અને જરૂરી સામગ્રી લાવી શયનભોગ ધરો. આપે સાંજે પોતાના પરિવાર સાથે ભોજન કરી, વૈષ્ણવોને પણ પ્રસાદ લેવડાવ્યો. વાસુદેવદાસ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા લઈ સિંહનદ પાછા ગયા.

(૪)

એક વખત બધા વૈષ્ણવો શ્રીગુસાંઈજીનાં દર્શન કરવા ગોકુળ ગયા હતા. વાસુદેવદાસ પણ સાથે હતા. વાસુદેવદાસે શ્રીગુસાંઈજીને વિનંતી કરી, 'મહારાજ, અમારા સિંહનદમાં ઉત્સવ-કીર્તન હોય, ત્યારે આ વૈષ્ણવો મને મહાપ્રસાદ લેવા બોલાવતા નથી.'

'વૈષ્ણવો, તમે વાસુદેવદાસને કેમ બોલાવતા નથી? તેઓ શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર ભગવદીય છે, તેમને અવશ્ય બોલાવવા જોઈએ.'

'મહારાજ, મોટા ઉત્સવોમાં તો અમે તેમને બોલાવીએ છીએ; પણ નાના ઉત્સવમાં ૧૦-૨૦ વૈષ્ણવની સામગ્રી થઈ હોય. તેઓ એકલા જ એટલો મહાપ્રસાદ લે, તોપણ ભૂખ્યા રહે. તેનો અમને અપરાધ લાગે, માટે બોલાવતા નથી.'

'જુઓ વૈષ્ણવો! મારી આજ્ઞા પ્રમાણે કરો. ૨૦૦ વૈષ્ણવોને બોલાવવાનો મનોરથ કરો, તો ૧૦૦ વૈષ્ણવોને બોલાવવાના અને બાકીના ૧૦૦ ને બદલે વાસુદેવદાસને બોલાવવાના. ૧૦૦ નો મનોરથ કરો તો ૫૦ ને બોલાવવાના અને ૫૦ ને બદલે વાસુદેવદાસને બોલાવવાના. પચાસનો મનોરથ કરો તો પચીસને બોલાવવા અને પચીસને બદલે વાસુદેવદાસને બોલાવવાના. દશ વૈષ્ણવોનો મનોરથ કરો તો પાંચને બોલાવવાના અને પાંચને બદલે વાસુદેવદાસને બોલાવવા. પાંચથી ઓછાને બોલાવો તો વાસુદેવદાસને નહિ બોલાવવાના.

આ સાંભળી સિંહનદના વૈષ્ણવોએ તે પ્રમાણે કરવા માંડ્યું.

(૫)

વાસુદેવદાસના ઘણા યજમાનો આગ્રામાં રહેતા હતા. તેઓ શ્રાદ્ધ પક્ષમાં વાસુદેવદાસને આગ્રા બોલાવતા. વાસુદેવદાસ પૂરો શ્રાદ્ધપક્ષ આગ્રામાં ગાળતા. બધા યજમાનો તેમને ધોતી, ઉપરણો, કાપડના તાકા, દક્ષિણા વગેરે આપતા. આ બધું લઈને તેઓ શ્રાદ્ધપક્ષ પછી સીધા ગોકુળ આવતા. શ્રીગુસાંઈજીને સુંદર નવાં વસ્ત્રો ભેટ ધરતા. મંદિરમાં દરેક જગ્યાએ હાથ લૂછવા માટે નવાં વસ્ત્રો બાંધતા. આખા મંદિરમાં જ્યાં જ્યાં નવાં વસ્ત્રોની જરૂર હોય ત્યાં ત્યાં નવાં વસ્ત્રો પહોંચાડતા.

આ જોઈને એક વાર શ્રીગુસાંઈજીએ વાસુદેવદાસને પૂછ્યું, 'તમે આ બધાં વસ્ત્રો ક્યાંથી લાવો છો ?' વાસુદેવદાસે સર્વ હકીકત કહી. જે કંઈ દ્રવ્ય તેઓ લાવતા, તેની ખાંડ લાવી મંદિરના ભંડારમાં પધરાવતા. શ્રીગુસાંઈજી વાસુદેવદાસ પર ઘણા પ્રસન્ન રહેતા અને આજ્ઞા કરતા કે 'લૌકિકમાં મળેલ દ્રવ્ય અલૌકિકમાં લગાડે તે સાચો વૈષ્ણવ.'

શ્રીગુસાંઈજી જ્યારે પરદેશ પધારતા ત્યારે વાસુદેવદાસને પોતાની સાથે લઈ જતા. એક ગાડું જેટલું વજન ઊંચકે તેટલું વજન વાસુદેવદાસ એકલા ઊંચકીને ચાલતા. આથી સૌ વૈષ્ણવો તેમને 'છકડા' કહેતા. વ્રજભાષામાં ગાડાને છકડો કહેવામાં આવે છે.

સિદ્ધાંત નવનીત

(૧) શ્રીઠાકોરજીને જે કોઈ વસ્તુની કે દ્રવ્યની ભેટ ધરવામાં આવે તે શ્રીઠાકોરજીની માલિકી બને છે, તેથી તેને દેવદ્રવ્ય કહેવામાં આવે છે. શાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે આપણાથી દેવદ્રવ્યનો ઉપયોગ આપણા માટે થઈ શકતો નથી. દેવદ્રવ્યના ઉપયોગનો મોટો અપરાધ છે. આથી શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકેરજીની સોનાની કટોરી ગીરો મૂકીને મંગાવેલી સામગ્રીના રાજભોગનો મહાપ્રસાદ પોતાના પરિવારને કે વૈષ્ણવોને લેવા

દીધો ન હતો. દેવદ્રવ્યના ઉપયોગથી વૈષ્ણવોએ ધ્યાન રાખીને બચવાની જરૂર છે.

(૨) ગુરુ-સેવા કરતાં અજાણતાંમાં ભગવદ્-અપરાધ થાય તો તે બાધક બનતો નથી; પરંતુ ભગવદ્-સેવામાં ગુરુ-અપરાધ બાધક બને છે, માટે તેનાથી ડરતા રહેવું. સામાન્ય રીતે લૌકિક વસ્તુમાં અલૌકિકની ભાવના કર્યા પછી તેનો દુરુપયોગ ન થાય તે ખાસ જોવું. જેમ કે શ્રીઠાકોરજી વગેરેનાં ચિત્રજી કાગળ ઉપર છપાયા પછી તેનો ગમે ત્યાં, ગમે તે રીતે ઉપયોગ ન થવો જોઈએ.

(૩) વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવવાનો હોય, ત્યારે એક ભગવદીયને અવશ્ય બોલાવવા; કારણ કે એક ભગવદીયમાં બધા વૈષ્ણવો આવી જાય. ભગવદીયના આવવાથી શ્રીઠાકોરજી જલદી પ્રસન્ન થાય છે.

(૪) લૌકિક-વૈદિક કાર્ય માટે જે કંઈ રકમ કે વસ્તુ પ્રાપ્ત થાય, તે શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવને અંગીકાર કરાવવી. લૌકિક વસ્તુઓનો શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની સેવામાં અવશ્ય ઉપયોગ કરવો.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : વાસુદેવદાસ છકડા

(૨) જ્ઞાતિ : સારસ્વત બ્રાહ્મણ

(૩) વતન : પંજાબમાં આવેલ સિંહનદ ગામ.

(૪) પરિવાર : અપરિણીત.

(૫) લીલાનું સ્વરૂપ : નંદરાયજીના નિત્ય મુખ્ય ખવાસ મનસુખા. નિત્યલીલામાં તેમને નંદાલય-લીલાનો અનુભવ થાય છે. તેઓ શ્રીનંદરાયજી અને શ્રીયશોદાજીની સેવા કરતા, માટે અહીં શ્રીમહાપ્રભુજીની અને શ્રીગુસાંઈજીની ઘણી સેવા કરી; પરંતુ શ્રીઠાકોરજી પધરાવીને સેવા કરી નથી. શ્રીમહાપ્રભુજીએ તેમની સેવાથી પ્રસન્ન થઈ તેમને નંદાલયની લીલાનો અનુભવ કરાવ્યો હતો. તેમને નિકુંજલીલાનો અનુભવ પ્રાપ્ત થતો નથી.

■

૧૩ : તુમ બિન રહ્યો ન જાય

(૩૯. બાબા વેણુ, કૃષ્ણદાસ ઘઘરી અને યાદવેન્દ્રદાસ)

ઉત્તર પ્રદેશમાં કાશી અને પ્રયાગની વચ્ચે એક નાનકડું ગામ હતું. ત્યાં ત્રણ મિત્રો રહેતા. બાબા વેણુ સારસ્વત બ્રાહ્મણ હતા. કૃષ્ણદાસ ઘઘરી ક્ષત્રિય હતા. અને યાદવેન્દ્રદાસ વણિક હતા. યાદવેન્દ્રદાસને સૌ જાદવદાસ કહીને બોલાવતા. ત્રણે મિત્રોમાં બાબા વેણુ અને કૃષ્ણદાસ સુખી હતા. જાદવદાસ પાસે દ્રવ્યનો ઘણો સંકોચ હતો, તેથી તેઓ બાબા વેણુની ખવાસી કરતા. બાબા વેણુ તેમનું ભરણપોષણ કરતા. ત્રણે મિત્રો સાથે રહેતા.

એક દિવસ રાત્રે બાબા વેણુને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં પ્રભુએ તેમને દર્શન આપ્યાં અને આજ્ઞા કરી, 'તારા ગામના તળાવમાં હું છું. હું કલ્યાણી દેવી છું. તું મને બહાર કાઢી મારી પૂજા કર.'

સવારે બાબા વેણુએ કૃષ્ણદાસને આ વાત કરી. બંને મિત્રો તળાવમાં મૂર્તિ શોધવા ઊતર્યા. આખા તળાવમાં છાતીસરસું પાણી હતું. શોધતાં શોધતાં બાબા વેણુના હાથમાં મૂર્તિ આવી. તેઓ તેને બહાર લઈ આવ્યા. એમની પાસે જે દ્રવ્ય હતું તેમાંથી તળાવના કિનારે એક નાનું મંદિર બનાવ્યું અને તેમાં તે મૂર્તિની સ્થાપના કરી. તેમનું નામ કલ્યાણી દેવી રાખવામાં આવ્યું. ગામના લોકો પણ રોજ દર્શન કરવા આવતા અને દેવીની માનતા રાખતા. આવક સારી થવા લાગી. તેમાંથી ત્રણે મિત્રોનો નિર્વાહ ચાલતો હતો. આમ કરતાં કરતાં પાંચ વર્ષ વીતી ગયાં.

(૨)

એક દિવસ શ્રીમહાપ્રભુજી કાશીથી અડેલ પધારતા હતા. રસ્તામાં આ ગામમાં મુકામ કર્યો. તળાવ-કિનારે મંદિરની પાસે એક આંબાના વૃક્ષ નીચે બિરાજ્યા. બાબા વેણુ, કૃષ્ણદાસ અને જાદવદાસ પાસેના ગામમાં ગયા હતા. મંદિરમાંથી શ્રીમહાપ્રભુજીને આજ્ઞા સંભળાઈ, 'આપ અંદર પધારો.'

શ્રીમહાપ્રભુજી મંદિરમાં પધાર્યા. જોયું તો શ્રીઠાકોરજીને ચણિયો, ચોળી અને સાડી ધરેલાં છે. શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું, 'મહારાજ, આપ દેવીનું સ્વરૂપ ધારણ કરીને કેમ બિરાજ્યા છો?'

'આ ગામમાં લોકો પ્રભુને જાણતા નથી. સૌ દેવીભક્તો છે. બાબા વેણુ, કૃષ્ણદાસ અને જાદવદાસ ત્રણ દૈવી જીવો છે. તેમનો ઉદ્ધાર કરવા માટે તેમની આસક્તિનું સ્વરૂપ ધારણ કરી, હું તેમની પૂજા સ્વીકારુ છું. માટે હવે એ ત્રણેનો અંગીકાર કરી, તેમનો ઉદ્ધાર કરો.'

પ્રભુની આવી આજ્ઞા સાંભળી, શ્રીમહાપ્રભુજીએ તેમનાં બધાં વસ્ત્રો વડાં કર્યાં. ચણિયાને ખીંટી પર લટકાવ્યો, સાડીના બે ટુકડા કર્યા. એક ટુકડામાંથી પ્રભુને ધોતી ધરાવી. બીજા ટુકડાનો મસ્તકે પાઘ બાંધ્યો. પછી આપ પાછા વૃક્ષ નીચે જઈને બિરાજ્યા.

થોડા સમય પછી બાબા વેણુ, કૃષ્ણદાસ અને જાદવદાસ આવ્યા. તેમણે જોયું કે કોઈકે પાઘ-ધોતી ધરાવ્યાં છે. બાબા વેણુએ મંદિરના દરવાજે આવી મોટેથી પૂછ્યું, 'આ દેવીનાં કપડાં ઉતારનાર અહીં કોણ આવ્યું હતું?'

મંદિરમાંથી પ્રભુએ જ જવાબ આપ્યો, 'હું શ્રીકલ્યાણરાયજી ઠાકોર છું. મારી ઈચ્છાથી શ્રીમહાપ્રભુજીએ મને આ વસ્ત્રો ધરાવ્યાં છે. તેઓ તળાવના કિનારે વૃક્ષ નીચે બિરાજે છે. તમે તેમના સેવક થાઓ. જ્યાં સુધી તમે તેમના સેવક ન થાઓ ત્યાં સુધી મને અડકશો નહિ.'

'મહારાજ! આ ગામમાં ઠાકોરજીને કોઈ માનતું નથી. અમે બધા દેવી ભક્તો છીએ. અમારો શો અપરાધ છે કે તમે અમને સ્પર્શ કરવાની ના પાડો છો?'

શ્રીકલ્યાણરાયજીએ આજ્ઞા કરી, 'ગામના લોકો ઠાકોરજીને માને કે ન માને, તેથી તારે અને અમારે તેમની પરવા કરવાની શી જરૂર છે? મારી આજ્ઞા છે કે તમે સૌ શ્રીમહાપ્રભુજીના સેવક થાઓ.'

'મહારાજ! આ ગામલોકોથી તો અમારી આજીવિકા ચાલે છે. પછી અમારી આજીવિકા કેવી રીતે ચાલશે?'

'બાબા વેણુ! તારા ઘરમાં નીચેના ઓરડામાં સાતસો રૂપિયા દાટેલા છે. તારા બાપ-દાદાની તે રકમ છે. તે તું કાઢી લેજે. તેનાથી મારી સેવા કરજે અને તમારી આજીવિકા પણ તેનાથી ચાલશે. માટે તમે ગામની પરવા કર્યા વિના શ્રીમહાપ્રભુજીના સેવક થાઓ.'

ત્રણે શ્રીમહાપ્રભુજી પાસે ગયા. શ્રીમહાપ્રભુજીએ તેમને સેવક કર્યા. પછી આજ્ઞા કરી, તમે ઠાકોરજીને તમારા ઘેર પધરાવી લઈ જાઓ. તેમનું નામ શ્રીકલ્યાણરાયજી છે. ગુપ્ત રીતે તેમની સેવા કરજો. ગામમાં કોઈને જણાવશો નહીં. અહીં મંદિરમાં દેવીનું બીજું સ્વરૂપ પધરાવજો. કોઈ બ્રાહ્મણ પાસે પૂજા કરાવજો. મંદિરમાં આવતું દ્રવ્ય તમે લેશો નહીં. તમારા ઘરમાંથી જે દ્રવ્ય નીકળે તેનાથી શ્રીઠાકોરજીની સેવા કરજો, ભોગ ધરજો અને ત્રણે જણ પ્રસાદ લેજો.'

આમ, ત્રણે જણ શ્રીકલ્યાણરાયજીને ઘેર પધરાવી ગયા. શ્રીમહાપ્રભુજીએ તેમના ઘેર ચાર દિવસ બિરાજી શ્રીકલ્યાણરાયજીને પંચામૃત સ્નાન કરાવી સેવાની રીત સૂચવી. બાબા વેણુએ ઘરમાંથી સાતસો રૂપિયા શોધ્યા, તે શ્રીમહાપ્રભુજીને ભેટ ધર્યા. આપે આજ્ઞા કરી, 'આ દ્રવ્ય શ્રીઠાકોરજીએ તમને આપ્યું છે. શ્રીઠાકોરજીમાં તમારો વિશ્વાસ દૃઢ થાય, તે માટે તે તમારી પાસે રાખો.'

(૩)

બાબા વેણુ, કૃષ્ણદાસ અને જાદવદાસ ખૂબ પ્રેમથી શ્રીકલ્યાણરાયજી સેવા કરતા. બાબા વેણુને હૃદયમાં શ્રીગોવર્ધનનાથજીના સ્વરૂપનો અનુભવ થયો. કૃષ્ણદાસ અષ્ટપ્રહર વિરહમાં રહેતા અને કીર્તન ગાતા. જાદવદાસ માનતા કે બધું ભગવદ્-ઈચ્છાથી બની રહ્યું છે, તેથી તેઓ પ્રસન્નતાથી સેવા કરતા.

એક દિવસ શ્રીકલ્યાણરાયજીએ ત્રણેને આજ્ઞા કરી, 'તમે ત્રણે જણ વ્રજમાં શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરવા જાઓ. ત્યાં તમને ત્રણેને લીલાપ્રાપ્તિ થશે.'

બાબા વેણુએ વિનંતી કરી, 'કૃપાનાથ, આપની સેવા કોણ કરશે?'

'કૃષ્ણદાસ બે ભાઈઓ છે. તેમને શ્રીગુસાંઈજીએ વૈષ્ણવ કર્યા છે. તેઓ મારી સેવા કરશે. તમે નિશ્ચિંત થઈને જાઓ.'

શ્રીકલ્યાણરાયજીની આજ્ઞા પ્રમાણે ત્રણે વૈષ્ણવો દંડવત્ કરીને વ્રજ તરફ ચાલ્યા. થોડા દિવસ પછી તેઓ મથુરા પહોંચ્યા. ત્યાં શ્રીકેશવરાયજીનાં દર્શને ગયા. કૃષ્ણદાસને ત્યાં સાક્ષાત્ શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન થયાં. તેમને અત્યંત વિરહ થઈ આવ્યો. તેમણે એક પદ ગાયું :

આલી ! તું દેખ રી નૈંનન ગિરિવરધર ।
સહચર કહતિ દુતિય સહચરી-સોં પ્રેમમુદિત પ્યારી રાધા વર ।૧।
ભૂષન ભૂષિત અંગ મનોહર બસન મનોહર કનકકાન્તિ હર ।
ચિતેં ચિત હરત વિશ્વ જુવતિનકે સર્વસુ દેત કરકમલ કર ।૨।
ઉપમા કહા દેઉ કો લાયક, બરનૌં કહા કિસોર વેસ બરુ ।
સુરતિ-અંત લટકત બ્રજ આવત, 'કૃષ્ણદાસ' બડભાગ કલ્પતરુ ।૩।

આ પદમાં કૃષ્ણદાસે બાબા વેણુને સંબોધીને પદ ગાયું. બાબા વેણુ લીલામાં કૃષ્ણદાસનાં સહચરી સખી છે, તેથી તેમણે 'આલી' એવું સંબોધન કર્યું. તેઓ કહે છે નેત્રોથી શ્રીગિરિવરધરનું સ્વરૂપ નીરખો. આ આંખોને જ્યાં ત્યાં ભટકવા દેશો નહિ. શ્રીપ્રભુ રાધાવર છે. તેમનાં નેત્રો સાથે આપણાં નેત્રોને જોડી રાખવામાં જ નેત્રોની સાર્થકતા છે.

કૃષ્ણદાસજીનો વિરહ શ્રીઠાકોરજી સહન કરી શક્યા નહિ, તેથી ત્યાં દર્શન કરતાં જ તેમનો દેહ છૂટી ગયો. બાબા વેણુ અને જાદવદાસે તેમનો અગ્નિસંસ્કાર કર્યો. પછી બંને શ્રીગિરિરાજ ગયાં. ત્યાં તેમણે શ્રીનાથજીનાં દર્શન કર્યાં. શ્રીનાથજીની સન્મુખ બાબા વેણુએ કીર્તન ગાયું. શ્રીનાથજીના કંઠમાંથી પુષ્પમાળા સરકી ગઈ. મુખિયાજી રામદાસે માળા અને બીડાં બાબા વેણુને આપ્યાં. શ્રીગિરિરાજ પરથી નીચે આવી બાબા વેણુએ પણ પ્રાણત્યાગ કર્યો. જાદવદાસે તેમના અગ્નિસંસ્કાર કર્યા. પછી જાદવદાસ શુદ્ધ થઈ શ્રીગુસાંઈજી પાસે આવ્યા. શ્રીગુસાંઈજીએ તેમને શ્રીનાથજીની સેવાની આજ્ઞા કરી. શ્રીગુસાંઈજીની આજ્ઞા માની સેવા કરતાં કરતાં તેમને પણ ઘણો વિરહ થતો.

તેમણે વિચાર કર્યો કે હવે મારો અગ્નિસંસ્કાર કરનાર કોઈ નથી. બીજા વૈષ્ણવો મારો અગ્નિસંસ્કાર કરે, તો તે દિવસે તેમની સેવા છૂટે. માટે વૈષ્ણવોને શ્રમ કરાવવો જોઈએ નહિ. તેમણે પોતે જ પોતાનો અગ્નિસંસ્કાર માટે સૂકાં લાકડાં વીણી, ભેગાં કરવા માંડ્યાં. પૂરતાં લાકડાં ભેગાં થતાં, શ્રીનાથજીને તથા શ્રીગુસાંઈજીને દંડવત્ કરી, વૈષ્ણવોને ભગવદ્-સ્મરણ કરી, એકાંત સ્થાનમાં ગયા. ત્યાં પોતાની ચિતા જાતે ગોઠવી. પછી એને અગ્નિ લગાડ્યો. શ્રીનાથજીનાં ધજાજીને દંડવત્ કરી પોતે ચિતા પર બેસી, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનું સ્મરણ કરતાં દેહ છોડી દીધો. આમ, તેઓ પણ ભગવદ્ લીલામાં પ્રાપ્ત થયા.

સિદ્ધાંત-નવનીત

(૧) જે જીવની આસક્તિ જેવી હોય, તેવું સ્વરૂપ ધારણ કરી, પ્રભુ તે જીવનો પોતાના સ્વરૂપમાં નિરોધ કરે છે. આ વૈષ્ણવોનો નિરોધ કરવા શ્રીકલ્યાણરાયજીએ કલ્યાણી દેવીનું સ્વરૂપ ધારણ કર્યું હતું.

(૨) ભગવદ્સેવાનું પરમ ફળ વિપ્રયોગનો અનુભવ છે. આ બધા વૈષ્ણવોએ વિપ્રયોગનો અનુભવ પ્રાપ્ત કર્યો અને તેમના દેહ છોડ્યા.

(૩) શ્રીનાથજીના કંઠમાંથી માળા સરકી ગઈ; કારણ કે માળા ભક્તોનું સ્વરૂપ છે. ભક્તોની કૃપાથી વિરહનું દાન થાય છે. બાબા વેણુને પ્રસાદી માળા મળતાં વિરહનું દાન થયું. પ્રભુનાં પ્રસાદી બીડાં અશીર્વાદરૂપ મંગલ સ્વરૂપ છે. તેનાથી પ્રભુ એમ બતાવે છે કે હું તમારા પર પ્રસન્ન છું. માટે બાબા વેણુને શ્રીનાથજીનાં માળા-બીડાં પ્રાપ્ત થયાં હતાં.

(૪) ચોર્યાસી વૈષ્ણવોમાં જાદવદાસ જ એક માત્ર વણિક વૈષ્ણવ છે.

વૈષ્ણવ પરિચય

(૧) **નામ :** બાબા વેણુ, સારસ્વત બ્રાહ્મણ; કૃષ્ણદાસ ઘઘરી : ક્ષત્રિય; યાદવેન્દ્રદાસ (જાદવદાસ) વણિક, બાબા વેણુના ખવાસ

(૨) **વતન :** કાશી અને ગયા વચ્ચેનું એક ગામ

(૩) **પરિવાર :** અપરિણીત

(૪) **સેવ્ય સ્વરૂપ :** શ્રીકલ્યાણરાયજી, જેઓ હાલ વડોદરામાં ગો. શ્રીદ્વારકેશલીલાજી મહારાજશ્રીના માથે બિરાજે છે.

(૫) **લીલાનું સ્વરૂપ :** બાબા વેણુ અને કૃષ્ણદાસ વિશાખાજીનાં સખીઓ છે. બાબા વેણુનું નામ સૌરસેની અને કૃષ્ણદાસનું નામ તામ્રલતા છે. જાદવદાસ સૌરસેનીનાં સખી તિલકની છે.

એક દિવસ વિશાખાજીએ સૌરસેની અને તામ્રલતાને નંદાલયમાં, શ્રીઠાકોરજી જાગે ત્યારે ધરાવવા, તેમનાં વસ્ત્રો લેવા મોકલ્યાં હતાં. આ ત્રણે સખીઓ નંદાલયમાં આવ્યાં. શ્રીઠાકોરજીએ તેમને પૂછ્યું : વિશાખાજી ક્યાં છે? ત્યારે ત્રણે અસત્ય બોલ્યાં કે અમને ખબર નથી. આથી શ્રીઠાકોરજી હસીને નંદાલયમાં પધારી ગયા. શ્રીઠાકોરજીના પાછા પધારવાની રાહ જોતાં ત્રણે સખીઓ ત્યાં બેસી રહ્યાં. બીજી એક સખીએ શ્રીવિશાખાજીને આ સમાચાર આપ્યા, ત્યારે શ્રીવિશાખાજીએ ત્યાં પધારીને જોયું તો ત્રણે સખીઓ અંદરો-અંદર હાંસીમજાક કરી રહ્યાં છે; તેથી શ્રીવિશાખાજીએ તેમને ઠપકો આપ્યો કે મારાં સખી હોવા છતાં મારી બરાબરી કરી, તમારું અભિમાન પ્રગટ કર્યું છે તેમજ અસત્ય બોલ્યાં છો, માટે તમે ત્રણે પૃથ્વી પર જન્મ ધારણ કરો. આથી આ ત્રણે સખીઓ પૃથ્વી ઉપર પ્રગટ થયાં.

આ પ્રસંગ સૂચવે છે કે વૈષ્ણવે કદી અભિમાન કરવું નહિ. દાસભાવ અને દીનતા રાખી, શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની સેવા કરવી. ■

૧૪ : પ્રભુના નામનો વેપાર ન થાય

(૪૦. જગતાનંદ પંડિત)

સરસ્વતી નદીનો પવિત્ર અને રમણીય કિનારો હતો. સવારનું સોહામણું અને શીતળ વાતાવરણ હતું. થાણેશ્વર ગામના એક વિદ્વાન પંડિત ત્યાં આવ્યા. તેમનું નામ હતું જગતાનંદ. સરસ્વતી-સ્નાન કરી તેઓ કિનારા પર બેઠા. શ્રીભાગવતની પોથી ખોલીને કથા કરવા લાગ્યા. વેણુગીતની કથા ચાલતી હતી. કેટલાક શ્રોતાઓ કથા સાંભળવા માટે બેઠા હતા.

તે જ સમયે શ્રીમહાપ્રભુજી પણ ત્યાં બિરાજતા હતા. આપ સંધ્યાવંદન કરી રહ્યા હતા. જગતાનંદ પંડિતને જોઈને આપે વિચાર કર્યો કે આ દૈવી જીવ છે. તેનો અંગીકાર કરવો જોઈએ. આમ વિચારી આપ શ્રોતાઓની પાછળ જઈને બિરાજ્યા.

કથા કરતાં કરતાં જગતાનંદે શ્રીમહાપ્રભુજીને જોયા. તેમનું તેજસ્વી સ્વરૂપ જોઈને જગતાનંદને વિચાર થયો, તેઓ કોઈક પંડિત બ્રાહ્મણ જણાય છે. જગતાનંદે વેણુગીતના એક શ્લોકની કથા પૂરી કરી. પછી તેમણે શ્રીમહાપ્રભુજીને પૂછ્યું : 'મહારાજ, મેં શ્લોકનો અર્થ સારી રીતે કર્યો ને? આનાથી વધારે આ શ્લોનો કોઈ અર્થ છે ખરો?' જગતાનંદની વાણીમાં તેમના જ્ઞાનનું અભિમાન હતું. એક વિદ્વાન પાસેથી પ્રસંશા સાંભળવાની ઈચ્છા પણ હતી. શ્રીમહાપ્રભુજીએ કહ્યું : 'પંડિતજી, આ શ્લોકનો એક જ અર્થ નથી. આ શ્લોકમાં ઘણા અર્થ અને ભાવ રહેલા છે. તમે તે જાણતા હો તો બતાવો.'

'મહારાજ, હું તો આટલું જ જાણું છું. જે જાણતો હતો તે કહ્યું. તમે કહો છો કે તેમાં ઘણા અર્થ અને ભાવ છે; તો તમે જ તે બતાવો.'

'પંડિતજી, તમે વ્યાસાસનની મર્યાદા જાણો છો. વ્યાસાસનનું ઉલ્લંઘન કરી શકાય નહિ. તમે વ્યાસાસન પર બેઠેલા છો, ત્યાં સુધી મારાથી વિશેષ અર્થની કથા કરી શકાય નહિ.'

જગતાનંદ આસન પરથી નીચે ઉતર્યા. તેમણે વિનંતી કરી, 'આપ વ્યાસાસન પર બિરાજી કથા કરો.'

શ્રીમહાપ્રભુજીએ વ્યાસાસન પર બિરાજી તે શ્લોકનો અર્થ કરવા માંડ્યો.

નવ કલાક સુધી સતત એ શ્લાકનું વિવેચન આપે કર્યું. ત્યાર બાદ આપે આજ્ઞા કરી: 'પંડિતજી, હજી આ શ્લોકનું વિવેચન ત્રણ મહિના સુધી ચાલશે. તમારી ધીરજ છે ને? તમે ભૂખ્યા થયા હશો, માટે આ કથા આજે અહીં અટકાવીએ.'

શ્રીમહાપ્રભુજીના મુખથી કહેવાયેલી કથા સાંભળતાં સાંભળતાં જગતાનંદને પાકું જ્ઞાન થયું કે આ કોઈ વિદ્વાન પંડિત જ નથી, પણ સાક્ષાત્ ભગવાન છે. તે વિના ભગવદ્‌લીલાનું આવું અદ્‌ભુત રહસ્ય બતાવી શકે નહીં. તેમણે વિનંતી કરી, મહારાજ! આપની પ્રસન્નતા થાય ત્યાં સુધી આ શ્લોકની કથા મને સંભળાવો. મને ઘણો આનંદ છે; પરંતુ મારી એક વિનંતી છે. આપ કૃપા કરીને મારા ઘેર પધારો અને ત્યાં બિરાજો.'

'જગતાનંદજી, હું સેવક વિના કોઈને ઘેર જતો નથી.'

'મહારાજ, કૃપા કરીને મને આપનો સેવક કરો.'

શ્રીમહાપ્રભુજીએ તેમને સ્નાન કરાવી નામ-નિવેદન મંત્ર આપ્યો. પછી તેમના ઘેર પધાર્યા અને આજ્ઞા કરી: 'હવે તમે ભગવદ્‌સેવા કરો.'

'મહારાજ, મારા ઘરમાં લાલજીનું એક સ્વરૂપ છે. હું તેમને હમેશાં તુલસીક્યારામાં પધરાવી રાખું છું. દરરોજ સવારે તેમના પર એક લોટી જળ ચઢાવું છું. આ સિવાય બીજી કોઈ સેવા હું જાણતો નથી.'

'જગતાનંદ, શ્રીઠાકોરજીને આવું કષ્ટ ન અપાય. તમે તે સ્વરૂપ લઈ આવો.'

શ્રીમહાપ્રભુજીએ તે સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવી ભોગ ધર્યો. જગતાનંદને સેવાનો બધો પ્રકાર શીખવ્યો. રાત્રે શ્રીમહાપ્રભુજીએ જગતાનંદને આજ્ઞા કરી: 'જગતાનંદ, શ્રીભાગવત ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે. તેના બાર સ્કંધ પ્રભુનાં બાર અંગ છે. તેની દશ લીલા પ્રભુની અલૌકિક લીલાઓ છે. માટે આપણે પેટ ભરવાના હેતુ ખાતર શ્રીભાગવતની કથાનો વ્યવસાય કરવો જોઈએ નહિ. કોઈક વખત એવી સ્થિતિ આવે કે આપણા પ્રાણ કંઠે આવી રહ્યા હોય, ત્યારે પણ આજીવિકા માટે શ્રીભાગવતનો ઉપયોગ ન કરવો જોઈએ. શ્રીભાગવતનો પાઠ, શ્રીભાગવતની કથા, શ્રીભાગવતનો અભ્યાસ પ્રયત્નપૂર્વક નિષ્કામ ભાવે કરવાં જોઈએ. તેમાં કોઈ પણ લૌકિક હેતુ હોવો જોઈએ નહિ.'

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા સાંભળતાં જ જગતાનંદે આપશ્રીની સામે હાથમાં જળ લઈ સંકલ્પ કર્યો : 'મહારાજ, આજ પછી હું આજીવિકા માટે શ્રીભાગવતની કથા નહિ કરું.'

આ સાંભળી શ્રીમહાપ્રભુજી ઘણા પ્રસન્ન થયા. ત્યારથી જગતાનંદ મહાભારત વગેરે પુરાણોની કથા કહેતા, પણ આજીવિકા માટે ક્યારેય ભાગવતની કથા ન કરતા. તેઓ મન લગાવી પ્રભુની સેવા કરવા લાગ્યા. શ્રીઠાકોરજી તેમના ભાવથી પ્રસન્ન થઈ, તેમને અનુભવ જતાવતા હતા.

સિદ્ધાંત નવનીત

(૧) આ વાર્તા સમજાવે છે કે વ્યાસાસનની મર્યાદા સૌએ જાળવવી જોઈએ. શ્રોતા તરીકે બેસનાર વક્તાની સામે ટીકા-ટિપ્પણ કરવાં જોઈએ નહિ. કથાનું શ્રવણ દીનતાથી અને શ્રદ્ધાથી કરવું જોઈએ. વક્તાઓ પણ 'હું ઘણું જાણું છું' એવા અભિમાનથી કથા કરવી જોઈએ નહિ. 'પ્રભુ હૃદયમાં બિરાજી કથા કરાવે છે' એવા દીનભાવથી કથા કરવી જોઈએ.

(૨) શ્રીમહાપ્રભુજીના શરણે ગયેલા વૈષ્ણવોએ શ્રીભાગવત સંબંધી શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરવું જોઈએ. શ્રીભાગવતજી શ્રીમહાપ્રભુજીનું નામાત્મક સ્વરૂપ છે. શ્રીઠાકોરજીનો વેપાર કરી આપણું પેટ ભરીએ, તેના જેવો મહાન અપરાધ બીજો કોઈ નથી. તેના કરતાં મૃત્યુ પામવું બહેતર છે. શ્રીઠાકોરજીનું સ્વરૂપ અને શ્રીઠાકોરજીનું નામ એ બંને અલૌકિક છે અને એકસમાન છે. આપણી આજીવિકા માટે તેમનો ઉપયોગ કરી શકાય નહિ. 'સિદ્ધાંતમુક્તાવલિ' ગ્રંથની ટીકામાં શ્રીગુસાંઈજીની આજ્ઞા કરે છે કે બીજાની પાસેથી દ્રવ્ય લઈને કરેલી સેવા એ સેવા નથી, તે વેપાર બને છે. તેવી જ રીતે બીજાની પાસેથી પૈસા લઈને શ્રીભાગવતની કથા કરવામાં આવે, તો તે પ્રભુના નામનો વેપાર થાય છે. જે બ્રાહ્મણ કથાકાર છે, તેમણે પોતાની આજીવિકા માટે મહાભારત જેવાં બીજાં પુરાણોની કથા કરવી જોઈએ, પણ તેમણે આજીવિકા માટે કોઈ લૌકિક હેતુ કે સ્વાર્થ માટે શ્રીભાગવતની કથા ન કરવી જોઈએ. શ્રીભાગવતની કથા કોઈ પણ લૌકિક હેતુ વિના, શુદ્ધ નિષ્કામ ભાવે, ભગવદ્ ગુણગાન ગાવા માટે અને સાંભળવા માટે થવી જોઈએ. આમ ન કરવાથી પ્રભુનો મહાન અપરાધ થાય છે અને શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થતા નથી.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : જગતાનંદ પંડિત (૨) જ્ઞાતિ : સારસ્વત બ્રાહ્મણ
(૩) વતન : પંજાબમાં આવેલું થાણેશ્વર ગામ (૪) પરિવાર : અપરિણીત
(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીબાલકૃષ્ણલાલજી
(૬) લીલાનું સ્વરૂપ : શ્રીસ્વામિનીજીનાં ભામા સખીનાં સખી માધુરી.

■

૧૫ : હરિરસની હેલી

(૪૧. આનંદદાસ અને વિશ્વંભરદાસ)

પ્રભુએ બનાવેલ આ જગતમાં વિવિધતાઓનો અને વિચિત્રતાઓનો કોઈ પાર નથી. પ્રયાગમાં એક ક્ષત્રિય કુટુંબમાં બે નાનાં બાળકો હતાં. બંને સુખી કુટુંબમાં જન્મ્યા છતાં જન્મજાત વૈરાગી હતાં. તેમને સારું ભોજન, સારાં વસ્ત્રો, આનંદપ્રમોદ કશું જ ન ગમે. બાળપણથી વૈરાગી જીવન અતિ પ્રિય. માતા સુંદર વસ્ત્રો પહેરાવે, તો ત્રિવેણીસંગમ જઈ, ત્યાંના કાદવમાં ગંદાં કરી, પછી પહેરે. માતા-પિતા ઘણું અકળાય. ગાળો દે, મારે; છતાં તદ્દન શાંત સ્વભાવ. એક અક્ષર પણ સામે બોલે નહિ.

નાના બાળ, છતાં પ્રહલાદજીની જેમ ગંભીરતાથી અને ઠાવકાઈથી માતા-પિતાને શિખામણ આપે. જિંદગી ચાર દિવસની ચાંદરણી છે. ખાવા-પીવાથી સાચો આનંદ મળવાનો નથી. પુણ્ય કરશો તો પ્રભુ મળશે. પરમાર્થ કરવામાં આ બધી સંપત્તિ વાપરો.

માતા-પિતાને તેની વાતો સાંભળી ભારે ગુસ્સો આવતો. તેમણે વિચાર કર્યો, 'આ છોકરાઓને પરણાવી દઈએ. વહુ આવશે એટલે સંસારના ખીલે બંધાઈ જશે.'

તેમણે મોટા પુત્ર આનંદદાસની આનાકાની ગણકારી નહિ. આનંદદાસે નાના ભાઈ વિશ્વંભરદાસને કહ્યું : 'માતા-પિતા આપણી વાત સાંભળતાં નથી. મારા પછી તારું લગ્ન પણ થશે. આપણે જેલ ભોગવવાની થશે, માટે ઘર છોડીને દૂર-દૂર ભાગી જઈએ.'

બંને ભાઈ સંમત થયા. સાંજે અંધારુ થતાં ત્રિવેણીના ઘાટ પર આવ્યા. એક નાવમાં બેસી શ્રીયમુનાજી પાર કરી, ચિત્રકૂટ પહોંચ્યા. ત્યાં પર્વતની શોભા સુંદર હતી. વનફળ ખાતા તેઓ ત્યાં આઠ દિવસ રોકાયા.

દરમ્યાન માતા-પિતા તેમની શોધ કરતાં રહ્યાં. કોઈકે તેમનો પત્તો આપ્યો. તેઓ નવમા દિવસે ચિત્રકૂટ આવ્યાં. લગ્ન ન કરવાનું વચન આપી, દીકરાઓને સમજાવી ઘેર પાછા આવવા કહ્યું. બંને ભાઈઓએ કહ્યું : 'અમે એક જ શરતે ઘેર

આવીએ. અમે વૈરાગી જીવન જીવીશું. તમારે અમને લડવાનું નહીં. અમે તો વૈરાગ્ય સેવીશું.'

માતા-પિતાએ તેમની વાતો શરતો કબૂલ રાખી. તેઓ ઘેર આવ્યા. કથા-વાર્તા સાંભળવામાં બધો સમય વિતાવવા લાગ્યા. શરીરની પણ પરવા કરતા નહિ.

એક દિવસ બંને ભાઈઓ ત્રિવેણી સંગમ પર શ્રીયમુનાજીને કિનારે બેઠા બેઠા ભગવદ્-જ્ઞાનની ચર્ચા કરતા હતા. મોટાભાઈએ કહ્યું : 'ભાઈ, આખી જિંદગી આમ જ વીતી જશે. ચોર્યાસી લાખ યોનિ પછી માનવ-જન્મ મળ્યો, પણ હજી આપણે પ્રભુને જાણ્યા નથી. આપણું મન પ્રભુમાં લાગ્યું નથી. કથા-વાર્તા ઘણી સાંભળી, પણ મન વશ થયું નથી. આ જન્મ નકામો જશે, તો ફરીથી ચોર્યાસી લાખ જન્મોના ફેરા-આંટા ભોગવવા પડશે.'

નાનો ભાઈ કહે છે : 'ભાઈ, તમારી વાત તદ્દન સાચી છે. પણ કોઈ ઉપાય જણાતો નથી.'

બંને ભાઈઓ ધીરજ ગુમાવી રડવા લાગ્યા, જમીન પર માથાં પટકીને ક્લેશ કરવા લાગ્યા. તેમને મૂર્છા આવી ગઈ. આખી રાત બંને ત્યાં કિનારા પર બેભાન અવસ્થામાં પ્રભુના તાપક્લેશમાં પડી રહ્યા.

બીજી બાજુ મધ્યરાત્રીએ શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને અડેલમાં દર્શન આપી આજ્ઞા કરી : 'પ્રયાગના એક ક્ષત્રિયનાં બે બાળકો શ્રીયમુનાજીના કિનારે રેતીમાં બેભાન સ્થિતિમાં પડ્યાં છે. તેમને મારો ઘણો વિરહતાપ છે. આપ પધારી તેમનો અંગીકાર કરો; નહીં તો તેમનું શરીર ટકશે નહિ.'

શ્રીમહાપ્રભુજીએ તરત જ કૃષ્ણદાસ મેઘન વગેરે સેવકોને ઉઠાડ્યા. સૌને સાથે લઈ આપ શ્રીયમુનાજીને કિનારે પધાર્યા. કિનારા પર નાવ હતાં, પણ નાવિકો ન હતા. કોઈ વૈષ્ણવને પણ નાવ ચલાવતાં આવડતી ન હતી, તેથી શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'વૈષ્ણવો! નાવ ચલાવતાં નથી આવડતી તેની ફિકર ન કરશો. આપણી જીવનનૌકાના નાવિક પણ આપણે નથી, પ્રભુ છે. આજે પણ પ્રભુની આજ્ઞાથી આપણે પ્રયાગ જવાનું છે. માટે પ્રભુ જ કૃપા કરીને નાવને સામે પાર લઈ જવાનું બળ આપણને આપશે. માટે તમે નાવ ચલાવો.'

શ્રીમહાપ્રભુજી નાવમાં બિરાજ્યા. વૈષ્ણવોએ નાવ ચલાવી. બંને ભાઈ રેતીમાં બેભાન પડ્યા હતા, ત્યાં આવીને નાવ અટકી. શ્રીમહાપ્રભુજીએ બંને પર કૃપાદૃષ્ટિ કરી. પોતાના હસ્તમાં જમુનાજળ લઈ, વેદમંત્રો બોલી, બંને બાળકોના મુખ પર છાંટ્યું. તેઓ ભાનમાં આવ્યા. શ્રીમહાપ્રભુજીને દંડવત્ કરી વિનંતી કરી, 'મહારાજ, અમારો સ્વીકાર કરો.'

'બાળકો! અત્યારે રાત છે. સવારે તમને સેવક કરીશ. મારી સાથે અડેલ ચાલો.'

'મહારાજ! શરીરનો કોઈ ભરોસો નથી. સવાર સુધી આ શરીર ન ટકે, તો મનુષ્ય-જન્મ નકામો જાય. અમે આજે ખાનપાન કર્યું નથી, એટલે શુદ્ધ છીએ. માટે આપ અત્યારે જ અમને સેવક કરો.'

તેમની અત્યંત આર્તિ જોઈને શ્રીમહાપ્રભુજીએ તેમને સ્નાન કરાવી, ત્યાં ને ત્યાં નામ-નિવેદન મંત્ર આપ્યો. પછી નાવ પર બેસાડી તેમને સાથે અડેલ લઈ ગયા. બીજા દિવસે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'હવે તમે સેવા કરો.'

'મહારાજ, અમારું મન તો સંન્યાસી બનવાનું છે. દુનિયામાં અમારું મન ક્યાંય લાગતું નથી. સેવા કરવા માટે ઘરમાં રહેવું જરૂરી છે, મન સ્થિર રહેવું જરૂરી છે. વૈરાગી બનીને સેવા કેવી રીતે કરીએ?'

શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી તેમનું પોતાનું ચરણામૃત આપ્યું. 'સંન્યાસ-નિર્ણય' ગ્રંથ રચી તે બંને ભાઈઓને સંભળાવ્યો. જ્ઞાનમાર્ગીય સંન્યાસ કરતાં ભક્તિમાર્ગીય સંન્યાસ અલગ અને ઉત્તમ છે એમ સમજાવ્યું. શ્રીમહાપ્રભુજીની કૃપાથી તેમના હૃદયમાં ભગવદ્‌રસ સ્થિર થયો. મનનો ઉદ્વેગ મટી ગયો.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'હવે તમે ઘરમાં રહી સેવા કરો. તમારું મન હમેશાં શ્રીઠાકોરજીની લીલામાં લાગેલું રહે. તમને લૌકિક-વૈદિક કંઈ પણ બાધા નહિ કરે.'

તેમને સેવા માટે શ્રીનવનીતપ્રિયજીનું પ્રસાદીવસ્ત્ર પધરાવી આપ્યું. બંને ભાઈઓ શ્રીમહાપ્રભુજીને દંડવત્ કરી પ્રયાગ પાછા આવ્યા. હવે તેઓ માતા-પિતાથી અલગ જુદા ઘરમાં રહેવા લાગ્યા. સાથે મળીને સેવા કરતા અને પછી ભગવદ્‌વાર્તા કરતા. 'સંન્યાસ-નિર્ણય' ગ્રંથનું રોજ ચિંતન કરતા. રાત-દિવસ ભગવદ્‌રસમાં મગ્ન રહેતા. મોટાભાઈ રાત્રે ભગવદ્વાર્તા કરતા. નાના ભાઈ વાર્તા સાંભળતાં સાંભળતાં હુંકારો પુરાવતા. કેટલીક વખત નાના ભાઈને ઊંઘ આવી જતી, ત્યારે તેમના શ્રીઠાકોરજી શ્રીનવનીતપ્રિયજી હુંકારો કરતા. નાના ભાઈ

ઝબકીને જાગતા, ત્યારે તેમના મોટા ભાઈને કહેતા, 'ભાઈ! મેં તો અહીં સુધી વાર્તા સાંભળી, પછી મને ઝોકું આવી ગયું હતું. આગળની વાત મેં સાંભળી નથી.'

મોટા ભાઈ કહેતા, 'ત્યારે તમારે બદલે હુંકારો કોણે ભર્યો? જરૂર શ્રીઠાકોરજી જ હુંકારો ભરતા હશે. શ્રીઠાકોરજી પણ ભગવદ્વાર્તાના ભારે રસિયા છે.'

આમ, બંને ભાઈઓએ સેવા અને કથામાં તેમનું જીવન પરિપૂર્ણ કર્યું.

સિદ્ધાંત નવનીત

(૧) પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજીનો વિરહ સર્વોપરી ફળ આપનારો છે. પ્રભુમાં દીનતા આવે તે પહેલું પગથિયું છે. દીનતાથી ગુણગાનમાં મન આસક્ત થાય, તે બીજું પગથિયું છે. ગુણગાન કરતાં કરતાં વિરહ-તાપક્લેશ થાય તે ત્રીજું પગથિયું છે. વિરહ-તાપક્લેશથી પ્રભુ પ્રસન્ન થઈ પ્રાપ્ત થાય અને હૃદયમાં પોતાના અલૌકિક સ્વરૂપ અને લીલાઓનો અનુભવ કરાવે તે ચોથું પગથિયું છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ ભગવદ્પ્રાપ્તિ માટે આ ચાર પગથિયાં વાળી સીડી ચઢવાની છે. જીવન અતિ ટૂંકું છે. આવતી કાલનો ભરોસો નથી, માટે લૌકિકમાં રચ્યાપચ્યા રહેવાનો કોઈ અર્થ નથી. લૌકિક જીવન સુખ આપનારું સાચું જીવન નથી. સાચું જીવન ભગવદ્સેવા સહિત વિરહ-તાપક્લેશ કરવાનું છે.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : મોટા ભાઈ આનંદદાસ; નાના ભાઈ : વિશ્વંભરદાસ

(૨) જ્ઞાતિ : ક્ષત્રિય

(૩) વતન : પ્રયાગ

(૪) પરિવાર : માતા-પિતા; પોતે : અપરિણીત.

(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીનવનીતપ્રિયજીના પ્રસાદી વસ્ત્રની સેવા.

(૬) લીલાનું સ્વરૂપ : કુમારીકા શ્રી રાધા સહચરીજીનાં બંને સખીઓ છે. આનંદદાસ નાગરી સખી અને વિશ્વંભરદાસ મલ્લિકા સખી છે.

■

૧૬ : ભોળાના ભગવાન

(૪૨. અડેલ-નિવાસી એક બ્રાહ્મણી)

(૧)

એનું નામ લલિતા. ગરીબ માતા-પિતાની દીકરી. અડેલમાં એક બ્રાહ્મણ કુટુંબમાં નવ વર્ષની ઉંમરે તેનું લગ્ન થયું. પતિ જન્મથી માંદો. લલિતા આખી જિંદગી દુઃખમાં ડૂબતી રહી. ૪૫ વર્ષની ઉંમર થઈ. રોગી પતિ મૃત્યુ પામ્યો. જીવનભર પતિનું સુખ પામી ન હતી. કુટુંબમાં પાછળ કોઈ રહ્યું નહિ. એકલી બની ગઈ.

તેણે વિચાર કર્યો, 'દુઃખમાં પ્રભુ સિવાય બીજું કોઈ સગું થશે નહિ. મનને દુઃખમાંથી દૂર કરવાનો એક ઉપાય છેઃ મન પ્રભુમાં લગાડી દેવું. મારે માટે તો ઘરઆંગણે ગંગા છે. શ્રીમહાપ્રભુજી અહીં અડેલમાં બિરાજે છે. દેશદેશથી લોકો તેમનાં દર્શને આવે છે. તેમના સેવક બની જીવન સુધારે છે. હવે મારે કોઈની ફિકર-ચિંતા રહી નથી. દુનિયાની કોઈ જવાબદારી નથી. શા માટે તેમના શરણે ન જવું? જેની ચાકરીમાં આખો જન્મારો ટૂંકો કર્યો, એ પણ મરી ગયો.'

આમ વિચારી લલિતા શ્રીમહાપ્રભુજી પાસે આવી. દંડવત્ કરી રડવા લાગી. શ્રીમહાપ્રભુજીને દયા આવી. આજ્ઞા કરીઃ 'જાઓ, શ્રીયમુનાજીમાં સ્નાન કરી આવો.'

શ્રીમહાપ્રભુજીએ તેને બ્રહ્મસંબંધ આપ્યું. લલિતાએ કહ્યું : 'મહારાજ, કુટુંબમાં મારું કોઈ નથી, મને ઠાકોરજી પધરાવી દો. બાળભાવે હું તેમની સેવા કરીશ અને મારી જિંદગીના દિવસો આનંદમાં વિતાવીશ.'

શ્રીમહાપ્રભુજીએ તેને શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પધારાવી આપ્યું. તે જ દિવસે એક બ્રાહ્મણ દક્ષિણમાંથી આવ્યા હતા. તેમને કાશી જઈ સંન્યાસ લેવો હતો, તેથી તેમણે તેમની પાસેનું શ્રીભાગવતનું પુસ્તક અને શ્રીબાલકૃષ્ણલાલનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને સોંપ્યાં હતાં. શ્રીમહાપ્રભુજીએ તે સ્વરૂપ લલિતાને પધરાવી આપ્યું.

(૨)

લલિતા નિષ્કપટ અને ભોળી હતી. તેની પાસે જરા પણ દ્રવ્ય ન હતું. સ્થિતિ ઘણી ગરીબ હતી, છતાં પ્રેમથી સેવા કરતી. ઘરમાં બધાં વાસણ માટીનાં હતાં. શ્રીઠાકોરજી પાસે માટીનો એક કૂંજ જળ ભરીને ધરતી. માટીના વાસણમાં રસોઈ કરતી. નાની ઝૂંપડીમાં રહેતી. આચાર-વિચારની ઝાઝી સમજ ન હતી. આંખોનું તેજ પણ ઘટી ગયું હતું અને પૂરું જોઈ શકતી પણ ન હતી; છતાં શ્રીઠાકોરજી તેના બાળક હોય, એવો પુત્રભાવથી પ્રેમપૂર્વક શ્રીઠાકોરજીની સેવા કરતી. કોઈ યજમાન કંઈક આપી જાય, તો તેનાથી પોતાનો નિર્વાહ કરતી.

(૩)

અડેલમાં વસતા વૈષ્ણવો અંદરો-અંદર ચર્ચા કરતા, 'શ્રીમહાપ્રભુજીએ લલિતાને સેવા પધરાવી આપી. બાઈ પાસે ધાતુનાં વાસણ નથી, ઠાકોરજીને લાયક ઘર નથી. આચાર-વિચારની કોઈ સમજ પણ નથી. તેના ત્યાં શ્રીઠાકોરજીને કેવળ પરિશ્રમ છે. જો આપણને શ્રીઠાકોરજી પધરાવી આપ્યા હોત, તો શ્રીઠાકોરજીને આપણા ઘરમાં પરિશ્રમ તો ન થાત!'

આ વાત શ્રીમહાપ્રભુજી પાસે પહોંચી. શ્રીમહાપ્રભુજીએ એક દિવસ ભગવદ્- વાર્તા પછી વૈષ્ણવોને આજ્ઞા કરી: 'વૈષ્ણવો, મર્યાદામાર્ગમાં પૂજાનો પ્રકાર શાસ્ત્રોના નિયમ પ્રમાણેનો છે. તે નિયમો મુજબ પૂજા કરનારને તેનું ફળ મળે છે; પણ પુષ્ટિમાર્ગનો સેવા પ્રકાર પ્રેમનો પ્રકાર છે. તેમાં નિયમોનું મહત્ત્વ નથી. સેવા કરનારનો આચાર, તેની ક્રિયા, તેની પાસેનું દ્રવ્ય, સાધન-સામગ્રી વગેરેથી શ્રીઠાકોરજી કદી પ્રસન્ન થતા નથી. શ્રીઠાકોરજી પાસે તો આ બધું છે જ. જીવ શ્રીઠાકોરજીને શું આપી શકે? શ્રીઠાકોરજી તો કેવળ સેવકના શુદ્ધ પ્રેમથી પ્રસન્ન થાય છે.

'તમે જે લલિતાની ટીકા કરો છો, તેની સંપત્તિ અને ક્રિયા ગમે તેવી હોય તેનું કોઈ મહત્ત્વ નથી; પરંતુ તેનો જે ઉત્કટ પ્રેમ છે, એનો તમે કદી વિચાર કર્યો નથી. તમે સેવામાં ઘણી સંપત્તિ વાપરો છો, છતાંય શ્રીઠાકોરજી તમને સાનુભાવ જતાવતા નથી; જ્યારે લલિતા કાલીઘેલી રીતે શ્રીઠાકોરજીને લાડ લડાવે છે તે શ્રીઠાકોરજી પ્રેમથી અંગીકાર કરે છે. પુષ્ટિમાર્ગ પ્રેમનો, સેવાનો અને નિઃસાધનતાનો માર્ગ છે.'

બીજા દિવસે સવારે શ્રીમહાપ્રભુજી સ્નાન કરી, વૈષ્ણવોને સાથે લઈ લલિતાના ઘેર પધાર્યા. આપ ચૂપચાપ પધાર્યા હોવાથી, લલિતાને આપના પધાર્યાનો અણસાર આવ્યો નહિ. આંખે ઓછું દેખાતું હોવાથી શ્રીમહાપ્રભુજીના પધાર્યાની તેને જાણ પણ ન થઈ. તે વખતે તે ચૂલા ઉપર રોટી બનાવતી હતી. એકેક રોટી ચૂલા ઉપર શેકતી, પછી ઘી ચોપડી વાસણમાં મૂકતી. જેવી રોટીને વાસણમાં મૂકે કે તરત શ્રીઠાકોરજી સ્વયં પોતાના શ્રીહસ્તથી તે રોટી ઉઠાવીને આરોગવા લાગતા. લલિતાને આંખે દેખાય નહિ. વાસણમાં રોટી મૂકવા હાથ ફેરવે, ત્યાં રોટી જણાય નહિ, એટલે ભોળી લલિતા બબડતી જાય કે મૂઆ ઉંદર-બિલાડાં રોટી ખેંચી જાય છે. તે હાથથી આજુબાજુ રોટી શોધે છે, પણ તેને રોટી મળે નહિ.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: 'લલિતા, તારી રોટી ઉંદર-બિલાડાં ખેંચી જતાં નથી. તારા શ્રીબાલકૃષ્ણલાલજી સાક્ષાત્ તે લઈને આરોગે છે. તારું મોટું ભાગ્ય છે.'

શ્રીમહાપ્રભુજીનાં વચનો સાંભળી લલિતા ઊભી થઈ. તેણે હાથ જોડી કહ્યું: 'મહારાજ, મારી ઝૂંપડીએ આપ પધાર્યા. મને આંખે દેખાતું નથી, તેથી આપ પધાર્યા છો, તેની મને ખબર પડી નથી. મારો અપરાધ ક્ષમા કરજો. મારી પાસે સુંદર સામગ્રી કરવા દ્રવ્ય નથી. શ્રીઠાકોરજીને એકલી રોટી ધરું છું. આપની કૃપાથી તેઓ આરોગે છે. હું તો શ્રીઠાકોરજીને ઘણો શ્રમ કરાવું છું.'

'લલિતા, તારા ઉપર શ્રીઠાકોરજી ઘણા પ્રસન્ન છે. તું જેમ સેવા કરે છે તેમ જ કરજે.'

શ્રીમહાપ્રભુજી ત્યાંથી પાછા પધાર્યા. આપે સાથેના વૈષ્ણવોને આજ્ઞા કરી: 'વૈષ્ણવો, શ્રીઠાકોરજી સ્નેહના ભૂખ્યા છે, તેથી લલિતા પદ્ધતિસર ભોગ નથી ધરતી; છતાં પણ શ્રીઠાકોરજી સ્વયં રોટી ઉઠાવી આરોગવા લાગે છે. વૈષ્ણવોનો સ્વભાવ આવો સરળ, નિષ્કપટ હોવો જોઈએ. આવા વૈષ્ણવો ઉપર જ શ્રીઠાકોરજી કૃપા કરે છે.'

સિદ્ધાંત નવનીત

(૧) આ વાર્તામાં એમ સમજાવ્યું કે લૌકિક જીવન હંમેશાં દુઃખમય હોય છે. લૌકિક સગાં સાચાં સગાં બની શકતાં નથી. એમની સાથેનું સગપણ હમેશાં દુઃખ આપે છે. આ દુઃખમાંથી છૂટવાનો એક જ ઉપાય છેઃ પ્રભુને આપણા સાચા સગા - સ્વજન બનાવી દેવા, આપણે પ્રભુના થઈને રહેવું. પ્રભુ લૌકિકમાં જેવી સ્થિતિમાં રાખે, એવી સ્થિતિમાં સંતોષ રાખીને રહેવું. દ્રવ્ય કે સ્વજનના અભાવની ફરિયાદ ન કરવી; કારણ કે સાધન-સંપત્તિથી સાચું સુખ મળતું નથી.

(૨) શ્રીઠાકોરજીમાં નિષ્કપટ ભોળો ભાવ રાખવો. શ્રીઠાકોરજીમાં અખૂટ સ્નેહ રાખવો. શ્રીઠાકોરજીની સેવા બાલભાવથી કરવી. આપણી પાસે જે કંઈ હોય તે પ્રેમપૂર્વક શ્રીઠાકોરજીને અંગીકાર કરાવીને જ તેમના પ્રસાદથી જીવનનો નિર્વાહ કરવો. શ્રીઠાકોરજી ભક્તોની દીનતા અને શુદ્ધભાવથી પ્રસન્ન થાય છે.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : વાર્તામાં આપેલું નથી. લલિતા નામ કાલ્પનિક છે.
(૨) જ્ઞાતિ : બ્રાહ્મણ
(૩) વતન : અડેલ
(૪) પરિવાર : રોગી પતિના મૃત્યુ પછી એકલી વિધવા
(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીબાલકૃષ્ણલાલજી
(૬) લીલાનું સ્વરૂપ : લલિતાજીની સખી શશીકલા.

■

૧૭ : પ્રિતમ પ્રીત હી તેં જાય પૈયે

(૪૩. પ્રયાગવાસી એક ક્ષત્રાણી)

પ્રયાગમાં એક શ્રીમંત ક્ષત્રિય રહેતા હતા. તેમને એકની એક દીકરી. તેનું નામ નીલાકુંવર. તેને કુંવરીની જેમ મોટી કરી હતી. તેનું લગ્ન એક ગરીબ કુટુંબના ક્ષત્રિય યુવાન સાથે થયું હતું. તેથી નીલાનાં માતા-પિતાને જમાઈ માટે માન કે પ્રેમ ન હતાં. લોકલાજે જમાઈ સંબંધ રાખતાં.

એક દિવસ તહેવાર-પ્રસંગે જમાઈને જમવાનું નોતરું મોકલ્યું હતું. જમાઈને આવવામાં એકાદ કલાક જેટલી ઢીલ થઈ. નીલાનાં માતા-પિતા અભિમાની હતાં. તેમને જમાઈની આ ઢીલ પર ઘણો ગુસ્સો આવ્યો. જમાઈના આવ્યા પહેલાં તે બંનેએ જમી લીધું. નીલાને પણ કહ્યુંઃ 'દીકરી તું પણ જમી લે. આવા રેઢીયાળ માણસની રાહ જોવાનો કોઈ ફાયદો નથી.'

'બાપુજી, તમે તમારા જમાઈને બોલાવ્યા છે. તે મારા પતિ છે. પતિના જમ્યા પહેલાં હું જમું, તો મારો પતિવ્રતા ધર્મ લાજે. તમે તમારો અતિથિ-ધર્મ પાળ્યો નથી, તે બરાબર કર્યું નથી.'

નીલાના પિતા આ સાંભળી ઘણા ગુસ્સે થયા. તેમણે ભોજનની બધી સામગ્રી બહાર ફેંકી દીધી. પછી જમાઈ આવ્યા. સાસુ-સસરા કોઈએ તેમણે બોલાવ્યા પણ નહિ. તેમનું ભારે અપમાન કર્યું. ત્યારે નીલાએ કહ્યું : 'આ ઘરનું પાણી પીવું પણ મારા-તમારા માટે આજથી હરામ છે, માટે આપણે અહીંથી અત્યારે જ ચાલ્યાં જઈએ.'

'તું જાણે છે કે હું અને મારું કુટુંબ ઘણાં ગરીબ છીએ. તારા પિતાના જેટલી મિલકત અમારી પાસે નથી. હું તને એક જ શરતે મારી સાથે લઈ જાઉં, જો તું ફરી કોઈ દિવસ તારા પિતાના ઘેર જવાની વાત ન કરે તો.'

નીલા તૈયાર થઈ ગઈ. તે પતિની સાથે સાસરે આવી. બંને સુખથી રહેવા લાગ્યાં, પણ નીલાના પિતાને દીકરી અને જમાઈ પર ગુસ્સો હતો. તેઓ સતત એક જ વિચાર કરતા હતા કે દીકરીને રંડાપો આવે તેની ફિકર નથી; પણ આ જમાઈને જીવતો રાખવા જેવો નથી. તેણે ગામના ગુંડાઓને પૈસા આપીને જમાઈનું ખૂન કરવા રોક્યા.

એક દિવસ નીલાના પતિ તેમનાં માતા-પિતા સાથે મકરસ્નાન કરવા ત્રિવેણી ઘાટે જતા હતા, ત્યારે આ ગુંડાઓએ તે ત્રણેને મારી નાખ્યાં. નીલાના પિતાએ ગામના અમલદાર પાસે નીલાના સસરાનું મકાન લૂંટાવ્યું. પોતાના માણસો દ્વારા તેના ઘરને આગ લગાડી. એકલી નીલા પ્રભુકૃપાથી બચી ગઈ. તે સ્વજન વિનાની અને સંપત્તિ વિનાની થઈ ગઈ; છતાં હિંમત ન હારી. તેણે એક જ વિચાર કર્યો, 'પ્રભુ જે કરતા હશે તે મારા માટે જ કરતા હશે.'

તેણે પોતાને રહેવા માટે એક ઝૂંપડી બનાવી. ચરખો કાંતીને સંતોષ અને સ્વામાનથી જીવન ગુજારવા લાગી.

એક દિવસ વહેલી સવારે તે શ્રીયમુનાજીમાં સ્નાન કરવા ગઈ હતી. નાહીને પાછા ફરતાં એક લોટામાં શ્રીજમુનાજળ સાથે લઈ આવી. ઘેર આવી તુલસીક્યારે લોટાનું જળ ચઢાવતાં, લોટામાંથી લાલજીનું એક સ્વરૂપ ક્યારામાં આવ્યું. આ સ્વરૂપનાં દર્શન કરી નીલાને ઘણું આશ્ચર્ય થયું. તેણે વિચાર કર્યો, પ્રભુની શી ઈચ્છા હશે? મારા ગરીબના ઘેર આવી રીતે કેમ પધાર્યા હશે? હું કોને જઈ પૂછું? કોઈ ઘરમાં પણ નથી, હું શું કરું? ચિંતામાં ને ચિંતામાં તે બેહોશ થઈ ગઈ. રસોઈ કરવાનું પણ ભૂલી ગઈ. ભાનમાં આવતાં તે હાથમાં ઠાકોરજીને લેતી અને ફરી તુલસીક્યારામાં પધરાવતી. આમ કરતાં કરતાં આખો દિવસ પસાર થયો. રાત પડી, મધરાત થઈ.

શ્રીઠાકોરજી તેના ભોળા ભાવથી ઘણા પ્રસન્ન થયા. તેમણે દર્શન આપીને આજ્ઞા કરી: 'નીલા, તું શા માટે ફિકર કરે છે? અહીં નજીકમાં અડેલ ગામ છે. કાલે સવારે મને લઈને ત્યાં શ્રીમહાપ્રભુજી પાસે જજે. એમની સેવક થજે અને પછી મારી સેવા કરજે. હું તારા ઉપર કૃપા કરવા માટે જ તારા લોટામાં બિરાજી, તારા ઘેર આવ્યો છું.'

પ્રભુની આજ્ઞા સાંભળી નીલા ઘણી રાજી થઈ ગઈ. આખી રાત તુલસીક્યારા પાસે બેસી રહી. સવારે ઊઠી, સ્નાન કરી, શ્રીઠાકોરજીને પધરાવી અડેલ ગઈ. શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરી, સેવક થવા વિનંતી કરી.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'તારું મોટું ભાગ્ય છે. તું દૈવી જીવ છે. શ્રીઠાકોરજીએ તારા ઉપર વિલક્ષણ કૃપા કરી છે. તું તેમની સેવા કરે તે પહેલાં જ તને દર્શન આપ્યાં અને તારી સાથે વાત પણ કરી છે.'

શ્રીમહાપ્રભુજીએ તેને બ્રહ્મસંબંધ કરાવી, શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવી, સેવા કરવા પધરાવી આપ્યા અને આજ્ઞા કરી : 'તું ઘેર જઈ મન લગાવી તેમની સેવા કરજે. તેમનું નામ શ્રીબાલકૃષ્ણલાલ છે. જેમ માતા પુત્ર ઉપર પ્રેમ રાખે, તેમ તું પણ તેમને બાળક ગણી, સ્નેહ કરજે.' નીલા શ્રીઠાકોરજીને પધરાવી પ્રયાગ પાછી આવી.

તે ચરખો કાંતી, સૂતર વેચી ભરણપોષણ કરતી. જે આવક થાય તેમાંથી પૈસા બચાવતી. થોડાક પૈસા ભેગા થાય ત્યારે તેમાંથી સામગ્રી લાવી, શ્રીઠાકોરજી માટે બેસનના લાડુ બનાવતી. પછી એક માટલામાં લાડુ ભરી, કાપડથી માટલાનું મોં બાંધી, ઘરમાં શ્રીઠાકોરજીના મંદિરમાં એક શિંકામાં તે હાંડી ધરતી. તે વિચારતી, હવે ૧૦-૧૨ દિવસ સામગ્રી ચાલશે. શ્રીઠાકોરજીને આરોગવામાં કોઈ શ્રમ થશે નહિ. આમ નિશ્ચિંત બનતી.

એક દિવસ રાજભોગ પછી શ્રીઠાકોરજીને અનોસર કરી મહાપ્રસાદ લઈ, તે ચરખો કાંતવા બેઠી. મંદીરમાં શ્રીઠાકોરજી સિંહાસન પરથી ઊભા થયા. શિંકામાંથી લાડુની હાંડી ઉતારી સિંહાસન પર બેસી લાડુ આરોગવા લાગ્યા. નીલાને મંદિરમાં ખડખડાટ થતો સંભળાયો.

તેણે વિચાર કર્યો, હાંડી ઉપર કદાચ ઉંદર-બિલાડીએ તરાપ મારી હશે. શ્રીઠાકોરજીની સામગ્રી છે, તે ઉંદર-બિલાડી ખાઈ જાય તે ચાલે નહિ. તેથી તેણે મંદિરનાં કમાડ ખોલ્યાં. તેને દર્શન થયાં કે શ્રીઠાકોરજી પોતે સિંહાસન ઉપર બિરાજી, ખોળામાં હાંડી રાખી તેમાંથી લાડુ આરોગે છે.

આવાં દર્શન થતાં નીલા છાતી કૂટી રડવા લાગી. તે રડતી જાય અને કહેતી જાય, 'લાલા! આ સામગ્રી તારા માટે જ બનાવી છે. દશ-બાર દિવસ ચાલે તેટલી સામગ્રી છે. તે બધી તું આજે ને આજે આરોગી જઈશ, તો દશ-બાર દિવસ હું સામગ્રી તારા માટે ક્યાંથી કરીશ?'

શ્રીઠાકોરજીએ હસતાં હસતાં આજ્ઞા કરી : 'મા, મને તો રોજ નવી તાજી સામગ્રી ભાવે છે. વાસી સામગ્રી કોણ ખાય? તેથી આજે બધી સામગ્રી આરોગું છું.'

નીલાએ દંડવત્ કરી વિનંતી કરી: 'લાલા! મારી ભૂલ થઈ. હવે રોજ થોડી-થોડી, પણ તાજી સામગ્રી કરીશ. એકસામટી બધી સામગ્રી નહિ બનાવું. સામગ્રી કરવામાં આળસ નહિ કરું.'

ત્યારથી નીલા દરરોજ થોડી થોડી, પણ તાજી સામગ્રી બનાવી શ્રીઠાકોરજીને ધરવા લાગી. શ્રીઠાકોરજી પ્રસન્નતાથી આરોગવા લાગ્યા.

સિદ્ધાંત નવનીત

(૧) જે માર્ગે જીવ પોતાનાં સાધનોથી પ્રભુને મેળવવા આગળ વધે, તે મર્યાદામાર્ગ. જે માર્ગે પ્રભુ નિઃસાધન જીવ પર કૃપા કરવા સામે પધારે તે પુષ્ટિમાર્ગ.

(૨) શ્રીઠાકોરજી બધી સામગ્રી એક સાથે આરોગ્યા, કારણ કે તેમને રોજ તાજી સામગ્રી પ્રિય છે. સેવામાં મન નિશ્ચિંત બને, તો મનનો નિરોધ થતો નથી. સેવાનું કાર્ય ન હોવાથી મન જ્યાં ત્યાં ભટકવા લાગે છે. માટે વૈષ્ણવે રોજ નવી સામગ્રી બનાવવાની આર્તિ રાખવી જોઈએ. શ્રીઠાકોરજીને વાસી સામગ્રી પ્રિય નથી.

(૩) નીલાએ, છાતી કૂટી, કારણ કે વૈષ્ણવ ભોગ ધરે અને શ્રીમહાપ્રભુજીની કાનિ આપે, ત્યારે શ્રીઠાકોરજી આરોગે તે પુષ્ટિમાર્ગની મર્યાદા છે. તેના બદલે શ્રીઠાકોરજી સ્વયં સામગ્રી લઈ, આરોગવા લાગ્યા. એ જોઈને નીલાને શંકા થઈ કે જેમ શ્રીઠાકોરજીએ સેવાની મર્યાદા પણ તોડી, તેમ કદાચ શ્રીમહાપ્રભુજીના વચનની મર્યાદા તોડીને મને પણ છોડી એક દિવસ જતા રહેશે, તો મારો અનર્થ થશે. માટે તેને ક્લેશ થયો. બીજું કારણ એ કે શ્રીઠાકોરજી સ્વયં સામગ્રી લઈને આરોગે, તેમાં આપણી સેવા શું? દાસભાવમાં પ્રભુ આજ્ઞા કરે અને આપણે આપણા હાથથી ભોગ ધરીએ, તે હાથની સેવા છે. આ સેવા છૂટી તેના દુઃખથી તે છાતી કૂટવા લાગી.

(૪) શ્રીઠાકોરજી માટે જે સામગ્રી તૈયાર કરવામાં આવે છે તે શ્રીઠાકોરજીને પ્રિય છે અને આરોગવા માટે છે એવા ભાવથી કરવી. બીજાઓનું સમાધાન કરવાના ભાવથી કરેલી સામગ્રી શ્રીઠાકોરજી કેવળ દૃષ્ટિથી અંગીકાર કરે છે, પ્રત્યક્ષ આરોગતા નથી. માટે શ્રીઠાકોરજી પ્રત્યેના ભાવથી સામગ્રી સિદ્ધ કરવી.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : વાર્તામાં આપ્યું નથી, તેનું કારણ શ્રીહરિરાયજી એમ બતાવે છે કે દુનિયામાં કેટલાંક બાળકોનાં નામ માતા-પિતા અશુભ રાખે છે. તેનો અર્થ હીન પ્રકારનો થતો હોય છે, જેમ કે ફકીરો. આવાં નામ શ્રીગોકુલનાથજીએ પ્રગટ કર્યાં નથી. માટે આ ક્ષત્રાણીનું નામ શ્રીગોકુલનાથજીએ આપ્યું નથી. નીલા નામ અહીં સમજવા માટે ઉપયોગમાં લીધું છે.

(૨) જ્ઞાતિ : ક્ષત્રિય

(૩) વતન : પ્રયાગ

(૪) પરિવાર : સાસુ-સસરા અને પતિ હતા, પણ સૌનું ખૂન થવાથી એકલી રહી.

(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીબાલકૃષ્ણલાલજી

(૬) લીલાનું સ્વરૂપ : શ્રીસ્વામિજીની સખી નીલા.

■

૧૮ : પ્રભુ આરોગે તે ઘટે નહિ

(૪૪. ગોરજા - સમરાઈ : સાસુ-વહુ)

વાક્પતિ શ્રીવલ્લભ વાણી-સ્વરૂપ સરસ્વતીનું ઉલ્લંઘન ન કરે; એટલે થાણેશ્વર પધારે પણ સિંહનદ નહિ. નદીને એક કાંઠે થાણેશ્વર અને બીજે કાંઠે સિંહનદ હતું. સિંહનદના વૈષ્ણવો થાણેશ્વર આવીને દર્શન કરી જાય.

વાસુદેવદાસ છકડા જ્યારે શરણે આવ્યા, ત્યારે તેમનાં જ પાડોશી, ક્ષત્રિય જાતિનાં સાસુ-વહુને શરણે આવવાનું મન થઈ ગયું. બંને વિધવા હતાં, સાસુનું નામ ગોરજા, વહુનું નામ સમરાઈ. તે જમાનામાં ક્ષત્રિયોમાં એવાં નામ પડાતાં હશે.

વાસુદેવદાસ સાથે જ બંને થાણેશ્વર આવ્યાં. વિનંતી કરીને નામ-નિવેદન અપાવ્યાં. પછી સેવા કરવાની આજ્ઞા થઈ. નદીકિનારેથી એક લાલન મળ્યા તે લઈ આવ્યાં. શ્રીવલ્લભે સ્વરૂપને પુષ્ટ કરી એમને માથે પધરાવ્યું. નામ પાડી આપ્યું - શ્રીદામોદરજી. સેવાની રીત પણ બતાવી.

સાસુ-વહુ પ્રભુને પધરાવીને સિંહનદ આવ્યાં. સાસુ હોશિયાર હતી. સેવા, શૃંગાર, રસોઈ, ભોગ ધરવા, ભોગ સરાવવા, એ બધું સાસુ કરતી. વહુ સીધીસાદી ને ભોળી હતી. એને ઝાઝી સમજ ન પડે, એટલે સાસુ જે બતાવે તે બહારની તૈયારી કરી આપતી. એને અંદરની સેવામાં તો આવવા જ ન દે. રખે ને અપરસમાં કંઈ ગોટાળો કરી નાખે. એનો વિશ્વાસ ન આવે. વહુને સેવાનું ઘણુંય મન થાય, પણ કંઈ કહી શકે નહિ. સાસુ પાસે એનું કંઈ ચાલે નહિ.

બ્રહ્મસંબંધ પછી વહુનો પ્રેમભાવ વધતો રહ્યો. પ્રભુને મનોમન એ વિનંતી કરતી. એક દિવસ પ્રભુએ એની વિનંતી સાંભળી. એને સેવાની તક મળી ગઈ.

શ્રીમહાપ્રભુજી બીજી વાર થાણેશ્વર પધાર્યા. સિંહનદમાં ખબર આવી. વૈષ્ણવો આપનાં દર્શન કરવા જવા લાગ્યા. ગોરજા પણ જવા માટે તૈયાર થઈ. એણે સમરાઈને કહ્યું:

'વહુ, હું થાણેશ્વર જાઉં છું. ચાર દિવસ ત્યાં રોકાઈશ. હું આવું પછી તું જજે. ઠાકોરજીને મૂકીને બે જણ સાથે તો કેવી રીતે જવાય? તું શ્રીદામોદરની સેવા કરજે.'

સેવા કેમ કરવી તે વિષે સાસુએ વહુને સમજ પાડી. વહુ હુંકારો ભણતી રહી. સાસુએ જાણ્યું કે વહુ સમજી ગઈ છે. આમ તો સેવા ન કરાવે; પણ આજે ગરજ પડી છે. શું થાય?

સાસુ ગઈ એટલે વહુ રાજી થઈ ગઈ, 'હાશ, હવે પ્રભુએ મારી વિનંતી સાંભળી. હવે મને સેવા-સિંગારનો લાભ મળશે.'

એ તો ઝટપટ નાહીને તૈયાર થઈ ગઈ. સાસુએ કહ્યા પ્રમાણે પ્રભુને જગાવ્યા. મંગળા, શૃંગાર, રસોઈ, જેવું આવડ્યું તેવું બધું કર્યું. પછી પ્રભુને રાજભોગ ધરીને ટેરો કરીને બહાર આવી. રસોઈ અને બીજી તૈયારી કરી. પછી સમય થતાં ભોગ સરાવવા ગઈ. જુએ તો પોતે જે સામગ્રી જ્યાં ધરી હતી ત્યાં અને તેટલી જ છે. એ તો વિચારમાં પડી ગઈ, 'અરે, મારી સાસુ ભોગ ધરે ત્યારે તો પ્રભુ બધામાંથી થોડું થોડું આરોગતા હશે. આજે તો પ્રભુ કશુંયે આરોગ્યા નહિ, ભૂખ્યા રહ્યા. એમને શ્રમ થશે. હવે મારે શું કરવું? આચારક્રિયામાં મારી ભૂલો થઈ હશે. પણ એ તો કંઈ કહેતા નથી. મને કંઈ સમજ પડતી નથી.'

વળી વિચારે છે, 'ત્યારે હું નાહિને વાસણો વગેર માંજીને, ફરીથી રસોઈ કરું. બીજી વાર ભોગ ધરું. હવે વધારે સાવચેતી રાખીશ. પછી પ્રભુ આરોગશે.'

એણે એ રીતે કર્યું. ફરી ભોગ ધરીને, ટેરો લઈને બહાર આવી. સમય થતાં એ ભોગ સરાવવા ગઈ. જુએ છે તો અગાઉની જેમ જ બધું છે. એ તો મોટી ચિંતામાં પડી ગઈ, 'અરે રે, હવે મારે શું કરવું? મારી શી ભૂલ થતી હશે? પ્રભુ રીસ ચઢાવીને ભૂખ્યા રહે છે. જરૂર કોઈ મોટો દોષ થતો હશે.'

થાકી ગયેલી હોવા છતાં એ તો ફરી પાછી નાહી. ફરી પાત્રો માંજ્યાં. રસોઈ કરીને ભોગ ધર્યો. ટેરો સરકાવીને બહાર આવી. સમય થતાં ભોગ સરાવવા ગઈ, તો ત્રીજી વાર પણ બધું એમનું એમ જ જોયું.

'અરે રે! હવે શું કરવું?' - આમ બોલતાં જ એ મૂર્છિત થઈ ગઈ. અતિશય થાક અને દુઃખને લીધે બેસુદ્ધ થઈને પડી. કંઠ પણ સુકાઈ ગયો હતો. શ્રીદામોદરજી એનું દુઃખ સહી ન શક્યા.

શ્રીયશોદાજી લાલની કટિ દોરડા વડે બાંધવા માટે ઘણું મથ્ય
નહિ. છેવટે શ્રીયશોદાજી થાક્યાં. ત્યારે પોતાની ઇચ્છાથી બં
દામોદર (દામ + ઉદર) પ્રભુ ને!'

શ્રીદામોદરજી વહુની પાસે પધાર્યા. પોતાને હાથે એને જળ પાયું. એ ચેતનમાં આવી. આંખો ખોલી જુએ છે તો શ્રીકનૈયાજી સામે ઊભા છે. પોતે કહી રહ્યા છે: 'અલિ વહુ, તું આટલો શ્રમ અને ખેદ શા માટે કરે છે? રોજ તો હું એક વાર રાજભોગ આરોગું છું, પણ આજે તારા ભાવથી ત્રણ વાર આરોગ્યો. તું કેમ સમજતી નથી?'

વહુ કહે છે : 'ના પ્રભુ, હું આપને આરોગતાં નજરે જોઉં ત્યારે જ માનું. પછી જ મારાથી પ્રસાદ લેવાય.' એ સ્ત્રી-હઠ પકડીને બેઠી છે!

પ્રભુ સાક્ષાત્ બોલ્યા; જળ પાયું. એના દેહમાં નવચેતન આવી ગયું હતું. એણે અનોસર કર્યા. થોડી જ વારમાં ફરી પાછી શયનભોગની સામગ્રીઓ કરી દીધી. ઉત્થાપન, ભોગ, પછી શયનભોગ ધર્યા. પછી ટેરો સરકાવવા જાય છે ત્યાં જ પ્રભુએ રોકી, 'અલિ વહુ, તું જાય છે ક્યાં! બેસ મારી પાસે. જો હું આરોગું છું કે નહિ? પછી તને વિશ્વાસ નહિ આવે.'

સમરાઈને સામે બેસાડી, પોતે આરોગતાં દર્શન આપ્યાં. એટલું જ નહિ, એના હાથે આરોગ્યા. એની સાથે હાસ્યવિનોદ કર્યો. સર્વ સુખ આપ્યું. હવે વહુના આનંદનો પાર ન હતો. એણે પ્રભુને પોઢાવ્યા. પછી ખૂબ પ્રેમથી મહાપ્રસાદ લીધો. સાક્ષાત્ અધરામૃત હતું ને! રાત્રિભર એના અંતરમાં આનંદાનુભવ થતો રહ્યો. પછી તો પાંચ દિવસ સુધી સમરાઈને જાણે સોનાનો સૂરજ ઊગ્યો. સરસ સરસ સામગ્રીઓ કરે છે. પ્રભુને પાસે બેસીને આરોગાવે છે. વ્રજભક્તોએ લીધેલું એવું સુખ લે છે. શ્રીદામોદરજીએ આ વાત શ્રીમહાપ્રભુજીને જતાવી. આપશ્રીએ વાત મનમાં રાખી. પાંચ દિવસ પછી સાસુએ વિદાય માગી, ત્યારે પોતે આજ્ઞા કરી: 'જઈને તરત વહુને મોકલજે.'

સાસુ ઘેર આવી. વહુને દર્શને મોકલી. આવતાં જ શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: 'જા નાહી આવ. મને રોટી વણી આપ.' રોટી વણતાં આપશ્રી એને કહે છે: 'સમરાઈ, તારી બધી વાત શ્રીદામોદારજીએ મને કહી છે. આરોગતાં તને સાક્ષાત્ દર્શન કરાવ્યાં, સર્વ સુખ આપ્યું. તારું અહોભાગ્ય છે!' વહુથી કહેવાઈ ગયું: 'અરે, શ્રીઠાકોરજીના પેટમાં આટલીય વાત ન ટકી? હા, પણ આપને તો કહે જ ને! આપની કાનિથી આ બધું થયું છે! નહિ તો મારા જેવી ઉપર કૃપા ક્યાંથી!'

શ્રીવલ્લભ એની દીનતા જોઈને પ્રસન્ન થયા, 'સમરાઈ! લીલાના સંબંધે કરીને પ્રભુએ તારી પર વિશેષ કૃપા કરી છે. શ્રીસ્વામિનીજીની સખી ચંદ્રભાગા! એની બે સખીઓ - નંદા અને વૃંદા. નંદા તારી સાસુરૂપે પ્રગટ છે અને વૃંદા તું જ છે. પછી પ્રભુ કૃપા કરે એમાં શું આશ્ચર્ય!'

લીલાનો સંબંધ સ્ફુરિત થતાં સમરાઈનું મન જાણે આનંદ-સાગરમાં ઝૂલવા લાગ્યું. શ્રીવલ્લભ વિચારી રહ્યા હતા: 'આવા કૃપાપાત્ર જીવોને તો, એમને ઘેર પધારીને દર્શન આપવાં જોઈએ. પણ સરસ્વતી ઉલ્લંઘવી નથી, એટલે શું થાય!'

ત્રીજે દિવસે વહુએ વિદાય માગી. વિદાય આપતાં આપનું મન માનતું નથી પણ પોતે વિચારે છે: 'શ્રીદામોદરજીને એના વિના ગમતું નહીં હોય. હવે એને જવા દેવી જોઈએ.'

વહુ ઘેર આવી. એણે સાસુને બધી વાત કરી. શ્રીઠાકોરજીએ અને શ્રીમહાપ્રભુજીએ કેવી કૃપા કરી એ બધું કહ્યું, ત્યારે સાસુ ઘણી રાજી થઈ.

શ્રીઠાકોરજીને એ વખતે ભોગ ધરેલા હતા. સાસુ વાસણ પોતવા ગઈ. વહુ ચાલીને થાકી હતી તે જરા બેઠી. એની સહેજ આંખ મળી ગઈ. પછી ઝબકીને જાગી. મનમાં થયું કે પ્રભુ એકલા કેવી રીતે આરોગતા હશે? તરત ઊઠી. નાહીને અંદર ગઈ. પ્રભુની પાસે બેસી આરોગાવવા લાગી. સાસુને વિશેષ આનંદ થયો.

પછી શ્રીદામોદરદાસજીએ ગોરજાને આજ્ઞા કરી: 'હવે રસોઈ વગેરે તું કરજે. શૃંગાર અને ભોગ ધરવાનું સમરાઈ કરશે. એની સાથે મને બહુ ગમે છે!' ત્યારથી વહુ દરરોજ પાસે બેસીને જ આપને આરોગાવતી, હાસ્યવિનોદ સર્વ સુખ લેતી અને આપતી! કેવી અનુપમ કૃપા!

સિદ્ધાંત નવનીત

(૧) પ્રભુને ભોગ ધરીને ટેરો લેવાની રીત છે, શા માટે ? દરેકને પ્રત્યક્ષ આરોગતાં તો દર્શન થાય નહિ. ટેરો કરીને એ ભાવના કરી શકાય કે પ્રભુ અંદર ભોજન કરી રહ્યા છે. ભક્તિમાર્ગમાં ભાવનાનું પ્રાધાન્ય છે. ભાવનાથી ભાવ સિદ્ધ થાય છે. 'ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદિષ્યતે'.

(૨) ઉચ્ચ કક્ષામાં, પ્રભુની પાસે બેસીને આરોગવનારાં ભગવદીયો પણ છે. શ્રીયશોદાજી કે વ્રજભક્તોને કોઈ ટેરો ન હતો. એવો સ્નેહ થયા પછી ટેરાની આવશ્યકતા ઓછી થાય છે. જો કે એ સ્થિતિ દુર્લભ છે.

(૩) સમરાઈને આરોગતાં દર્શન થયાં. આ ઘટના આપણા મનમાં વિશ્વાસ પ્રગટાવે છે કે આપણે ધરેલો ભોગ પ્રભુ અવશ્ય આરોગે છે. ભલે આરોગતાં

દર્શન ન થાય કે સામગ્રી ઓછી ન થાય!

(૪) આ બાબત આ રીતે પણ સમજી શકાય તેવી છેઃ શ્રીઠાકોરજી ભાવાત્મક છે. સામગ્રીઓ ધરીએ છીએ તે પણ ભાવાત્મક છે. ભોગ ધરતી વખતે આપણા મનમાં પ્રભુને અંગીકાર કરવાનો જે ભાવ હોય છે, તેનો ભાવાત્મક પ્રભુ અંગીકાર કરી લે છે. 'પ્રભુ ભાવના ભૂખ્યા છે' એ પ્રચલિત વાત છે. જે દૃશ્ય પદાર્થો છે તે તો તેમના તેમ જ રહેલા દેખાય.

(૫) સૌને જો પ્રત્યક્ષ અનુભવ થતો હોત, તો સૌ આ માર્ગમાં જ આવી જાત. પ્રભુની એવી ઈચ્છા નથી. સૌ આ ઉત્તમ સેવામાર્ગનાં અધિકારી ક્યાંથી હોય! એટલે અંગીકારનો પ્રકાર ગુપ્ત રાખ્યો છે.

(૬) શ્રીગુસાંઈજીના વચનમાં જેને વિશ્વાસ છે તેને તો એવો સંદેહ પણ ન થાય! જેને વિશ્વાસ નથી તેને કોઈ ફળ પ્રાપ્ત થતું નથી.

શ્રીવલ્લભાષ્ટકમાં '**યસ્માદસ્મિન્સ્થિતૌ...**' એ શ્લોકમાં આપ આજ્ઞા કરે છેઃ 'શરણે આવેલો જીવ, કોઈ પણ વસ્તુ, કોઈ પણ રીતે, કોઈ પણ સ્થળે આરોગાવવા વિનંતી કરે છે; ત્યારે શ્રીગોપીજનવલ્લભ હસતાં હસતાં તે અવશ્ય આરોગે છે.'

(૭) અનેક ભગવદીયો એવો સ્વ-અનુભવ છે કે પ્રભુનો પ્રસાદ લેવાથી પ્રેમ પ્રગટ થાય છે. જો પ્રભુ ન આરોગતા હોય, તો તો પ્રસાદનું માહાત્મ્ય હોય જ નહિ.

(૮) મનોરથમાં, ઉત્સવોમાં, વિશેષ સામગ્રીઓ ધરાય ત્યારે પ્રભુ અધિક પ્રસન્નતાથી દર્શન આપે છે. આ કઈ રીતે બની શકે?

(૯) 'આજે અમુક સામગ્રી મારે આરોગવી છે' - એવી ભગવદાજ્ઞા અનેક ભગવદીયોને, અનેક વખત થયેલી છે. આ પણ શું બતાવે છે?

શ્રીવલ્લભની કાનિથી પ્રભુ અવશ્ય આરોગે છે, એ નિઃસંદેહ વાત છે. દૃઢ વિશ્વાસ રાખવો.

(૧૦)કેટલાક કુર્તક કરે છેઃ 'પોતાને ખાવાનું મન થાય એટલે પ્રભુને ધરવાને બહાને મોજ ઉડાવે છે - આ ટીકા કેવલ અજ્ઞાનમૂલક છે.

(૧૧)શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે અસંભાવના-વિપરીત ભાવના ન કરશો. અન્નકૂટ, છપ્પન ભોગ સમયે બધું ઠાકોરજી કેવી રીતે આરોગતા હશે? એવું મનમાં ન આવવું જોઈએ. એ બહિર્મુખતા છે. પ્રભુ સર્વસમર્થ છે. બધું જ અંગીકાર કરે છે.

ગોવર્ધનલીલામાં પ્રત્યક્ષ આરોગતાં સૌને દર્શન કરાવ્યાં જ છે. લીલાનાં સાક્ષાત્ દર્શન કરનારા મહાન ભગવદીયોએ એ અનુભવ અનેક કીર્તનોમાં વર્ણવ્યો છે. થોડાંક ઉદાહરણ જોઈએ.

(૧) **દેખો રી હરિ ભોજન ખાત.**
સહસ્ર ભુજા ધર ઉત જેંવત હૈં, ઈત ગોપનસોં કરત હૈં બાત.
(૨) **ઐસો દેવ હમ કબહુ ન દેખ્યો,**
સહસ્ર ભુજા ધર ખાત મિઠાઈ.
(૩) **નારી બદરોલા રહી, વૃષભાન ઘર રખવારી;**
તહાઁતેં વહ ભોગ અરપત, હરિ લેત ભુજા પસારી.

(સૂરદાસજી)

(૪) **કિંચિત છાક બનાય, ગ્વાલિન રાખ્યો ઘરમાંહિ,**
સકુચ રહી મન માંઝ, શોચ એતશય ચિત્ત જાહિ.
આરતિ જાનિ વાહીકી લીનો ભોગ મગાય,
સબ દેખત વાહી લિયો, ખાયો સરાય સરાય.

(પરમાનંદદાસજી)

(૫) કલેઉ, રાજભોગ, શયનભોગ આદિનાં અનેક પદોમાં આરોગવાની લીલાના અનુભવો અષ્ટસખાઓએ વર્ણવ્યા છે. વિશેષ વિચારતાં આ વાર્તામાં સંદેહને સ્થાન રહેતું નથી.

આધુનિક સમયમાં પણ આવો અનુભવ શક્ય છે. શ્રીવલ્લભનો માર્ગ જીવન્ત છે.

વૈષ્ણવ-પરિચય

(૧) નામ : સાસુ - ગોરજા; વહુ - સમરાઈ.
(૨) જ્ઞાતિ : ક્ષત્રિય
(૩) વતન : સિંહનદ
(૪) પરિવાર : બંને વિધવા
(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીદામોદરદાસજી (હાલ જૂનાગઢ બિરાજે છે.)
(૬) લીલાનું સ્વરૂપ : ગોરજો - શ્રીસ્વામિનીજીની સખી શ્રીચંદ્રભાગાની સખી નંદા અને સમરાઈ - તેની સખી વૃંદા.

■

૧૯ : ભક્તવશ ભગવાન

(૪૫. કૃષ્ણા દાસી)

પટણાથી બે ગાઉ દૂર એક ગામ હતું. ત્યાં એક ગૌડ બ્રાહ્મણનું કુટુંબ રહેતું હતું. ઘણું ગરીબ હતું. તેમને એકની એક દીકરી. તેનું નામ કૃષ્ણા. એક દિવસ તેની માતા સાથે તે સવારે ગંગાસ્નાન કરવા ગઈ. પાંચ વર્ષની ઉંમર. કિનારે ઊંચી ભેખડ હતી, તેના પર મા-દિકરી ઊભાં હતાં. ગંગાના વિશાળ પટ ઉપર સામે કિનારેથી એક મોટું નાવ આવી રહ્યું હતું. નાવમાં લાકડાં ભરેલાં હતાં. નાવિકો હંકારતા હતા. વર્ષાઋતુના દિવસો હતા. નાવમાં ભરેલા ભારે વજનને કારણે નાવમાં તિરાડ પડી, પાણી ભરાઈ ગયું. નાવ ડૂબ્યું.

તે જ વખતે અચાનક ભેખડ પણ તૂટી. મા-દિકરી બંને ભેખડ તૂટતાં નદીમાં પડ્યાં. પડતાંની સાથે જ માનું મૃત્યુ થયું. નાનકડી કૃષ્ણાના હાથમાં એક લાકડું આવી ગયું. તેના સહારે તે તરતી રહી. પ્રવાહની સાથે લાકડું વહેતું વહેતું પાંચ ગાઉ સુધી ગયું.

ત્યાં ગંગાકિનારે શ્રીમહાપ્રભુજી સંધ્યા-વંદન કરતા હતા. તેમણે નદીમાં લાકડાના આધારે વહી આવતી છોકરીને જોઈ. તેમણે સેવકોને આજ્ઞા કરી: પેલી છોકરીનો જીવ બચાવો.

વૈષ્ણવો દોડ્યા. નદીમાં કૂદી પડ્યા. કૃષ્ણદાસ મેઘન છોકરીને સહીસલામત કિનારે શ્રીમહાપ્રભુજી પાસે લઈ આવ્યા. શ્રીમહાપ્રભુજીએ દૈવી જીવ જાણી તેને નામમંત્ર આપ્યો. કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી: કૃષ્ણાને પ્રસાદ લેવડાવો.

શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણદાસને કહ્યું: 'આપણે જગન્નાથપુરી જવાનું છે. આ છોકરીને તેના પિતા પાસે પહોંચાડવાની છે. તેને લઈને તમે પટણા જાઓ. છોકરીનું ઘર શોધી તેને ઘેર પહોંચાડો. ત્યાં સુધી હું તમારી રાહ જોઈશ.'

કૃષ્ણદાસ મેઘન કૃષ્ણાને લઈને પટણા ગયા. ત્યાં તેમને બજારમાં હરિવંશ પાઠક મળ્યા. હરિવંશ કાશીના વતની હતા. શ્રીમહાપ્રભુજીના સેવક હતા. ધંધાર્થે પટણા આવ્યા હતા. મેઘનજીએ તેમને કહ્યું, 'આ દીકરીને તેના પિતા પાસે પહોંચાડવાની છે. શ્રીમહાપ્રભુજી મારી રાહ જોઈ રહ્યા છે, માટે તમે આટલું કામ કરજો. કૃષ્ણા તમને સોંપીને હું શ્રીમહાપ્રભુજી પાસે પાછો જાઉં છું.'

કૃષ્ણદાસ મેઘન પાછા ફર્યા. પાઠકજી દીકરીનું ઘર શોધવા લાગ્યા. આખરે ઘર મળ્યું. કૃષ્ણાંના પિતાએ કહ્યું : 'તારી માતા મરી ગઈ, પછી તું શા માટે જીવતી રહી? મારી પાસે ખવડાવવા માટે અનાજ પણ નથી.'

કૃષ્ણાએ કહ્યું: 'હું શ્રીમહાપ્રભુજીની સેવક થઈ છું, એટલે તમારા હાથનું જલપાન પણ કરીશ નહિ.'

પિતાએ હરિવંશજીને વિનંતી કરી: 'હું ઘણો ગરીબ છું. આ છોકરીને ખવડાવવા કે પરણાવવા માટે પણ મારી પાસે પૈસા નથી. તમે તેને તમારા ઘેર લઈ જાઓ.'

હરિવંશજીએ વિચાર કર્યો, 'કૃષ્ણા શ્રીમહાપ્રભુજીની સેવક છે. વૈષ્ણવ છે. નાની ઉંમરની છે. તેને આવી અનાથ સ્થિતિમાં છોડીને જવી યોગ્ય નથી. ભલે મારે ત્યાં રહેતી. વૈષ્ણવની સેવા કરવી એ મારો ધર્મ છે.'

તેઓ કૃષ્ણાને પોતાની સાથે કાશી લઈ ગયા. ઘરમાં દીકરીની જેમ રાખી. તે દશ વર્ષની થઈ, ત્યારે તેના માટે યોગ્ય મૂરતિયો શોધવા માંડ્યો; પણ કોઈ બ્રાહ્મણ કૃષ્ણાનો હાથ પકડવા તૈયાર ન થયો. કૃષ્ણાએ પણ વૈષ્ણવ પતિને જ પરણવાનો આગ્રહ રાખ્યો. એવો કોઈ યુવાન મળ્યો નહિ.

હરિવંશજીએ કૃષ્ણાને કહ્યું: 'હવે તને હું ઘરમાં રીખી શકું નહિ. યોગ્ય મૂરતિયો મળતો નથી. આપણે શું કરીશું?'

'આપ મને અડેલ શ્રીમહાપ્રભુજીના ત્યાં પહોંચાડો. ત્યાં આપશ્રીના પરિવારની સેવા કરીશ. મારે લૌકિક મનુષ્ય સાથે જિંદગી જીવવી નથી. દુનિયા સાથે મારે નાતો નથી. હું તો શ્રીમહાપ્રભુજીની દાસી છું. શ્રીમહાપ્રભુજીએ મારો હાથ પકડ્યો છે.'

હરિવંશ પાઠક કૃષ્ણાને લઈને અડેલ આવ્યા. અડેલમાં શ્રીગુસાંઈજી બિરાજતા હતા. હરિવંશ પાઠકે બધી હકીકત કહી. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી: 'કૃષ્ણા અમારી સેવક છે, માટે અમારા ઘરમાં જ રહેશે. વહુજીની સેવા કરશે. તમે કૃષ્ણાની જરા પણ ફિકર કરશો નહિ.'

કૃષ્ણા શ્રીગુસાંઈજીના ત્યાં રહેવા લાગી. સૌની પ્રેમથી સેવા કરવા લાગી. આખો પરિવાર કૃષ્ણા ઉપર પ્રસન્ન રહેતો. કૃષ્ણાએ સૌને પ્રેમથી વશ કરી લીધાં હતાં. શ્રીગુસાંઈજી હમેશાં આજ્ઞા કરતા કે કૃષ્ણા તો શ્રીમહાપ્રભુજીની કૃપાપાત્ર સેવક છે.

એક વખત શ્રીગુસાંઈજીનાં વહુજી શ્રીરુકમણિ વહુજી ગર્ભવતાં હતાં. તેમના ત્યાં ચતુર્થ લાલજીનું પ્રાગટ્ય થવાનું હતું. કૃષ્ણાએ વહુજીને વિનંતી કરી: 'આપણા ત્યાં ચતુર્થ લાલજી પ્રગટ થશે, તેમનું નામ મેં શ્રીગોકુલનાથજી પાડ્યું છે. શ્રીગોકુલનાથ જ આપના ત્યાં પધરાવાના છે.'

પ્રસુતિનો સમય થતાં વહુજીના ઉદરમાં દર્દ થવા લાગ્યું. કૃષ્ણા દાસીએ વિદ્વાન જોષી પાસે જઈને પૂછ્યું : પુત્રજન્મ માટે અત્યારે કેવું મુહૂર્ત છે?

'બાઈ, આજથી ચાર દિવસ સુધી સારું મુહૂર્ત નથી. વિછુંડો બેઠો છે.

કૃષ્ણા દાસી ઘેર આવ્યાં. વહુજીના ઉદર પર હળવેથી હાથ ફેરવી વિનંતી કરી: 'મહારાજ, અત્યારે શુભ સમય નથી. માટે આપ હમણાં પધારશો નહિ. ચાર-પાંચ દિવસ રાહ જોવી પડશે.'

કૃષ્ણા દાસીની વિનંતી થતાં જ વહુજીની પીડા નિવૃત્ત થઈ. પાંચ દિવસ વીત્યા. કૃષ્ણા દાસી ફરી જોષી પાસે ગયાં અને પૂછ્યું : હવે પુત્રજન્મ માટે કેવું મૂહુર્ત છે?

જોષીએ કહ્યું : 'આજનો માગશર સુદ ૭ નો દિવસ અતિ સુંદર છે. ગ્રહો અને નક્ષત્રો ઉત્તમ સ્થાનમાં છે.'

કૃષ્ણા દાસી પાછાં આવ્યાં. વહુજીના ઉદર પર હાથ ફેરવી વિનંતી કરી: 'મહારાજ, આજે ઉત્તમ સમય છે, હવે આપ બહાર પધારો.'

તત્કાલ વહુજીને પુત્રપ્રસવ થયો. તેમના નામકરણ સંસ્કાર વખતે શ્રીગુસાંઈજીએ તેમનું નામ વલ્લભ પાડ્યું, ત્યારે કૃષ્ણા દાસીએ વિનંતી કરી: 'મહારાજ, મેં તો આ લાલજીનું નામ તેમના પ્રાગટ્ય પહેલાં નક્કી કરી રાખ્યું છે. તેઓ શ્રીગોકુલનાથજી છે.'

આ સાંભળી શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'કૃષ્ણા, તમે શ્રીમહાપ્રભુજીનાં કૃપાપાત્ર સેવક છો. તમે જે નામ આપ્યું છે તે જ નામ જગતમાં યોગ્ય પ્રસિદ્ધ થશે; પરંતુ અમે ઘરમાં તેમને 'વલ્લભ' કહીને બોલાવીશું. જોકે જન્મપત્રિકામાં ગ્રહોની દૃષ્ટિએ તેમનું નામ કૃષ્ણ આવે છે.

થોડાં વર્ષો પછી શ્રીગુસાંઈજીના ત્યાં સાતમા લાલનું પ્રાગટ્ય થયું, ત્યારે શ્રીગોકુલનાથજીએ તેમનું નામ શ્રીગોકુલનાથજી સૂચવ્યું. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી: 'બાવા, આ નામ તો અમારું છે. કૃષ્ણા દાસીએ પાડ્યું છે. ભલે અમે તમને ઘરમાં વલ્લભ કહીએ છીએ, પણ તમે શ્રીગોકુલનાથજીના નામથી જ જગતમાં પ્રસિદ્ધ થવાના છો, એટલે આમનું નામ શ્રીગોકુલનાથજી રાખી શકાશે નહિ, માટે તેમનું નામ શ્રીઘનશ્યામજી રાખું છું.'

આ સાંભળી સૌ ઘણાં પ્રસન્ન થયાં અને કૃષ્ણા દાસીનાં વખાણ કરવા લાગ્યાં.

એક વખત શરદઋતુના દિવસો હતા. વહુજીની આજ્ઞાથી કૃષ્ણા દાસીએ શરદનું વર્ણન કર્યું. તે સાંભળીને શ્રીગુસાંઈજી ઘણા પ્રસન્ન થયા અને આજ્ઞા કરી: કૃષ્ણા રાસીલીલામાં સાક્ષાત્ પહોંચી ગઈ છે. તેનાં દર્શન કરતાં કરતાં તેણે આ પદ ગાયું છે. એ વિના આવું અલૌકિક વર્ણન સંભવે નહિ.

આમ, કૃષ્ણા દાસી શ્રીગુસાંઈજીના ઘેર સેવા કરતાં કરતાં રાતદિવસ ભગવદ્સ્મરણમાં મગ્ન રહેતાં. તેમણે ઘણાં કીર્તન રચ્યાં છે.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : કૃષ્ણા
(૨) જ્ઞાતિ : ગૌડ બ્રાહ્મણ
(૩) વતન : પટણાથી બે ગાઉ દૂરનું એક નાનું ગામ
(૪) પરિવાર : અપરિણીત
(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીગુસાંઈજીના પરિવારની સેવા કરી.
(૬) લીલાનું સ્વરૂપ : શ્રીસ્વામિનીજીની સખી વ્રજમંગલા.

■

૨૦ : બડો ધન હરિનામ

(૪૬. બૂલા મિશ્ર)

લાહોર પાસેના એક ગામમાં સારસ્વત બ્રાહ્મણ રહે. તેમને એકનો અક પુત્ર. નામ બૂલા મિશ્ર. દીકરો ૧૦ વર્ષનો થયો, પણ કંઈ ભણ્યો નહિ. પિતાએ ઠપકો આપ્યો, 'નહિ ભણો તો મારી જેમ મૂર્ખ પાકશો. બ્રાહ્મણનો દેહ મળ્યો છે, તો શાસ્ત્ર ભણો.'

બૂલા મિશ્રે કહ્યું : 'યોગ્ય પંડિત પાસે મોકલો તો ભણું.'

બૂલા મિશ્રને લાહોર ભણવા મોકલ્યા. પંડિતે કહ્યું : 'દશ રૂપિયા દક્ષિણા આપી, મારી પૂજા કરો તો ભણાવું.'

આ સાંભળી બૂલા મિશ્ર પાછા આવ્યા. પિતાને કહ્યું : 'દ્રવ્યના લોભી પંડિત મને શું ભણાવશે? હું ભણવા માટે કાશી જઈશ.'

પિતાએ ગુસ્સે થઈને કહ્યું : 'એકલો લાહોર સુધી જતો નથી, તો કાશી કેવી રીતે જવાનો?

પિતાનું મહેણું લાગી આવ્યું. પિતાને વંદન કરી બૂલા મિશ્ર દશ વર્ષની ઉંમરે એકલા-અટૂલા કાશી જવા ઊપડ્યા. રસ્તામાં ભિક્ષા માગી પેટ ભરતા ભરતા કાશી પહોંચ્યા. કાશીમાં એક પંડિત પાસે ત્રણ વર્ષ ભણ્યા, પણ વિદ્યા આવી નહિ. પંડિત પણ થાક્યા.

બૂલા મિશ્રે વિચાર કર્યો, 'મારા ભાગ્યામાં વિદ્યા નથી. વિદ્યા ભણવા ઘર છોડ્યું. આટલું દુઃખ વેઠ્યું, પણ વિદ્યા ન આવી; હવે જીવવું નકામું છે. સરસ્વતીને નામે આપઘાત કરીને મરી જઈશ.' એવો વિચાર કરી, કાશીથી દૂર એકાંતમાં ગંગાકિનારે જઈને બેઠા. ત્રણ રાતદિવસ જલપાન કર્યા વિના બેસી રહ્યા. ગંગાના જળમાંથી સરસ્વતીએ કહ્યું : 'બૂલા, તું મારા નામે શા માટે મરવા બેઠો છે? હું તો ભગવાનની દાસી છું. ભગવાન મને મોકલે ત્યાં મારે જવાનું હોય છે. ભગવાન પ્રસન્ન થશે તો વિદ્યા જ નહિ, પરંતુ તું જે ઈચ્છીશ તે તને મળશે. માટે તું ભગવાનનું સ્મરણ કર. છતાં તારે મારા નામે મરવું હોય તો મને વાધો નથી; કારણ કે મારો કોઈ દોષ નથી.'

બૂલાએ વિચાર કર્યો : 'ત્યારે હું ભગવાન ઉપર મરીશ.' તે ખાનપાન કર્યા વિના ત્યાં બેસી રહ્યો. બીજી બાજુ ભગવાને સરસ્વતીને આજ્ઞા કરી : 'તેં બ્રાહ્મણને મારા માથે મરવા કેમ બેસાડ્યો? તે મારું નામ રાત-દિવસ જપે છે; એટલે મારી આજ્ઞા છે કે તું તેને વિદ્યા આપ અને તેને ખાનપાન કરાવ.'

સરસ્વતી દેવી સ્ત્રીનું રૂપ લઈ બૂલા મિશ્ર પાસે આવ્યાં. પોતાનો પરિચય આપ્યો અને ભગવાનની આજ્ઞા કહી.

બૂલા મિશ્રે કહ્યું : ' તું કાલે તો વિદ્યા આપવાની ના પાડતી હતી, હવે વિદ્યા આપવા આવી છે, તેનું કારણ શું?'

સરસ્વતીએ કહ્યું : 'આ બધો પ્રતાપ ભગવાનના નામનો છે. તેં રાતદિવસ જલપાન છોડીને ભગવદ્‌નામ લીધું, તેથી ભગવાન તારા પર પ્રસન્ન થયા છે. ભગવદ્‌નામમાં એવી શક્તિ છે કે તે લેનારનાં બધાં પાપ નાશ પામે છે.'

'શું ભગવાન કરતાં ભગવાનનું નામ શ્રેષ્ઠ છે કે જેના લેવાથી ભગવાન પ્રસન્ન થાય?'

'હા, જે શક્તિ ભગવાનમાં છે તે જ શક્તિ ભગવાનના નામમાં છે. ભગવાન જલદી મળતા નથી, પણ ભગવાનનું નામ જલદી મળે છે. ભગવાનનું નામ-સ્મરણ કરનાર ભક્ત પર ભગવાન અવશ્ય પ્રસન્ન થાય છે.'

'જો મારા પર ભક્ત પ્રસન્ન થયા હોય, તો તેમને કહેજો કે હવે મારે વિદ્યા જોઈતી નથી; કારણ કે વિદ્યા કરતાં પણ ભગવાનનું નામ ઘણું મોટું છે, એમ આજે હું સમજ્યો છું. હવે મારે તમારી પણ જરૂર નથી. ભગવાન સ્વયં પધારે, ત્યારે તેમનાં દર્શન કરીને જ હું જલપાન કરીશ, ત્યાં સુધી હું તેમનું નામ લેતો અહીં ગંગા કિનારે બેસી રહીશ.'

સરસ્વતીએ આ વાત ભગવાનને જઈને કહી. ભગવાને આજ્ઞા કરી: 'ધન્ય છે એ બ્રાહ્મણને, જે મને જ ઇચ્છે છે. બાકી આ સમયમાં સૌ સંપત્તિ અને વિદ્યાના લોભી છે. કોઈને મારી જરૂર નથી.'

ગંગાજીના જળમાંથી ભગવદ્-આજ્ઞા બૂલા મિશ્રને સંભળાઈ, 'હે બ્રાહ્મણ! પાંચ દિવસથી તેં જલપાન કર્યું નથી. તું જલપાન કરી ભોજન કર. હું તારા પર પ્રસન્ન છું. તારે જે વરદાન જોઈએ તે માંગ.'

બૂલા મિશ્રે કહ્યું, ' આપનાં દર્શન સિવાય મારે કંઈ જોઈતું નથી.'

ફરી આજ્ઞા થઈ, 'તું અહીંથી અડેલ જા. ત્યાં શ્રીવલ્લભચાર્યજી બિરાજે છે. તું તેમનો સેવક થા. તેમના દ્વારા તને મારાં દર્શન થશે.'

'મહારાજ, પહેલાં એક વખત મને આપનાં દર્શન કરાવો; કારણ કે જેને આપણાં સાક્ષાત્ દર્શન થાય છે તેને કદી માયા લાગતી નથી. આપનાં દર્શન વિના હું ફરી માયામાં ફસાઈ જઉં એવું બને. એટલે જ્યાં સુધી આપનાં દર્શન નહિ થાય, ત્યાં સુધી હું અહીંથી ઊઠીશ નહિ.'

બૂલા મિશ્રની ટેકથી ભગવાન પ્રસન્ન થયા. તેમણે ચતુર્ભૂજ સ્વરૂપે બૂલા મિશ્રને દર્શન આપ્યાં.

બૂલા મિશ્રે ભગવાનને દંડવત્ કરી, ક્ષમા માંગી, ખાનપાન કરી અડેલ જવા નીકળ્યા. તેમણે ભગવદ્નામનું માહાત્મ્ય નજરોનજર અનુભવ્યું, તેથી ભગદવદ્નામમાં તેમનો દઢ વિશ્વાસ થયો. રાતદિવસ ભગવદ્નામ લેતા લેતા તેઓ અડેલ તરફ ચાલ્યા. થોડા દિવસ પછી અડેલ પહોંચ્યા.

ત્યાં શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરી, તેમના સેવક થયા. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'બૂલા, તમને ભગવદ્પ્રાપ્તિ થઈ ચૂકી છે. વળી તમને પ્રભુના આશીર્વાદ મળ્યા છે કે તમને માયા લાગશે નહિ. હવે તમારે બીજું શું જોઈએ છે તે કહો.'

'મહારાજ, મારે મુક્તિ જોઈતી નથી. મારે ભક્તિ જોઈએ છે. આપ મને ભક્તિનું દાન કરો.'

શ્રીમહાપ્રભુજીએ બૂલા મિશ્રને 'કૃષ્ણાશ્રય' ગ્રંથ રચી તેનો પાઠ કરાવ્યો. તેનો પાઠ કરતાં જ બૂલા મિશ્રને શ્રીઠાકોરજીની લીલાનો અનુભવ થવા લાગ્યો. સાથે સાથે બધાં શાસ્ત્ર, વેદ, પુરાણ પણ સમજાઈ ગયાં. શ્રીમહાપ્રભુજીએ તેમને ફલરૂપ માનસી સેવાનું દાન કર્યું. તેમનું મન અલૌકિક બન્યું. રાતદિવસ મન પ્રભુમાં લાગી રહ્યું.

થોડા દિવસ પછી શ્રીમહાપ્રભુજીએ તેમને ઘેર પાછા જવા આજ્ઞા કરી. શ્રીમહાપ્રભુજીએ કહ્યું: 'તમારા સંગથી તમારી આસપાસના ઘણા જીવો કૃતાર્થ થશે. ભક્તિનો વિસ્તાર થશે. તમે જ્યાં હશો ત્યાં હું તમારી પાસે જ હોઈશ. જેમ ભગવાન સર્વ સામર્થ્યયુક્ત છે, તેમ ભગવદીય પણ સર્વ સામર્થ્યયુક્ત છે. તમારું સામર્થ્ય જગતમાં પ્રગટ થશે.'

શ્રીમહાપ્રભુજીએ તેમને ઘેર પાછા મોકલ્યા.

બૂલા મિશ્ર લાહોર પાછા આવ્યા. તેમનાં માતાપિતા ઘણાં રાજી થયાં. તેઓ શ્રીઠાકોરજીને માનસી પ્રકારે ભોગ ધરી પ્રસાદ લેતા. માતા-પિતાને અને ગાયને પ્રસાદ આપતા. આંગણે કોઈ ભૂખ્યું આવે તેમને પ્રસાદ આપતા. તેઓ શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથનો પાઠ કરવામાં અને તેના ભાવ વિચારવામાં સદા તલ્લીન રહેતા. તેમના યજમાન તરફથી જે કંઈ મળે તેમાં તેમનો નિર્વાહ કરતા.

●

લાહોરમાં એક ક્ષત્રિય તેમનો યજમાન હતો. તેને બે પત્નીઓ હતી; પરંતુ એક પણ સંતાન ન હતું. કોઈકે તેને સલાહ આપી, તમે પત્નીઓ સાથે હરિવંશ પુરાણ સાંભળો તો તમારે સંતાન થશે.

તે ક્ષત્રિયે બૂલા મિશ્રને હરિવંશ પુરાણ સંભળાવવા વિનંતી કરી. બૂલા મિશ્રે કહ્યું, મને હમણાં સમય નથી. સમય મળશે ત્યારે સંભળાવીશ.

એક દિવસ બૂલા મિશ્ર અચાનક તે યજમાન ક્ષત્રિયને ઘેર ગયા. તેમણે કહ્યું, તમે અને તમારાં બંને પત્નીઓ સ્નાન કરી, નવાં વસ્ત્ર પહેરીને આવો.

પછી બૂલા મિશ્રે તેમને હરિવંશ પુરાણનો એક શ્લોક બોલાવ્યો. તે શ્લોકમાં એમ સમજાવવામાં આવ્યું હતું કે શ્રીકૃષ્ણનું માહાત્મ્ય પરમ અદ્ભૂત છે. શ્રીકૃષ્ણની કીર્તિનું જે કોઈ કીર્તન કરશે અથવા સાંભળશે તેના ભાગ્યનો પાર નથી; કારણ કે કૃષ્ણ-કીર્તન પરમ દુર્લભ છે.

આટલું કહી બૂલા મિશ્રે હાથમાં ચોખા લઈ, મંત્રો બોલી યજમાનની મોટી પત્નીની ગોદમાં તે ચોખા મૂક્યા.

યજમાને હાથ જોડી વિનંતી કરી, 'તમે કંઈક ભૂલ કરી હોય તેમ લાગે છે. મારી આ મોટી પત્ની સ્ત્રીધર્મમાં પણ નથી, તેને સંતાન કેવી રીતે થશે? નાની પત્નીને આશીર્વાદ આપ્યા હોત, તો તેને સંતાન થવાનો સંભવ છે.'

'ભાઈ, એક વાત બરાબર સમજી લો. કર્તા-કારયિતા શ્રીહરિ છે. તેઓ દુનિયામાં નિયમો બનાવે છે અને કૃપા કરવા માટે પોતાના બનાવેલા નિયમો પોતે તોડે પણ છે. શ્રીઠાકોરજીને પુત્ર આપવો હશે તો તમારી મોટી પત્નીને પણ પુત્ર આપશે. શ્રીઠાકોરજી સર્વસમર્થ છે.'

બૂલા મિશ્ર ઊભા થઈ ચાલવા લાગ્યા. યજમાને ફરીથી હાથ જોડીને વિનંતી કરી : 'કૃપા કરી સંપૂર્ણ હરિવંશ પુરાણ સંભળાવો.'

'તમારો મનોરથ પુત્ર મેળવવાનો છે. પુરાણ સાંભળવાનો નથી. તમારે પુત્ર જોઈએ છે તે પુત્ર આ એક શ્લોકના શ્રવણથી તમને મળશે. હવે આખું પુરાણ સાંભળવાની તમારે કોઈ જરૂર નથી, મારે તમને કહેવાની પણ જરૂર નથી.

તે યજમાનના ત્યાં પુત્રજન્મ થયો. આથી યજમાન સહિત ઘણા લોકો બૂલા મિશ્ર દ્વારા ભક્તિના માર્ગે વળ્યા.

સિદ્ધાંત નવનીત

(૧) ભગવદ્-નામ અલૌકિક છે. ભગવદ્-નામથી સાક્ષાત્ ભગવદ્-પ્રાપ્તિ થાય છે, માટે શ્રીમહાપ્રભુજીએ પણ આપણને સર્વાત્મભાવપૂર્વક સતત શ્રીઅષ્ટાક્ષર મંત્રનું રટણ કરવાની આજ્ઞા કરી છે. ભગવદ્-નામથી લૌકિક-અલૌકિક સર્વ મનોરથ સિદ્ધ થાય છે.

(૨) બૂલા મિશ્રે યજમાનને સમય મળે હરિવંશ સંભળાવવાનું કહ્યું; કારણ કે હરિવંશના શ્રવણથી જે પુત્ર થાય તે ઉત્તમ ભગવદ્-ભક્ત થાય, તો જ તેની ૭૧ પેઢીને તારે. ભગવદ્-શાસ્ત્રના શ્રવણથી સામાન્ય પુત્ર પ્રગટ થાય તો તેનો કોઈ અર્થ ન રહે. માટે પ્રભુને ઉત્તમ પુત્ર આપવો હોય તો હરિવંશ સંભળાવું, એવો વિચાર કરીને તેમણે કહેલું. ભગવાન ભક્તના મનોરથપૂરક છે; એટલું જ નહિ, જગતમાં ભક્તોનું માહાત્મ્ય વધારનારા પણ છે. તેથી પોતાના ભક્તનું માહાત્મ્ય વધારવા શ્રીઠાકોરજીએ બૂલા મિશ્રને હરિવંશ સંભળાવવાની આજ્ઞા કરી. આથી બૂલા મિશ્ર હરિવંશ સંભળાવવા ગયા.

(૩) આ વાર્તામાં ભગવદીયનું માહાત્મ્ય બતાવ્યું છે. ભગવદીય ભક્તિ અને મુક્તિ બંને આપી શકે છે. તેઓ કૃપા કરે તો તત્કાળ પ્રભુ પણ મેળવી આપે છે. માટે બૂલા મિશ્રે યજમાનને લૌકિક પુત્ર ન આપતાં પરમ ભગવદીય પુત્ર આપ્યો, જે આગળ જતાં શ્રીગુસાંઈજીનો સેવક બનશે. ભગવદીય હમેશાં અલૌકિક આપે છે.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : બૂલા મિશ્ર
(૨) જ્ઞાતિ : સારસ્વત બ્રાહ્મણ
(૩) વતન : લાહોર પાસેનું એક ગામ
(૪) કુટુંબ : અપરિણીત
(૫) સેવ્ય સ્વરૂપ : માનસી સેવા કરી છે. સ્વરૂપ પધરાવીને સેવા કરી નથી.
(૬) લીલાનું સ્વરૂપ : શ્રીસ્વામિનીજીનાં સખી વિશાખાજીનાં સખી સુમંદિરા.

■

૨૧ : ઉગ્ર સ્વભાવ અને ઉચ્ચભાવ

(૪૭. રામદાસ, મેવાડા બ્રાહ્મણ)

શ્રીવલ્લભાધીશ દ્વારકા પધારેલા છે. તીર્થક્ષેત્રોમાં દૈવી જીવો વિશેષ આવે. મેવાડથી કોઈ બ્રાહ્મણ પિતા-પુત્ર ત્યાં આવ્યા છે. એમને આપશ્રીનાં દર્શન થાય છે. બાવીસ વર્ષનો પુત્ર રામદાસ લીલાનો દૈવી જીવ છે. લીલાધામમાં શ્રીસ્વામિજીનો અનાદર થઈ જતાં શાપ નિમિત્તે ભૂતલ પર આવવું પડ્યું છે; એટલે દર્શન થતાં જ શ્રીમહાપ્રભુજી પ્રત્યે સાહજિક આદરભાવ પ્રગટે છે. મન ઘણું આકર્ષાય છે. પુત્ર કહે છે : 'આપણે સેવક થઈએ.' પિતા લીલાને જીવ નથી, તેથી ના પાડે છે.

પુત્ર પિતાથી છાનોમાનો આપશ્રીની પાસે આવે છે. મનની વાત કહે છે: 'કૃપાનિધાન, મારે આપના શરણમાં આવવું છે. મારા પિતા પણ સાથે સેવક થાય તો સારું, પણ માનતા નથી. આપશ્રી એમને માહાત્મ્ય દેખાડો તો મન પલટાય.'

શ્રીવલ્લભ આજ્ઞા કરે છે : 'તારી ઈચ્છા પૂરી થશે. તારા દ્વારા જ એને અમારું માહાત્મ્ય જણાશે.' આમ કહીને પોતે રામદાસમાં અલૌકિક સામર્થ્ય સ્થાપન કર્યું.

રામદાસ ઘેર આવ્યા. જુએ છે તો રસોઈ કરતાં પિતાના બંને હાથ દાઝી ગયા છે. એ બૂમો પાડે છે. રામદાસના મનમાં એક પ્રેરણા થઈ. તે બોલ્યા : 'બાપુજી તમે શ્રીવલ્લભને શરણે જવાની ના કહી, તેથી આવું થયું. એ તો સાક્ષાત્ પુરુષોત્તમ છે.'

પિતા કહે છે : 'જા જા, હવે પ્રેમલાવેડા છોડ. આપણે બ્રાહ્મણ છીએ ને એ ય બ્રાહ્મણ છે. મોટા પંડિત થયા, તેથી શું થઈ ગયું?'

પુત્ર કહે છે : 'એમ? તમારે જોવું છે? તો જુઓ.' રામદાસ હાથમાં જળ લઈને બોલ્યા : 'જો શ્રીવલ્લભાધીશ પૂર્ણપુરુષોત્તમ હોય, તો આ જળ છાંટવાથી મારા પિતાના હાથ સાજા થઈ જાઓ.'

જળ છાંટતાં જ પિતાના હાથ હતા તેવા સુંદર થઈ ગયા. પિતા નવાઈ પામ્યા, પણ શરણે આવવા બાબતમાં એમણે ગલ્લાંતલ્લાં કરવા માંડ્યાં. એમાં એમનો અહંકાર આડો આવી રહ્યો હતો.

રામદાસ ખિન્ન થઈ ગયા. મનમાં થયું કે હવે કંઈ વિશેષ ચમત્કાર જુએ તો ઠેકાણે આવે. લાગણીના ઉગ્ર આવેગમાં એમનાથી કહેવાઈ ગયું:

'આટલો પ્રગટ પ્રતાપ જોવા છતાં તમે છતી આંખે અંધ કેમ બની જાઓ છો?'

અને એવું બન્યું કે તે જ દિવસે રામદાસના પિતાની આંખો દુખાવા લાગી. બંને આંખે તેઓ અંધ બની ગયા. એમને ભારે દુઃખ થયું. ગર્વ ગળી ગયો. દીનતા આવતાં સત્ય વસ્તુની ઝાંખી થઈ. શ્રીવલ્લભને શરણે જવા માટે તૈયાર થયા. રામદાસ સાથે એ આપશ્રીની પાસે ગયા. જઈને દંડવત્ કર્યા અને વિનંતી કરી : 'કૃપાનાથ, હું ભૂલ્યો. રામદાસે આપનું સ્વરૂપ સમજાવ્યું તોયે હું ન સમજ્યો અને દુઃખી થયો. આપ કૃપા કરો. અમને બંનેને શરણમાં લો. મારું દુઃખ હવે આપ કૃપા કરો તો જ દૂર થાય.'

શ્રીમહાપ્રભુજીએ રામદાસને સ્નાન કરવા મોકલ્યા. એના પિતા લીલાનો જીવ ન હતા. આથી રામદાસને બ્રહ્મસંબંધ કરાવ્યું અને પિતાને કેવલ નામમંત્ર આપ્યો. હવે રામદાસે આપશ્રીનું ચરણોદક લઈને પિતાની આંખો પર છાંટ્યું. તરત જ બંને આંખો દેખતી થઈ ગઈ. એના આનંદનો પાર ન હતો. એણે આપશ્રીને સાષ્ટાંગ દંડવત્ કરી, વિનંતી કરી : 'કૃપાનિધાન, હવે મારું કર્તવ્ય બતાવો.'

આપશ્રીએ આજ્ઞા કરી : 'તમારો પુત્ર કહે તેમ કરશો તો સુખી થશો. વળી કૃતાર્થ થઈને મુક્તિ પામશો. તમારો પુત્ર ભગવદ્‌ભક્ત થતાં તમારી સાત પેઢીનો ઉદ્ધાર થઈ જશે.'

પછી આપશ્રીએ રામદાસને વસ્ત્ર-સેવા પધરાવી આપી. બંને જણ પોતાને ગામ આવ્યા. પુત્ર સેવા અને રસોઈ કરે છે. પિતા ઉપરની સહાયતા કરે છે. સેવા કરતાં રામદાસને શ્રીવલ્લભના અલૌકિક સ્વરૂપના વધુ ને વધુ અનુભવો થતા જાય છે. થાડા સમયમાં તો ભાવ અત્યંત દૃઢ થઈ ગયો.

રામદાસ મેવાડી બ્રાહ્મણ અને મીરાંબાઈના પુરોહિત હતા. એક વાર તે પોતાની યજમાન મીરાંને ઘેર ગયા. કેટલીક વાર બેઠા. મીરાંબાઈએ એમને દક્ષિણા આપી. પછી એણે એના ઠાકુરની પૂજા કરવા માંડી. રામદાસ ત્યાં કીર્તન ગાવા લાગ્યા. શ્રીવલ્લભના સ્વરૂપમાં આસક્તિ હોવાથી ત્યાં પણ એમણે એમનાં જ પદ ગાયાં.

મીરાં કૃષ્ણભક્ત હતી, પણ વલ્લભીય ન હતી. શ્રીમહાપ્રભુજીનાં પદો એને ન ગમ્યાં. આથી પોતાના પુરોહિતને જરા ટકોર કરી : 'રામદાસ, કૃષ્ણ ભગવાનનાં કીર્તન કરો ને!'

રામદાસને આ ન ગમ્યું. એ ઉગ્ર સ્વભાવના, તામસ ભક્ત હતા. એમને દુઃખ થયું : 'મારી યજમાન મીરાં આટલું સમજતી નથી કે વલ્લભ અને કૃષ્ણ એક જ છે. એને એ જુદા લાગ્યા ત્યારે જ આમ બોલી ને? કેટલી અજ્ઞાન છે! હું તો માનતો હતો કે એ મોટી ભક્તાણી છે, માટે અહીં આવીને કીર્તન ગાયાં. મારે અહીંથી ચાલ્યા જવું જોઈએ. એની આપેલી દક્ષિણા પણ મારાથી ન લેવાય. એ અત્યંત લાગણીશીલ બની ગયા. એમના અંતરમાં ભારે ક્ષોભ થયો. દક્ષિણાના રૂપિયા ભોંય પર મૂકી, એ ઊભા થઈ ગયા. લાગણીના પ્રબળ આવેગમાં એમનાથી બોલાઈ જવાયું : 'દારી રાંડ, યે કહા તેરે ખસમકે પદ હૈં? આજ પિછે તેરો મુખ ભી ન દેખૂંગો.'

મીરાં અને એની પાસે બેઠેલા સાધુસંતો ચમક્યા. સૌ એવાં દિગ્મૂઢ બની ગયાં કે કોઈ કંઈ બોલી જ ન શક્યું. રામદાસ ત્યાંથી ચાલી નીકળ્યા. એમનું મન આજે ઘણું ખિન્ન થઈ ગયું હતું.

ઘેર આવીને એ વિચારે છે કે હવે આ ગામમાં રહેવું નથી. મીરાંનું તો મોં ન જોવાની પ્રતિજ્ઞા કરીને આવ્યો છું. અહીં રહીશ તો કોઈ વાર પણ એનું મોઢું દેખાઈ જશે, પ્રતિજ્ઞા-ભંગ થશે. હવે આ ગામનું પાણી પણ મારે ત્યાજ્ય છે.

કુટુંબ સહિત એ બીજે ગામ જઈને વસ્યા. ફરી પોતાના વતનમાં કદી પગ મૂક્યો નહિ. અનન્ય વલ્લભીયતાનો કેવો અદ્‌ભુત ટેક!

આવા હતા શ્રીવલ્લભ કૃપાપાત્ર ભગવદીય રામદાસજી.

સિદ્ધાંત નવનીત

આ વાર્તાનાં રહસ્યો નીચે પ્રમાણે છે :

(૧) શ્રીવલ્લભ અને શ્રીવલ્લભકુળમાં અનન્ય ભક્તિભાવ એ પુષ્ટિપથનો આધારસ્તંભ છે. ભક્તિ ભાવનાઓ ઉપર આધારિત હોય છે. અન્યમાર્ગીય સાથેનો સંપર્ક ભાવનાને દૂષિત કરે છે.

મીરાં મર્યાદા-ભક્ત હતી. એનો બીજાઓ પર પ્રભાવ પડતો હતો. જો આ પુષ્ટિભક્ત એના સંપર્કમાં વધુ આવે, તો તેમના પુષ્ટિભાવમાં હાનિ થાય. માટે પ્રભુએ ચેતવીને બચાવી લીધા.

(૨) વિજાતીય જનાક્રાન્તે, નિજધર્મસ્ય ગોપનમ્ ।
દેશે વિધાય સતતં, સ્થેયમિત્યેવ ભાવયેત્ ॥

અન્યમાર્ગીય જ્યાં વસતા હોય, ત્યાં હમેશાં પોતાના પુષ્ટિભાવને ગુપ્ત રાખીને રહેવું.

વૈષ્ણવોનો બીજાઓના સંબંધમાં તો આવવું જ પડે છે; પરંતુ લૌકિક મનુષ્યો સાથે લૌકિક કાર્યો પૂરતો સંબંધ હોય તો એ બાધા કરતો નથી. પણ જો અન્ય ધર્મવાળા સાથે પુષ્ટિભાવની વાતો કરવા જાય, તો એ સંબંધ અનર્થ કરે છે. અહીં રામદાસની એ ભૂલ થઈ કે કીર્તન દ્વારા પોતાના ભાવને એમણે અસ્થાને પ્રગટ કર્યો.

(૩) મીરાં કૃષ્ણભક્ત હતી, પણ પુષ્ટિજીવ ન હતી. જો હોત તો માર્ગમાં શરણે આવી હોત. વળી પુષ્ટિ સિદ્ધાન્તને અંશતઃ પણ એ સમજી હોત તો પ્રભુને વિષનો પ્યાલો ધરવાનું પ્રેમવિહીન કાર્ય એણે ન કર્યું હોત.

(૪) અનધિકારી પાસે પુષ્ટિભાવનું પ્રકાશન એ અપરાધ છે. એથી રામદાસને આટલું દુઃખ થયું : **'તદીયાનાં મહદુઃખં, વિજાતીયેન સંગમઃ।'** (શ્રીહરિરાયજી)

આ પ્રસંગથી **'અન્ય સંબંધગંધોપિ કંધરામેવ બાધતે'** - એ સિદ્ધાંતનું એક વધુ દૃષ્ટાન્ત સર્જાયું છે.

(૫) રામદાસ પરમ ભક્ત હતા. ભાવની બાબતમાં એ ઉચ્ચ કોટિના ગણાય છે. ઊઠતી વખતે એમણે જે શબ્દો કહ્યા હતા, તે એમની દુભાયેલી લાગણીને માત્ર વ્યક્ત કરે છે, એમાં બીજું કંઈ નથી.

(૬) છિત સ્વામીને પણ આવું જ બન્યું હતું :

એમણે બિરબલ પાસે પદ ગાયું : ***'છિત સ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ, તેઈ એઈ, એઈ તેઈ કુછ ન સંદેહ.'***

બિરબલે કહ્યું : 'મારી પાસે તમે આ ગાયું તે તો ઠીક, પણ મ્લેચ્છ બાદશાહ પાસે ન ગાશો. એ સાબિતી માગશે તો શું કહેશો?' ત્યારે છિત સ્વામીએ કહ્યું: 'બિરબલ, મારા મનથી તો તું જ મ્લેચ્છ છે. તને સંદેહ થયો ત્યારે તને બાદશાહનો વિચાર આવ્યો ને?'

શ્રીવલ્લભ-વિઠ્ઠલનું પુરુષોત્તમત્વ નિઃસંદેહ છે! જો આપણે પુષ્ટિફલ પ્રાપ્ત કરવું હોય, તો આવી વાતો જીવનમાં ઉતારવા જેવી ખરી.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : રામદાસ
(૨) જ્ઞાતિ : મેવાડા બ્રાહ્મણ
(૩) વતન : રાજસ્થાનમાં મેવાડનું એક ગામ
(૪) પરિવાર : અપરિણીત
(૫) સેવ્ય સ્વરૂપ : વસ્ત્ર-સેવા
(૬) લીલાનું સ્વરૂપ : શ્રીવિશાખાજીનાં સખી કંદર્પા. તેઓ અત્યંત સ્વરૂપવાન હતાં. એક વખત તેઓ શૃંગાર સજતાં હતાં ત્યારે શ્રીસ્વામિનીજી ત્યાં પધાર્યાં. તેમણે ઊઠીને તેમનું સન્માન ન કર્યું. તેમના આ અભિમાનને કારણે શ્રીવિશાખાજીએ તેમને પૃથ્વી ઉપર જન્મ લેવાનો શાપ આપ્યો હતો.

◆

૨૨. શિર સાટે નટવરને વરિયે

(૪૮. રામદાસ ચૌહાણ)

ભગવદ્લીલા અને લીલાપરિકર વિલક્ષણ છે. લીલા-પરિકરમાં શ્રીસ્વામિજીનાં પરમપ્રિય સખી શ્રીલલિતાજી બિરાજે છે. તેમની એક સખી છે મધુએની. તેને હૃદયમાં ભાવ જાગ્યો, 'જેમ શ્રીલલિતાજી શ્રીયુગલ-સ્વરૂપને બીડી આરોગાવે છે, તેમ હુંયે શ્રીયુગલ-સ્વરૂપને બીડી આરોગાવું.' એક દિવસ તેમણે દીનતાથી શ્રીઠાકોરજીને મનોરથ અંગીકાર કરવા વિનંતી કરી. શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી, 'તારો મનોરથ ભવિષ્યમાં પૂરો થશે.'

આ વાત શ્રીલલિતાજીએ જાણી. તેમણે મધુએનીને ઠપકો આપ્યો, 'તું મારી સખી થઈને મારી સાથે હરિફાઈ કરવા અને મારો અધિકાર ઝૂંટવવા તૈયાર થઈ છે? તેં આવું અભિમાન સેવ્યું, માટે તું સેવાને લાયક રહી નથી. તું પૃથ્વી ઉપર જન્મ લે.' મધુએની પૃથ્વી પર અવતરી.

રાજસ્થાનમાં બુંદેલખંડ પ્રદેશમાં એક રાજપૂતના ઘેર તેનો જન્મ થયો. એ રાજપૂતે પુત્રનું નામ રામદાસ રાખ્યું. રામદાસ બાર વર્ષના થયા. પિતાએ વિચાર કર્યો, દીકરો આવતી કાલે મોટો થઈ જશે. અત્યારથી તેને રાજાની નોકરી માટે તૈયાર કરવો જોઈએ. પોતે પણ રાજાના ત્યાં નોકરી કરતા, તેથી તેમણે રામદાસને કહ્યું: 'મારી સાથે રાજદરબારમાં ચાલ. રાજાની નજરમાં રહીશ તો રાજા રાજી થઈને નોકરી આપશે.'

રામદાસ જન્મથી ત્યાગી સ્વભાવના અને એકાંતપ્રિય હતા. ભાગવાનમાં દૃઢ વિશ્વાસ રાખનારા હતા. તેમણે પિતાને કહ્યું: 'હું તમારા રાજા પાસે નહિ આવું. મારે તમારા રાજાની ચાકરી કરવી નથી, પછી હું તમારા રાજાને સલામ શા માટે કરું?'

પિતાએ પૂછ્યું : 'તો પછી તું શું કરીશ?'

દુનિયાનો રાજા આપીઆપીને શું આપશે? દુનિયાના બધા રાજાઓનો એક રાજા છે, જે આખી દુનિયાનું રાજ્ય ચલાવે છે. તે છે ભગવાન પોતે. ભગવાનની ચાકરી કરીશ તો મારો જન્મ સુધરશે અને મને ભગવાન મળશે. ભગવાન જ્યાં સુધી નથી મળ્યા ત્યાં સુધી આ દુનિયા સુખરૂપ લાગે છે, પણ ભગવાન મળ્યા પછી દુન્યવી સુખ કોઈ હિસાબમાં હોતાં નથી.'

પિતાએ રામદાસને કહ્યું : 'આટલી નાની ઉંમરમાં આવું બધું વિચારતો અને બોલતો તું ક્યાંથી થઈ ગયો? નક્કી કોઈ સંન્યાસી ભટકાઈ ગયો છે. એણે જ તને ભમરાવ્યો છે. રાજાની ચાકરી નહિ કરે તો પેટ ક્યાંથી ભરીશ?'

'પિતાજી, જે રાજાની ચાકરી નથી કરતા તે બધા કેવી રીતે પેટ ભરે છે? શું આખા જગતનું પાલન-પોષણ તમારો રાજા કરે છે? તમે જ મૂર્ખ છો, માટે એમ સમજો છો કે આપણું પાલણ-પોષણ તમારો રાજા કરે છે. ખરેખર તો આખા જગતનું પાલનપોષણ શ્રીઠાકોરજી કરે છે.'

'રામદાસનાં આવાં વચનો સાંભળી પિતા ઘણા દુઃખી થયા, પણ ચૂપ રહ્યા. તેમણે એક માણસને રામદાસનું ધ્યાન રાખવા માટે કહ્યું. કોઈ સંન્યાસી તેને મળવા ન આવે તેવી ગોઠવણી કરી. રામદાસ ઘરમાં બેઠા બેઠા રામકૃષ્ણનો જપ કરતા હતા. કોઈની સાથે બોલતા નહિ.

રામદાસના પિતાની અદેખાઈ કરનાર એક મનુષ્યે રાજાને ચુગલી કરી, 'રામદાસનો દિકરો તમારી પાસે આવવા અને તમને હાથ જોડવા તૈયાર નથી.' આ સાંભળી રાજા ઘણો ગુસ્સે થયો. તેણે રામદાસના પિતાને કહ્યું, 'કાલે રામદાસને મારી સામે લઈ આવો.'

પિતાએ ઘણા પ્રયત્ન કર્યા, પણ રામદાસ ન આવ્યા. રાજાએ સિપાઈઓ મોકલી રામદાસને પકડી મંગાવ્યા. રાજાએ રામદાસને ઘણી ધમકી આપી, પણ તે હાથ જોડવા તૈયાર ન થયા. તેમને જેલમાં પૂરી ખૂબ માર માર્યો, ખાનપાન બંધ કરાવ્યું; છતાં રામદાસ એકના બે ન થયા.

રાણી ને દયા આવી. તેણે રાજાને કહ્યું: 'નાના છોકરાને આમ માર મારીને સલામ કરવવામાં તમારી કઈ મોટાઈ છે?' રાણીએ રાજાને સમજાવ્યા, પણ તે માન્યા નહિ.

ભગવાન હમેશાં પોતાની ભક્તની કસોટી કરે છે અને તેનું રક્ષણ પણ કરે છે. ત્રીજા દિવસની રાતે બાજુના રાજ્યનો રાજા લશ્કર લઈ ચઢી આવ્યો. ભારે લડાઈ થઈ. યુદ્ધમાં બુંદેલખંડનો રાજા મરાયો. રામદાસનો પિતા યુદ્ધમાંથી ભાગી છૂટ્યો. જીતેલા રાજાએ ગામ લૂંટ્યું. કેદખાનામાંથી બધા કેદીઓને છોડી મૂક્યા.

રામદાસ પણ જેલમાંથી છૂટી મથુરા આવ્યા. વ્રજભૂમિનાં દર્શન કરી ઘણા પ્રસન્ન થયા. જીવનભર અહીં જ રોકાઈ જવાનો નિર્ણય કર્યો, પરંતુ તેમને વિચાર થયો કે કદાચ મારા પિતા મને શોધવા અહીં આવી પહોંચે તો મને બળજબરીથી ઘેર લઈ જશે. માટે કોઈ એકાંત જગ્યામાં ગુપ્ત રીતે રહીને પ્રભુનું ધ્યાન કરીશ. આમ વિચારી તેઓ વ્રજમાં ફરતા ફરતા શ્રીગોવર્ધનની તળેટીમાં આવ્યા. ત્યાં અપ્સરા કુંડ પર એક સુંદર ગુફા જોઈ. તેમાં તેઓ રહેવા લાગ્યા. વ્રજવાસીના ઘેર ભિક્ષા માંગવા રાતના અંધારામાં જતા. બાકી રાત-દિવસ ભગવદ્‌નામનું સ્મરણ ગુફામાં બેસી રહેતા.

●

એક વખત શ્રીમહાપ્રભુજી વ્રજમાં પધાર્યા. શ્રીનાથજીની આજ્ઞાથી શ્રીગિરિરાજ પર પધાર્યા. શ્રીનાથજીને પર્વતમાંથી બહાર પધરાવી, એક નાનું મંદિર બનાવ્યું. તેમાં શ્રીનાથજીને પધરાવ્યા.

શ્રીમહાપ્રભુજીએ વ્રજવાસીઓને શ્રીનાથજીની સેવા સંભાળવા આજ્ઞા કરી. વ્રજવાસીઓના આગેવાન સદુ પાંડેજીએ કહ્યું : 'મહારાજ, અમે બધા ગૃહસ્થ છીએ. સેવાની બધી જવાબદારી અમારાથી બનશે નહિ. અહીં એક વિરક્ત સાધુ રહે છે, તમે કહો તો તેમને બોલાવી લાવીએ.'

બીજી બાજુ શ્રીનાથજીએ રામદાસને આજ્ઞા કરી : 'તું શ્રીમહાપ્રભુજીનો સેવક થા. તને મારી સેવા પ્રાપ્ત થશે. બીડી આરોગાવવાનો તારો મનોરથ હું પૂર્ણ કરીશ.'

રામદાસજી શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. તેમના સેવક થયા. શ્રીમહાપ્રભુજીએ તેમને શ્રીનાથજીની સેવા સોંપી. વ્રજવાસીઓના ત્યાંથી જે દૂધ, દહીં, માખણ વગેરે સામગ્રી આવતી તે શ્રીનાથજીને ભોગ ધરી, પ્રસાદ લઈ રામદાસજી કહેતા હતા. સેવા દરમ્યાન સદા માનસી સેવામાં મગ્ન રહેતા.

શ્રીનાથજીની ઈચ્છા મોટા મંદિરમાં બિરાજવાની થઈ. પૂર્ણમલ્લ ક્ષત્રિયે નવું મંદિર સિદ્ધ કરવાની સેવા કરી. મંદિર સિદ્ધ થયું તે જ સમયમાં રામદાસજીનો દેહ છૂટ્યો. તેઓ ફરીથી લીલામાં પ્રાપ્ત થયા; કારણ કે રામદાસજીનો મનોરથ એકાંતમાં સેવા કરવાનો હતો. મંદિર મોટું થાય ત્યારે ઘણા સેવકોની જરૂર પડે. એકાંત મળે નહિ. માટે પ્રભુએ તેમની સેવા અંગીકાર કરી તેમને લીલામાં બોલાવી લીધા.

વૈષ્ણવ-પરિચય

(૧) નામ : રામદાસ ચૌહાણ
(૨) જ્ઞાતિ : ક્ષત્રિય
(૩) વતન : રાજસ્થાનમાં આવેલું બુંદેલખંડનું એક ગામ
(૪) કુટુંબ : અપરિણીત
(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીનાથજી
(૬) લીલાનું સ્વરૂપ : શ્રીલલિતાજીનાં સખી મધુએની.

■

૨૩. લાખ જન્મ પછી

(૪૯. રામાનંદ પંડિત)

સરસ્વતીના પુનિત તટ પર આવેલું થાણેશ્વર ગામ છે. ત્યાં એક પંડિત રહે છે. નામ એમનું રામાનંદ. પ્રથમ પર્યટન વખતે શ્રીમહાપ્રભુજીના સેવક થયેલા છે. બીજી વાર આપશ્રી એ ગામમાં પધારે છે અને રામાનંદને ત્યાં રાત્રિમુકામ કરે છે. સાથે વૈષ્ણવો છે. બધા સૂઈ ગયેલા છે.

પાછલી રાતનો સમય થયો છે. રામાનંદ અને તેમની પત્ની ઊઠ્યાં છે. ઘરકામ કરે છે. ઘેર ગયો છે. રાતમાં ગાયોએ છાણ કરેલું તે રામાનંદ જુએ છે. એમનાથી પત્નીને કહેવાઈ જાય છે : 'અલિ એ! આ ગોબર જલદી ભેગું કી લે, નહિ તો વૈષ્ણવો ઊઠે એટલી વાર. બધું ઉપાડી જશે.'

રામાનંદની પરીક્ષા થઈ ગઈ. શ્રીમહાપ્રભુજી પોઢેલા છતાં જાગતા હતા. પોતે કાનોકાન આ અનુચિત વાણી સાંભળી. પોતાનું તો ઠીક, પણ પોતાના પ્યારા ભગવદીયોનો અનાદર આપશ્રી સહી શક્યા નહિ.

'વૈષ્ણવો ગોબર ઉઠાવી જશે? શું મારા વૈષ્ણવો ચોર છે? એમને એમને માટે આવો અવિશ્વાસ? આપણા ભગવાન આપ્તકામ છે અને ભગવદીયો નિરપેક્ષ; છતાં આવી તોછડાઈ ભરેલી વાણી?'

શ્રીવલ્લભ અને વલ્લભીયોમાં ઐક્ય છે. ભગવદીયો તો આપના અંગરૂપ છે. વૈષ્ણવો માટે કહ્યું તે પોતાને અતિ દુઃખદ લાગ્યું.

જોકે અગાઉ રામાનંદ શરણે આવ્યા ત્યારે પણ વિચિત્ર પ્રકારે આવ્યા હતા. પંડિતાઈનું એમને અભિમાન હતું. એ મોટા પંડિત નહોતા, પણ શ્રીભાગવતની કથા કહીને આજીવિકા ચલાવે અને પોતાને પંડિત માને એવા 'પંડિતમન્ય' હતા; જેને 'જ્ઞાનલવ-દુર્વિદગ્ધ' કહેવાય.

આવેલા તો શ્રીમહાપ્રભુજી સાથે વાદવિવાદ કરવા. એક વાર હારી ગયા. વિવાદ કરતાં વાણી જ બંધ થઈ ગઈ. પછી ઘેર જઈ સરસ્વતી દેવીની આરાધના કરી. વરદાન લઈને ફરી પાછા શાસ્ત્રાર્થ કરવા આવ્યા. આ બીજી વાર પણ હારી ગયા. પાછા ઘેર જઈને દેવીનું આવાહન કરીને પૂછ્યું, 'આમ કેમ?' ત્યારે સરસ્વતીએ પ્રત્યુત્તર આપ્યો : 'મૂર્ખ, મેં તને મનુષ્ય સાથે વાદ કરીને જીવવાનું વરદાન આપેલું; ભગવાન સાથે નહિ. શ્રીવલ્લભ તો પુરુષોત્તમ છે. એ વાક્પતિ છે. વાણીના પતિ એટલે મારા પતિ. એમની સામે તારી વાણી બંધ ન થઈ જાય, તો શું થાય? માટે જો તારું ભલું ઈચ્છતો હોય તો એમને શરણે જા.'

આમ, માહાત્મ્ય જોઈને એ શરણે તો આવ્યા, પણ પ્રકૃતિમાં જડાયેલું પંડિતાઈનું અભિમાન કેમ કરીને દૂર થાય? અમુક અંશે એ રહી ગયેલું. અભિમાન દૂર કરી, અંગીકાર કરવાની પ્રભુની ઈચ્છા છે, માટે જ ભગવદિચ્છાથી આવું અનુચિત વચન બોલાઈ ગયું. મૂળમાં તો એ લીલાનો અધિકારી દૈવી જીવ. સંસારમાં વિખૂટો પડેલો. હવે શ્રીવલ્લભે શરણે લઈને સોંપવાથી પ્રભુએ એનો પુનઃસ્વીકાર કર્યો છે, પણ અભિમાન દૂર કરવાનું બાકી છે.

રામાનંદ બોલ્યા, ત્યારે શ્રીવલ્લભ જાગૃત હતા. રામાનંદને એ વાતની ખબર નહિ. હવે આપશ્રી ઊઠ્યા. હાથમાં જલ લીધું. મનમાં વેદમંત્ર ઉચ્ચાર્યો. એ જલ રામાનંદ પર છાંટતા જ પોતે આજ્ઞા કરી : 'આજથી હું તારો ત્યાગ કરું છું.'

પછી વૈષ્ણવો પણ ઊઠ્યા. આપશ્રીએ આજ્ઞા કરી : 'હમણાં ને હમણાં જ અહીંથી મુકામ ઉઠાવો. બીજે ગામ જવું છે.' વૈષ્ણવોએ જવાની તૈયારી કરી દીધી. આથી રામાનંદને ઘણો પશ્ચાત્તાપ થયો. એ દિગમૂઢ જેવા બની ગયા. ઘણી વિનંતી કરી, પણ શું થાય?

રામાનંદની પત્ની દોડીને ગામમાંથી બીજાં વૈષ્ણવોને બોલાવી લાવી. સૌએ ઘણી વિનંતી કરી : 'કૃપાનાથ, અમારે ઘેર પધારો.' પણ પોતે જણાવી દીધું : 'મારા વૈષ્ણવોનો અપરાધ જ્યાં થયો તે ગામમાં હું જલપાન પણ નહિ કરું.'

ત્યાંથી ત્રણેક કોસ દૂર આવેલા કોઈ ગામમાં પોતે નિજ સેવકો સાથે પધાર્યા અને ત્યાં સ્નાન-સંધ્યાદિ કર્યાં.

હવે રામાનંદ વિકળ થઈ ગયા. ગાંડાની જેમ ગામમાં ગમે ત્યાં ફર્યા કરે છે. ચિત્ત કશામાં લાગતું નથી. તાપક્લેશથી હૃદય તપ્ત રહે છે. આચાર-વિચાર, સેવા-કથા બધું જ છૂટી ગયું છે. રહ્યું છે માત્ર એટલું જ કે જ્યારે જે કંઈ મળે તે ખાતી વખતે વિનંતી કરી લે છેઃ 'શ્રીજી પ્યારા, આરોગજો.' આટલું કહીને એ ખાય છે. ગાંડપણમાં પણ એટલી સમજ છે કે પ્રભુને ધર્યા વિનાનું મારાથી ખવાય નહિ.

અસમર્પિતનો ત્યાગ એ તો શ્રીવલ્લભના સિદ્ધાંતનું રહસ્ય છે. અતિ મહત્ત્વની એટલી વાત પકડાઈ રહી અને એ જ એમની મદદે આવે છે.

એક વાર એવું બન્યું કે રામાનંદે કોઈની દુકાને સરસ તાજી જલેબી વેચાતી જોઈ. એમને ભૂખ લાગેલી. થોડીક જલેબી લીધી. શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરીને, શ્રીજીને આરોગવાની વિનંતી કરી, પછી પોતે ખાધી.

તે દિવસે સાંજે શ્રીમહાપ્રભુજીએ જ્યારે ઉત્થાપન કર્યા ત્યારે જુએ છે તો શ્રીજીની પાસે સુંદર તાજી જલેબી છે. આપને આશ્ચર્ય થયું. શ્રીજીના કપોલ પર હસ્ત ફેરવતાં તેઓ પૂછે છે : 'બાવા, આજે કોઈ ઉત્સવ નથી. ભોગમાં જલેબી ધરી નથી. તો આ જલેબી ક્યાંથી?'

શ્રીજી કહે છે : 'એ તો આપના સેવક રામાનંદ મને ધરી છે.'

શ્રીમહાપ્રભુજી કહે છે : 'પ્રભુ, એનો મેં ત્યાગ કર્યો છે. આપ એની ધરેલી વસ્તુ આરોગ્યા?'

શ્રીજી કહે છે : 'મારું વચન છે કે જે જીવોને આપ મને સોંપશો, તેનો હું અંગીકાર કરીશ; અને એમને કદાપિ છોડશો નહિ. તો પછી રામાનંદને હું કેમ છોડી શકું?'

શ્રીમહાપ્રભુજી મનમાં તો આ વાત જાણતા જ હતા. પોતે ખરા મનથી તો રામાનંદનો ત્યાગ કર્યો જ નથી. ત્યાગનો દેખાવ માત્ર એમને સુધારવાના શુભ આશયથી કર્યો છે.

વૈષ્ણવો તો શ્રીમહાપ્રભુજીને પ્રાણપ્રિય છે. રામાનંદ પૂરા વૈષ્ણવ છે. એનું બગડે એવું પોતે ઈચ્છે જ કેમ? વળી, જો ખરા મનથી ત્યાગ કર્યો હોય તો શ્રીજી એમની ધરેલી જલેબી કદાપિ ન આરોગતા. શ્રીજી તો શ્રીવલ્લભને વશ છે.

હવે બન્યું એવું કે રાત્રે કથાનો સમય થયો. વૈષ્ણવો સાંભળવા બેઠા. હરસાનીજી પણ ત્યાં ઉપસ્થિત છે. શ્રીમહાપ્રભુજીએ જલેબીની વાત કહી, ત્યારે દામોદરદાસજીએ વિનંતી કરી : 'હવે રામાનંદનો પુનઃઅંગીકાર આપ ક્યારે કરશો?' ભગવદીયે ભગવદીયનો પક્ષ લીધો.

શ્રીવલ્લભે આજ્ઞા કરી : 'દમલા, હવે જો એ વૈષ્ણવોનો અપરાધ નહિ કરે તો એક લાખ જન્મ પછી ફરી અંગીકાર થશે. વૈષ્ણવોનો અપરાધ કંઈ સાધારણ વાત નથી.'

બધા વૈષ્ણવોએ આ સાંભળ્યું. કેટલાક દિવસ પછી, એમાંના કોઈ વૈષ્ણવને કાર્યાર્થે થાણેશ્વર જવાનું થયું. રામાનંદ એમને મળ્યા. વૈષ્ણવનાં દર્શનથી પોતાનાં અહોભાગ્ય માનતાં એ પૂછે છે : 'ભાઈ, તમે અડેલથી આવો છો તો કહો કે શ્રીમહાપ્રભુજી મને ક્યારેય સંભારે છે ખરા? ત્યારે વૈષ્ણવે એમને તે દિવસે બનેલો પ્રસંગ કહી સંભળાવ્યો. એ સાંભળતાં જ રામાનંદ વૈષ્ણવને ભેટી પડીને બોલ્યા: 'ભલે લાખ જન્મ પછી તો પછી, પણ આપ મારો ફરી અંગીકાર તો કરશે ને!' આમ કહેતાં તે આનંદના આવેશમાં નાચવા લાગ્યા.

હવે તો પહોંચ્યા શ્રીમહાપ્રભુજી પાસે. ઘણા કાલાવાલા કર્યા. દયાનિધિ શ્રીવલ્લભને એમની દીનતા જોઈને દયા ઊપજી. પોતે કૃપા-કટાક્ષયુક્ત એક દૃષ્ટિપાત કર્યો. એના પ્રભાવમાં એમને લક્ષ જન્મ ક્ષણવારમાં ભોગવાઈ ગયા. શ્રીવલ્લભે પુનઃઅંગીકાર કર્યો.

રામાનંદજી પશ્ચાત્તાપ અને તાપક્લેશના અગ્નિમાં તપીને, નિર્મળ અને નિર્દોષ બની ગયા હતા, જાણે અગ્નિ-તપ્ત સુવર્ણ. હવે ફરી તો એ વૈષ્ણવનો અપરાધ કરે જ કેમ? શ્રીગોકુલેશપ્રભુએ આ અવનવું ચરિત્ર પ્રગટ પણ એ માટે જ કર્યું કે વૈષ્ણવો વૈષ્ણવના અપરાધથી બચે. આપણને શ્રીઠાકોરજી અને ગુરુદેવ પ્રત્યે વિશેષ આદરભાવ હોય છે, પરંતુ વૈષ્ણવો પ્રતિ સમાન ભાવ થઈ જવાથી અપરાધનો સંભવ વધુ રહે છે.

અંગારા કરતાં અગ્નિમાં તપેલો લોખંડનો ગોળો ઊંચકવો અઘરો છે. ભગવદીય કે જે ભગવાનના વિરહમાં તપેલા છે તેમનો પ્રતાપ ભગવાનથીયે અધિક છે, તેમ શ્રીગોકુલેશ પ્રભુ આજ્ઞા કરે છે.

શ્રીગોકુલેશ પ્રભુ અને શ્રીહરિરાય પ્રભુને વૈષ્ણવો પ્રત્યે અગાધ પ્રેમ હતો. શ્રીહરિરાયજીએ તો ગાયું છે કે - *વારૌં તન-મન વલ્લભનીયન પર, મેરે તન કો કરૌં બિછોના, શીષ ધરૌં ઈનકે ચરનન તર.*

વૈષ્ણવ પરિચય

(૧) નામ : રામાનંદ પંડિત
(૨) જ્ઞાતિ : સારસ્વત બ્રાહ્મણ
(૩) વતન : પંજાબમાં થાણેશ્વર ગામ
(૪) સેવ્ય સ્વરૂપ : શ્રીભાગવતજી
(૫) લીલાનું સ્વરૂપ : નિકુંજમાં કૂકડો. એક વખત રાત પૂરી થતાં પહેલાં તે બોલ્યો, તેથી શ્રીઠાકોરજીને વહેલા જાગવાનો પરિશ્રમ થયો. ત્યારે શ્રીસ્વામિનીજીએ આજ્ઞા કરી, જેણે પ્રભુને આવો પરિશ્રમ આપ્યો, તે પક્ષીનું નિત્યલીલામાં કામ નથી. તે પૃથ્વી ઉપર જન્મ લે. ■

૨૪ : વિદ્વતા છતાં દીનતા

(૫૦. વિષ્ણુદાસ છીપા)

આગ્રામાં વિષ્ણુદાસના પિતા વસ્ત્રો છાપવાનો અને વેચવાનો ધંધો કરતા હતા. વિષ્ણુદાસ ૨૦ વર્ષના થયા, ત્યારે પિતાના ધંધામાં જોડાયા. એક દિવસ તેઓ છાપેલું છીંટનું કાપડ બજારમાં વેચવા આવ્યા હતા. ત્યાંથી પસાર થતાં શ્રીમહાપ્રભુજીએ તે કાપડ જોયું. શ્રીઠાકોરજીને લાયક ઉત્તમ જણાયું. કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી : શ્રીઠાકોરજીને લાયક ઉત્તમ વસ્તુ છે. મોં-માગ્યા પૈસા આપી ખરીદી લો. પ્રભુને લાયક વસ્તુ ખરીદતાં ભાવ-તાલ કરવો નહિ.

વિષ્ણુદાસે મૂળ કિંમત કરતાં ચારગણો ભાવ કહ્યો. કૃષ્ણદાસે રકઝક કર્યા વિના રૂપિયા ગણી આપ્યા. વિષ્ણુદાસને નવાઈ લાગી. તેમને વિચાર આવ્યો, ‘આ કોઈ મહાપુરુષ છે. તેમના નીતિના પૈસા લઈને હું સુખી થઈશ નહિ; કારણ કે મેં પ્રામાણિકતાથી ભાવ કર્યો નથી. તેમના પૈસા મારા ઘરમાં આવશે, તો અમે પાયમાલ થઈશું.’

આમ વિચારી વિષ્ણુદાસે કૃષ્ણદાસને રૂપિયા પાછા આપવા માંડ્યા અને કાપડ પાછું માગ્યું. કૃષ્ણદાસે કહ્યું : ‘મોં-માગ્યા ભાવ આપીને કાપડ ખરીદ્યું છે, પાછું ન મળે. જોઈએ તો વધારે પૈસા આપું. તમે કિંમત કરતાં ચારગણા પૈસા લીધા છે, છતાં કેમ કાપડ પાછું માગો છો?’

‘આપ કોઈ સંતપુરુષ છો. તમારા પૈસા મને પચે નહિ.’

‘આ કાપડ અમારા ગુરુદેવ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી મેં ખરીદેલું છે. તે શ્રીઠાકોરજીને અંગીકાર થશે.’

‘તમારા ગુરુદેવનાં મને દર્શન કરાવો.’

કૃષ્ણદાસે કહ્યું : ‘ત્યાં દૂર પીપળાના વૃક્ષ નીચે તેઓ બિરાજ્યા છે.’

વિષ્ણુદાસ કૃષ્ણદાસની સાથે ત્યાં ગયા. તેમણે દંડવત્ કરી કહ્યું, ‘મહરાજ, આપના સેવકો આવા ધર્મિષ્ઠ છે, માટે આપ ભગવાન છો. મને શરણે લો.’

‘વિષ્ણુદાસ, તમે જ્ઞાતિએ છીપા છો. તમારો વ્યવસાય એવો છે કે તમારાથી શુદ્ધ આચાર-વિચાર નભી શકે નહિ. તમે પુષ્ટિમાર્ગીય ધર્મ કેવી રીતે આચરી શકશો?’

‘મહારાજ, આપનો સેવક થયા પછી મને ઘર કે જ્ઞાતિના વ્યવહારની કોઈ ફિકર નથી. મા-બાપ માનશે અને આપનાં સેવક થશે તો તેમની સાથે રહીશ, નહિ માને તો અલગ થઈશ. માટેં મને કૃપા કરીને સેવક કરો.’

શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વિષ્ણુદાસ શ્રીયમુના-સ્નાન કરવા ગયા. પાછા આવતાં એક એંઠું પાન ઊડતું તેમના શરીરને લાગ્યું. દેહ અપવિત્ર થવાથી ફરી સ્નાન કરવા ગયા. ત્યારે શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું : ‘વિષ્ણુદાસ, ફરી કેમ સ્નાન કરવા જાઓ છે ?’

‘મહારાજ, એંઠું પત્તું શરીરને લાગતાં છોવાઈ ગયો છું.’

‘તમે છીપા હોવા છતાં એંઠ-જૂઠને સમજો છો?’

‘મહારાજ, મને તો એની સમજ ક્યાંથી હોય? પરંતુ આપની કૃપા થતાં હવે એવી સમજ આવી છે.’

‘સ્નાન કરીને તમે ત્યાં જ ઊભા રહો. હું સંધ્યા-વંદન કરવા ત્યાં આવું છું. તમને ત્યાં જ નામ-નિવેદન કરાવીશ.’

‘કૃપાનાથ, મારા માટે આપ શ્રમ કરો, તો મને અપરાધ લાગે.’

‘વિષ્ણુદાસ, તમારા જેવા વૈષ્ણવો માટે તો નિત્યલીલામાંથી પૃથ્વી ઉપર આવ્યો છું અને ભારતયાત્રા કરી રહ્યો છું. વૈષ્ણવોના ઉદ્ધાર માટે માયાવાદનું ખંડન કર્યું છે, ભક્તિમાર્ગ સ્થાપ્યો છે. અનેક ગ્રંથો લખ્યા છે, માટે તમે એવું ન કહેશો કે શ્રમ ન કરો.’

‘કૃપાનાથ, હું તો આપનો સેવક છું. આપ શ્રમ ન કરો એમ વિનંતી કરવાનો સેવકનો ધર્મ છે, તેથી મેં વિનંતી કરી.’

શ્રીમહાપ્રભુજીને વિષ્ણુદાસને બ્રહ્મસંબંધ આપ્યું. વિષ્ણુદાસે વિનંતી કરીઃ ‘મહારાજ! એવી કૃપા કરો કે શ્રીભાગવત વગેરે બધાં શાસ્ત્રો અને આપના ગ્રંથોનું મને જ્ઞાન થાય. પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત મારી સમજમાં આવે.’

તેમની જિજ્ઞાસાથી પ્રસન્ન થઈ શ્રીમહાપ્રભુજીએ ‘સેવાફલ’ ગ્રંથ રચી, તેમને શીખવ્યો. વિષ્ણુદાસે વિનંતી કરી, ‘મહારાજ ! સેવાફલ ગ્રંથ હજી બરાબર સમજી

શક્યો નથી. આપની વાણીનું શ્રવણ કરતાં બધાં શાસ્ત્રપુરાણો સમજાયાં, પરંતુ આપના માર્ગનો સિદ્ધાંત સમજાયો નહિ.'

'વિષ્ણુદાસ, આ ગ્રંથ એવો કઠણ છે. તેં પૂછ્યું તે સારું કર્યું.'

શ્રીમહાપ્રભુજીએ 'સેવાફલ' ગ્રંથ ઉપર ટીકા રચી, તે વિષ્ણુદાસને સંભળાવી. તે સાંભળતાં પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત તેમના હૃદયમાં સ્પષ્ટ થયો. વિષ્ણુદાસે છીંટનાં વસ્ત્રોના તાકા શ્રીમહાપ્રભુજીને ભેટ ધર્યા અને લીધેલા રૂપિયા પણ પાછા ભેટ ધર્યા.

શ્રીમહાપ્રભુજીએ તેમને આજ્ઞા કરી, 'હમણાં ઘેર જાઓ. અમારા પુત્ર શ્રીગુસાંઈજી વર્ષો પછી ગોકુળવાસ કરે, ત્યારે તમે ગોકુળ જઈને શ્રીગુસાંઈજીની સેવામાં રહેજો. તમારા બધા મનોરથ શ્રીગુસાંઈજી પૂરા કરશે.'

વિષ્ણુદાસે ઘેર આવી માતા-પિતાને બધી હકીકત કહી. તેમણે વિષ્ણુદાસને અલગ રહેવાની છૂટ આપી. વિષ્ણુદાસે પત્નીને બોલાવીને કહ્યું, 'તું સેવક થા તો તારી સાથે રહું.' પત્નીએ ગુસ્સો કર્યો. તેણે કહ્યું : 'મારે તમારી જેમ વૈરાગી બનવું નથી. મારે મારાં મા-બાપ અને ભાઈ છે. હું તેમની સાથે જઈને રહીશ. તમારું મોં પણ મારે જોવું નથી.'

પત્નીના ચાલ્યા જવાથી વિષ્ણુદાસે મનમાં હરખાઈને કહેવા લાગ્યા: 'શ્રીઠાકોરજીએ જ કૃપા કરીને મને આ બલાથી છોડાવ્યા છે. વિષ્ણુદાસ કપડાં છાપી આગ્રામાં વેચતા. તેનાથી દેહનિર્વાહ કરતા. રાતદિવસ માનસી સેવામાં અને શ્રીમહાપ્રભુજીના ગ્રંથોના ચિંતનમાં મગ્ન રહેતા.

●

જ્યારે શ્રીગુસાંઈજીએ ગોકુળવાસ કર્યો ત્યારે વિષ્ણુદાસ છીપા ઘણા વૃદ્ધ થયા હતા, છતાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞા હોવાથી ગોકુલ ગયા. શ્રીગુસાંઈજીનાં દર્શન કરી દંડવત્ કર્યા અને સર્વ હકીકત કહી. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી: 'હવે તમે અહીં જ રહો અને તમારાથી થાય તે સેવા કરો.'

વિષ્ણુદાસે વિચાર કર્યો, શરીર વૃદ્ધ થયું. મૃત્યુ સુધી શરીરની સેવા બનશે નહિ. માટે શ્રીગુસાંઈજીની હવેલીના દ્વારે દ્વારપાળ બનીને પડ્યો રહું. શ્રીગુસાંઈજીએ તેમને દ્વારપાળ બનવાની રજા આપી. શ્રીગુસાંઈજી જ્યારે જ્યારે ત્યાંથી પધારતા ત્યારે વિષ્ણુદાસને દર્શન આપતા અને પૂછતા, 'વિષ્ણુદાસ, પ્રસન્ન છો ને?'

શ્રીગુસાંઈજીને મળવા રોજ ગામેગામથી બ્રાહ્મણ-પંડિતો આવતા. શાસ્ત્ર-ચર્ચા થતી. વિષ્ણુદાસે વિચાર કર્યો, પંડિતો સાથે શાસ્ત્રચર્ચા શ્રીગુસાંઈજીને શ્રમ કરાવે છે. તેથી જે પંડિત આવતા તેમને વિષ્ણુદાસ કહેતા : પહેલાં મારી સાથે શાસ્ત્રચર્ચા કરો. તમને સંતોષ ન થાય તો શ્રીગુસાંઈજી પાસે જજો. શાસ્ત્રચર્ચામાં વિષ્ણુદાસ ભલભલા પંડિતોને ચૂપ કરી દેતા.

પંડિતો મનમાં વિચારતા, 'જેમના દ્વારપાળને અમે જીતી શકતા નથી, તે ગુસાંઈજીને અમે કયા મોંઢે જીતીશું? આબરૂ જાય તે કરતાં અહીંથી જ પાછા જતા રહીએ તે સારું.' આમ વિચારી તેઓ ત્યાં દ્વાર પરથી જ પાછા ફરતા.

શ્રીગુસાંઈજીએ જોયું કે ઘણા દિવસથી કોઈ પંડિત શાસ્ત્રચર્ચા કરવા આવતા નથી. તપાસ કરતાં ખબર પડી કે વિષ્ણુદાસ તેમને હરાવીને બારોબાર વિદાય કરી દે છે. આપે વિષ્ણુદાસને બોલાવી આજ્ઞા કરી: વિષ્ણુદાસ, તમને ધન્ય છે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી તમને બધાં શાસ્ત્રોનો પરિચય છે, તેથી પંડિતોને ચૂપ કરો છો; પરંતુ એ પંડિતો પણ વિદ્વાન બ્રાહ્મણો છે, મારા દ્વારેથી વિદ્વાન બ્રાહ્મણો ખાલી હાથે પાછા જાય તે ઠીક નથી. માટે તેમને મારી પાસે આવવા દેજો. અમે તેમને દક્ષિણા આપીને વિદાય કરીશું.

●

મથુરામાં શ્રીગુસાંઈજીની જ્ઞાતિના એક ભટ્ટજી રહેતા હતા. તેઓ શ્રી ગુસાંઈજીના સસરા પણ હતા. તેઓ શ્રીગુસાંઈજીને હમેશાં કહેતાઃ મારે એક દિવસ તમારા બધા વૈષ્ણવોને ભોજન કરાવવું છે. શ્રીગુસાંઈજી કહેતાઃ તમે આવો વિચાર કરશો નહિ. છતાં તેમના સસરા માનતા ન હતા.

એક વખત તેમણે શ્રીગુસાંઈજીને ભોજનનું આમંત્રણ આપ્યું. શ્રીગુસાંઈજી વિષ્ણુદાસને સાથે લઈ ભોજન માટે મથુરા પધાર્યા. ભોજન બાદ આપે વિષ્ણુદાસને આજ્ઞા કરી: 'અમારા થાળનો મહાપ્રસાદ લઈને તમે ગોકુળ આવજો. હું ગોકુળ જઉં છું.'

વિષ્ણુદાસે જમીન પર પોતનુ કરી, પાતળ કરી તેમાં મહાપ્રસાદ પધરાવ્યો. તેઓ પ્રસાદ લેવા બેઠા ત્યારે ભટ્ટજીએ કહ્યું : 'આ તો જૂઠણ છે. તમે શા માટે લ્યો છો? હું તમને સુંદર સમગ્રી ધરું તે લ્યો.'

'હું તો આ જ લઈશ. આ સિવાય બીજું કંઈ મને ખપશે નહિ. મારી પાતળમાં તમે બીજી સામગ્રી મૂકશો, તો મારી પાતળ છોવાઈ જશે.'

આ સાંભળી ભટ્ટજી ઘણા ગુસ્સે થયા. વિષ્ણુદાસ ચૂપચાપ પ્રસાદ લઈ ગોકુળ ગયા. પછી ભટ્ટજીએ શ્રીગુસાંઈજીને ફરિયાદ કરી, 'તમારો સેવક શૂદ્ર જાતિનો હતો, છતાં મને કહે કે મારી પાતળમાં બીજી સામગ્રી ધરશો તો મારી પાતળ છોવાઈ જશે.'

શ્રીગુસાંઈજીએ હસતાં હસતાં જવાબ આપ્યો : 'તમારી ઈચ્છા મારા બધા સેવકોને ભોજન કરાવવાની હતી. બધાંની વાત તો પછી, પણ તમે મારા એક શૂદ્ર જાતિના સેવકને પણ ભોજન કરાવી શક્યા નથી, તો બધા વૈષ્ણવો તમારા ત્યાં ભોજન શાના કરે? માટે તમે આજ પછી મારા વૈષ્ણવોને ભોજન કરાવવાનો વિચાર કરશો નહિ.'

સિદ્ધાંત નવનીત

(૧) વિષ્ણુદાસજી શ્રીમહાપ્રભુજીની કૃપાથી મહા વિદ્વાન હતા, છતાં તેમનામાં એટલી બધી દીનતા હતી કે તેમણે શ્રીગુસાંઈજીના દ્વારપાળ બનવાની સેવા સ્વીકારી. શ્રીસૂરદાસજીએ પણ આવી જ ભાવના વ્યક્ત કરી છે, *'મારગ રોકી પર્યો હઠી દ્વારે, પતિત શિરોમણિ સૂર.'* વિદ્વત્તા પ્રાપ્ત થયા પછી દીનતા ટકવી મુશ્કેલ હોય છે. પુષ્ટિમાર્ગ દીનતાનો માર્ગ છે. દીનતા ગઈ અને અભિમાન આવ્યું એટલે પુષ્ટિના માર્ગ પરથી દૂર ફેંકાઈ ગયા એમ સમજવું.

(૨) શ્રીગુસાંઈજીનું એક નામ 'વિપ્ર-દારિદ્રય-દાવાગ્નિ' છે. શ્રીરઘુનાથજીએ શ્રીગુસાંઈજીનાં ૧૦૮ નામોનો 'નામરત્નાખ્ય' ગ્રંથ રચ્યો છે, તેમાં આ નામ છે. તેનો અર્થ એ છે કે બ્રાહ્મણોની ગરીબાઈ લાકડા જેવી છે. શ્રીગુસાંઈજી લાકડામાં અગ્નિ પ્રગટાવનાર અલૌકિક અગ્નિસ્વરૂપ છે. તેઓ બ્રાહ્મણોને દાન આપી, તેમની ગરીબાઈ દૂર કરનારા છે. માટે તેમણે બ્રાહ્મણોને શાસ્ત્રચર્ચા કરવા પોતાની પાસે મોકલવાની આજ્ઞા વિષ્ણુદાસને કરી હતી.

(૩) શ્રીવલ્લભ-વંશજોના સગા-સંબંધી એવા ભટ્ટજીઓના પરિવારમાં શ્રીવલ્લભવંશનું દ્રવ્ય આવતું હોઈ, તેમના ઘરનું ખાનપાન વૈષ્ણવોને બાધક બને છે. તેથી જો આદર કરવા ખાતર પણ તેમના ઘેર ખાનપાન કરે તો વૈષ્ણવોને બાધક બને. વૈષ્ણવોને આ શિખામણ આપવા માટે આ પ્રસંગ શ્રીગુસાંઈજીએ વિષ્ણુદાસના ચરિત્રમાં પ્રગટ કર્યો છે. કોઈ વૈષ્ણવોને એવો

પ્રશ્ન થાય કે શ્રીગુસાંઈજી તેમના હાથનું લે છે, તો આપણને શો વાંધો છે? તેનો જવાબ એ છે કે શાસ્ત્રોમાં બે પ્રકારના સંબંધીઓ બતાવ્યા છે : (૧) દેહ-સંબંધી (૨) ભાવ-સંબંધી. શ્રીકૃષ્ણ-લીલામાં કંસ અને યાદવો શ્રીકૃષ્ણના દેહ-સંબંધી હતા, જ્યારે વ્રજભક્તો ભાવ-સંબંધી હતા. યાદવો શ્રીકૃષ્ણની સાથે રહેવા છતાં તેમના ભગવદ્-સ્વરૂપને જાણી શક્યા ન હતા. તેવી રીતે ભટ્ટવર્ગ શ્રીગુસાંઈજીના દેહસંબંધી છે. જ્યારે વૈષ્ણવો ભાવસંબંધી છે.

(૪) એક બીજી બાબત પણ સમજવા જેવી છે. ગંગાજળ ઉત્તમ હોય છે, પરંતુ અશુદ્ધ જળમાં ગંગાજળ પડતાં તે ગંગોદક કહેવાય છે. સ્વાતિ નક્ષત્રનું જળ જે પાત્રમાં પડે તેવું બને. છીપમાં પડેલું જલબિંદુ મોતી બને છે, જ્યારે સાપના મુખમાં પડતાં તે વિષ બને છે. માટે મહાપ્રસાદ પણ કોના હાથથી પીરસાય છે તે મહત્ત્વનું છે. આથી મહાપ્રસાદ લેવામાં પણ વૈષ્ણવોએ વિવેક રાખવો જોઈએ.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : વિષ્ણુદાસ છીપા
(૨) જ્ઞાતિ : શૂદ્ર
(૩) વતન : આગ્રા પાસેનું એક ગામ
(૪) સેવ્ય સ્વરૂપ : પધરાવ્યું નથી. માનસી સેવા.
(૫) પરિવાર : માતા-પિતા ને પત્ની. વૈષ્ણવ થયા પછી સૌનો ત્યાગ.
(૬) વ્યવસાય : કાપડ છાપીને વેચવાનો
(૭) લીલાનું સ્વરૂપ : શ્રીચંદ્રાવલિજીની સખી કમલા.

■

૨૫ : જગતમેં શ્રીજમુનાજી પરમકૃપાળ

(૫૧. જીવણદાસ ક્ષત્રિય)

સિંહનદ ગામનો એક જુવાન દીકરો પિતાની સાથે કાપડની દલાલી શીખવા દિલ્હી ગયો. દિલ્હીના રાગરંગ જોઈને એનું જુવાન લોહી લલચાઈ ગયું. પિતાની સાથે દલાલીનો ધંધો કરતાં રોજ બે-ચાર રૂપિયા મળે. પેટ ભરતાં વધતી રકમ રાગરંગમાં, નાચ-તમાશામાં ખર્ચવા લાગ્યો. પિતાને આની ખબર પડતાં ઘણા અકળાયા, ગુસ્સે થયા, ઠપકો આપ્યો. ફરી રાગરંગ ન કરવાની પિતા પાસે પ્રતિજ્ઞા કરી, પણ મન સાવ નબળું. એક દિવસ પણ પ્રતિજ્ઞા પળાઈ નહિ. કંટાળીને પિતાએ દીકરાને પોતાના વતન, પંજાબમાં આવેલા સિંહનદ ગામમાં એની માતા પાસે પાછો મોકલ્યો.

દીકરાનું નામ જીવણદાસ. જાતે ક્ષત્રિય. રસ્તામાં ભવૈયાઓનો સંગ થયો. ભવૈયાઓની મંડળી આગ્રા જતી હતી. તેમની પાસેથી આગ્રાના રાગરંગની વાતો સાંભળી જીવણદાસ પણ આગ્રા પહોંચી ગયા. ત્યાં દલાલી કરવા લાગ્યા. રંગરાગમાં પૈસા ઉડાવવા લાગ્યા.

દિલ્હીમાં પિતાએ જાણ્યું કે દીકરો કાં તો રસ્તામાં મરી ગયો અથવા ક્યાંક ચાલ્યો ગયો. માતાએ પણ દીકરાનું મોં વાળ્યું. થોડાક મહિના વિત્યા.

એક દિવસ જીવણદાસને આગ્રામાં ઠગ લોકો ભટકાઈ ગયા. કાપડ ખરીદવા જીવણદાસને મળ્યા. કિંમતી કાપડ લાવીને જીવણદાસે બતાવ્યું. પરદેશી જાણી ઘરમાં રાતવાસો આપ્યો. તેમના પર વિશ્વાસ મૂક્યો. સવારે હિસાબ કરી પૈસા ગણી આપવાનું તે લોકોએ વચન આપ્યું. તેમને ભોજન કરાવી, સુવાડી પોતે નાચ-તમાશો જોવા નીકળી પડ્યા. સવારે પાછા આવીને જુએ છે, તો પરદેશીઓ ઘરમાં નથી. ઘરમાંની ચીજ-વસ્તુઓ પણ ચોરાઈ ગઈ છે. લોકોએ કહ્યું, તમે ઠગાઈ ગયા. એ તો ઠગ લોકો હતા.

જેમની દુકાનેથી જીવણદાસે કાપડ ખરીદ્યું હતું તે વેપારી પાસે જીવણદાસ પહોંચ્યા અને બધી હકીકત કહી. વેપારીએ જીવણદાસને પોતાના મકાનની એક ઓરડીમાં કેદ પૂર્યા. ખૂબ માર્યા. ખાનપાન બંધ કરાવ્યું અને કહ્યું : 'મારા સો રૂપિયા ચૂકવ્યા પછી તમે અહીંથી છૂટી શકશો.'

ત્રણ-ચાર દિવસ વિતી ગયા. જીવવાની કોઈ આશા રહી નહિ. એક દિવસ જીવણદાસે વેપારીને હાથ જોડીને વિનંતી કરી: 'તમે મને અહીં ગોંધી રાખશો તો હું મરી જઈશ. મારા મરણનું પાપ તમને લાગશે. મારી અવગતિ થશે. મારી પાસે પૈસા તો છે નહિ કે હું તમને ચૂકવીશ. મારી છેલ્લી એક વિનંતી છે. મને શ્રીયમુના-સ્નાન કરાવો. મેં સાંભળ્યું છે કે દુષ્ટમાં દુષ્ટ જીવ પણ યમુનાસ્નાન કરે તો તેનાં બધાં પાપ નાશ પામે છે. વેપારીએ ઘેર જમનાજળ મંગાવી, તેને નવડાવવા માટે કહ્યું, પરંતુ જીવણદાસે કહ્યું: જમુના-કિનારે જઈને વહેતી ધારામાં નહાવાથી જ પુણ્ય મળે છે, માટે મને ત્યાં લઈ જાઓ.

વેપારીના કહેવાથી તેમને દોરડા વડે બાંધી ચાર માણસો જમુના-કિનારે લઈ ગયા. ત્યાં શ્રીમહાપ્રભુજી સંધ્યાવંદન કરવા બિરાજ્યા હતા. સામે દશ-વીસ વૈષ્ણવો કીર્તન ગાતા હતા. શ્રીમહાપ્રભુજીની દૃષ્ટિ જીવણદાસ પર પડી. તેમણે વૈષ્ણવોને મોકલી જીવણદાસને અને ચાર માણસોને બોલાવ્યા. બધી હકીકત જાણી. શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું : 'તને તારાં પાપોનો પસ્તાવો થાય છે? તું હવે રાગરંગ અને નાચ-તમાશા જોઈશ?'

'મહારાજ, મારા પિતાની વાત ન માની અને રાગરંગમાં રચ્યોપચ્યો રહ્યો, એનું પરિણામ ભોગવું છું. હવે જિંદગીમાં કદી એ દિશામાં લમણોયે નહિ વાળું.'

શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણદાસને આજ્ઞા કરી : અમારા નામે રૂપિયા ઉધાર લઈ, આ વેપારીના પૈસા આપી દો અને જીવણદાસને છોડાવી લાવો.

આગ્રાના વૈષ્ણવોએ વિનંતી કરી: મહારાજ, અમે આપના છીએ. પૈસા ઉધાર લાવવાની જરૂર નથી. અમે જીવણદાસને છોડાવવાની સઘળી વ્યવસ્થા કરી દઈએ છીએ.

જીવણદાસ છૂટીને આવ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને શ્રીયમુનાજીમાં સ્નાન કરાવી બ્રહ્મસંબંધ આપ્યું.

જીવણદાસે વિનંતી કરી: 'મહારાજ, આપને અને આપના વૈષ્ણવોને ધન્ય છે, મેં સિંહનદમાં વૈષ્ણવોના મોંએથી સાંભળ્યું હતું કે શ્રીયમુનાજીમાં સ્નાન કરવાથી બધાં દુ:ખો દૂર થાય અને અલૌકિક નવો દેહ મળે છે. વૈષ્ણવો કદી અસત્ય ન બોલે. મને તેનો પરચો આજે જ મળી ગયો. જમનાજીમાં સ્નાન કરતાં

મારું લૌકિક દુઃખ દૂર થયું છે અને આપનો સેવક થતાં મારો નવો જન્મ થયો છે. મને વૈષ્ણવદેહ મળ્યો છે. હવે એટલી કૃપા કરો કે મને સંસાર બાધા ન કરે.'

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'તું અમારી સાથે સિંહનદ ચાલ. હું તને તારા ઘેર પહોંચાડીશ. તું એકલો છૂટો પડીશ, તો ફરી પાછો દુઃસંગમાં ફસાઈ જઈશ.'

શ્રીમહાપ્રભુજીએ જીવણદાસને સાથે રાખી થાણેશ્વર જવા પ્રયાણ કર્યું. ત્યાંથી સિંહનદ સમાચાર મોકલાવ્યા. જીવણદાસના પિતા આવ્યા. તેમણે શ્રીમહાપ્રભુજીને દંડવત્ કરી કહ્યું : 'આપે અમારા કુટુંબ પર ઘણી દયા કરી છે અને દીકરાને બચાવ્યો છે. આપ અમારા ઘેર પધારો. મને અને મારી પત્નીને પણ સેવક કરો.'

શ્રીમહાપ્રભુજીએ તેમને નામમંત્ર આપ્યો. જીવણદાસને વસ્ત્રસેવા પધરાવી આપી. જીવણદાસ ઘેર આવ્યા. પિતાએ જીવણદાસને કહ્યું : 'બેટા, ગુરુનું દેવું રાખવું એ બરાબર નથી. માટે ઘરમાં ઘરેણાં, કપડાં જે છે તે બધું વેચીને ગુરુનું દેવું ચૂકવવું જોઈએ.' બધું વેચતાં રૂપિયા એકસો દશ આવ્યા. તે લઈને જીવણદાસ શ્રીમહાપ્રભુજી પાસે ગયા.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'જીવણદાસ, તું અમારો છે, માટે તને કંઈ બાધક નથી.' જીવણદાસે કહ્યું : 'મહારાજ, આપનો મારા પર મોટો ઉપકાર છે અને હું તો આપનો દાસ છું. મને સંસારરૂપી નર્કમાંથી આપે છોડાવ્યો છે, માટે આટલું અંગીકાર કરો.' શ્રીમહાપ્રભુજીએ જીવણદાસનું તે દ્રવ્ય અંગીકાર કર્યું.

●

એક વખત સિંહનદના બધા વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા અડેલ જતા હતા. જીવણદાસ પણ સાથે હતા. રસ્તામાં સાંજ પડી. એક સ્થળે મુકામ કર્યો. સૌ રસોઈની વ્યવસ્થા કરવા લાગ્યા. ત્યાં અચાનક વાદળો ચઢી આવ્યાં. આકાશ ઘનઘોર થઈ ગયું. વાદળો હમણાં તૂટી પડશે એવો સૌને ભય લાગ્યો. વરસાદ આવે તો રસોઈ થાય નહિ અને શ્રીઠાકોરજીને ભોગ ધરાય નહિ. સૌ ચિંતામાં પડ્યા.

ત્યારે જીવણદાસે આકાશ સામે જોયું. મેઘને સંબોધીને કહ્યું : 'હે મેઘ! તને શ્રીમહાપ્રભુજીની આણ છે. સારસ્વતકલ્પમાં જેમણે તારું માનમર્દન કર્યું હતું તે શ્રીકૃષ્ણ શ્રીવલ્લભાચાર્યજી સ્વરૂપે પ્રગટ થયા છે. હું તને તેમની આણ આપું છું. હમણાં તું વરસીશ નહિ. જ્યારે વૈષ્ણવો રસોઈ કરી, ભોગ ધરી, પ્રસાદ લઈ સૂઈ જાય; પછી તારે વરસવું હોય તેટલું વરસજે.'

જોતજોતામાં બધાં વાદળો વીખરાઈ ગયાં. સૌએ રસોઈ કરી, ભોગ ધરી પ્રસાદ લીધો. સૌ સૂઈ ગયાં. પછી વરસાદ વરસ્યો.

અડેલ પહોંચીને એક વૈષ્ણવે આ હકીકત શ્રીમહાપ્રભુજીને કહી. શ્રીમહાપ્રભુજીએ જીવણદાસને આજ્ઞા કરી : 'તેં મારી આણ આપી, તે પછી પણ જો વરસાદ વરસત તો તું શું કરત?'

'મહારાજ, આપની આણ આપ્યા પછી વરસે તો ઈન્દ્રને આ પૃથ્વી પર પટકી દઉં. મને આપના પ્રતાપબળમાં પૂરો વિશ્વાસ છે.

શ્રીમહાપ્રભુજી જીવણદાસ પર ઘણા પ્રસન્ન થયા.

સિદ્ધાંત નવનીત

(૧) અહીં પ્રશ્ન થાય કે જીવણદાસે પોતાની આણ કેમ ન આપી? તેઓ પણ કૃપાપાત્ર ભગવદીય હતા. તેમની આણથી પણ વરસાદ આવત નહિ. એનો જવાબ એ છે કે જીવણદાસમાં દાસધર્મ હતો. પોતાના સ્વામીનું માહાત્મ્ય વધે એમ કરવું એ દાસધર્મ છે.

પોતાનું માહાત્મ્ય વધે તો ક્યારેક અભિમાન આવે. અભિમાનીથી શ્રીમહાપ્રભુજી અપ્રસન્ન થાય. જો શ્રીઠાકોરજીની આણ આપે તો શ્રીઠાકોરજીને પરિશ્રમ થાય. શ્રીમહાપ્રભુજી પણ અપ્રસન્ન થાય કે આવા તુચ્છ કામ માટે શ્રીઠાકોરજીને પરિશ્રમ કેમ કરાવ્યો? માટે વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીનું માહાત્મ્ય બતાવવા તેમણે શ્રીમહાપ્રભુજીની આણ આપી હતી.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : જીવણદાસ
(૨) જ્ઞાતિ : ક્ષત્રિય
(૩) વતન : સિંહનદ
(૪) પરિવાર : માતા અને પિતા
(૫) વ્યવસાય : કાપડની દલાલી
(૬) સેવ્ય સ્વરૂપ : શ્રીનવનીતપ્રિયજીના પ્રસાદી-વસ્ત્રની સેવા.

◆

૨૬ : દરસ-પરસ દુઃખહારી

(૫૨. ભગવાનદાસ, સારસ્વત બ્રાહ્મણ)

'શેઠ, હું ગરીબ છું પણ સ્વમાની બ્રાહ્મણનો દીકરો છું. તમે મારા યજમાન છો, એટલે મેં તમારી સારસંભાળ લીધી. બદલામાં તમે લખપતિ હોવા છતાંય ભિખારીને આપતા હો, તેમ મને એક પાવલી દક્ષિણામાં આપો છો. તમારી આ કંજૂસાઈ જોતાં મને લાગે છે કે મેં તમારી સારસંભાળ લીધી એ ઘણી મોટી ભૂલ કરી છે. તમારી પાવલી મારે જોઈતી નથી. એનાથી મારું પેટ ભરાવાનું નથી. મને ધિક્કાર છે કે તમારી ચાકરી કરવામાં મેં સમય બગાડ્યો. આટલો સમય જો ભગવાનની ચાકરી કરી હોત તો લેખે લાગત.'

૧૭ વર્ષના ભગવાનદાસ, સારસ્વત બ્રાહ્મણ હતા. પટણા પાસે આવેલા હાજીપુરના વતની હતા. પિતાના કહેવાથી એક યજમાનના ત્યાં નોકરી કરવા ગયા હતા.

ઘેર પાછા આવી ભગવાનદાસે પિતાને વાત કરી. તેમનું હૈયું ભરાઈ આવ્યું. તેઓ રડતાં રડતાં કહેવા લાગ્યા : 'ભગવાને આપણને બ્રાહ્મણ શા માટે બનાવ્યા? આવા શેઠિયા લોકોની ચાકરી કરવાની અને તેમનું અપશુકનિયાળ મોં જોવાનું આપણા ભાગ્યમાં કેમ લખ્યું હશે? મને લાગે છે કે આ જન્મમાં નહિ તો ગયા જન્મમાં મે મોટું પાપ કર્યું હશે, જેથી આવું દુ:ખ ફળ મારે ભોગવવું પડ્યું.'

'બેટા, ભગવાન પર વિશ્વાસ રાખ. હવે તું નોકરી કરવા ન જઈશ. દુનિયા તો આવી મતલબી જ છે. હું નોકરી માટે પરદેશ જઈશ અને તારું પેટ ભરાય એટલી રકમ મોકલી આપીશ. તું ચિંતા કરીશ નહિ.'

'પિતાજી, તમે વૃદ્ધ થયા છો, હવે તમારે નોકરી કરવાની ન હોય. નોકરી કરવા તો હું જઈશ.'

ભગવાનદાસ હાજીપુરથી પટણા આવ્યા. ત્યાંથી બંગાળ તરફ ચાલ્યા. રસ્તામાં તેમને શ્રીમહાપ્રભુજીનો મેળાપ થયો. શ્રીમહાપ્રભુજી જગન્નાથપુરી પધારતા હતા. ભગવાનદાસે શ્રીમહાપ્રભુજીને કહ્યું : 'આપ વિદ્વાન પંડિત જણાઓ છો. રસ્તામાં આપનો સંગાથ થયો, એથી મને ઘણી શાંતિ થઈ છે. હું પણ આપની સાથે સાથે ચાલતો રહીશ.'

શ્રીમહાપ્રભુજી માર્ગમાં ચાલતાં ચાલતાં વૈષ્ણવોને પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો સમજાવતા જાય, તે ભગવાનદાસ પણ સાંભળતા હતા. સાંજ પડતાં શ્રીમહાપ્રભુજીએ મુકામ કર્યો ત્યારે આપશ્રીએ ભગવાનદાસને કહ્યું : 'કૃષ્ણદાસની સાથે જાઓ. તમારે જે સીધુ જોઈએ તે તેઓ અપાવી દેશે.'

ભગવાનદાસ બ્રાહ્મણ હતા. સ્વભાવ લોભી હતો. ઘેર ગરીબાઈ હતી. પેટ ભરીને ભોજન મળ્યું ન હતું, એટલે તેમણે કૃષ્ણદાસને કહ્યુંઃ 'મને શેર ખાંડ, શેર ઘી અને બશેર લોટ અપાવો.' તેમણે વિચાર કર્યો કે બે-ત્રણ દિવસની નિરાંત રહેશે.

આમ, ભગવાનદાસે લાગલગાટ ત્રણ દિવસ સુધી આટલું સીધુ લીધું. રસોઈ કરી તેઓ ભોજન કરતા. ચોથા દિવસે ભગવાનદાસને વિચાર આવ્યો, 'આ મહાપુરુષ મને આટલું સીધુ વગર કામે આપે છે. હું તેમની ચાકરી કર્યા વિના મફતનું ખાઉં તે બરાબર નથી.'

'કૃષ્ણદાસજી! તમે મને ત્રણ દિવસથી માગું એટલું સીધુ આપો છો. હું હરામનું ખાઉં તો મને પચે નહિ. મને કંઈક કામસેવા બતાવો. તમે કહો તો હું પાણી ભરી લાવું અથવા વાસણ માંજી દઉં.'

'ભગવાનદાસ, તમે શ્રીમહાપ્રભુજીના સેવક નથી, એટલે તમારા હાથનું પાણી કામમાં આવે નહિ. તમે અમારાં વાસણને અડકો તો અમારાં વાસણ છોવાઈ જાય, માટે તમારે લાયક કોઈ કામસેવા મારી પાસે નથી.'

ભગવાનદાસે શ્રીમહાપ્રભુજીને કહ્યુંઃ 'મહારાજ, તમારા સેવકોમાં કેટલાક શુદ્ર છે. તેઓ પાણી ભરી લાવે અને વાસણ માંજે તો અશુદ્ધ થતા નથી; જ્યારે હું તો સારસ્વત બ્રાહ્મણ છું. હું પાણી ભરી લાવું અને વાસણ માંજુ તો અશુદ્ધ કેવી રીતે થાય?'

'ભગવાનદાસ, ભક્તિમાર્ગમાં કોઈ ઊંચ નથી કે કોઈ નીચ નથી. ભગવાનની નજરમાં બધા જીવો સમાન છે. અમારી શુદ્રની વ્યાખ્યા જુદી છે, જેનું હૃદય શુદ્ધ પ્રેમપૂર્વક ભગવાન પ્રત્યે દ્રવે છે, તે શુદ્ર. તે સૌથી મહાન છે; પરંતુ બ્રાહ્મણ થઈને પણ જે ભગવાનની ભક્તિ કરતો નથી, તે કહેવાતા શૂદ્ર કરતાં પણ હીન છે. જે

ભગવાનને સર્વોપરી જાણે તે જ સાચો બ્રાહ્મણ છે, માટે તમારી પાસે અમે કોઈ કામ કરાવતા નથી.'

'મહારાજ, વૈષ્ણવો ભગવાનને જાણે છે એમ ક્યારે કહી શકાય?'

'શ્રીઠાકોરજી કૃપા કરે ત્યારે વૈષ્ણવ શ્રીઠાકોરજીને જાણે છે.'

'શ્રીઠાકોરજીની કૃપા થઈ ક્યારે જાણવી?'

'જ્યારે જીવને યોગ્ય ગુરુ મળે અને તે ગુરુ તે જીવ ઉપર પ્રસન્ન થાય, ત્યારે તે ગુરુ જીવને પ્રભુ સાથે મેળવી આપે છે. ત્યારે પ્રભુ તે જીવ ઉપર પ્રસન્ન થાય છે.'

'મહારાજ, મારા કોઈ ગુરુ નથી. માટે આપ મને સેવક કરો.'

'ભગવાનદાસ, સેવક થવું ઘણું અઘરું છે. સેવકમાં દીનતા જોઈએ. તમે બ્રાહ્મણ છો. બ્રાહ્મણપણાનું તમને અભિમાન છે. તમારામાં દાસભાવ કેવી રીતે આવી શકશે? અભિમાનને લઈને તો તમે તમારા યજમાન સાથે ઝગડો કર્યો હતો!'

'મહારાજ, મને આપનો દાસ કરો. ઘણા દિવસ મારી જાતને હું સ્વામી માનતો રહ્યો અને તેથી દુઃખી થતો રહ્યો. હવે મારી આંખ ખૂલી ગઈ છે. આપની કૃપાથી દાસધર્મ નભશે.'

શ્રીમહાપ્રભુજીએ ભગવાનદાસને નામમંત્ર આપી સેવક કર્યા. જળ ભરવાની, વાસણ માંજવાની સેવા સોંપી. તેમને પોતાનું અધરામૃત પણ આપ્યું. તે લેતાં ભગવાનદાસની બુદ્ધિ બદલાઈ. તેમણે વિચાર કર્યો, આજ સુધી શ્રીમહાપ્રભુજીની સીધુ-સામગ્રી મેં વાપરી, તે ખોટું કર્યું છે. તેમણે પોતાની પાસે પાંચ રૂપિયા હતા તે શ્રીમહાપ્રભુજીને ધરી દઈ ક્ષમા માગી.

તેઓ શ્રીમહાપ્રભુજીની સાથે રહીને સેવા કરવા લાગ્યા. ઉનાળામાં વૃક્ષની ડાળીઓનો મોટો પંખો બનાવી શ્રીમહાપ્રભુજીને પંખો કરવાની સેવા કરતા. રસ્તામાં તે પંખાની છત્રી બનાવી શ્રીમહાપ્રભુજી પર છાયા કરતા. શ્રીમહાપ્રભુજીને પોઢવા માટે ધરતી ઉપર સુંદર બિછાણું બિછાવતા. રસોઈ વગેરેમાં શ્રીમહાપ્રભુજીને સહાય કરતા.

તેમની સેવાથી શ્રીમહાપ્રભુજી ઘણા પ્રસન્ન થયા. એક વર્ષ પછી શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરીઃ 'ભગવાનદાસ, હવે તમે ઘેર જાઓ. મારી આ પાદુકા તમને પધરાવી આપુ છું. તે મારું જ સ્વરૂપ છે એમ સમજી તમે સારી રીતે સેવા કરજો.'

'મહારાજ, મારા ઘેર પધારી આપ મારા કુટુંબને સેવક કરો.'

'તારું કુટુંબ દૈવી જીવ નથી. તેમનો ઉદ્ધાર તારા સંગથી થશે. અમે તે બાજુથી નીકળીશું ત્યારે તારે ઘેર જરૂર આવીશું. હમણાં ઘેર જાઓ.'

ભગવાનદાસ હાજીપુર આવ્યા. ઘરમાં સેવાની અલગ વ્યવસ્થા કરી, મન પરોવી સેવા કરવા લાગ્યા.

એક વખત શ્રીમહાપ્રભુજી તેમના ઘેર પધાર્યા. ભગવાનદાસનાં માતા-પિતા અને પત્નીને નામમંત્ર આપ્યો. આપે ત્યાં સાત દિવસ બિરાજી શ્રીભાગવતનું પારાયણ કર્યું, પછી આપ અડેલ તરફ પધાર્યા.

શ્રીભગવાનદાસે જે સ્થાનમાં શ્રીમહાપ્રભુજી બિરાજ્યા હતા ત્યાં માટીનો ચોતરો બનાવ્યો ત્યાં શ્રીમહાપ્રભુજી હંમેશ બિરાજે છે એવો દૃઢ વિશ્વાસ રાખ્યો. રોજ સવારે નાહીને દંડવત્ કરતા. ચોતરાને માટીથી લીંપતા. ત્યાં શ્રીમહાપ્રભુજીના ભાવથી બધી સેવા કરતા. શ્રીમહાપ્રભુજી પણ દરરોજ તેમને સાક્ષાત્ દર્શન આપતા.

સિદ્ધાંત નવનીત

(૧) રામાવતારમાં કથા છે કે ભગવાન શ્રીરામના ચરણની રજ લાગતાં શિલા બની ગયેલી અહલ્યા ફરી પાછી મનુષ્ય બની. ચરણરજનો આ મહાપ્રતાપ છે. શ્રીમહાપ્રભુજી અલૌકિક ભગવદ્-સ્વરૂપ છે, તેથી તેઓ હમેશાં ભક્તોની સેવા અંગીકાર કરવા અલૌકિક સ્વરૂપે પૃથ્વી પર બિરાજે છે. આ ભાવથી જ્યાં જ્યાં શ્રીમહાપ્રભુજીએ બિરાજી ભાગવત, વેદ વગેરે શાસ્ત્રોનું પારાયણ કર્યું ત્યાં ત્યાં શ્રીમહાપ્રભુજીની બેઠકો પ્રસિદ્ધ થઈ છે. ત્યાં ત્યાં આજે પણ શ્રીમહાપ્રભુજીની સેવા થાય છે. શ્રીમહાપ્રભુજી જેમના પર કૃપા કરે છે તેમને આજે પણ તે તે સ્થાનોમાં શ્રીમહાપ્રભુજીનો અલૌકિક અનુભવ થાય છે.

(૨) આજે પણ હાજીપુરમાં શ્રીભગવાનદાસજીના ઘરમાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે. પટણા થઈને હાજીપુર જવાય છે. તે સ્થળે જવાનું

અજાણ્યા વૈષ્ણવોને તકલીફરૂપ બને છે. એ સંજોગોમાં ત્યાં જવા ઈચ્છતા વૈષ્ણવોએ નીચેના સરનામે પત્ર લખી, માહિતી મંગાવવી :

પ્રજ્ઞાબેન મહેન્દ્રભાઈ માણેક, ૫, વિશાલ એપાર્ટમેન્ટ, રામપુર રોડ, બજાર સમિતિ સામે, પટણા - ૮૦૦ ૦૦૬.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : ભગવાનદાસ
(૨) જ્ઞાતિ : સારસ્વત બ્રાહ્મણ
(૩) વતન : હાજીપુર, જિ. પટણા
(૪) પરિવાર : માતા-પિતા અને પત્ની
(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીમહાપ્રભુજીનાં પાદુકાજી
(૬) લીલાનું સ્વરૂપ : વિશાખાજીનાં સખી સુગંધિની.

■

૨૭ : સેવ્યનું સુખ, તે સેવા

(૫૩. ભગવાનદાસ, સાંચોરા બ્રાહ્મણ)

ગુજરાતમાં અમદાવાદ પાસેના એક ગામના વતની ભગવાનદાસ. આઠ વર્ષની ઉંમરે ભણવા માટે અમદાવાદ આવ્યા. એક પંડિત પાસે દશ વર્ષ સુધી ભણ્યા. પંડિત સાથે તે દ્વારકા દર્શન કરવા ગયા. ત્યાં શ્રીમહાપ્રભુજી પધાર્યા હતા. ભગવાનદાસના વિદ્યાગુરુએ શ્રીમહાપ્રભુજીની સાથે શાસ્ત્રચર્ચા કરી, તેમાં તે પંડિત હારી ગયા. તેઓ વધુ અભ્યાસ કરવા કાશી જવા નીકળ્યા. તેમણે ભગવાનદાસને તેમની સાથે કાશી આવવા કહ્યું.

'ગુરુજી! હજી તો કાલે જ દ્વારકા આવ્યા છીએ. શ્રીરણછોડરાયજીનાં દર્શન પણ શાંતિથી કર્યાં નથી. મારે તો અહીં એક મહિનો રહેવું છે.'

'ભલે, જેવી તમારી ઈચ્છા. હું તો કાલે કાશી જઈશ.' ભગવાનદાસ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. શ્રીમહાપ્રભુજીને બધી હકીકત કહી. તેમણે વિનંતી કરી: 'મહારાજ, આપ મને શાસ્ત્રો ભણાવશો?'

'તમે ભણીને શું કરશો?'

'મહારાજ, ભણવાથી બે લાભ થાય છે. ઘણું દ્રવ્ય કમાઈશ અને વિદ્વાનોની સભામાં જ્યાં જઈશ, ત્યાં આદર-સત્કાર પામીશ. શાસ્ત્રચર્ચામાં બધાંને હરાવીશ. દુનિયામાં સારી રીતે પૂજાઈશ.'

'ભગવાનદાસ! શાસ્ત્રોના અભ્યાસનું આ સાચું ફળ નથી. આ તો ઘણું ગૌણ ફળ છે. શાસ્ત્રો ભણવાનાં બે મુખ્ય ફળ છે : સારી રીતે વિદ્યા પ્રાપ્ત કરવાથી શાસ્ત્રોનું જ્ઞાન થાય છે. શાસ્ત્ર ઠંડા જળ જેવાં છે, જે આપણને ઠંડક આપે છે. વળી, શાસ્ત્ર અંતઃકરણની આંખો છે. જેમ આંખો ખૂલતાં બધું દેખાય, તેમ શાસ્ત્ર ભણતાં સર્વ વસ્તુઓનું જ્ઞાન થાય છે. જ્યારે સજ્જન પુરુષનો આવું જ્ઞાન થાય છે ત્યારે તેનું ચિત્ત શાંતિ અનુભવે છે. તે સુખદુઃખને પ્રભુની ઈચ્છા માને છે. તેને જગતના બધા જીવોમાં ભગવદ્-બુદ્ધિ થાય છે. તેનામાં દીનતા, સંતોષ અને નિર્મળતા આવે છે. કામ, ક્રોધ વગેરે બધા દોષો ચાલ્યા જાય છે. તેને ભગવાનનો દૃઢાશ્રય

થાય છે. આમ, શાસ્ત્રો ભણી જે ભગવાનનો દૃઢ આશ્રય પામે, તેની જ વિદ્યા સફળ છે. તેને જ આ લોક અને પરલોકમાં સાચું સુખ મળે છે.

'જે જ્ઞાનનો પૂરેપૂરો અધિકારી નથી અને જ્ઞાન મેળવે છે તેને તે જ્ઞાન અગ્નિની જેમ દઝાડે છે. જે કામ, ક્રોધ વગેરે દુર્ગુણોવાળો છે તે વિદ્યા ભણે તો અભિમાની બને છે. દુનિયામાં બીજા કોઈને ગણતરીમાં લેતો નથી. રાતદિવસ અભિમાનના અગ્નિમાં બળે છે. તે આલોકમાં દુઃખી થાય છે અને પરલોકમાં નર્ક પામે છે. માટે તમારે વધારે શાસ્ત્રો ભણવાની જરૂર નથી. જેટલું ભણ્યા છો તેટલું પૂરતું છે. વળી, દ્રવ્ય તો ભાગ્યમાં હોય તો મળે છે. જગતમાં એવા ઘણા મોટા પંડિતો છેં કે જે મૂર્ખ એવા શ્રીમંતોની ચાકરી કરે છે. માટે વધારે ભણવાનો વિચાર છોડી દો. જીવનમાં સંતોષ અને દયા રાખો. કામ, ક્રોધ, લોભ, મોહ છોડો. શ્રીઠાકોરજીની સેવા કરો. ભરણપોષણ માટે ભગવાનની ઈચ્છા હશે તેટલું મળી રહેશે.'

શ્રીમહાપ્રભુજીનાં આવાં વચનો સાંભળતાં ભગવાનદાસના હૃદયમાં ભગવદ્ધર્મ પ્રગટ થયો. તેમણે સેવક બનવા વિનંતી કરી. શ્રીમહાપ્રભુજીએ તેમને બ્રહ્મસંબંધ આપ્યું. પછી આજ્ઞા કરી : હવે તમે ઘેર જઈને સેવા કરો.

'મહારાજ, મને આપની પાસે રાખો, જેથી હું આપની સેવા કરું.'

'ભગવાનદાસ, અમારી પાસે તમે રહી શકશો નહિ, કારણ કે જીવ સ્વભાવથી દુષ્ટ છે. અજાણતાં પણ ઘણા અપરાધ થવાનો સંભવ છે. ક્યારેક તમારા અપરાધને લઈને અમે અપ્રસન્ન થઈએ, તો તમને અમારા માટે અભાવ આવશે, જેથી ભગવદ્પ્રાપ્તિમાં વિલંબ થશે. જે વૈષ્ણવ અમારો સ્વભાવ જાણીને અમારી સેવા કરી શકે, તે જ અમારી પાસે રહેવાલાયક છે. માટે હમણાં તમે ઘેર જાઓ, સેવા કરો, વૈષ્ણવો સાથે સત્સંગ કરો. થોડા સમય પછી વ્રજમાં શ્રીગોવર્ધનનાથજી પ્રગટ થશે. અમારા પુત્ર શ્રીગુસાંઈજી તેમની સેવાનો પ્રકાર વિસ્તારશે. ત્યારે તમે ત્યાં જઈને સેવા કરજો.'

શ્રીમહાપ્રભુજીએ ભગવાનદાસને પત્ર ઉપર બ્રહ્મસંબંધ મંત્ર લખી આપીને આજ્ઞા કરી : 'રસોઈ કરી, આ હસ્તાક્ષરને ભોગ ધરી તમે પ્રસાદ લેજો.' પછી ભગવાનદાસને શ્રીમહાપ્રભુજીએ 'ચતુઃશ્લોકી' ગ્રંથ શીખવ્યો. વિદાય થતાં આજ્ઞા કરી : 'તારું મન ભણવામાં હતું, માટે તને આ ગ્રંથના પાઠથી વેદપુરાણ, ભાગવત વગેરે બધું સારી રીતે સમજાશે.'

ભગવાનદાસ ઘેર આવ્યા. થોડા દિવસ પછી તેમનાં પત્ની હરિશરણ થયાં. ભગવાનદાસે વિચાર કર્યો, ઘરમાં કોઈનું બંધન નથી. વ્રજમાં જઈને રહું. તેઓ વ્રજમાં આવ્યા. શ્રીનાથજી તથા શ્રીગુસાંઈજીનાં દર્શન કરી, સર્વ હકીકત કહી. શ્રીગુસાંઈજીએ તેમને શ્રીનાથજીની બાલભોગની સામગ્રી સિદ્ધ કરવાની સેવા સોંપી. ભગવાનદાસ સુંદર સામગ્રી બનાવતા હતા.

●

એક વખત સામગ્રી બનાવતાં ધ્યાન ન રહ્યું. સામગ્રી દાઝી ગઈ. તેમણે દાઝેલી સામગ્રી શ્રીનાથજીને ભોગમાં ધરી. શ્રીગુસાંઈજી ભોગ સરાવવા પધાર્યા. ભોગમાં દાઝેલી સામગ્રી જોઈ, તેમણે ભગવાનદાસને ઠપકો આપ્યો અને આજ્ઞા કરી : તમે સેવક થઈને પ્રભુનું સુખ વિચાર્યું નથી, માટે સેવા કરવાલાયક નથી. જે સેવ્યનું સુખ વિચારે તે સેવક છે. માટે આજ પછી તમારે સેવામાં સ્નાન કરવાનું નથી.

ભગવાનદાસને તેમની ભૂલ સમજાઈ. મંદિરની બહાર આવી એક ખૂણામાં બેસી રહેવા લાગ્યા. હવે શું કરવું તેની ચિંતા કરવા લાગ્યા. તેમણે જાણ્યું કે ગોવિંદકુંડ ઉપર અચ્યુતદાસ નામના મોટા ભગવદીય વૈષ્ણવ રહે છે. તેથી તેઓ અચ્યુતદાસ પાસે ગયા અને પોતાની સર્વ હકીકત કહી, તેમને વિનંતી કરી : 'તમે શ્રીગુસાંઈજીને વિનંતી કરો કે મારો અપરાધ ક્ષમા કરી, મને ફરી સેવા સોંપે. હવે હું સાવધાની રાખીશ.'

'ભગવાનદાસ, તમે જરા પણ ચિંતા કરશો નહિ. શ્રીગુસાંઈજી પરમ દયાળુ છે. તમને જરૂર ફરી સેવા સોંપાશે. તમે ગોવિંદકુંડ પર જઈ, તમારી ભૂલનો પશ્ચાત્તાપ કરો.'

બપોરે શ્રીગુસાંઈજી મધ્યાહ્ન સંધ્યા કરવા ગોવિંદકુંડ ઉપર પધાર્યા ત્યારે આપ અચ્યુતદાસની પાસે પધાર્યા. અચ્યુતદાસનાં બંને નેત્રોમાં અશ્રુધારા વહેતી હતી. તે જોઈને શ્રીગુસાંઈજીએ પૂછ્યું : 'અચ્યુતદાસજી, આજે તમને આટલું બધું દુઃખ કેમ થયું છે?'

'મહારાજ, શ્રીમહાપ્રભુજીએ અનેક જીવોને અંગીકાર કરી તમને સોંપ્યા છે. આપે પણ અનેક જીવોનો અંગીકાર કરવાનો છે. જીવો તો સ્વભાવથી દોષથી ભરેલા છે. આપ જીવોના દોષ જોશો તો તેમનો ઉદ્ધાર કેવી રીતે થશે? જ્યારે

શ્રીનાથજીએ શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધની આજ્ઞા આપી, ત્યારે વચન આપ્યું હતું કે તમે જેમને બ્રહ્મસંબંધ કરાવશો તેના બધા દોષ દૂર થશે. હું તેનો કાયમ માટે હાથ પકડીશ. હવે આપ જ જો જીવોના દોષ જોશો તો જીવોનો ઉદ્ધાર કોણ કરશે?'

'અચ્યુતદાસ, તમારી વાત હું સમજી ગયો. તમારા હૃદયમાં બિરાજીને શ્રીમહાપ્રભુજીએ જ મને સિદ્ધાંત યાદ કરાવ્યો છે. તમે ચિંતા કરશો નહિ. મેં ભગવાનદાસને ફરી સેવામાં ભૂલ ન થાય, એટલા માટે જ શિક્ષા કરી હતી. આજ પછી હું કોઈ પણ વૈષ્ણવ પર ગુસ્સે થઈશ નહિ. ભગવાનદાસને તેમની સેવા ફરીથી સોંપીશ.'

અચ્યુતદાસ ઘણા પ્રસન્ન થયા. તેમણે શ્રીગુસાંઈજીને દંડવત્ કર્યા. ત્યાંથી શ્રીગુસાંઈજી ગોવિંદ કુંડ ઉપર પધાર્યા. ભગવાનદાસનો હાથ પકડી મંદિરમાં લઈ જઈને આજ્ઞા કરી : 'આજ પછી સેવા સાધવાનીથી કરજો.'

ભગવાનદાસે શ્રીગુસાંઈજીને દંડવત્ કરી નીચેનું પદ ગાયું :

'શ્રીવિઠ્ઠલેશ ચરણકમલ પાવન
ત્રૈલોક્ય કરન દરસ-પરસ સુંદર બારંબાર વંદે,
સમરથ ગિરિરાજધરન લીલા નિજ
પ્રગટ કરન સંતન હિત માનુષતન વૃંદાવન ચંદે ॥૧॥

ચરણોદક લેત પ્રેત તતછનતેં
મુક્ત ભયે કરુણામય નાથ સદા આનંદનિધિ કંદે,
બારને 'ભાગવાનદાસ' બિહરત
સદા રસિકરાસ જસુ બોલિ ગાવત શ્રુતિ છંદે ॥૨॥

શ્રીગુસાંઈજી ઘણા પ્રસન્ન થયા. ભગવાનદાસ મન લગાવી સેવા કરવા લાગ્યા. શ્રીનાથજી તેમને અલૌકિક અનુભવ આપવા લાગ્યા.

સિદ્ધાંત નવનીત

(૧) શ્રીઠાકોરજીની સેવા ઘણી સાવધાનીથી કરવી જોઈએ. સેવામાં વ્રજભક્તોના જેવો પ્રેમ અને રાજાના જેવો ભય બંને જરૂરી છે. સેવામાં ધ્યાન ઓછું રહે, તો પ્રભુને પરિશ્રમ થાય. પ્રભુને પરિશ્રમ થાય તે સેવા

કહેવાય નહિ. માટે શ્રીમહાપ્રભુજીએ 'ચિત્ત પ્રભુમાં પરોવવું એનું નામ સેવા' એવી વ્યાખ્યા આપી છે.

(૨) શ્રીગુસાંઈજી ભગવાનદાસ પર એટલા માટે ગુસ્સે થયા કે દાઝેલી સામગ્રી તેમણે પ્રભુને ભોગ ધરી. કોઈક વખત સામગ્રી બગડે પણ ખરી; પરંતુ ક્યારેય એવી બગડેલી સામગ્રી ભોગ ધરી શકાય નહિ. તે સંજોગોમાં નવી સામગ્રી બનાવીને ભોગ ધરવી જોઈએ. સેવામાં આળસ કરવી એ અપરાધ છે.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : ભગવાનદાસ
(૨) જ્ઞાતિ : સાંચોરા બ્રાહ્મણ
(૩) વતન : અમદાવાદ પાસેનું એક ગામ
(૪) પરિવાર : પત્ની
(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીમહાપ્રભુજીના હસ્તાક્ષર
(૬) લીલાનું સ્વરૂપ : લલિતાજીનાં સખી સુંદરી.

■

૨૮ : માનસી સા પરા મતા

(૫૪. અચ્યુતદાસ, સનોઢિયા બ્રાહ્મણ)

મથુરામાં સનોઢિયા બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા અચ્યુતદાસ નવ વર્ષના થયા. દિવાળી ઉપર શ્રીગિરિરાજની પરિક્રમા કરવા તેમનાં માતાપિતા સાથે તેઓ જતિપુરા ગયા. દિવાળીની રાતે શ્રીગિરિરાજજીની પરિક્રમા કરતાં કરતાં શ્રીગિરિરાજજીની અદ્‌ભુત શોભાનાં દર્શન થતાં મન શ્રીગિરિરાજજીમાં લાગી ગયું. પરિક્રમા બાદ મથુરા પાછા જવાનો સમય આવ્યો. તેમણે પિતાને કહ્યું: 'આપણાં સગાં-સંબંધી આન્યોરમાં રહે છે. થોડા દિવસ હું તેમના ત્યાં રહેવા ઈચ્છું છું. શ્રીગિરિરાજજીમાં મારું મન લાગી ગયું છે. તેમની ૧૫-૨૦ પરિક્રમા કરવી છે. મન ધરાશે ત્યારે મથુરા પાછો આવીશ.'

'બેટા! શું અત્યારથી વૈરાગી બનવાનું તને મન થઈ આવ્યું છે? હજી તો તારી ઘણી કાચી ઉંમર છે. અમારી સાથે પાછો ચાલ.'

'પિતાજી! હું તો વૈરાગી છું, એટલે તો મારું લગ્ન થયું નથી. માટે મને મથુરા લઈ જવાની હઠ ન કરશો. મને અહીં રહેવા દો.'

માતા-પિતાએ ઘણા સમજાવ્યા, પણ અચ્યુતદાસ એકના બે ન થયા. તેથી તેમને આન્યોરમાં સંબંધીને ત્યાં મૂકી માતા-પિતા મથુરા પાછાં ગયાં.

અચ્યુતદાસ ક્યારેક ચંદ્ર સરોવર જતા, તો ક્યારેક કામવનમાં શ્રીકુંડ ઉપર જતા. ક્યારેક આન્યોરથી ગોવર્ધન જતા. આમ, શ્રીગિરિરાજજીની તળેટીમાં આવેલાં જુદાં જુદાં લીલાસ્થાનોમાં એકલા ફર્યા કરતા. શ્રીગિરિરાજજીની અવારનવાર પરિક્રમા કરતાં મનમાં વિરહતાપ રહેતો કે મને શ્રીકૃષ્ણનાં દર્શન ક્યાં થશે? ક્યારે થશે?

શ્રીમહાપ્રભુજી શ્રીનાથજીને પર્વતમાંથી બહાર પધારવા આન્યોર પધાર્યા. સદ્દુ પાંડેજીના ચોતરા ઉપર મુકામ કર્યો. શ્રીનાથજીને નાનુ મંદિર બનાવી તેમાં પધરાવ્યા. ત્યારે યુવાન અચ્યુતદાસ પણ શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીનાં દર્શન કરવા આવ્યા. શ્રીમહાપ્રભુજીએ અચ્યુતદાસને બ્રહ્મસંબંધ આપ્યું અને શ્રીનાથજીની સેવા કરવાની આજ્ઞા કરી.

અચ્યુતદાસે હાથ જોડી વિનંતી કરી : કૃપાનાથ! મારું મન એકાંતવાસ કરવાનું છે. એકાંતમાં બેસી માનસી સેવા કરું એવી કૃપા કરો.

શ્રીમહાપ્રભુજીએ તેમને માટે 'સિદ્ધાંતમુક્તાવલી' ગ્રંથ રચી, તેમને તે શીખવ્યો. પોતાનું ચરણામૃત આપ્યું. અચ્યુતદાસે તેનું પાન કરી, તે જળ આંખે, મસ્તકે અને હૃદયે લગાવ્યું. તેમનાં નેત્રો અલૌકિક બની ગયાં. તેમને દિવ્ય ચક્ષુઓથી લીલાનાં સાક્ષાત્ દર્શન થવા લાગ્યાં. પુષ્ટિમાર્ગનો બધો સિદ્ધાંત તેમને સમજાઈ ગયો. શ્રીમહાપ્રભુજીની કૃપાથી તેમને માનસી સેવા સિદ્ધ થઈ.

એકાંતવાસ માટે તેઓ જગ્યાની શોધમાં નીકળ્યા. ગોવિંદકુંડ પાસે શ્રીગોવર્ધન પર્વતમાં એક ગુફા જોઈ. તેઓ તે ગુફામાં રહેવા લાગ્યા. શ્રીઠાકોરજી તેમને સર્વ લીલાનાં સાક્ષાત્ દર્શન આપતા. અલૌકિક દર્શનથી તેમનાં નેત્રો પ્રેમરસથી છલકાતાં રહેતાં.

શ્રીગુસાંઈજી નિત્ય શ્રીનાથજીની સેવા માટે શ્રીગિરિરાજજી પધારતા, ત્યારે ગોવિંદકુંડ ઉપર બપોરની સંધ્યા કરવા પધારતા. તે વખતે આપ અચ્યુતદાસની ગુફામાં પધારી, તેમની સાથે ભગવદ્વાર્તા કરતા.

શ્રીમહાપ્રભુજીના સેવક ભગવાનદાસજીના હાથે શ્રીનાથજીની સામગ્રી દાઝી ગઈ ત્યારે શ્રીગુસાંઈજીએ તેમને સેવામાંથી દૂર કર્યા હતા. અચ્યુતદાસજીની વિનંતીથી શ્રીગુસાંઈજીએ તેમને સેવામાં ફરી સ્વીકાર્યા. આમ, અચ્યુતદાસજીની કૃપાથી ભગવાનદાસનો સેવામાં ફરી અંગીકાર થયો હતો.

શ્રીગુસાંઈજી પધારતા ત્યારે અચ્યુતદાસ વિનંતી કરતા : 'આજે રાજભોગની અમુક સામગ્રી બહુ પ્રસન્નતાથી શ્રીનાથજી આરોગ્યા છે.' શ્રીનાથજીને રાજભોગમાં જે જે સામગ્રીઓ ધરાઈ હોય, તેનો અનુભવ અચ્યુતદાસને માનસીમાં થતો હતો. તેમના મુખથી શ્રીઠાકોરજીની પ્રસન્નતા સાંભળી શ્રીગુસાંઈજી ઘણા રાજી થતા. શ્રીગુસાંઈજી અચ્યુતદાસને આજ્ઞા કરતાઃ તમારાં નેત્રોમાં મને સદા શ્રીમહાપ્રભુજીનાં દર્શન થાય છે. તમારા હૃદયમાં બિરાજીને શ્રીમહાપ્રભુજી જ મને આજ્ઞા કરે છે, માટે હું સામા પગલે તમારી પાસે આવું છું તમારા સંગમાં મને ઘણી પ્રસન્નતા થાય છે.

સિદ્ધાંત નવનીત

(૧) મર્યાદામાર્ગમાં ગંગાજીને મસ્તક પર ધારણ કરી, શ્રીમહાદેવજી ભક્તરાજ બન્યા, તેમ શ્રીમહાપ્રભુજીનું ચરણામૃત ધારણ કરવાથી અચ્યુતદાસનું શરીર અલૌકિક બની ગયું. ચરણામૃતમાં આવું અલૌકિક સામર્થ્ય છે. તે આપણા બાહ્ય અને આંતરિક શરીરને તથા સર્વ ઈન્દ્રિયોને શુદ્ધ અને પવિત્ર કરે છે. માટે સૂતાં, ઊઠતાં સેવામાં સ્નાન કરતાં ચરણામૃત લેવાનો પ્રકાર છે. જે વૈષ્ણવો પ્રભુને ભોગ ધરીને ન લઈ શકે તેઓ તેમના ભોજનમાં ચરણામૃત પધરાવીને લે, તો તેઓ અસમર્પિતના દોષોમાંથી બચી શકે છે.

(૨) પુષ્ટિમાર્ગનો મુખ્ય સિદ્ધાંત ભગવદ્-સેવા છે. સેવા બાબતમાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે પ્રારંભમાં વૈષ્ણવે મન લગાવીને, પોતાના ઘરમાં શ્રીઠાકોરજીની તનુ-વિત્તજા સેવા કરવી. સેવામાં ચિત્ત પરોવવું. આ સાધનરૂપા સેવા છે.

સેવાનું ફળ પણ સેવા જ છે. ચિત્ત એકાગ્ર થતાં, ભગવત્કૃપાથી માનસી સેવા સિદ્ધ થાય છે. તે ફળરૂપા સેવા છે; સેવાનું પરમ ફળ છે.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : અચ્યુતદાસ

(૨) જ્ઞાતિ : સનોઢિયા બ્રાહ્મણ

(૩) વતન : મથુરા

(૪) કુટુંબ : અપરિણીત

(૫) સેવ્ય સ્વરૂપ : માનસી સેવામાં મગ્ન રહેતા, તેથી શ્રીઠાકોરજી પધરાવીને તનુવિત્તજા સેવા કરી નથી.

(૬) લીલાનું સ્વરૂપ : શ્રીલલિતાજીનાં સખી મધુરા. અમૃત જેવાં પ્રિય વચનો બોલતા હોવાથી લીલામાં સૌને પ્રિય હતા.

■

૨૯ : શ્રીગિરિરાજજીની પરિક્રમાનું ફળ

(૫૫. અચ્યુતદાસ, ગૌડ બ્રાહ્મણ)

મહાવનમાં શ્રીમહાપ્રભુજીના સેવક નારાયણદાસ બ્રહ્મચારી રહેતા હતા. તેમની પાડોશમાં ગૌડ બ્રાહ્મણનું એક કુટુંબ રહેતું હતું. તેમને અચ્યુતદાસ નામે એકનો એક પુત્ર હતો. સાત-આઠ વર્ષની ઉંમરે તેઓ રમવા માટે વારંવાર નારાયણદાસ બ્રહ્મચારીના ત્યાં આવતા. એક વખત શ્રીમહાપ્રભુજી પણ ત્યાં પધાર્યા હતા. અચ્યુતદાસને દૈવી જીવ જાણી શ્રીમહાપ્રભુજીએ તેમને નામમંત્ર આપ્યો હતો.

અચ્યુતદાસની ઉંમર વીસ વર્ષની થઈ. નારાયણદાસ પાસે તેઓ શ્રીમહાપ્રભુજીની વાતો સાંભળતા. શ્રીમહાપ્રભુજીએ તેમને કંઠી આપી હતી, તે યાદ હતું. એક દિવસ તેમણે નારાયણદાસને પૂછ્યું : 'જેમણે મને સેવક તે ગુરુદેવ કર્યો તે ગુરુદેવ ક્યાં હશે? મારે તેમનાં દર્શન કરી, બ્રહ્મસંબંધ લેવું છે.'

'શ્રીમહાપ્રભુજી તીર્થરાજ પ્રયાગ પાસે અડેલ ગામમાં બિરાજે છે.'

'તો હું અડેલ જઈશ. ત્યાં જતાં પહેલાં શ્રીગિરિરાજજીની એક પરિક્રમા કરીશ.'

'અચ્યુતદાસ, શ્રીમહાપ્રભુજીએ તમારા પર કૃપા કરી છે, એટલે તમને બ્રહ્મસંબંધ લેવાની પ્રેરણા થઈ છે. તમે જરૂર અડેલ જાઓ. તે પહેલાં શ્રીગિરિરાજજીની પરિક્રમા પણ સુખેથી કરો; કારણ કે શ્રીગિરિરાજજી હરિદાસવર્ય છે. તેઓ બધા ભગવદ્-ભક્તોમાં શ્રેષ્ઠ છે. ભક્તોની ઈચ્છાઓ પૂરી કરનારા છે. જીવોને ભક્તિનું દાન કરી, પ્રભુ સાથે મેળવી આપનારા છે. શ્રીગિરિરાજજીની કૃપાથી તમને પણ પુષ્ટિભક્તિ દૃઢ થશે.'

નારાયણદાસને દંડવત્ કરી, અચ્યુતદાસ જતિપુરા જવા નીકળ્યા. શ્રીગિરિરાજજીની પરિક્રમા કરી, અડેલ જવા ઊપડ્યા. ઘણા દિવસ પછી અડેલ પહોંચ્યા. શ્રીમહાપ્રભુજીને દંડવત્ કર્યા.

શ્રીમહાપ્રભુજીએ તેમને પૂછ્યું : 'તમે ક્યાંથી આવો છો?'

'મહારાજ, હું વ્રજમાંથી આવું છું.'

'તમે વ્રજમાં શું કરતા હતા?'

'મન થાય ત્યારે શ્રીગિરિરાજજીની બે-ચાર પરિક્રમા મહિનામાં કરી લેતો. મહાવનમાં આપના સેવક નારાયણદાસ બ્રહ્મચારી છે, તેમનો સત્સંગ કરતો. મારા બાળપણમાં આપે મને કંઠી આપી હતી. હું આપનું નામ પણ જાણતો ન હતો. મને નારાયણદાસે આપનો પરિચય કરાવ્યો છે, તેથી આવ્યો છું. આપ મને બ્રહ્મસંબંધ કરાવો.'

શ્રીમહાપ્રભુજીએ તેમને બ્રહ્મસંબંધ આપ્યું. પછી આજ્ઞા કરી : 'અચ્યુતદાસ, તમે શ્રીગિરિરાજજીની ઘણી પરિક્રમાઓ કરી. તેમને કોઈ ચમત્કાર જોવામાં આવ્યો?'

'ના, મહારાજ. મને કોઈ ચમત્કાર દેખાયો નથી.'

'હવે અહીંથી વ્રજમાં પાછા જાઓ, ત્યારે શ્રીગિરિરાજજીની લાગલાગટ ત્રણ પરિક્રમાઓ કરજો. તમને જરૂર અલૌકિક અનુભવ થશે.'

શ્રીમહાપ્રભુજીના આશીર્વાદ લઈ અચ્યુતદાસ વ્રજમાં પાછા આવ્યા. મહાવન જઈ નારાયણદાસને બધી હકીકત કહી. પછી શ્રીગોવર્ધન આવ્યા. ત્યાં પાછલી રાત્રે માનસી ગંગામાં સ્નાન કરી, પરિક્રમા કરવા ચાલ્યા. સવારે દોઢ પ્રહર થતાં સુધીમાં સાત કોસની પરિક્રમા પૂરી કરી. તરત બીજી પરિક્રમા શરૂ કરી, જે સાંજ પડતાં પૂરી કરી. પછી ત્રીજી પરિક્રમા પણ શરૂ કરી. અપ્સરા કુંડ પાસે આવતાં શરીર થાકી ગયું. કકડીને ભૂખ લાગી. રાતનું અંધારું થઈ ગયું; છતાં તેઓ હિંમત હાર્યા નહિ. ધીમે ધીમે ચાલતા રહ્યા. થોડા આગળ ગયા, ત્યાં એક ગોવાળ મળ્યો. તેણે અચ્યુતદાસને કહ્યું : 'અરે વૈરાગી, રાતના આવા અંધારામાં તું ક્યાં જાય છે? પાછો ફર. આગળ સિંહ બેઠેલો છે.'

'ભૈયા, પાછા ફરવાનું તો હવે નહિ બને; કારણ કે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી પરિક્રમા કરવા નીકળ્યો છું. ત્રણ પરિક્રમા પૂરી કરવી છે. પ્રભુએ જે ધાર્યું હશે તે થશે.'

તેઓ આગળ ચાલ્યા. રસ્તા વચ્ચે સિંહને ઊભેલો જોયો. તેઓ ડર્યા નહિ. નિશ્ચય કર્યો, સિંહ ખાઈ જાય તો ભલે, પણ પરિક્રમા અધૂરી મૂકીશ નહિ. આગળ જતાં સિંહની પાસે જ સુંદર ગાય ઊભેલી જોઈ. તેમણે ગાયની પરિક્રમા

કરી, ગાયનું પૂંછ મસ્તકે લગાવીને આગળ ચાલ્યા. પરોઢ થતાં ત્રીજી પરિક્રમા પણ પૂરી કરી.

આમ ચોવીસ કલાકમાં તેઓ સાત-સાત ગાઉની ત્રણ પરિક્રમાઓ પૂરી કરી, એકવીસ ગાઉ જેટલું અંતર ચાલ્યા. ત્યાંથી તેઓ મહાવન પાછા આવ્યા. નારાયણદાસના ઘેર જઈને તેમણે નારાયણદાસનો પૂછ્યું : 'રસ્તામાં ગ્વાલ, સિંહ અને ગાય દેખાયાં, તેનું કારણ શું?'

નારાયણદાસે કહ્યું : 'ભૈયા, એ તો શ્રીમહાપ્રભુજી જાણે. જીવ શું સમજી શકે?' આટલું સાંભળતાં જ અચ્યુતદાસ શ્રીમહાપ્રભુજીને પૂછવા અડેલ જવા નીકળ્યા. અડેલ આવી તેમણે શ્રીમહાપ્રભુજીને બધી હકીકત કહી.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'તને જે ગોવાળ દેખાયા તે શ્રીઠાકોરજી પોતે હતા. તારી ધીરજની કસોટી કરવા તેમણે ડર બતાવ્યો. પછી જે સિંહનાં દર્શન થયાં તે શ્રીગિરિરાજજી પોતે હતા. તેમની પાસે જતાં તે ગાયરૂપ બની ગયા. તારું મોટું ભાગ્ય છે કે તને શ્રીઠાકોરજી અને શ્રીગિરિરાજજીએ દર્શન આપ્યાં; પણ તારી અવસ્થા હજી શરૂઆતની છે, તને શ્રીઠાકોરજીમાં સંપૂર્ણ પ્રેમ થયો નથી; એટલે આ ત્રણ સ્વરૂપોનાં દર્શન થયાં, પણ શ્રીઠાકોરજીની અલૌકિક લીલાનાં દર્શન ન થયાં.'

'કૃપાનાથ! મારા પર એવી કૃપા કરી મને પ્રેમનું દાન કરો. આપ બતાવો તેમ હું કરવા તૈયાર છું. મને લીલાનો અનુભવ થાય તેવી કૃપા કરો.'

'અચ્યુતદાસ! અમે હવે વ્રજમાં જવાના છીએ. તમે અમારી સાથે ચાલો. શ્રીઠાકોરજી તમારો મનોરથ ત્યાં પૂરો કરશે.'

શ્રીમહાપ્રભુજીની સાથે અચ્યુતદાસ વ્રજમાં જવા નીકળ્યા. અડેલથી થોડે દૂર એક નાનું ગામ હતું. ત્યાં તળાવના કિનારે સુંદર બગીચો હતો. શ્રીમહાપ્રભુજીએ ત્યાં મુકામ કર્યો. અચ્યુતદાસને જળ લઈ આવવા આજ્ઞા કરી. અચ્યુતદાસ સ્નાન કરવા તળાવે ગયા. સ્નાન કરીને બહાર આવતાં કિનારા પર પીંપળના વૃક્ષ નીચે લીલા ઘાસમાં શ્રીઠોકોરજીનું એક સ્વરૂપ જોયું. તેમને ભારે આશ્ચર્ય થયું. તેમણે દોડતા શ્રીમહાપ્રભુજીની પાસે આવીને સર્વ હકીકત કહી. શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા. તે સ્વરૂપને પોતાના હાથમાં પધરાવી અચ્યુતદાસને સોંપ્યું અને આજ્ઞા કરી, 'તું રસોઈ કરે ત્યારે આ સ્વરૂપને ભોગ ધરજે. વ્રજમાં તારા ઘેર પહોંચીને હું આ સ્વરૂપ સેવ્ય કરી તને પધરાવી આપીશ.'

મહાવનમાં શ્રીમહાપ્રભુજી અચ્યુતદાસના ઘેર પધાર્યા. શ્રીઠાકોરજીને સેવ્ય કરી પધરાવ્યા. તેમનું નામ શ્રીમદનમોહનજી રાખ્યું. અચ્યુતદાસને સેવાનો બધો પ્રકાર સમજાવ્યો, પછી આપ દ્વારકાની યાત્રાએ પધાર્યા.

અચ્યુતદાસ ખૂબ ભાવથી શ્રીમદનમોહનજીની તનુવિત્તજા સેવા કરતા. શ્રીઠાકોરજી સાક્ષાત્ અનુભવ આપતા. શ્રીગુસાંઈજી ગોકુળવાસ કરીને બિરાજ્યા, ત્યારે અચ્યુતદાસ આપનાં વચનામૃત સાંભળવા રોજ મહાવનથી ગોકુળ આવતા. શ્રીગુસાંઈજી તેમને દંડવત્ કરવા ન દેતા. શ્રીગુસાંઈજી આજ્ઞા કરતા, 'અચ્યુતદાસ, તમારા હૃદયમાં શ્રીમહાપ્રભુજી બિરાજે છે.'

અચ્યુતદાસનો દેહ છૂટવાનો સમય થયો. શ્રીમહાપ્રભુજીએ આસુરવ્યામોહ લીલા કર્યા પછી અચ્યુતદાસને ઘણો વિરહ રહેતો. અંતે શ્રીમદનમોહનજીને શ્રીગુસાંઈજીના ત્યાં પધરાવી, તે બદ્રિકાશ્રમ ગયા. ત્યાં અન્નજળ છોડી વિરહતાપ કરવા લાગ્યા. અંતે તેમનો દેહ છૂટી ગયો.

સિદ્ધાંત નવનીત

(૧) આ વાર્તા પરથી સમજાય છે કે આજે શ્રીમહાપ્રભુજીનાં વચનોમાં દૃઢ વિશ્વાસ રાખી શ્રીગિરિરાજની પરિક્રમા કરનારને શ્રીગિરિરાજજી ચાર સ્વરૂપે દર્શન આપે છે : (૧) ગ્વાલ (૨) સિંહ (૩) ગાય (૪) સફેદ સાપ-ભૂજંગ.

આ ચારેય સ્વરૂપને અથવા ચાર પૈકી જે સ્વરૂપને દર્શન થાય તેને અહોભાગ્ય માનવાં. એ સ્વરૂપ અલૌકિક છે એવો ભાવ રાખી દર્શન કરવાં

(૨) શ્રીગિરિરાજજીનાં આ સ્વરૂપોના દર્શનથી સંતોષ માનવો. શ્રીગિરિરાજજીની પરિક્રમાનું સર્વોત્તમ ફળ તો શ્રીઠાકોરજીની લીલાના સાક્ષાત્ દર્શનનો અનુભવ છે.

(૩) શ્રીઠાકોરજી પોતાના માટે જે ભક્તના હૃદયમાં પ્રેમ પ્રગટ કરવા ઈચ્છે છે, તેના પર કૃપા કરવા આપ અલૌકિક રીતે તેની પાસે પધારે છે અને તેની સેવા અંગીકાર કરે છે.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : અચ્યુતદાસ

(૨) જ્ઞાતિ : ગૌડ બ્રાહ્મણ

(૩) વતન : ગોકુળ પાસે આવેલું મહાવન ગામ

(૪) કુટુંબ : અપરિણીત

(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીમદનમોહનલાલજી

(૬) લીલાનું સ્વરૂપ : વિશાખાજીનાં સખી મોહિની. તેઓ શ્રીઠાકોરજીનાં જ્યારે જ્યારે દર્શન થતાં ત્યારે તેમના સ્વરૂપમાં મોહિત થઈ જતાં. પછી તેમને શરીરનું ભાન રહેતું નહિ. તેઓ અંતઃગૃહગતા ગોપીજન હતાં. તેથી રાસલીલામાં સદેહે પ્રાપ્ત થયાં ન હતાં. શ્રીઠાકોરજીમાં તેમનો સાયુજ્ય મોક્ષ થયો હતો.

■

૩૦ : શ્રીવલ્લભ સદા પ્રગટ છે

(૫૬. અચ્યુતદાસ, સારસ્વત બ્રાહ્મણ)

પ્રયાગ અને કાશીની વચ્ચે કડા નામનું ગામ હતું. ત્યાં સારસ્વત બ્રાહ્મણના ત્યાં અચ્યુતદાસનો જન્મ થયો હતો. અગિયાર વર્ષના થતાં તેમનું લગ્ન થયું. ચાર વર્ષ પછી પત્ની મૃત્યુ પામી. અચ્યુતદાસને ઘણું દુઃખ થયું. કવિ કાલિદાસના અજની જેમ તેઓ રાતદિવસ પત્ની પાછળ વિલાપ કરતા રહ્યા. પિતાએ બીજી વાર લગ્ન કરી આપવાનો દિલાસો આપ્યો. ઘણું સમજાવીને શાંત પાડ્યા, પરંતુ દસ દિવસ પછી પિતાનુંયે મરણ થયું. પિતાના મરણનો આઘાત ઓછો થાય તે પહેલાં, ચાર જ દિવસના અંતરે તેમની માતા પણ મૃત્યુ પામ્યાં. અચ્યુતદાસના મનમાં સંસાર પ્રત્યે નિરાશા જાગી. ઘર છોડી તીર્થયાત્રા કરવા નીકળી પડ્યા.

પહેલાં બદ્રીનાથ ગયા. ત્યાંથી જગન્નાથપુરી ગયા. ત્યાં શ્રીમહાપ્રભુજી પણ બિરાજતા હતા. તેમણે શ્રીમહાપ્રભુજીની કથા સાંભળી. મનમાં સ્વજનોના મૃત્યુનું ભારે દુઃખ હતું. તેથી કથામાં સમજણ ન પડી. ચુપચાપ બેસી રહ્યા. કથા પૂરી થઈ. સૌ ઊઠ્યા, પણ અચ્યુતદાસ ન ઊઠ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને પ્રેમથી માન દઈને બોલાવીને કહ્યું : અચ્યુતદાસ, આટલા બધા ઉદાસ કેમ છો?

રડતાં રડતાં અચ્યુતદાસે કહ્યું : 'પ્રભુ, મારા દુઃખનો કોઈ પાર નથી.'

'ભાઈ, તારું દુઃખ બતાવે, તો તેનો ઉપાય થઈ શકે.'

'મહારાજ, મારી પત્ની, મા-બાપ બધાં મૃત્યુ પામ્યાં. ઘરમાં એક જ અઠવાડિયામાં ત્રણ-ત્રણ જણાનાં મૃત્યુનું આવું ભયંકર દુઃખ કદી મેં જોયું નથી. હું શું કરું? મને ઉપાય સૂઝતો નથી.'

'જાઓ, તમે સ્નાન કરી આવો. શ્રીઠાકોરજી તમારું દુઃખ દૂર કરશે.'

શ્રીમહાપ્રભુજીએ તેમને બ્રહ્મસંબંધ કરાવી, વેદમંત્ર ભણી એક અંજલિ ભરીને જળ તેમના પર છાંટ્યું. તેથી તેમના હૃદયમાં વિવેક, ધૈર્ય અને ભગવદાશ્રય દૃઢ થયાં. અચ્યુતદાસે શ્રીમહાપ્રભુજીને દંડવત્ કર્યા અને કહ્યું : 'કૃપાનાથ, મેં નકામું આટલું બધું દુઃખ કર્યું. કોની સ્ત્રી અને કોનાં માતા-પિતા? એ તો બધાં શરીર સાથેનાં સંબંધીઓ હતાં. જ્યાં મારું આ શરીર જ મારું નથી, ત્યાં શરીરનાં સંબંધીઓ સારુ દુઃખ શા માટે કરવું પડે? હું ભગવાનનો દાસ બનીને આ વાત ભૂલી ગયો, તેથી મને આ દુઃખ થયું. આપનું શરણ મળતાં હવે મને પરમ સુખ છે. હું આપનો છું. આપ મને આપની સાથે રાખો. મારાથી બનતી આપની સેવા કરીશ.'

અચ્યુતદાસ ભારતયાત્રા દરમ્યાન શ્રીમહાપ્રભુજીની સાથે રહી સેવા કરવા લાગ્યા. યાત્રા પૂરી થતાં શ્રીમહાપ્રભુજી અડેલ પધાર્યા. આપે અચ્યુતદાસને આજ્ઞા કરી : હવે તમે તમારા ઘેર જઈને સેવા કરો.

આ સાંભળતાં જ અચ્યુતદાસની આંખો આંસુથી ઊભરાઈ ગઈ. તેમણે હાથ જોડી વિનંતી કરી : 'મહારાજ, આપના દર્શન વિના અને વચનામૃત સાંભળ્યા વિના હું એક દિવસ રહી શકીશ નહિ. આપે મારું બધું લૌકિક દુઃખ દૂર કરી દીધું છે. હવે આપ મને વિદાય કરશો તો હું ફરી એ દુઃખમાં ડૂબી જઈશ.'

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : અચ્યુતદાસ, હું તમારા પર ઘણો પ્રસન્ન છું. મારી આ પાદુકાઓ તમને પધરાવી આપું છું. તમે જ્યાં હશો ત્યાં તમને રોજ મારાં દર્શન થશે. મારી કથાનું તમને શ્રવણ થશે. તમને કંઈ સંદેહ થાય તો જરૂર મને પૂછજો. હવે તમે ઘેર જઈને સેવા કરો.

અચ્યુતદાસે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા માથે ચઢાવી. પાદુકાજી પધરાવી કડા આવ્યા. ઘરમાં રહીને ખૂબ પ્રેમથી શ્રીમહાપ્રભુજીની સેવા કરવા લાગ્યા. શ્રીમહાપ્રભુજી તેમને નિત્ય દર્શન આપતા. તેમની સાથે ભગવદ્વાર્તા કરતા, પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત અને પ્રભુની અલૌકિક લીલાઓ સમજાવતા.

●

શ્રીમહાપ્રભુજીએ કાશીમાં સંન્યાસ ગ્રહણ કરીને આસુરવ્યામોહ લીલા કરી. તે લીલાનાં દર્શન કરતાં કાશીના એક વૈષ્ણવને ભારે આઘાત લાગ્યો. તેઓ દુઃખી-દુઃખી થઈ ગયા. શ્રીમહાપ્રભુજીએ તેને આજ્ઞા કરી : તું કડામાં અચ્યુતદાસ પાસે જા. તે તારો સંદેહ અને દુઃખ દૂર કરશે.

આથી આસુરવ્યામોહ લીલા પછી તે વૈષ્ણવ અચ્યુતદાસ પાસે કડા આવ્યા. તેમણે અચ્યુતદાસને સર્વ હકીકત કહી. અચ્યુતદાસે કહ્યું : ભલા, તમને મોહ થયો છે. શ્રીમહાપ્રભુજી આપણા જેવા લૌકિક પુરુષ નથી કે તેઓ દેહ છોડે. શ્રીમહાપ્રભુજી તો અલૌકિક અને અપ્રાકૃત છે. ભક્તોની વચ્ચે સદાસર્વદા

બિરાજમાન છે. શ્રીમહાપ્રભુજીનાં દર્શન નહિ થાય એમ માનીને ક્લેશ કરવાની કોઈ જરૂર નથી. શ્રીમહાપ્રભુજીએ આસુરવ્યામોહ લીલા કરી, તે લૌકિક મનુષ્યો માટેની લીલા હતી, પોતાના સેવકો માટેની નહીં. તમે શાંત થાઓ. બે ઘડી પછી ઉત્થાપનનો સમય થશે. તમને શ્રીમહાપ્રભુજી અવશ્ય દર્શન આપશે. પછી તો તમારો વિશ્વાસ બેસશે ને?

ઉત્થાપનનો સમય થતાં સ્નાન કરી, અચ્યુતદાસે મંદિરનાં કમાડ ખોલ્યાં. વૈષ્ણવને દર્શન કરવા બોલાવ્યા. વૈષ્ણવે જોયું તો શ્રીમહાપ્રભુજી ગાદી-તકીયા પર બિરાજ્યા છે અને શ્રીભાગવત વાંચી રહ્યા છે. વૈષ્ણવ શ્રીમહાપ્રભુજીને દંડવત્ કરી આશ્ચર્યચકિત થયા.

શ્રીમહાપ્રભુજીએ સ્વયં તે વૈષ્ણવને આજ્ઞા કરી : તેં કાશીમાં જોઈ તે મારી લૌકિક લીલા હતી. તે જોઈને તું કોઈ પણ પ્રકારનો સંદેહ કરીશ નહિ. હું તો સદાય મારા ભક્તોના ઘરમાં બિરાજું છું. હા, દુનિયાના લોકોને હવે મારાં દર્શન થશે નહિ, પણ મારા ભગવદીયોને તો હું નિત્ય દર્શન આપું છું.

આ સાંભળી તે વૈષ્ણવને ઘણો આનંદ થયો. તેમણે શ્રીમહાપ્રભુજીને ફરી દંડવત્ કર્યા. અચ્યુતદાસ હમેશાં શ્રીમહાપ્રભુજીના સંયોગરસમાં ડૂબેલા રહેતા હતા.

સિદ્ધાંત નવનીત

(૧) આપણને મળેલું શરીર નાશવંત છે. શરીર મુખ્ય નથી, આત્મા મુખ્ય છે. આત્મા પરમાત્માની પ્રાપ્તિ કરી શકે તે માટે પ્રભુએ આપણને મનુષ્ય-શરીર આપ્યું છે; પરંતુ આપણે આત્માનો ધર્મ ભૂલી શરીરને મુખ્ય માન્યું છે. તેને કારણે આપણાં કુટુંબીઓને મહત્ત્વ આપ્યું છે. આથી દુનિયામાં આપણે ઘણાં દુઃખ ભોગવીએ છીએ. જ્યારે આપણને શ્રીગુરુદેવની કૃપાથી સત્ય સમજાય કે શરીર અને શરીરનો સંબંધ સાચો નથી. સાચા સંબંધી તો પ્રભુ છે, ત્યારે દુનિયાનાં દુઃખો આપણને બાધક બનતાં નથી. દુનિયાનાં દુઃખો પ્રભુની દયાનું દાન હોય છે. એ દુઃખો આપીને પ્રભુ સંસારમાં લાગેલા આપણા મનને સંસારમાંથી પોતાના તરફ ફેરવી લે છે. માટે વૈષ્ણવે દુનિયાનાં લૌકિક દુઃખોથી ડગવું નહિ.

(૨) શ્રીમહાપ્રભુજી પૃથ્વી ઉપર મનુષ્યદેહ ધારણ કરીને પ્રગટ થયા હતા; પરંતુ પોતાના અલૌકિક સ્વરૂપે કાયમ માટે આપ પૃથ્વી ઉપર બિરાજમાન છે જ. પોતાના કૃપાપાત્ર સેવકોને શ્રીમહાપ્રભુજી આજે પણ પોતાનાં અલૌકિક દર્શન આપે છે અને પોતાનાં વચનામૃતોનું પાન કરાવે છે. જે વૈષ્ણવોના ઘરમાં શ્રીઠાકોરજીની સેવા થાય છે ત્યાં શ્રીઠાકોરજીની સાથે શ્રીમહાપ્રભુજી પણ સદા બિરાજમાન છે એવો દૃઢ ભાવ અવશ્ય રાખવો. તે જ પ્રકારે બેઠકોમાં પણ શ્રીમહાપ્રભુજી સદૈવ બિરાજમાન છે એવો વિશ્વાસ રાખી શ્રીમહાપ્રભુજીની સેવા કરવી અને તેમનાં દર્શન અને વચનામૃતોનું પાન કરવા માટે વિરહતાપ કરતા રહેવું.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : અચ્યુતદાસ
(૨) જ્ઞાતિ : સારસ્વત બ્રાહ્મણ
(૩) વતન : કડા
(૪) કુટુંબ : એકલા
(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીમહાપ્રભુજીનાં પાદુકાજી
(૬) લીલાનું સ્વરૂપ : શ્રીયમુનાજીનાં સખી રસાત્મિકા. તેઓ સદા સંયોગરસમાં મગ્ન રહેતાં.

■

૩૧ : ચમત્કાર ત્યાં નમસ્કાર

(૫૭. નારાયણદાસ, કાયસ્થ)

લીલાના દૈવી જીવોને શરણે લઈ પ્રભુને અંગીકાર કરાવવા માટે તો શ્રીવલ્લભાધીશે વારંવાર ભારતની યાત્રા કરી છે. દૈવી જીવોને જ્યાં-ત્યાંથી જુદી જુદી રીતે આકર્ષ્યા છે. કેટલીક વાર ચમત્કારો બતાવીને પણ શરણે લીધા છે.

નારાયણદાસ કાયસ્થ મૂળે તો અંબાલાના વાસી, પણ વીસેક વર્ષની વયે પિતાએ તેમને ઘેરથી કાઢી મૂકેલા. પિતા બાહશાહની નોકરીમાં હતા. પુત્ર જુગારની લતે ચઢી ગયો. ઘણું સમજાવતાં પણ કોઈ રીતે ન માન્યો ત્યારે કંટાળીને ઘરમાંથી રૂખસદ આપી દીધી હતી.

પછી ભાઈ ફરતા ફરતા દક્ષિણ પ્રદેશના કોઈ ગામમાં જઈ ચઢ્યા. ત્યાં કોઈ વિદ્યાગુરુ મળ્યા. એની પાસે થોડુંક ભણીને, ભણાવવાનું કામ શરૂ કર્યું. ઉદરપોષણનું સાધન તો જોઈએ ને? ગામમાંથી છોકરા ભેગા કરે, ભણાવે અને ગુજરાન ચલાવે.

એક વાર શ્રીમહાપ્રભુજી એ ગામમાં પધાર્યા. ગામ બહાર મુકામ હતો. સીધું-સામાન લેવા કૃષ્ણદાસ મેઘનને ગામમાં મોકલ્યા. બજારમાં એક ઠેકાણે નારાયણદાસ છોકરા ભેગા કરીને બેઠેલા. ભણાવે અને ન આવડે તેને મારે. એવા મારે કે છોકરા ચીસો પાડી જાય અને ત્રાસી જાય.

અગાઉ ગામઠી શાળાના અધ્યારુઓ આ રીતે ઘણી ક્રૂર શિક્ષા કરતા. એક છોકરાને એવો ત્રાસ અપાતો કૃષ્ણદાસે જોયો. ભગવદીયો દયાળુ હોય છે. કૃષ્ણદાસનું હૃદય પીગળ્યું. રસ્તે જતાં જરા વાર ત્યાં ઊભા રહ્યા. મૃખાકૃતિ જોતાં જ એમને સ્ફુરણા થઈ કે 'આ કોઈ દૈવી જીવ છે, પણ અસુર જેવું વર્તન કરી રહ્યો છે.' શ્રીવલ્લભનું મૂકેલું અપાર સામર્થ્ય એમનામાં હતું. એમનાથી ન રહેવાયું એ બોલ્યા : 'અરે અધ્યારુજી, આ બિચારા કુમળા બાળકને આવી કઠોરતાથી શા માટે મારો છો? જરા દયા તો રાખો.'

છોકરાઓના દેખતાં આવી ટકોર સાંભળી માસ્તરને પોતાનું અપમાન થતું

લાગ્યું. એણે કૃષ્ણદાસની સામે કરડી નજર કરીને કહ્યું : 'તમે કોણ છો? અહીં કેમ ઊભા છો? તમે તમારે રસ્તે જાઓ. પારકી પંચાત ન કરીએ, સમજ્યા?'

'અરે, હું તો તમારા હિત માટે કહું છું. નહિ માનો તો દુ:ખી થશો. જો કોઈ છોકરાને આડુંઅવળું વાગી ગયું, તો મરી જશે અને તમારી રેવડી દાણાદાણ થઈ જશે. ગામમાંથી ઉચાળા ભરવા પડશે.'

'મારું હિત હું બરાબર સમજું છે, મહેરબાન! મારું નહિ તો છોકરા ભણે નહિ અને મારી આજીવિકા ચાલે નહિ.'

કૃષ્ણદાસે જોયું કે આ જીદ્દી માણસ સીધી રીતે નહિ માને. એ જરા ગુસ્સામાં બોલ્યા, 'તો આ ધંધો છોડી દે. તું કંઈ બ્રાહ્મણ નથી. તું તો કાયસ્થ છે. કોઈ નોકરી કરીને પેટ ભર. અને ખરું કહું? તું તારું હિત નથી સમજતો. તારા ગામમાં જુગારમાં હજાર રૂપિયા હાર્યો. બાપે ઘરમાંથી કાઢી મૂક્યો. અંબાલા ગામ છોડવું પડ્યું. જો તારું હિત સમજતો હોત, તો આવું બનત જ નહિ.'

માસ્તરની આંખો પહોળી થઈ ગઈ : 'હેં! તમને આ બધી ક્યાંથી ખબર? મેં જિંદગીમાં તમને કદી જોયા નથી. તમે અંબાલા કદી આવ્યા નથી.'

'ખરી વાત છે. મેં પણ તને કદી જોયો નથી, પણ ગુરુ-કૃપાથી હું તારું બધું જ જાણું છું. સમર્થ ગુરુદેવ શ્રીવલ્લભાધીશની સાથે જ આ ગામમાં આવ્યો છું. ગામ બહાર મુકામ છે, ત્યાં જલદી પહોંચવું છે.'

આમ કહેતાં જ કૃષ્ણદાસ ત્યાંથી ચાલી નીકળ્યા. માસ્તર વિચારમાં પડી ગયા. પણ છોકરા બધું સાંભળી ગયા હતા, એટલે દાબ બેસાડવા જરા વધુ રોફ બજાવવા માંડ્યો. બેચાર છોકરાઓને સહેજ વાતમાં ધમકાવી કાઢ્યા. એટલામાં કોઈ છોકરાની લખવામાં ભૂલ પડી. તે માસ્તર પાસે આવીને પાછો જતો હતો, ત્યાં માસ્તરે લાકડાની પાટી છૂટી ફેંકી. માથાના પાછલા ભાગમાં એ વાગતાં જ છોકરો બેભાન થઈને ઢળી પડ્યો.

હવે માસ્તર ગભરાયા. નિશાળિયાઓને છોડી દીધા. પેલા બાળકને ભાનમાં લાવવા ઘણી મહેનત કરી. પાણી છાંટ્યું, પવન નાંખ્યો, બીજા પ્રયાસો કર્યા, પણ કંઈ વળ્યું નહિ.

હવે એને કૃષ્ણદાસ યાદ આવ્યા : 'ઓહો એ કેવા મહાપુરુષ હતા! કેવા સર્વજ્ઞ! મારી જિંદગીની વાત કહી આપી! એમની સલાહનો મેં અનાદર કર્યો!

હમણાં ને હમણાં ભંગ કર્યો ! હું કેવો મૂર્ખ? આ ગૃહસ્થનો દીકરો મરી જશે, તો મારી શી દશા થશે? એ ભક્તનું વચન સાચું પડ્યું! હવે તો એ બચાવે તો હું બચું!

છોકરાને ત્યાંજ રહેવા દઈને મકાન બંધ કર્યું. શોધતો શોધતો આવ્યો શ્રીવલ્લભને મુકામે. ત્યાં શ્રીકૃષ્ણદાસને જોયા. એમને પગે પડી બધી વાત કરી અને રડવા લાગ્યો.

કૃષ્ણદાસ એને શ્રીમહાપ્રભુજી પાસે લઈ ગયા. આપશ્રીએ આજ્ઞા કરી, 'પ્રથમ એ કહે કે હવે ફરીથી આવો ધંધો કરવો છે?'

નારાયણદાસ કહે છે : 'ના મહારાજ. મને એક વાર આ પાપમાંથી છોડાવો. જીવનભર આપનો દાસ થઈને રહીશ. જે કહેશો તે કરીશ.'

શ્રીવલ્લભે પોતાની ઝારીમાંથી એક પડિયામાં જળ લઈ, વેદમંત્ર ભણી એને આપ્યું. પછી આજ્ઞા કરી : 'જલદી જા. આ જળ એના પર છાંટ. છોકરો જીવી જશે.'

એ આવ્યો. મકાન ખોલીને છોકરા પર જળ છાંટ્યું. તરત જ છોકરો ભાનમાં આવ્યો. બેઠો થઈ ગયો. પછી એને એનાં માતાપિતા પાસે જઈને સોંપી આવ્યો. હવે જીવને નિરાંત થઈ.

પણ હવે બીજી ચટપટી લાગી. ચમત્કારી પ્રભાવિત થયેલો તે ફરી શ્રીમહાપ્રભુજીની પાસે આવ્યો. નમસ્કાર કરી વિનંતી કરી : 'કૃપાનાથ, મને બાળહત્યાના પાપમાંથી બચાવ્યો છે. હવે આ સંસારસાગરમાંથી બચાવો. આપના શરણમાં લો.'

આપે એને નામનિવેદન કરાવ્યું. એણે પૂછ્યું : 'મહારાજ, હવે મને શી આજ્ઞા છે?'

પોતે આજ્ઞા કરી : 'અમારી સાથે ચાલ. તારો સ્વભાવ જ એવો છે કે અહીં રહીને બીજાં દુષ્કૃત્યોમાં પડી જઈશ.'

'ભલે, મહારાજ.' એણે આજ્ઞા સ્વીકારી. પછી ગામમાં જે કંઈ પતાવવાનું હતું તે પતાવીને, વસ્તુભાવ સાથે લઈને, આપશ્રીની સાથે થઈ ગયો. પોતે દ્વારકા પધાર્યા ત્યાં સુધી સાથે આવ્યો. માર્ગમાં આપની સેવા-ટહેલ કરતો અને મહાપ્રસાદ લેતો. વચનામૃત સાંભળતાં માર્ગનો સિદ્ધાંત એને સમજાતો જતો હતો.

હવે આપશ્રીએ આજ્ઞા કરી : 'તું તારે ગામ અંબાલા જા. ત્યાં જઈને સેવા કર. સ્વરૂપ-સેવા તો તારાથી નહિ બને. આ હસ્તાક્ષર પધરાવી આપું છું. રસોઈ કરી, ભોગ ધરીને પ્રસાદ લેજે.'

'પણ મહારાજ! પિતાએ તો મને કાઢી મૂક્યો છે. શું મોં લઈને હું ઘેર જાઉં? ઘરનાં માણસો વૈષ્ણવ નથી!' નારાયણદાસે વિનંતી કરી.

'હવે ઘેર બધાં તને અનુકૂળ થઈ જશે. ચિંતા ન કરીશ!'

વળી એણે વિનંતી કરી : 'મારી ચિત્તવૃત્તિ પ્રભુમાં રહે, એવી કૃપા કરો તો સારું, મહારાજ!' એટલે આપશ્રીએ 'બાલબોધ' ગ્રંથ સમજાવીને આશીર્વાદ સાથે વિદાય આપી.

નારાયણદાસ ઘેર આવી પહોંચ્યા. પુત્રને ઘણા સમયે પાછો આવેલો જોઈને પિતા રાજી થયા. ઘણો પ્રેમ બતાવી જમવા બેસવા કહ્યું.

પુત્ર કહે છે : 'ના, બાપુજી. એ તો હવે નહિ બને. હું વૈષ્ણવ થયો છું. હવે હું હાથે રસોઈ કરીને જ જમીશ.' પછી એમણે બનેલી બધી વાત માંડીને પિતાને કહી. પિતાએ જાણ્યું કે 'હવે દીકરો સુધરીને આવ્યો છે. ચાલો, સારું થયું. ભલે ને જુદું રાંધી ખાય!'

પિતા રાજમાં ઊંચા હોદ્દા પર હતા. એ હવે વૃદ્ધ થવા આવ્યા હતા. પુત્રને પોતાના ઉપરી પાસે લઈ ગયા. પોતાનું કામ એને શીખવાડ્યું. કામ સરસ આવડી ગયું. પોતાની જગ્યાએ એને નોકરીમાં રખાવ્યો. પિતાને પણ સંતોષ થયો કે મારો પુત્ર વૃદ્ધાવસ્થામાં મારી નજર આગળ રહેશે. મારી ચાકરી કરશે ને નોકરી પણ સંભાળશે.

◆

નારાયણદાસ વહેલી રસોઈ કરે છે. શ્રીમહાપ્રભુજીના હસ્તાક્ષરને ભોગ ધરીને મહાપ્રસાદ લઈ, રાજદ્વારમાં જાય છે. ત્યાં એમને ઘણું કામ રહેતું. આખો દિવસ કામ કરે. લાંબી રજા જોઈએ તો પણ મળે નહિ. મોટી જવાબદારીનું કામ!

એમને વિચાર આવ્યા કરે. હવે જંજાળમાં બરાબર ફસાયો છું. વર્ષમાં એક વાર પણ શ્રીગોકુલ જઈ શકાતું નથી. શ્રીમહાપ્રભુજીનાં દર્શન થવાનાં નથી. હવે લૌકિક જંજાળમાં હું એમને ભૂલી જઈશ, તો મારું શું થશે! મારું સર્વસ્વ તો એ જ છે. ભલે, તનથી ન જવાય તો મન તો ત્યાં રાખું!

શ્રીમહાપ્રભુજીનાં વચન એમને યાદ આવ્યાં :

અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં, પૂજ્યા શ્રવણાદિભિઃ ।
વ્યાવૃત્તોપિ હરૌ ચિત્તં, શ્રવણાદૌ યતેત્ સદા ॥

પણ મારું ચિત્ત તો વ્યાવૃત્તિમાં પરોવાઈ જાય છે. મન લૌકિક વિચારોમાં ઓતપ્રોત થઈ જાય છે. કામ પણ એવું જવાબદારીનું છે કે મન એમાં રાખવું જ પડે. ભૂલ્યા કે ડૂલ્યા! હવે શું થશે?'

વળી શાસ્ત્રવચનો યાદ આવ્યાં. જીવન ક્ષણભંગુર છે. **અંતે યા મતિઃ સા ગતિઃ ।** જંજાળમાં મન રહ્યું અને દેહ છૂટ્યો તો લક્ષ ચોરાસીનો ફેરો ચાલુ! એટલે તન ભલે લૌકિકમાં રહેતું, પણ મન અલૌકિકમાં રહે તો સારું.

ન રોચતે હરેઃ સ્વાનાં, લૌકિકોસક્તિયુઙ્ મનઃ ।
અનાસક્તે લૌકિકં તુ, વર્ધતે ન ચ બાધતે ॥

– પોતાના જનોનું મન લૌકિકમાં આસક્ત થઈ જાય, તે હરિને ગમતું નથી. જો અનાસક્તિ હોય તો લૌકિક વધે છતાં બાધા કરતું નથી.

પણ આ બધું બને કેવી રીતે? મન કામમાં મગ્ન થઈ જાય છે! વારંવાર આવા વિચારો એમને આવ્યા કરે છે.

છેવટે એક દિવસ એક ઉપાય સૂઝ્યો. એમણે એક ખાસ નોકર રાખ્યો. પૈસા તો સારા મળતા હતા. આ નોકરને શી કામગીરી સોંપી? સાંભળે તેને નવાઈ લાગે, તો જોનારને તો કેટલું આશ્ચર્ય થતું હશે!

નોકર એમની સામેના ભાગમાં બેસી રહે. નારાયણદાસ કામકાજમાં કે લખવામાં મગ્ન થઈ જાય, ત્યાં થોડી વાર થાય એટલે નોકરના શબ્દો સંભળાયઃ 'ભૈયા, ગોકુલ કબ ચલેંગે? શ્રીઆચાર્યજીકો દર્શન કબ કરેંગે?'

અને નારાયણદાસ લખવામાંથી નજર ઉઠાવીને પ્રત્યુત્તર આપે : 'હાં હાં ભૈયા! અબ ચલેંગે.' - આમ કહેતાં મનમાં આપશ્રીની સ્મૃતિ થઈ આવે. કોઈ વાર જરા લાગણીવશ પણ થઈ જાય અને પાછા કામમાં લાગી જાય. દિવસમાં કેટલીય વાર આ વાર્તાલાપ ચાલ્યા કરે.

નોકરીની જંજાળમાંથી છૂટીને એ વર્ષો સુધી શ્રીગોકુલ તો જઈ શક્યા જ નહિ, પણ મનથી તો એ હજારો વાર શ્રીમહાપ્રભુજીનું સાન્નિધ્ય અનુભવી ચૂક્યા. **મનકો વેગ પવનનેં ભારી ।** અને **મનઃ એવ મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયોઃ ।**

એ પ્રતિવર્ષ આપશ્રીને બને તેટલી વધુ ભેટ અને વસ્ત્ર-સામગ્રી મોકલતા. સામેથી આપનો કૃપાપત્ર આવતો ત્યારે સાક્ષાત્ મળ્યાતુલ્ય આનંદ અનુભવતા.

'વ્યાવૃત્તોપિ હરૌ ચિત્તં' એ આજ્ઞાને તેમણે આ અવનવી રીતે જીવનમાં ઉતારી બતાવી. આવા હતા શ્રીવલ્લભના કૃપાપાત્ર, પરમ ભગવદીય, અંબાલાનિવાસી નારાયણદાસ કાયસ્થ.

સિદ્ધાંત નવનીત

આ વર્તા-પ્રસંગ ઉપરથી સમજાય છે કે નિરંતર ચિત્તવૃત્તિ અલૌકિક રહેવી આવશ્યક છે. તેમણે નોકર રાખ્યો તેવું તો સૌ ન કરી શકે; પરંતુ બીજી કોઈ પણ યુક્તિ-પ્રયુક્તિથી પ્રભુનાં ચિત્રજી પાસે રાખીને, વારંવાર નામ-સ્મરણની ટેવ પાડીને અથવા કોઈ પણ રીતે મન પ્રભુમાં રાખવું જોઈએ.

'જગત જાણે છે એ જંજાળી, રાખે હૃદય ત્રિકમસું તાળી.'

(દયારામભાઈ)

વૈષ્ણવ પરિચય

(૧) નામ : નારાયણદાસ
(૨) જ્ઞાતિ : કાયસ્થ
(૩) વતન : અંબાલા (પંજાબ)
(૪) કુટુંબ : અપરિણીત
(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીમહાપ્રભુજીના હસ્તાક્ષર
(૬) લીલાનું સ્વરૂપ : કુમારિકાનાં સખી વ્રજવિલાસિની.

■

૩૨. લોભ ટળે, લાલન મળે

(૫૮. નારાયણદાસ ભાટ)

નારાયણદાસ મથુરામાં ભાટ કુટુંબમાં જન્મ્યા હતા. ભાટ હોવા છતાં દોહા, કવિત્ત બનાવતાં અને ગાતાં આવડે નહિ. યજમાનો પાસેથી કશું મળે નહિ. મથુરામાં વિશ્રામઘાટ પર બેસી રહેતા. યાત્રાળુઓ દયા ખાઈને જે આપે તેમાંથી પેટ ભરે. ગરીબાઈ માટે ઘણી ગ્લાનિ રહેતી. પૈસા મેળવવામાં મન રચ્યુંપચ્યું રહે, પણ કોઈ ઉપાય જડે નહિ.

એક વખત સવારે વિશ્રામઘાટ પર બેઠા હતા, ત્યારે શ્રીમહાપ્રભુજી સંધ્યાવંદન કરી પધાર્યા. તેમને જોઈને નારાયણદાસને વિચાર આવ્યો, આ કોઈ મહાપુરુષ જણાય છે. મારા નસીબમાં શું છે, તે તેઓ બતાવી શકશે.

નારાયણદાસ શ્રીમહાપ્રભુજીની પાસે આવ્યા. હાથ જોડીને પૂછ્યું : 'મહારાજ, હું ભાટ હોવા છતાં પણ ભિખારી કેમ છું? મારા ભાગ્યમાં શું લખાયેલું છે?'

'નારાયણદાસ, પ્રભુ જે કરે તે સારું કરે છે. તમને દોહા, કવિત્ત રચતાં નથી આવડતાં તેને પ્રભુની કૃપા માનો. જો તમે કવિ હોત, તો શ્રીમંત લોકો પાસે જાત. તેમનાં ગુણગાન ગાઈને તેમની પાસે હાથ લાંબો કરત. તમને કવિતા આવડતી નથી, એટલે દુનિયાના માણસોના ગુણગાન ગાવામાંથી ભગવાને બચાવ્યા છે. ત્યાં તમારું સન્માન સચવાત નહિ.

'એક બીજી વાત પણ સમજી લો. દરેક જીવને તેના અધિકાર પ્રમાણે ફળ મળે છે. જેને પૂર્વ જન્મના કર્મફળરૂપે દ્રવ્ય મળે તેને અભિમાન આવે છે. દ્રવ્યથી તે અનેક વિષયવાસના ભોગવે છે. તેને કારણે તેને ઘણાં પાપ થાય છે. પરિણામે બીજા જન્મમાં તે ગરીબ બને છે.

'તું તારા પૂર્વજન્મનાં પાપ ભોગવી રહ્યો છે એમ સમજજે. પ્રભુએ તને દ્રવ્ય નથી આપ્યું એને તારું ભાગ્ય માનજે. દ્રવ્ય ન હોવાથી તને અભિમાન થશે નહિ. તારા હાથે કોઈ પાપ થશે નહિ. ત્રીજી વાત પણ યાદ રાખ. પ્રભુએ ભલે તને દ્રવ્ય નથી આપ્યું, પરંતુ તને કદી ભૂખ્યો રાખ્યો નથી. માટે સંતોષ માનીને જીવ. તારા ભાગ્યમાં દ્રવ્ય નથી એમ સમજજે.'

નારાયણદાસ ઘેર ગયા. રાત્રે ઊંઘ ન આવી. ચેન ન પડ્યું. ઊઠીને શ્રીયમુના-કિનારે આવ્યા. ધ્રુવઘાટ ઉપર સોના-રૂપાના ઢગલા જોયા. તેમના મોંમાં પાણી આવ્યું. લાલચ વધી. લેવાય તેટલું સોનું-રૂપું કપડામાં એકઠું કરવા લાગ્યા. ત્યાં શ્રીયમુનાજીના જળમાંથી બે માણસો બહાર આવ્યા. તેમણે નારાયણદાસને પકડીને ખૂબ માર માર્યો અને ધમકાવીને કહ્યું : 'તને શ્રીઆચાર્યજીએ આ લેવા આવવાનું કહ્યું હતું? તું તેમની આજ્ઞાથી આ ખજાનો લે છે? તને સાચી સમજ આપવા માટે શ્રીઆચાર્યજીએ આ દ્રવ્ય બતાવ્યું છે. તે લેવું હોય તો તેમની આજ્ઞા લઈને આવ.'

નારાયણદાસ ઘેર પાછા ગયા. સવારે વિશ્રામઘાટ પર શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. સઘળી હકીકત કહી. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : આખરે તો તું પશુ છે, એટલે મારી વાતમાં તને વિશ્વાસ ન બેઠો.

'મહારાજ, આપનાં વચન મને સમજાયાં નહિ. આપ કૃપા કરીને સમજાવો. આપે મને પશુ કેમ કહ્યો? અને મારનાર પેલા બે મનુષ્યો કોણ હતા?

'નારાયણદાસ! તું પ્રભુની લીલામાં ગોકુળમાં વાંદરો હતો. ત્યાં તે અસમર્પિત ખાધું હતું, તેથી તું પૃથ્વી ઉપર દ્રવ્યના અભાવનું દુઃખ ભોગવી રહ્યો છે. જે અસમર્પિત ખાય, તે બીજા જન્મે સંપત્તિ વિનાનો દરિદ્રી બને છે. કૃષ્ણલીલામાં સુદામાએ ઋષિના ઘેર શ્રીકૃષ્ણને મૂકીને અસમર્પિત ખાધું, તેના પરિણામરૂપે તેમને ગરીબાઈ આવી હતી. તેથી મેં તને કહ્યું હતું કે તારા ભાગ્યમાં દ્રવ્ય નથી; છતાં તને મારી વાતમાં વિશ્વાસ ન બેઠો. તને મારનાર એ બે જણ વરુણના નોકરો હતા. વરુણ જળના દેવ છે. તે દ્રવ્ય તેમનું હતું. તું હરામનું દ્રવ્ય લેવા ગયો, તેથી તને માર પડ્યો. અને જો તેં તે દ્રવ્ય લીધું હોત, તો તારો આ જન્મ અને બીજા જન્મ પણ બગડી જાત. શ્રીયમુનાજીએ જ તને બચાવ્યો છે.'

નારાયણદાસે દંડવત્ કરી વિનંતી કરી : 'મહારાજ! આપની આજ્ઞા સાંભળ્યા પછી હવે મને દ્રવ્યની ઈચ્છા અને લોભ રહ્યાં નથી. મને સંસારના દુઃખમાંથી છોડાવો.'

શ્રીમહાપ્રભુજીએ તેને સ્નાન કરાવી બ્રહ્મસંબંધ આપ્યું. નારાયણદાસે વિનંતી કરી, મહારાજ! મને સેવા પધરાવી આપો.

'નારાયણદાસ! સેવા મનુષ્ય કરી શકે. પશુથી સેવા ન થાય. તારું લીલામાં

મૂળ સ્વરૂપ વાનરનું છે, તેથી સેવાનો તારો અધિકાર નથી. તું રાત-દિવસ શ્રીઅષ્ટાક્ષર મંત્રનો જપ કરતો રહેજે. તેનાથી તને ભગવદ્‌પ્રાપ્તિ થશે. આજ પછી શ્રીયમુનાજીને કિનારે બેસીને કોઈની પાસેથી કંઈ પણ લેતો નહિ. ઘરમાં રહેજે, દૃઢ વિશ્વાસ રાખજે. પ્રભુની કૃપાથી ઘરમાં તને જરૂર બધું મળી રહેશે.'

શ્રીમહાપ્રભુજીને દંડવત્ કરી નારાયણદાસ ઘેર ગયા. અષ્ટાક્ષર જપવા લાગ્યા. તે જ દિવસે એક માણસ તેમના ઘેર આવી દશ રૂપિયા આપી ગયો. નારાયણદાસને શ્રીમહાપ્રભુજીના વચનમાં દૃઢ વિશ્વાસ થયો.

◆

એક દિવસ સ્વપ્નમાં શ્રીઠાકોરજીએ નારાયણદાસને દર્શન આપીને આજ્ઞા કરી : વૃદાવનમાં રાધાબાગ છે. ત્યાં અમુક વૃક્ષ છે. તેની નીચેની જમીનમાં હું બિરાજું છું. તું મને બહાર પધરાવ.

નારાયણદાસ સવારે ઊઠીને વૃંદાવન ગયા. સ્વપ્નમાં આજ્ઞા થયા પ્રમાણે જમીન ખોદતાં શ્રીમદનમોહનજીનું સ્વરૂપ પ્રાપ્ત થયું. તે પધરાવીને ઘેર આવ્યા. થોડા દિવસ પછી અડેલથી શ્રીમહાપ્રભુજીના જયેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજી મથુરા પધાર્યા. નારાયણદાસ દર્શન કરવા ગયા. નારાયણદાસે શ્રીઠાકોરજીના પધરાવાના બધા સમાચાર કહ્યા.

શ્રીગોપીનાથજીએ આજ્ઞા કરી : 'નારાયણદાસ, શ્રીમહાપ્રભુજીની કૃપા અને અષ્ટાક્ષર મંત્રના જપનું અલભ્ય ફળ તેમને મળ્યું છે. તમારા ભાગ્યમાં સેવા ન હોવા છતાં શ્રીઠાકોરજીએ તમારી સેવા અંગીકાર કરવાની કૃપા કરી છે. શ્રીઠાકોરજીની કૃપાનો પાર નથી.'

શ્રીગોપીનાથજીએ શ્રીમદનમોહનજીને પંચામૃત સ્નાન કરાવી, સેવ્ય કરી નારાયણદાસને પધરાવી આપ્યા. નારાયણદાસ તેમની સેવા કરવા લાગ્યા. નારાયણદાસનો દેહ છૂટ્યા પછી મથુરાના વૈષ્ણવોએ તે સ્વરૂપ શ્રીગુસાંઈજીના ત્યાં પધરાવ્યું.

સિદ્ધાંત નવનીત

(૧) શ્રીઠાકોરજી જે જીવને જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં તેમની કૃપા માનવી. સંતોષથી જીવવું. ન મળ્યાની ફરિયાદ, અફસોસ, ક્લેશ અને ચિંતા ન કરવાં.

(૨) શ્રીઠાકોરજી ઘણા કૃપાળુ છે. આપણા પૂર્વજન્મનાં પાપ અને પુણ્ય પ્રમાણે આ જન્મમાં આપણને સુ:ખ-દુ:ખ મળે છે. તે સ્થિતિમાં શ્રીઠાકોરજી વિશેષ કૃપા કરીને આપણાં દુ:ખ દૂર કરે છે. માટે શ્રીઠાકોરજીની કૃતિમાં દોષ ન જોવા. શ્રીઠાકોરજી પર વિશ્વાસ રાખવો.

(૩) આપણા ગુરુદેવ શ્રીમહાપ્રભુજીનાં વચનોમાં દૃઢ વિશ્વાસ રાખવો. તેમની આજ્ઞા પ્રમાણે જીવવું. તેનાથી આપણા સર્વ મનોરથ સિદ્ધ થાય છે.

(૪) શ્રીઠાકોરજી કૃપા કરે તો ન મળવાનું ફળ પણ મળે છે. ભાગ્યમાં સેવા ન હોય તો પણ શ્રીઠાકોરજીની કૃપાથી મળે છે.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : નારાયણદાસ
(૨) જ્ઞાતિ : ભાટ
(૩) વતન : મથુરા
(૪) પરિવાર : અપરિણીત
(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીમદનમોહનજી
(૬) લીલાનું સ્વરૂપ : ગોકુળના વાંદરા.

૩૩. વૈષ્ણવ-સેવાની મહત્તા

(૫૯. નારાયણદાસ, લુહાણા)

'મહારાજ, આ મારો દિકરો નારાયણદાસ છે. પાંચ વર્ષનો થયો ત્યારથી તેનાં શરીર પર મોટા ફોલ્લા થયા છે. દેશદેશાવરથી વૈદોને બોલાવી ઘણી દવા કરી, પરંતુ તેનો રોગ જતો નથી. આજકાલ કરતાં પાંચ વર્ષ થઈ ગયાં છે. આપ પ્રતાપી છો, મહાપુરુષ છો; તેથી આપની પાસે તેને ડોળીમાં બેસાડીને લાવ્યો છું. આપ દયા કરી તેને સારો કરો, તેવી વિનંતી છે.' નારાયણદાસના પિતાએ શ્રીમહાપ્રભુજીનાં ચરણમાં એક હજાર રૂપિયા ધરતાં વિનંતી કરી.

શ્રીમહાપ્રભુજી સિંધમાં આવેલા નગરઠઠ્ઠા ગામે પધાર્યા હતા. ગામ બહાર મુકામ કર્યો હતો. ત્યાં નારાયણદાસના પિતા આવ્યા હતા. તેઓ જ્ઞાતિએ લુહાણા હતા. ગામના નગરશેઠ હતા.

'ભાઈ! હું કોઈ વૈદ નથી કે તમારા દીકરાની દવા કરું. હું મારા સેવક સિવાય કોઈનું દ્રવ્ય લેતો પણ નથી. તમારે સેવક થવું હોય તો ભલે. બાકી તમારું દ્રવ્ય મને ખપે નહિ.'

'મહારાજ, અમે આપના શરણે છીએ. આપ અમને સેવક કરો. અમારા ઉપર કૃપા કરો.'

'તું તારા દીકરાને લઈને ઘેર જા. અમે તારા ઘેર આવીશું ત્યારે તારા દીકરાનો વિચાર કરીશું. અહીં જાહેરમાં તારો દીકરો સાજો થશે, તો લોકો અમારી પાછળ પડશે. દુનિયામાં બધાં દુઃખી છે.'

'મહારાજ, આપ મને ઘેર મોકલીને અન્યત્ર પધારો, તો મારું જીવન સેવક બન્યા વિના વેડફાઈ જાય. આપ મને વચન આપો.'

શ્રીમહાપ્રભુજીએ નારાયણદાસના પિતાને વચન આપ્યું. આપે આજ્ઞા કરીઃ 'તારા મસ્તકે હું હાથ કે ચરણ ધરીશ નહિ, કારણ કે તું દૈવી જીવ નથી. તારામાં હૃદયનો પ્રેમ નથી. તારી દીનતા તારા સ્વાર્થ માટે છે, પરંતુ તારો દીકરો નારાયણદાસ દૈવી જીવ છે, તેથી તેને શરણે લેવા માટે હું અહીં સુધી આવ્યો છું; માટે તેના મસ્તકે હું હાથ ધરીશ.'

શ્રીમહાપ્રભુજીએ ડોળી પાસે જઈ નારણદાસ પર દૃષ્ટિ કરી. પોતાનાં બંને ચરણકમળ તેમના મસ્તક અને છાતી પર ધર્યાં. પછી આજ્ઞા કરી : 'આને ઘેર લઈ જાઓ.'

ઘેર લઈ જતાં જ નારાયણદાસ સાજા થઈ ગયા. તેમની જાતે ડોળીમાંથી કૂદકો મારી બહાર આવ્યા. શરીર સોના જેવું સુંદર બની ગયું હતું. પિતા પ્રેમથી પુત્રને ઊંચકવા ગયા, ત્યારે નારાયણદાસ કહ્યું : 'જેમણે મને જીવતદાન આપ્યું તેઓ ક્યાં છે?'

'બેટા! તેઓ ગામ બહાર તળાવ ઉપર બિરાજે છે. આપણા ઘેર પધારવાનું વચન આપ્યું છે, માટે તું રાહ જો.'

'પિતાજી ! એક માણસને મારી સાથે મોકલો. હું સામે જવા માગું છું.'

'બેટા ! ઘોડા ઉપર બેસીને અથવા પાલખીમાં બેસીને જા.'

'પિતાજી! શું તમારામાં સમજ નથી? ભગવાનનાં દર્શન કરવા સવારીમાં બેસીને જવાય? એ માટે તો પગે ચાલીને જવું જોઈએ.'

એક માણસને સાથે લઈ નારણદાસે શ્રીમહાપ્રભુજી પાસે આવીને વિનંતી કરીઃ 'મહારાજ, હું મહા અનાથ હતો. શરીરથી શ્રીમંત ઘરમાં જન્મ્યો, પરંતુ રાતદિવસ દુઃસંગમાં ઘેરાયેલો હતો, તેથી હું મહાદુષ્ટ અને પાપી છું. આપે મારા પર કૃપા કરી, મારા મસ્તકે અને છાતી પર ચરણ ધર્યાં. હવે આપ મારો ઉદ્ધાર કરો. મારા પર એવી કૃપા કરો કે વિવેક, ધૈર્ય અને આશ્રય કદી છૂટે નહિ.'

'નારણદાસ! મેં જ્યારે તારા મસ્તક અને છાતી પર મારાં ચરણ ધર્યાં ત્યારે જ તારા હૃદયમાં અને મસ્તકમાં સર્વ ધર્મ સ્થાપી દીધો છે. તું સ્નાન કરી આવ. તને બ્રહ્મસંબંધ આપી, સેવા પધરાવી દઈશ. તું સેવા કરજે. તને દૃઢ ભક્તિ પ્રાપ્ત થશે.'

બ્રહ્મસંબંધ આપ્યા પછી શ્રીમહાપ્રભુજીએ કંકુથી એક વસ્ત્ર પર પોતાનાં ચરણારવિંદ સ્થાપીને સેવા માટે પધરાવી આપ્યાં. નારાયણદાસના પિતા હજાર રૂપિયા મૂકી ગયા હતા તે પરત કર્યા.

શ્રીનારાયણદાસે વિનંતી કરી : 'મહારાજ, એ ભેટ મારી સમજીને આપ સ્વીકારો.'

'નારાયણદાસ! તારા પિતા થોડા દિવસમાં હરિશરણ થશે. તેનું દ્રવ્ય દૈવી નથી, માટે આ રકમ હું રાખીશ નહિ. પિતાના મૃત્યુ બાદ તારી સત્તાનું દ્રવ્ય જરૂર અંગીકાર કરીશ. આજથી તારું નામ નારાયણદાસ છે.'

આ પહેલાં સૌ તેમને નરિયા કહીને બોલાવતા.

નારાયણદાસ ઘેર આવ્યા. પિતાથી અલગ રહીને સેવા કરવા લાગ્યા. જળ પણ જાતે ભરવા લાગ્યા. આથી પિતા ગુસ્સે થયા. મારું દ્રવ્ય ખાય છે અને મારાથી જુદો રહે છે, મારી વાત માનતો નથી! એમ કહી ગુસ્સો કર્યો. નારાયણદાસે પિતાની બધી સંપત્તિ પાછી મોકલી આપી.

રાજ્યના બાદશાહને આ વાતની ખબર પડી. તેમણે નારાયણદાસને બોલાવી પોતાના રાજ્યનું દીવાનપદ સોંપ્યું અને નારાયણદાસ ઘણું દ્રવ્ય કમાયા. શ્રીમહાપ્રભુજીને ઘણી ભેટ મોકલી, જે કોઈ વૈષ્ણવ મદદ માગવા આવતા તેમને જરૂરી દ્રવ્ય આપી, પ્રસન્ન કરી વિદાય કરતા.

●

એક વખત નારાયણદાસને રાજ્યના હિસાબમાં ઘટ આવી. બાદશાહ તેમના પર ગુસ્સે થયો. તેમને જેલમાં પૂર્યા. પાંચ લાખ રૂપિયાનો દંડ કર્યો. રોજ પાંચ હજાર રૂપિયા ભરવાનો નિયમ કર્યો. જે દિવસે તે રકમ ન ભરાય, તે દિવસે પાંચસો ફટકાની સજા કરવાનો હુકમ થયો.

એક વખત અડેલથી બે બ્રાહ્મણ વૈષ્ણવો નારાયણદાસને મળવા સિંધ સુધી આવ્યા. તેમને એકેક દીકરી હતી, તેમનાં લગ્ન કરવાં હતાં; પણ પાસે પૈસા ન હતા. નારાયણદાસ સૌ વૈષ્ણવોને મદદ કરે છે એમ સાંભળીને આશાભર્યા તેઓ નગરઠઠ્ઠા આવ્યા.

ત્યાં આવ્યા પછી તેમને નારાયણદાસના બધા સમાચાર મળ્યા. નિરાશ થયા. બીજા દિવસે પાછા જવાનો વિચાર કર્યો. સવારમાં નારાયણદાસનો નોકર રૂપિયા પાંચ હજારની થેલી લઈ નારાયણદાસને આપવા જેલમાં આવ્યો. તેણે બે વૈષ્ણવો આવ્યાની વાત કહી. નારાયણદાસે માણસને કહ્યું : તે બંને વૈષ્ણવોને તું મારી પાસે લઈ આવ. મારું મોટું ભાગ્ય છે કે આવા સમયમાં મને તેમનાં દર્શન થશે અને ભગવદ્-સ્મરણ થશે.

નારાયણદાસનો માણસ બંને વૈષ્ણવોને લઈ આવ્યો. બંને વૈષ્ણવોએ

નારાયણદાસને ભગવદ્-સ્મરણ કર્યા. શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીનું ચરણામૃત અને મહાપ્રસાદ આપ્યો.

નારણદાસે બંનેને પ્રેમથી પોતાની પાસે બેસાડ્યા. શ્રીમહાપ્રભુજીના કુશળ સમાચાર પૂછ્યા. તેમણે હાથ જોડી વૈષ્ણવોને કહ્યું : તમારા દ્વારા શ્રીઆચાર્યજીએ અને શ્રીઠાંકોરજીએ મારા પર મોટી કૃપા કરી છે કે જેથી આવા સમયમાં, આવી જગ્યામાં તમારા દર્શન થયાં છે; માટે મારી જેલ અવશ્ય છૂટશે.

પછી નારણદાસે પાંચ હજાર રૂપિયાની પાંચ થેલીઓ આવી હતી તે વૈષ્ણવોને આપીને કહ્યું : 'અત્યારે આટલું જ આપી શકું છું. તમે તે સ્વીકારવાની કૃપા કરો. અહીંથી સીધા અડેલ જવા નીકળી જજો. ગામમાં જશો નહિ અને કોઈને પણ મળશો નહિ. તમારી દીકરીઓના વિવાહ કરજો. શ્રીમહાપ્રભુજીને મારા દંડવત્ કરજો.

નારાયણદાસે બંને વૈષ્ણવોને વિદાય કર્યા. તેમના મનમાં ઘણો આનંદ હતો કે આ સ્થિતિમાં પણ વૈષ્ણવોની સેવા થઈ. મારા ત્યાંથી વૈષ્ણવ ખાલી હાથે પાછા ગયા નહિ.

બીજી બાજુ બાદશાહને સમાચાર મળ્યા કે આજે નારાયણદાસ તરફથી પાંચ હજાર રૂપિયા રાજ્યના ખજાનામાં જમા થયા નથી. બાદશાહે નારાયણદાસને બોલાવી કારણ પૂછ્યું. નારણદાસ મૌન રહ્યા. બાદશાહે માણસને બોલાવી પાંચસો કોરડા મારવા કહ્યું. નારણદાસ જરાય ડર્યા વિના શાંતિથી ઊભા રહ્યા. બાદશાહે સાચું કારણ કહેવા દબાણ કર્યું.

નારાયણદાસે કહ્યું : મારા બે ગુરુભાઈ બ્રાહ્મણો તેમની કન્યાઓનાં લગ્ન માટે મારી આશા રાખી, ઘણે દૂરથી આવ્યા હતા. આજની પાંચ થેલી મેં તેમને આપી દીધી. મને ભલે આજે પાંચસો કોરડાનો દંડ સહન કરવો પડે; પરંતુ તેમનું કામ તો થશે ને! તમને યોગ્ય લાગે તે હુકમ કરો.

બાદશાહે કહ્યું : 'નારાયણદાસ, તમે પરોપકારી છો. તમારા જેવા લોકોના ધર્મથી પૃથ્વી ટકી છે; માટે તમારા ઉપર હું પ્રસન્ન છું. તમને અપરાધમાંથી મુક્ત કરી તમારો દંડ માફ કરું છું અને ખજાનામાં જે જમા થયેલ રકમ પણ પાછી અપાવી, ફરી તમને દીવાન બનાવું છું.' નારાયણદાસને માનસન્માન સાથે તેમના ઘેર મોકલી આપ્યા.

નારાયણદાસે ઘેર જઈ એક માણસ સાથે એક હજાર સોનામહોરોની થેલી શ્રીમહાપ્રભુજીને ભેટ મોકલાવી. ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : જે વૈષ્ણવો અમારા ઉપર આવો પ્રેમ રાખે છે, તેમનું હમેશાં કલ્યાણ થાય છે.

સિદ્ધાંત નવનીત

(૧) શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજી ભક્તોનું દૈવી દ્રવ્ય અંગીકાર કરે છે. આસુરી દ્રવ્ય અંગીકાર કરતા નથી.

(૨) વૈષ્ણવોએ દુ:સંગી કુટુંબ-પરિવાર સાથે સંબંધ રાખવો જોઈએ નહિ.

(૩) વૈષ્ણવોની સેવા ભાવપૂર્વક કરવી જોઈએ. જેટલા ભાવથી શ્રીઠાકોરજી અને શ્રીવલ્લભકુળની સેવા કરીએ એટલા જ ભાવથી વૈષ્ણવની સેવા કરવી જોઈએ.

(૪) ઘર-આંગણે આશા રાખીને આવેલ વ્રજવાસી અને ગરીબોને પ્રેમથી યથાશક્તિ આપવું જોઈએ. કોઈને ઈનકાર કરી અપમાનિત કરવા જોઈએ નહિ.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : નારાયણદાસ
(૨) જ્ઞાતિ : લુહાણા
(૩) વતન : નગરઠઠ્ઠા (સિંધ)
(૪) કુટુંબ : અપરિણીત
(૫) સેવ્ય સ્વરૂપ : વસ્ત્ર પર છાપેલાં શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદ
(૬) લીલાનું સ્વરૂપ : વિશાખાજીનાં સખી કેતકી.

■

૩૪ : પ્રેમ આપ્યે પ્રેમ મળે

(૬૦. સિંહનદનાં એક ક્ષત્રાણી)

દુનિયાની નજરે એક કમનસીબ બાળાનાં અગિયાર વર્ષની ઉંમરે લગ્ન થયાં. સંસારની સમજણ મળે તે પહેલાં બાર વર્ષની ઉંમરે. તેનો પતિ લગ્ન પછી એક મહિનાની અંદર મૃત્યુ પામ્યો. તે બાલવિધવા થઈ. મા-બાપના ઘરમાં જિંદગી પૂરી કરવા સિવાય બીજો કોઈ રસ્તો ન હતો. જિંદગીનાં ત્રીસ વર્ષ જેમતેમ પૂરાં કર્યાં, ત્યાં તો માતા-પિતા પણ મૃત્યુ પામ્યાં. ઘરમાં હવે એક ભાઈ હતો, પણ ભાભી કર્કષા. ભાઈ સાથે ભાભીને બિલકુલ મેળ નહિ. ભાઈ લાગણીશીલ. બહેન ઉપર અઢળક સ્નેહ, પરંતુ બહેનના કારણે ભાઈને રોજ તેની પત્ની સાથે ક્લેશ થાય. બહેને વિચાર કર્યો, ‘મારા કારણે ભાઈ દુ:ખી થાય છે. હું તો જીવનભરની દુ:ખીયારી છું જ. જુદા ઘરમાં રહું તો ભાઈને ભાભીનો ત્રાસ ઓછો થશે.’

તે જુદું ઘર લઈ રહેવા ગઈ. ભાઈ તેને ખર્ચના સો રૂપિયા આપવા ગયો. બહેને કહ્યું : ‘મારે એકલા પેટને કેટલું જોઈએ? ચરખો કાંતું છું, તેમાંથી પેટ ભરાય છે. તું મારી જરા પણ ચિંતા ન કરીશ.’

બહેનનું નામ હતું સુશીલા. તે નવા ઘરમાં રહેવા ગઈ. તેની પાડોશમાં શ્રીમહાપ્રભુજીનાં સેવક સિંહનદનાં સાસુ-વહુ રહેતાં હતાં. સાસુનું નામ ગોરજા અને વહુનું નામ સમરાઈ. (ગોરજા-સમરાઈ વાર્તા આગળ આવી ગઈ છે.) સુશીલાને તેમનો સંગ થયો. ફુરસદના સમયમાં તે તેમના ઘેર જતી. તેમને શ્રીઠાકોરજીની સેવા કરતાં જોયાં. તેને પણ સેવા કરવાનું મન થયું. તે ગોરજા-સમરાઈને રોજ કરગરે, મને પણ તમારા ઠાકોરજીની કંઈક સેવા સોંપો. સાસુ-વહુ કહે : તું શ્રીમહાપ્રભુજીની સેવક નથી. એમનાં સેવક થયા વિના તને સેવાનો અધિકાર ન મળે.

‘મને પણ તેમની સેવક કરાવો. મારે સેવા કરવી છે.’

શ્રીમહાપ્રભુજી અહીંથી ઘણે દૂર અડેલ બિરાજે છે. તેઓ પધારે ત્યારે તું તેમની સેવક થઈ શકે.’

●

એક દિવસ શ્રીઠાકોરજીએ સમરાઈને આજ્ઞા કરી : 'તારી પાડોશણ સુશીલા કપડાં પર ભરતકામ કરવાનું સુંદર જાણે છે. તે ફૂલપત્તીની ઝીણી ઝીણી બુટ્ટીઓ બહુ સુંદર ભરે છે. મારા વાઘા ઉપર એની પાસે સુંદર બુટ્ટીઓ ભરાવી તે વાઘા મને ધરો.'

'મહારાજ, શ્રીમહાપ્રભુજીની એવી આજ્ઞા છે કે તેમના સેવક સિવાય બીજાં કોઈ પાસે સેવા કરાવાય નહિ. તે શ્રીમહાપ્રભુજીની સેવક નથી. બુટ્ટી ભરવાના પૈસા આપીશ, તો તે લેશે નહિ. સેવક વિનાના માણસ પાસે વગર પૈસે સેવા કરાવાય?'

'સમરાઈ, સુશીલા દૈવી જીવ છે. મારી આજ્ઞા છે. માટે તું તેની પાસે મારા વાઘા ઉપર બુટ્ટીઓ ભરાવ, શ્રીમહાપ્રભુજી થોડા સમયમાં અહીં પધારવાના છે, ત્યારે તેને તેમની સેવક કરાવજે. તે મોટી ભગવદીય થશે.'

સમરાઈ શ્રીઠાકોરજીનાં વચન સાંભળી ઘણી રાજી થઈ. તેણે સુશીલાને બોલાવી સુંદર સફેદ વસ્ત્ર આપ્યું. શ્રીઠાકોરજીના એ વસ્ત્ર ઉપર બુટ્ટીઓ ભરવા કહ્યું. સુશીલા રાજી રાજી થઈ ગઈ. શ્રીઠાકોરજીની સેવા મળી, એને અહોભાગ્ય માન્યાં. ઘેર જઈ શુદ્ધ રીતે સ્નાન કરી, શુદ્ધ વસ્ત્રો પહેરી તે બુટ્ટીઓ ભરવા બેઠી. તેણે વિચાર કર્યો કે શ્રીઠાકોરજીની સેવાનું કામ શુદ્ધ અને પવિત્ર બનીને કરવું જોઈએ. સેવક બન્યા પહેલાં તે અપરસ સમજવા લાગી હતી. તેણે એક જ દિવસમાં સુંદર બુટ્ટીઓ ભરી આપી.

બીજા દિવસે સમરાઈએ તે વાઘો શ્રીઠાકોરજીને અંગીકાર કરાવ્યો. તે ધરતાં શ્રીઠાકોરજી હસી પડ્યા. રાત્રે સ્વપ્નમાં સુશીલાને દર્શન આપીને આજ્ઞા કરીઃ 'તારા પ્રેમથી હું ઘણો પ્રસન્ન છું. તારી સેવા મેં અંગીકાર કરી છે. બે દિવસ પછી શ્રીમહાપ્રભુજી અહીં પધારવાના છે. તું તેમની સેવક થજે. તારા ભાઈના ત્યાં મારું એક સ્વરૂપ છે, તે માગી લાવી, તેમની સેવા કરજે.'

સવારે સુશીલા ભાઈના ઘેર ગઈ. ત્યાં ભાઈ અને ભાભી બંને સવારના પહોરમાં ઝગડ્યાં હતાં. ભાભીએ રસોઈ પણ બનાવી ન હતી. ઘરમાં જતાં જ તેણે ક્લેશનું વાતાવરણ જોયું. તે કંઈ બોલી નહિ. તેણે ભાઈને કહ્યું : ભાઈ, આપણા પિતાના સમયથી આપણા ઘરમાં ઠાકોરજી બિરાજે છે. તેમની સેવા કરવાની મારી ઈચ્છા છે. હું એકલી છું. સેવા કરું તો ચિત્ત ઠાકોરજીમાં લાગે. મારો સમય જાય. મારે બીજું કંઈ જોઈતું નથી, મને ઠાકોરજી આપો.'

'બહેન, તને ઠાકોરજીએ મોકલી હોય એમ લાગે છે. તારી ભાભી બે દિવસથી રિસાઈ છે. રસોઈ બનાવતી નથી. ઠાકોરજીએ બે દિવસથી નૈવેદ્ય ધરાયું નથી, તે ભૂખ્યા બેઠા છે. માટે જરૂર તું તેમને પધરાવી જા, મને કોઈ વાંધો નથી. હું રાજી છું.'

સુશીલા ઠાકોરજી પધરાવી ઘેર આવી. બે દિવસ પછી બાજુના ગામ થાણેશ્વરથી સમાચાર આવ્યા કે શ્રીમહાપ્રભુજી પધાર્યા છે. સમરાઈની સાથે તે શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા થાણેશ્વર ગઈ. સમરાઈએ શ્રીમહાપ્રભુજીને સુશીલાનો પરિચય કરાવવા માંડ્યો.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરીઃ 'હું બધું જાણું છું. શ્રીઠાકોરજીએ મને બધી હકીકત કહી છે. તેને સ્નાન કરાવી લાવો.'

શ્રીમહાપ્રભુજીએ તેને બ્રહ્મસંબંધ આપ્યું. શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવી પધરાવી આપ્યા. તેમનું નામ શ્રીનવનીતપ્રિયજી રાખ્યું.

સુશીલા શ્રીઠાકોરજી પધરાવી ઘેર આવી. સેવા કરવા લાગી. સેવા શરૂ કર્યા પછી ચોથા જ દિવસથી શ્રીઠાકોરજી તેને સાક્ષાત્ દર્શન આપવા લાગ્યા અને તેની સાથે વાતો કરવા લાગ્યા. તેની આર્થિક સ્થિતિ ઘણી નબળી હતી, છતાં શ્રીઠાકોરજીની સેવામાં કોઈ કસર કરતી નહિ.

રોજ સવારે શાક વેચનારી આવતી. તેની બૂમો સાંભળી શ્રીઠાકોરજી સુશીલાને આજ્ઞા કરતાઃ મા, શાક વેચનારી આવી છે. મારા માટે શાક-મેવો લે.'

સુશીલા એક પૈસો આપી થોડુંક શાક અને થોડો જુદાજુદા પ્રકારનો લીલો મેવો લે. તેમાંથી તે જુદી જુદી રીતે સામગ્રી સિદ્ધ કરી પ્રેમથી શ્રીઠાકોરજીને ભોગ ધરતી.

કોઈક વખત સુશીલા કોઈ કામમાં રોકાયેલી હોય અને શાક વેચનારી આગળ નીકળી જાય, ત્યારે શ્રીઠાકોરજી દોડીને બારણે પધારતા અને શાક વેચનારીને બૂમ પાડીને બોલાવતા. શ્રીઠાકોરજીના મધુર શબ્દો શાક વેચનારીને સાંભળાતા, પણ કદી દર્શન થતાં નહિ. તે માનતી કે સુશીલાનો દીકરો એટલો પ્યારો અને સુંદર છે કે તેને કોઈની નજર ન લાગે એટલા માટે ઘરમાં જ રાખે છે. બહાર નીકળવા દેતી નથી.

સુશીલા શ્રીઠાકોરજીને વિનંતી કરતી, 'લાલા! તમે આમ ઘરની બહાર ન

પધારો. એક શાક વેચનારી જતી રહેશે તો બીજી આવશે. કોઈ નહિ આવે તો હું બજારમાં જઈને લઈ આવીશ, પણ તમે શ્રમ ન કરશો.'

શ્રીઠાકોરજી સુશીલાના ખભે બાળકની જેમ ચઢી જઈ કહેતા, 'હું શાક વિના ભોગ આરોગીશ નહિ.' શ્રીઠાકોરજી રોજ નવું નવું શાક અને નવો નવો મેવો લેવા સુશીલાને આગ્રહ કરતા. આવી બાલલીલાથી આપ સુશીલાને સુખ આપતા.

●

કેટલીક વાર સુશીલા પાસે પૈસાનો સંકોચ રહેતો. સામગ્રી બનાવવા ખાંડ, ઘી લાવવા પૈસા ન હોય; ત્યારે તે રોટી ઘીથી ચોપડી શિંકામાં ઢાંકીને રાખતી. ક્યારેક રાતમાં શ્રીઠાકોરજી સુશીલાને જગાડીને આજ્ઞા કરતા : મા, મને ભૂખ લાગી છે. ત્યારે સુશીલા કહેતી, 'લાલા ! આજે ઘરમાં કંઈ પકવાન નથી. કેવળ રોટી છે.'

આ સાંભળી શ્રીઠાકોરજી આજ્ઞા કરતા : 'મૈયા, રોટી ઉપર દળેલી ખાંડ લગાવી, તેનું બીડું બનાવી આપ. સુશીલા એ રીતે રોટીનું બીડું બનાવી શ્રીઠાકોરજીને શ્રીહસ્તમાં આપતી. શ્રીઠાકોરજી નાના નાના દાંતથી રોટીનો ટુકડો કરી આરોગતા. પછી સુશીલા જળ આરોગાવી બીડી આરોગાવી, શ્રીઠાકોરજીને પોઢાડતી. તે સૂઈ જતી, પણ તેના મનમાં ભારે ખેદ રહેતો. આજે ઠાકોરજી માટે કંઈ મીઠાઈ બની નથી.

એક વખત તેને એવો વિચાર આવ્યો કે મોદીની દુકાનેથી ખાંડ-ઘી ઉધાર લાવી, શ્રીઠાકોરજી માટે સામગ્રી બનાવું. રાત્રે શ્રીઠાકોરજી સૂકી રોટી આરોગે છે આથી મને ઘણું દુઃખ થાય છે.

બીજા દિવસે તે ૨૫ પૈસાનાં ખાંડ-ઘી અને મેંદો ઉધાર લાવી. તેમાંથી ચાર પ્રકારની સામગ્રી બનાવી રાખી. રાત્રે શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી : મને ભૂખ લાગી છે. સુશીલાએ તે સામગ્રી શ્રીઠાકોરજીની સામે ધરી.

શ્રીઠાકોરજીએ પૂછ્યું : આજ આ બધું ક્યાંથી બનાવ્યું? તારી પાસે પૈસા તો હતા નહિ.

'લાલા, મારા ઘરમાં કોઈ કમાનાર નથી. મારી પાસે પૈસા પણ નથી. સવારની સૂકી રોટી રાત્રે આરોગાવવાનું મન થતું નથી. એટલે ઉધાર સામગ્રી લાવી છું. બેચાર દિવસ વધારે રેંટિયો ચલાવીશ, એટલે દેવું ચૂકવાઈ જશે.'

'મૈયા, દેવું કરી સામગ્રી કેમ બનાવી? મને તો તમારી રોટી બહુ ભાવે છે. એક વાર દેવું કરવાની આદત પડી જાય અને દેવું ચૂકવય નહિ, ત્યારે ઘણો ક્લેશ થાય. મને ક્લેશ રુચતો નથી, મને તો તારી રોટી રુચે છે. માટે તારી પાસે પૈસા હોય તો જ મીઠાઈ બનાવજે. પૈસા ન હોય તો રોટી ધરજે. મીઠાઈ કરતાં પણ તારી રોટી મને વધારે મીઠી લાગે છે.'

આમ, સુશીલાએ જીવનભર શ્રીઠાકોરજીને લાડ લડાવ્યાં. શ્રીઠાકોરજીએ પણ સુશીલાને બાલભાવનો અદ્‌ભુત આનંદ આપ્યો.

સિદ્ધાંત નવનીત

(૧) દેવું કરીને શ્રીઠાકોરજીની સેવા ન કરવી; કારણ કે જે મન શ્રીઠાકોરજીમાં લાગવું જોઈએ, એ દેવું ચૂકવવાની ચિંતામાં રહે છે. તેથી મન શ્રીઠાકોરજીમાંથી છૂટી જાય છે.

(૨) શ્રીઠાકોરજી સાધન-સામગ્રીના ભૂખ્યા નથી, તેઓ ભક્તોના ભાવના ભૂખ્યા છે. જે સમયે આપણી પાસે જે કંઈ હોય, તે બધું શ્રીઠાકોરજીના સુખમાં અંગીકાર કરાવવું. અંગીકાર કરાવ્યા પછી મારાથી કંઈ બનતું નથી એવી દીનતા રાખી, તેનો ક્લેશ કરવો, તેનું નામ નિઃસાધનતા છે. પુષ્ટિમાર્ગમાં આ નિઃસાધનતા ફળરૂપ છે.

(૩) શ્રીઠાકોરજી પોતાના સુખ માટેની આજ્ઞા કરે ત્યારે ગુરુએ બતાવેલી સેવાની રીત ન સચવાય, તો તેનો દોષ સેવકને લાગતો નથી. 'નવરત્ન'માં શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે ગુરુની આજ્ઞા પ્રમાણે સેવા કરવી, પરંતુ પોતાના સુખ માટે શ્રીઠાકોરજી ગુરુ-આજ્ઞાથી જુદી આજ્ઞા કરે, તો શ્રીઠાકોરજીની આજ્ઞાનું પાલન કરવું. આથી અવૈષ્ણવ પાસે વસ્ત્ર ઉપર બુટ્ટી કઢાવવાની સેવા અપરાધરૂપ બની ન હતી તેમજ અડધી રાતે વિના અપરસે શ્રીઠાકોરજીને સુશીલા આરોગાવતી, તે પણ દોષરૂપ બનતું ન હતું.

(૪) આપણને દેહનું અને સંજોગોનું ભાન હોય, ત્યારે જાણીજોઈને અપરસ ન સાચવીએ તો તે દોષરૂપ છે; પરંતુ શ્રીઠાકોરજીના પ્રેમમાં ડૂબી જવાથી અજાણતાંમાં અપરસ ન સચવાય તો તે દોષરૂપ નથી. એ શ્રીઠાકોરજીનું

પુણ્ય છે. જે પોતાના કલ્પિત જ્ઞાનથી સેવાની મર્યાદાઓ તોડે છે એ અપરાધી બને છે.

વૈષ્ણવ પરિચય

(૧) નામ : વાર્તામાં નામ આપ્યું નથી. સુશીલા એ કલ્પિત નામ છે.
(૨) જ્ઞાતિ : ક્ષત્રિય
(૩) વતન : સિંહનદ
(૪) પરિવાર : બાલ વિધવા
(૫) સેવ્ય સ્વરૂપ : શ્રીનવનીતપ્રિયજી
(૬) લીલાનું સ્વરૂપ : શ્રીનંદરાયજીના મોટાભાઈ ઉપનંદજીનાં પત્ની સુનંદા.

■